# अढार दूषण निवारक.

रचनार

शेठ. अनोपचंद मलुकचंद.

छपावी प्रसिद्ध करनार

शेठ. अनोपचंद मलुकचंद

संघ तरफथी भरुच.

अमदावाद

निर्मळ प्रिन्टिंग प्रेस मदनगोपालनी हवेलीमा लल्लुभाई

ईश्वरदास त्रिवेदीए छाप्युं

संवत १९६०. सन १९०३.

कीमत रु. ०—६—०.

## प्रस्तावना.

आ ग्रंथमां प्रथम आस्तिक मतनी सिद्धि करी छे, ने नास्तिक मतनुं खंडन कर्युं छे, तेथी वांचक वर्गने वांचवाथी आस्तिक मतनी श्रद्धा दृढ थशे. पछी अढार दूषण सहित संसारी जीव छे तेनु वर्णन कर्युं छे, अने ते दूषणथी केम लेपाय छे ने केम मुक्त थाय छे तेनुं वर्णन करेलुं छे, अने तेनी साथे अढार दूषण रहित वीतराग छे ते दर्शाववामा आव्युं छे. आ रूपनो वर्णन जूदो नहीं होवाथी शास्त्रना आधारथी भव्य जीवना हितने अर्थे केटलाएक प्रिय बंधुनी प्रेरणाथी लख्यो छे. पाछळना भागमां जैनो केम सुधरे तेनुं वर्णन करेलु छे आ पुस्तकमां मारी मतिना दोषथी काइ शास्त्र विरुद्ध लखायुं होय तो शास्त्र जोइ शुद्ध करवा विनंती करुं छुं आ ग्रंथनो केटलोएक भाग आचार्य श्री विजयानंदसूरि महाराजना शिष्यानुशिष्य परम पूज्य मुनि महाराज श्री हंसविजयजी महराज शोध्यो छे. तेमज केटलुंक शुद्ध करवानी मेहेनत अमदावादना शा. हीराचंद ककलभाइए लीधी छे तेथी ते बंने पुरुषोनो उपकार मानुं छुं. आ ग्रंथ तइयार करवामां जे ज्ञानानुरागी भाइओए प्रथमथी मददने माटे रुपीआ मोकली दीधा छे तेओ साहेबना नाम उपकार साथे नीचे जणावुं छुं

२५) शा वीरचद कशनाजी श्री पुनावासी अति उत्कंठाथी आपी गया छे

२५) श्री कलकत्ता बदर निवासी बाबु लक्ष्मीचंदजी शीपाणीए पोताना पत्नी छगनकुंवर तरफथी ज्ञान वृद्धिने अर्थे मोकल्या छे

५) मूर्शिदाबाद निवाशी बाबु साहेब कालुरामजी किरतचंदजी ना मालेक माजी साहेबनी तरफथी

५) श्री. मीआंगामना शेठ. दलीचंद पीतांबरदास जे धर्मना काममां घणा मददगार हता, तेमना पुन्यने अर्थे तेमना भाइ नेमचंद पीतांबरदास ज्ञानवृध्धिने अर्थे आपी गया छे

) भरुचनां बाइ मोतीकोर शा. रुपचंद झवेरचंदनां दीकरीए पोताना आत्माहितार्थे आप्या छे.

) भरुचनां बाइ हरकोर उर्फे नाथी शा. नरोतम वीरचंदनी दीकरी

) शा. मगनलाल परसोतमदास.

आ प्रमाणे उपर मुजब पोतानी उत्कंठाथी आ पुस्तक छ-ववामां मदद मळी छे, तथा प्रथम प्रश्नोत्तर—रत्नचिंतामणि छ-ववामां जे मदद मळी हती तेमांनो वधारो पण आ पुस्तक पाववामां वापर्यो छे. तेथी मुनि महाराजोने तथा साध्वीजी महाराज विगेरेने मफत आपवामां आवशे. तेमां हरकत पडशे नही कमत पण लागत करतां ओछी राखी छे. माटे जे जे मुनिराज था साधवीजी महाराजने खप होय तेमणे मंगाववी. हुं मोकली ापीश. आ ग्रंथ लखवाने देशावरना केटलाक भाइओए पण प्रेशा करेली तेनो उपकार मानुंछुं. तथा मने जे जे पुरुषोए सम्यक ाध कर्यो छे, अने हरिभद्रादि आचार्य महाराजना ग्रंथो जोवाथी ाध थयो अने जेथी आ ग्रंथ लखायो तेथी ते सर्वे उपकार ते मान् पुरुषोनो छे तेमां वीतरागनी आज्ञाथी विरुद्व जे कांइ लायुं होय तेनुं मिछामि दुक्कडं देउंछुं. शंवः

---

ज्ञानाचार, ते ज्ञानाचार संपूर्ण तो अनंत ज्ञान प्रगटे त्यारे ते रूप लाभ मलशे अने तेना कारण रूप मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यवज्ञान ए चार प्रगट थाय त्यारे चारनो लाभ थयो तेटलो लाभांतराय नथी तूट्यो तो मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान प्राप्त थाय छे. अथवा मतिज्ञान, श्रुतज्ञान, मन पर्यवज्ञान थाय छे. तेवा पण लाभातराय कर्म, नथी क्षय थया ने थोमो क्षयोपशम थयो छे तो मतिज्ञान, श्रुतज्ञान वेज प्रगटे छे तेटलो लाभ थयो. अने तेनी साथे समकितनो पण लाभ थाय कारण जे समकित विना मति श्रुत अज्ञान कह्या छे. तेथी पण कर्मी क्षयोपशम थयो होय तो समकित रहित ज्ञान ते रूप लाभ थाय. तेथी बुध्धिमा कुशल होय, ससारी काममा हुशीयार थाय पण आत्मीक ज्ञान न थाय आत्माना कल्याणरूप ज्ञान तो सम्यक्त्वज्ञान छे ते काम लागे सम्यक्त्वज्ञानरूप लाभ थाय. ते ज्ञान कोईने द्वादशागरूप ज्ञान थाय छे, तेटलो लाभातराय तुटे तो मुक्तिने घणा नजीक थाय. कोईने चौद पूर्वनु ज्ञान थाय ते चवद पूर्वना नाम १ उत्पाद पूर्व, जेमा द्रव्यना पर्यायना उत्पादनुं स्वरूप छे २ अग्रायणी पूर्व जेमा सर्व द्रव्य सर्व पर्यायनुं परिमाण दर्शाव्युं छे ३ वीर्य प्रवाद पूर्व तेमां कर्म सहित जीवना, कर्म रहित जीवना तथा अजीवना वीर्य एटले शक्ति तेनुं विस्तारे स्वरूप छे ४ अस्ति नास्ति प्रवाद पूर्व ते मध्ये धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, जीवास्तिकाय, पुद्गलास्तिकाय, काल ए छए द्रव्य स्वस्वरूपे अस्ति पर स्वरूपे नास्ति आदे वर्णन छे. ५ ज्ञान प्रवाद पूर्व, जेमा पांच ज्ञाननुं विस्तारे वर्णन छे ६ सत्य प्रवाद पूर्व. तेहमा सत्य संजम वचन ए त्रण वस्तुनुं विशेष स्वरूप दर्शाव्युं छे. ७ आत्म प्रवाद पूर्व तेहमा आत्माजीव तेनुं अनेकनय मत भेदे करीने वर्णव्यु छे ८ कर्म प्रवाद पूर्व, तेहमा आठ

कर्म जे ज्ञानावर्णी, दर्शनावर्णी, वेदनी, मोहनी, आयु, नाम कर्म, गोत्र कर्म, अंतराय कर्म ए आठे कर्मनी प्रकृति बंध, स्थिति बंध, रस बंध, प्रदेश बंध. ए चारे प्रकारना बंधनुं स्वरूप अतिशय करी दर्शाव्युं छे. ए प्रत्याख्यान प्रवाद पूर्व, त्याग जोग्य वस्तुनुं तथा त्यागनुं स्वरूप कथन छे. १० विद्या प्रवाद पूर्व. तेहमां अनेक आश्चर्यकारी विद्यानुं स्वरूप छे. ११ पूर्वनुना कल्पा पूर्व छे पाठांतर अवंध्य पूर्व. एटले फल वांझीयुं नथी. ज्ञान तप संजमादिकनुं शुभ फल. प्रमादादिकनुं अशुभ फल एवा शुभाशुभ फल बताव्यां छे. १२ प्राणायु पूर्व, तेमां दशप्राण जे पांचइंद्रि, त्रण बल, श्वासोश्वास अने आयु ए प्राणनुं वर्णन छे. १३ क्रिया विशाल पूर्व, तेमां कायकी आदे क्रियानुं स्वरूप संजमक्रिया, छंदक्रिया, विगेरेनुं वर्णन छे. १४ लोक बिंदुसार पूर्व जेहमां लोकमां अक्षरोपर बिंदुसार भूत छे. तेम सर्वोत्तम सर्व अक्षरना मेलाप लब्धिनो हेतु तेनुं वर्णन छे. ए चौद पूर्वनां नाम कह्यां. एनो विस्तार एक एक पूर्वनी पदनी संख्यानुं मान एक एक पूर्वनुं ज्ञान लखवानी शाहीमां मेश केटली जाय. ए सर्व वर्णन नंदी सूत्रनी टीकामां छपेली प्रतमां पाने ४७२ मे छे त्यांथी जाणी लेवुं. पहेलुं पूर्व लखतां एक हाथीपुर मेशनो ढगलो जोइए. पछी बमणा बमणा लेवा. ते चौदमा पूर्वमां ८१९२ हाथीपूर काजलनो ढगलो थाय. तेमां पाणी रेडी साही करी लखे तो लखाय एटलुं चउद पूर्वनुं ज्ञान छे. पाछो तेना अर्थनो तो पार नथी. एक बीजा चउद पूर्वधर ज्ञानीना वचमां अनंतगुणी हानी वृद्धि होय छे. जे पुरुषने जेटलो लाभांतरायनो क्षयोपशम थयो होय एटला अर्थ ज्ञाननो लाभ थाय. कोइ मुनिने एटलो लाभांतराय न तूट्यो होय तो नवुं पूर्वनुं ज्ञान थाय. कोईने एक पूर्वनुं, कोईने बे पूर्वनुं, कोईने त्रण एम जावत् चउद पूर्वनुं थाय. वर्त्तमान काले पूर्वनुं ज्ञान कोइने थाय नहि. वहु ज्यारे अ-

तिशय ज्ञानी थाय तो सूत्र जे पीस्तालीश आगम तेनुं ज्ञान थाय. तेमांना अग्यार अंग हालमा छे वारमुं अंग विछेद गयुं छे आचाराग सुयगडाग ठाणाग समवायाग ज्ञगवतीजी ज्ञातासूत्र उपाशक दशाग अंतगड दशाग अनुत्तरोववाइ प्रश्नव्याकरण विपाकसूत्र.

ए अग्यार अग गणधर महाराजे रचेलां छे जेम श्रीमत् महावीर स्वामीए प्ररुप्या तेम गणधर महाराजे सांज्ञलीने गुथ्यां एटले गाथारूप वनाव्या. पण त्यारवाद वार दुकाली घणी वखत पडी तेमा दरेक अंगमाथी घणो ज्ञाग विछेद गयो. ने जे थोडो ज्ञाग रह्यो ते देवर्द्धिगणि क्षमाश्रमण महाराजे लखाव्यो तेथी नंदीजी समवायागजीमा जेटली सख्या पदनी कही छे तेटली रही नथी एक पदमा ५१०८८६८४० श्लोक होय ए एक श्लोकना अठावीश अक्षर कह्या छे ए अधिकार सेन प्रश्नमां पाना ३२ मे छे तेमा अनुजोगद्वारनी टीकानी साख आपी छे तिहाथी जोई लेवुं. उपांग १२ (वार) तेना नाम १ उवाईसूत्र. २ रायपशेणीसूत्र ३ जीवाज्ञिगमसूत्र ४ पन्नवणासूत्र ५ सुरपन्नतीसूत्र ६ जंबुद्विपपन्नतीसूत्र ७ चंदपन्नतीसूत्र नोरीयावलीसूत्रमा पाचते. ८ कप्पीया ९ कप्पवडंसीयासूत्र १० पुप्फीआसूत्र. ११ पुप्फचुलीकासूत्र. १२ वन्हीदशांगसूत्र ए रीते वार उपाग छे.

दश पयन्ना तेनां नाम

१ चउसरण पयन्नो. २ आउरपच्चखाण पयन्नो
३ महापच्चखाण पयन्नो ४ ज्ञत्तपच्चखाण पयन्नो
५ तंडुलवीयाली पयन्नो ६ गणीवीज्ञ पयन्नो
७ चंदावीजय पयन्नो. ८ देविंद्रस्तव पयन्नो
९ मरणसमाधि पयन्नो. १० संस्थारक पयन्नो
छ छेद चार मूल सूत्र वीगेरे

१ दशाश्रुत स्कंध.　　२ बृहत्कल्पसूत्र.
३ व्यवहारसूत्र.　　४ जीतकल्पसूत्र.
५ नीशीथसूत्र.　　६ महानीशीथसूत्र. ए ६ छेद ग्रंथछे.
१ आवश्यकसूत्र.　　२ दशवैकालीकसूत्र.
३ उत्तराध्ययनसूत्र.　　४ पींमनिर्युगतीसूत्र.
१ नंदीसूत्र.　　२ अनुजोगद्वारसूत्र.

ए पीस्तालीश आगम, ए शिवाय पण केटलाएक पयन्ना प्रमुख छे. तेहनां नाम पण नंदीसूत्रमां तथा समवायांग सूत्रमां छे. पख्खी सूत्रमां पण छे. पण पीस्तालीशनी मुख्यता थवानुं कारण वलज्ञीपुरे पुस्तक लखायां. तिहां एटलांज लखायां तेथी ते पीस्तालीश आगम कहेवायां. पण वीजा देशमां वीजां लखायां. ते पण हाल कालमां वर्ते छे एम दीपकवि एक चोपमीमा लखे छे. तेमांथी में पण केटलांएक जोयां छे.

| | | |
|---|---|---|
| रीसीज्ञाषित सूत्र. | पौरसी मंमल. | वीतराग स्तव. |
| संलेखना सूत्र. | अंगविद्या. | ज्योतिष करंमक. |
| गछा चार. | तिर्थोदगारम. | उपदेशमाला. |
| सिद्ध पाहुम. | श्रावकनुं वंदीतु. | शत्रुंजय कल्पलघु. |
| शत्रुंजय कल्पमोटो. | शत्रुंजयकल्प. ज्ञद्रबाहुस्वामीकृत गाथा२५ | |
| शत्रुंजयकल्पवेरस्वामीकृत. | | शरावली पयन्नो. |
| वशुदेवहींम. | श्रावक पन्नती. | अंगचुलीआ. |
| वंगचुलीआ. | आराधना पताका. | |

आटलां सूत्र वर्तमानमां देखाय छे. एम दीपकवि लखे छे पण वीजा घणा देशोमां बधे कांई जोयां नथी. तो विशेष पण होय केमके नंदीसूत्रमां देवर्द्धिगणीक्षमाश्रमण महाराजे जे नाम आप्यां ते ते वखते हाजर होवां जोईए ए आगमोमांथी दश सूत्रनी निर्युक्ति ज्ञद्रबाहु स्वामी महाराजे करी छे. जे चउद पूर्व-

धर हता, एटले निर्युक्ति पण पूर्वधरनी करेली माटे सूत्र जेवी ज माने, जेमां सूत्रनो अर्थ युक्तिए सिद्ध कर्यो छे; तथा भाष्य पूर्वधर एवा जिनभद्रगणि क्षमाश्रमण महाराजजीए रची छे तेमा निर्युक्ति करता घणो विस्तारे अर्थ कर्यो छे तेमज चूर्णी पण पूर्वधरे रची छे, तेमा तेथी विस्तारे अर्थ छे, तथा आ शिवाय घणा ग्रंथो तथा टीका पूर्वधर विगेरे बहुश्रुत पुरुषोना रचेला छे, ते पण आगम जेहवाज छे एवा जैनना सर्व शास्त्रना तथा जे जे शास्त्रो बीजा दर्शनोमा रचेला छे ते तथा व्याकरण, न्याय शास्त्र, वैदक शास्त्र, नीति शास्त्र, अष्टांग निमित्त शास्त्र, अष्टांग योगना शास्त्र, ए सर्वे शास्त्रोनो बोध मेलवी सत्य असत्यनी परीक्षा करी, सत्यनी परीक्षा करी सत्यने अंगीकार करे तो एटलो ज्ञाननो लाभ थयो कहीए एवा लाभवाला पुरुषो ज्ञानना आचारनो आठ प्रकारे लाभ मेलवे छे ते काले कहेता जे जे सूत्र जे जे काले भणवाना वाचवाना कह्या छे तेज काले भणे, चार संध्या वर्जे, ते १सवारे सूर्य उदय थाय ते पहेली ने पछीनी अकेक घडी, एम २ मध्यान तथा ३ सध्या वखत तथा ४ मध्य रात्री ए चारे वखत बे घडी तजवी ए वखत कोई पण सूत्र वाचे नहि ए वखत दुष्ट देवो फरवा नीकले छे ते जैन मार्गना द्वेषी होय तो भणनारने छल करे तेथी ए वखत निषेध्य छे विनय ते ज्ञानवत पुरुषनु मुख जुवे के नमस्कार करे, वेगा होय ते उभा थाय, ज्या सुधी ज्ञानवत पुरुष उभा रहे त्या सुधी पोते वेसे नहीं, वली ज्ञानवंतने वेसवा आसन आपे पछी उचित रीते वंदना प्रमुख करीने वेसे, पण गुरुथी उंचा न वेसे तेम ज्ञानीनी आगल न वेसे, पाछा उभा थाय तो उभा थाय, चालता पण तेमनी आगल न चाले एवी रीते जेम जेम नीतिमा उचित होय तेम तेम साचवे तेमनुं जेम महत्पणुं वधे तेम करे.

तेमनुं वचन उल्लंघन न करे. ज्ञानवंतनी जे जे रीते पोताथी बनी शके ते तन मन अने धने करीने नक्ति करे. बीजा पासे नक्ति करावे, तेमज ज्ञाननां पुस्तक तेनो पण विनय करे. पुस्तक पासे होय तो लघु नीति, वमी नीति न करे. तेम पुस्तक होय ते ज-गोए पण ए काम न करे; तेम स्त्री आदिकना नोगादिक न करे. तेम पुस्तकनी पासे बेसी जमवुं, पाणी पीवुं न करे. ठेवट वस्त्र-नो पण अंतर राखे, तेम पुस्तक उशीके मूके नहि. वली पुस्तक लखावी ज्ञाननो वधारो करे, पुस्तक होय तो तेनो संन्नाल करे, वली ज्ञान नणवानो उद्यम करे, पोते नणेलो होय तो बीजाने नणावे, एवी रीते विनय करे, ज्ञानवंतनुं बहुमान करे. ते बाह्यथी केवल नहि पण अंतरंग प्रेमथी मनमां विचारे जे अहो! आ पुरुषनां ज्ञाननां आवरण घणां खपी गयां छे तेथी एमनो आत्मा निर्मल थयो छे. ए पुरुष मने ज्ञान आपे छे ए ज्ञानना प्रन्नावे महारो आत्मा निर्मल थशे. माहारे चार गतिमां रोलावुं बंध थशे. जन्म मरणना दुःख एमना प्रन्नावथी मटशे, माटे आवा ज्ञानवंत पुरुषनां जेटलां बहुमान न करुं तेटलां उगां छे. जगत्ना जीवो जे उपकार करे ते पईसा आपे तो ते अल्प काल सुख थाय. शरीरने कोई शाता करे तो अल्प काल सुख थाय, अने ज्ञानी पुरुष तो ज्ञान आपे छे तेनुं सुख तो अनंतो काल पहोचशे, जेनो अंत नथी, तो एवा पुरुषनां केटलां बहु-मान करुं. एवा नावथी बहुमान करे. उवहाणे केहेतां उपधान ते ज्ञान नणवा सारु नवकारादिकनां उपधान जे तप करवानो महानीशीथ सूत्रमां कह्यो छे, तथा सूत्र नणवाने जोग वहे-वाना कह्या छे ते मुजब ते तपस्या करवी. जोगनी जे जे क्रि-याउ छे ते करवी. हवे इहां कोईने शंका थशे जे ज्ञान नणवामां -पस्या तथा क्रिया शुं करवा करवी जोईए तेनुं समाधान पुद्-

गलजाव उपरथी मोह उतरे त्यारे तपस्या थाय, वली मोह उतरे त्यारे आत्मानी विशुद्धि थाय, ने आत्मानी विशुद्धिथी ज्ञानावरणी कर्म नाश थाय छे तेथी ज्ञान सुखे आवमे. वली क्रिया छे ते तत्र जेवी छे तेथी सूत्रना अधिष्टायक साहाय्य करे जेमके मल्लवादी महाराजजीने एक गाथा देवीए एवी आपी के ते गाथाथी द्वादश सार नयचक्र रच्यो, अने वौध लोको साथे जय मेलव्यो, अने सोरठ विगेरेमा ज्या शिलादित्य राजानु राज्य हतुं त्याथी वौध लोकोने वाहार काढ्या. वली मुनिराजजी साहेव श्री आत्मारामजी महाराजजीने विशेषावश्यक नहि वेसतुं हतुं, तेथी पस्तावो करवा लाग्या. तेज रात्रे स्वप्नामा हेमचन्द्राचार्य महाराज मल्या ने जे जे अटकतुं हतु ते सर्व समजाई गयुं एमज कमलगछना आचार्य महाराज वर्धमान विद्या जणावी गया. एज रीते शासनदेवतानी सहायथी ज्ञाननो लाज्ञ थाय छे ते सारु जोगवहननी क्रिया वतावी गया छे ते अति हितकारी छे. विशेष हेतु जेम कोई शास्त्रमा कह्यो होय ते प्रमाणे जाणी लेवुं. अनीन्हवणे ते गुरुने उलववा नहि जे ज्ञानी पासे जणया होय तेनुं नाम पालटी बीजानु नाम देवुं नहि, ते पाचमो आचार. व्यंजन ते अक्षर शास्त्रमा लख्यो होय तेम शुद्ध बोलवो, अशुद्ध बोलवो नहि अर्थ ते जेवो गुरु महाराजे आप्यो होय तेवोज राखवो फेरफार करवो नहि, ते सातमो आचार. आठमो व्यजन तथा अर्थ वंने जेम शास्त्रमा कह्या होय तेम बोलवा एवी रीते ज्ञाननो आचार व्यवहारथी मन, वचन, कायाए करी पाले एथी विपरित वर्ते तो ज्ञानाचारमा दूषण लागे, ने ज्ञानावरणी कर्म बंधाय तेना जयथी सावधानपणे रहे. वली वहु जणयानो अहंकार आवे तो मनमा जावे जे हे चेतन ! तु अनंत ज्ञाननो धणी छे, जगतमा छ द्रव्य छे धर्मास्तिकाय, अधर्मास्तिकाय,

आकाशास्तिकाय, जीवास्तिकाय अने काल ए पांच द्रव्य अरूपी एटले वर्ण, गंध, रस, स्पर्श रहीत तथा छठो पुद्गलास्तिकाय ते रूपी वर्ण, गंध, रस, स्पर्श सहीत, ए छए द्रव्यमां एक एक द्रव्यना अनंता गुणपर्याय छे, ते समय समय एक एक द्रव्यमां खटगुण हानी वृद्धि थइ रही छे. ते अनंत भाग हाणी, असंख्यात भागहाणी, संख्यात भाग हाणी, संख्यात गुण हाणी, असंख्यात गुणहाणी, अनंत गुणहाणी एम खट कहेतां छ प्रकारे हाणी तथा वृद्धि थई रही छे, तेवी छए द्रव्यनी वात गया कालनी आवता कालनी अने वर्त्तमानकालनी ते सर्वे केवल ज्ञानी महाराज एक समयमां जाणी रह्या छे, तेवीज आत्मा तारी शक्ति छे पण ते ज्ञान शक्ति ज्ञानावरणी कर्मे अवराई गई छे अने तने ज्ञान थतुं नथी, तो तारुं ज्ञान जतुं रह्युं ते लघुतानुं स्थानक छे, ते छतां महत्त्वता करे छे, ए तारी हे चेतन! केवी मूर्खता छे? वली पूर्वकाले चार ज्ञानी हता तेवां ज्ञान पण तने प्रगट थयां नथी, तो ए पण तारी लघुतानुं स्थानक छे, तो तुं शुं अहंकार करे छे. पूर्वे त्रण ज्ञानी हता तेवां ज्ञान पण तने प्रगट्यां नथी तो ते तने पण लज्जानुं कारण छे, तो तुं शुं अहंकार करे छे? वली बे ज्ञानी पण चउद पूर्वधर बार अंगना जाणकार हता, तेवुं ज्ञान पण तने नथी ते छतां शी बाबतनो तुं उत्कर्ष करे छे? वली जंग ज्ञानी एक पूर्वधर हता, ते पण तने ज्ञान नथी, तो शी बाबतमां फुलाय छे? वली हालमां पण वर्त्तमानकालमां आगम, निर्युक्ति, भाष्य, चूर्णि, टीका, ग्रंथो वीगेरे छे, अने अन्य दर्शनीयोनां शास्त्र छे तेनुं पण तने ज्ञान नथी, तो हे चेतन! शी बाबत अहंकार करे छे? वली एमांथी जुज शास्त्र तुं भण्यो छे, ते पण बधुं याद नथी. वली गुरु पासे शास्त्र सांभल्या ते पण तने याद नथी, तो शी बाबतनी महोटाई करे छे? वली देश देशनी

भाषा तथा जूदी जूदी लिपि तेनुं पण तने ज्ञान नथी वली स-
म्मति तत्त्वार्थ विगेरे न्यायनां शास्त्र छे, ते कोई ज्ञानी समजावे
तो ते पण समजवानी तारामा शक्ति नथी, अने अहंकार करे
छे, ते केवी अज्ञानता ? वली तुं जे जे धर्म क्रिया करे छे ते स
र्वेना हेतुनु ज्ञान पण तने नथी, ते छता तु फोकट शुं मद करे छे ?
अनेक प्रकारनी नीतिना ग्रथो छे, अनेक प्रकारनी हिसावनी री-
ती छे तेनुं तने ज्ञान नथी ते छता जीव तु अहंकार करे छे, ते
अहंकार करवा जोग छे के कर्मनी निंदा करवा जोग छे ते तुं
आत्माथी विचार कर. वली पूर्वे मुनिसुंदरसूरि महाराज जेवा
पुरुषो एक हजार ने आठ अवधान करता हता ते शक्ति पण ता-
रामा नथी हालमा पण १०८ अवधानना करनार छे, ते पण
शक्ति तारामा जागी नथी, तो शी बाबत तु गर्व करे छे ? हाल
कालमा आत्मारामजी महाराज थई गया ते रोजना ३०० श्लो-
क मुखे करता हता अने तने तो पाच गाथा पण मोढे करवा-
नी शक्ति नथी, तो चेतन तुं वहु विचार कर ने खोटा गर्व न
कर पूर्व पुरुषो शास्त्रमाथी उद्धरीने अनेक ग्रंथ करी गया छे ने
करे छे तो शुं एवी शक्ति तारामा छे ? तें नवा ग्रंथो केटला
रच्या के फोगट भूलथी मनमा आनंद माने छे ? वली पूर्वना
पुरुषोए सोनाना अक्षरे ज्ञान लखाव्या तो तें शाहीना अक्षरथी पण
सर्वे शास्त्र लखाव्या के अहकार करे छे ? ते भणीने आत्मवि-
चारणा केटली करी ? वली वीजा जीवोने पूर्वना शास्त्र केटला
भणाव्या के मदोन्मत्त थई फरे छे ताराथी घणा पुरुषो हालमां
आत्म साधन करता थया के अहंकार करे छे ? तारी लघुता थाय
एवी करणी तु करे छे माटे फोगट तुं ज्ञानावरणी कर्म बांधे छे
माटे एक अंशमात्र ज्ञाननो क्षयोपशम थयो तेथी मनमा
ज्ञानी बनीने वेसे छे आवी भावना भावो आत्मज्ञानमा मग्न था-

य छे. पोताना आत्मानो ज्ञान गुण छे ते प्रगट करवाना उद्यम-
मां तत्पर रहे, ते ज्ञानाचार जाणवो. एवो ज्ञानाचार पाळवाथी
परंपराए सर्वे ज्ञान प्रगट करे छे.

दर्शनाचार—दर्शन शब्दे देखवुं ते. जे जे पदार्थ जेवी रीते
होय तेवीज रीते देखवुं एटले मानवुं. शुद्ध देवनेज शुद्ध देव
मानवा. शुद्ध गुरुनेज शुद्ध गुरु मानवा. शुद्ध धर्मनेज शुद्ध धर्म
मानवो. शुद्ध धर्म ते आत्मानो स्वभाव, तेज धर्म. भगवतीजीमां
कह्युं छे जे "वत्थु सहावो धम्मो". एटले वस्तुनो स्वभाव ते धर्म.
त्यारे आत्म स्वभावमां रहेवुं तेज धर्म अने तेनी श्रद्धा करे. आत्मा
शरीरमां रह्यो छे त्यां सुधी जड प्रवृत्ति करे छे, ते पोतानो धर्म
जाणे नहि. आत्मानो स्वभाव अवरायो छे ते प्रगट करवानां का-
रणोने कारण धर्म माने. धर्मना निमित्त कारणरूप देव गुरु ते-
ने निमित कारण माने. व्यवहारनये धर्मना कारणने धर्म कह्यो
छे ते अपेक्षाए धर्म माने. जे जे देव गुरु उपकारी पुरुष छे ते पु-
रुषनी सेवा भक्ति शास्त्रमां कही छे ते प्रमाणे प्रवर्ते, तेनो वि-
स्तार प्रश्नोत्तर रत्न चिंतामणिमां कह्यो छे ते मुजब करे ते द-
र्शननो आचार. ए आचार आठ प्रकारे छे. निसंकीय कहेतां प्रथम
जे अढार दूषण कह्यां छे तेथी रहित जे देव तेमना वचनमां शंका
न करे, कारण के जे देवने राजा अने रंक बे सरखा छे, कोइनो
पक्षपात नथी; जेने धननी, स्त्रीनी ममता नथी, जेने मान अप-
मान सम छे एवा पुरुषने असत्य बोलवानी जरुर रहेती नथी, एवां
लक्षण छे के नहि. तेमना चरित्र जोवाथी खात्री थाय. ते खात्री
करीने ज देव मानवा. पछी तेना वचनमां शंका करवी नहि.
कारण के अरूपी पदार्थ छे ते चक्षुथी निरधार थतो नथी. कोइ
कहेशे के बुद्धिथी निरधार करीए, पण संपूर्ण प्रगट थइ होय
तो शास्त्र जोवानी जरुर पडती नथी. बुद्धिनी कसूर छे तेथी

शास्त्र जोइ गुरुनो समागम करी बुद्धि प्राप्त करवानो उद्यम क-
रीए छीए, माटे बुद्धिनी कसर सिद्ध थाय छे केटलीएक वाबतो
नथी समजाती ते पण बुद्धिनी कसर छे ते कसर नीकली जशे
एटले यथार्थ समजाशे संसारी काममा बुद्धि प्रगट थवी सहेल
छे अने आत्मतत्त्व उलखवानी बुद्धि आववी कठण छे, माटे वी-
तरागना वचनमा शका करवी नहि निकंखा ते कुमतिनी वांछा,
कुमति ते कुबुद्धि आत्माने विषे अनादिनी छे, तेना प्रभावे वि
षयादिकना अभिलाष थया करे छे; जे जे दुःखना कारण छे ते
सुखनां कारण भासे छे; आत्मानी स्वरिद्धि सामी दृष्टिज नथी
वली एवी कुबुद्धि वाला देव गुरुनी वांछा थाय छे ते कंखा दूषण
कहीए ते जेहने टल्युं छे, तेने जरा पण कुमतिनी वांछा थती नथी

निर्वितिगिच्छा ते धर्मना फलनो संशय, ते संशयथी रहित
ते निर्वितिगिच्छा आचार जाणवो ए आचार लाभांतराय तूटवाथी
थाय छे खरी आत्मिक वस्तुनी तथा आत्मिक वस्तु प्रगट थवा-
ना कारणोनी चोकस खात्री थाय छे तेथी फलनो शंसय रहेतो
नथी अमूढदृष्टि ते मूढपणुं गयुं छे मूढपणे वस्तुने अवस्तु
माने, जेमके दुनीयामा वेदीआ ढोर कहेवाय छे, ते आत्मानी वातो
करे पण विषय कषायमा मग्न रहे, कोइपण प्रकारे संसारथी
उदास थाय नहि; देवगुरुनी भक्ति ने व्रत नियमने विषे प्रवर्ते नहि
एहवी जे दशा ते मूढ दृष्टीपणुं कहीए, ते न होय जे जे रीते
प्रभुजीए जे जे अपेक्षाए धर्म वताव्यो छे ते प्रमाणे श्रद्धा करे
विषय कषाय अव्रत जेटला जेटला ओछा थाय ते करे जे न टले
ते टालवानी वांछा वनी रही छे एवो जे आचार ते अमूढ दृष्टि
कहीए उववूह गुण ते साधु साध्वी श्रावक श्राविका प्रमुख
उत्तम पुरुषना गुणनी प्रशंसा करवी ते. थीरीकरण गुण, ते साधु
साध्वी श्रावक श्राविका चतुर्विध संघरूप उत्तम पुरुष धर्मथी न-

सायमान थता होय, तेमने धर्म समजावीने स्थीर करवा. तन, मन ने धन ए त्रणे प्रकारथी जे जे रीतनी एवा पुरुषने हरकत होय ते ते हरकत दूर करी स्थिर करवा ते स्थिरीकरण गुण. वच्छलता ते सरखा धर्मी, पोताथी गुणे अधिक वा उंग पण गुणवाला होय तेनी, जेवी जेवी शक्ति होय ते शक्ति प्रमाणे आहार पाणी वस्त्र आभूषणादिके करी सेवा करवी. ज्ञान, दर्शन, चारित्र जेम वृद्धि पामे एवा प्रकारे भक्ति करवी ते वच्छलता गुण. प्रभावना गुण ते जिन शासननी वहुमानता बीजा लोक करे, अने वली ते कृत्य जोइ बीजा जीवो धर्म पामे, जेम के प्रभुना मंदीरमां उच्छव आदिक करवे करी, तथा तीर्थ जात्राए धनवान पुरुषो होय ते संघ काढीने जाय, अने संघनुं रस्तामां रक्षण करे, जेम संघना माणसो निर्विघ्नपणे पोतानो आत्मिक धर्म साधी शके एवी धर्मनी साहाय्य करे. जैनधर्म जेम दीपे एम करे. वली महंत पुरुषो आठ प्रकारे प्रभुनुं शासन शोभावे छे. प्रथम प्रवचनी ते प्रवचन जे आगम, प्रभुनां प्ररूपेलां अंग, उपांग, छेद, आदिक सूत्र, निर्युक्ति, भाष्य, चूर्णि, टीका ए सर्व शास्त्र वर्तमानकालमां वर्तता होय ते सर्वे स्वसमय कहीए, अने परसमय ते खटे दर्शनना शास्त्र तेना पारगामी होय तेना प्रभावे जे शास्त्रनुं जेने समजवुं होय ते समजावी शके, जे जे शास्त्रनो अर्थ पूछे तो ते बतावी शके, तेथी घणी जैन शासननी प्रशंसा थाय. बीजो प्रभावक धर्म कथी ते धर्मोपदेश देवामां अतिशय कुशल होय, जेना मुखमांथी वचन एवां नीकले के सांभलनारने तेमना वचनमां शंका पडे नहि. सांभलनारनुं मन संसारथी उदास थाय अने पोतानुं आत्मतत्त्व प्रगट करवा तत्पर थाय, मोहनी आधीनता अनादि कालनी छुटी जाय, मिथ्या हठवाद रहे नहि, संसारी सुख तो दुःख जेवां लागे, आत्मिक

सुख तेज सुख माने ज्ञान, दर्शन, चारित्र, गुण आत्मानो ते प्रगट करवाना काम थाय, विषयादीकना अन्नीलाप शात थइ जाय, कामन्नोगनी वाठाउनो नाश थाय, कुबुद्धि कुशास्त्रनी बुद्धि टली जाय, एवा उपदेशक पुरुष उपदेश करीने शासनने शोन्नावे. त्रीजो वादी प्रन्नाविक ते जे जे खोटा मतवादी वाद करवा आवे, अनेक प्रकारना कुतर्को करे तेहना जवाब एवा आपे के कुतर्को नाश थाय, जेमके मल्लवादीजी महाराजे बौद्ध साथे वाद कर्यो तेमा बौद्धवालाथी जवाब न देवायो तेनी फिकरमा ते विचारो मरण पाम्यो. एवा वाद करवानी कुशलताथी जिन शासन शोन्ने. चोथो नैमित्तिकि ते निमित्त शास्त्र जे ज्योतिष शास्त्र तेनो पारगामी होय तेथी जे जे निमित्त कहे ते सत्य थाय; जेम न्नद्रबाहु स्वामीए राजाने कह्युं के सातमे दीवसे तमारो पुत्र मरण पामशे, तेज प्रमाणे थयुं अने वराहमिहिरे सो वर्षनुं आउखुं कह्युं हतुं ते खोटुं थयुं एवा न्नद्रबाहु स्वामी जेवा निमित्त शास्त्रना जाण ते एवी शासननी प्रन्नावनाने अर्थे निमित्त प्ररूपी शासननी प्रन्नावना करे. पाचमो तपस्वी ते अहंकार ममकार रहित शात स्वन्नावी आकरी तपस्याउ करे, पोताना आत्मानो अणहारी गुण प्रगट करवाने मोटी मोटी तपस्याउ करे तेने जोइने बीजा पुरुषने तपस्या करवानी बुद्धि जागे तपस्यानुं अजीर्ण क्रोध जगतमा कहेवाय ठे ते जेनामा नथी, शांत रसनो समुद्र ठे, तेने जोइने घणा लोक प्रशसा करे, ते तपस्वी नामा प्रन्नाविक कहिये. ठठो विद्याप्रन्नाविक ते जेम वज्र स्वामी महाराजे विद्याना प्रन्नावे श्री देवीना न्नुवन वगेरेथी फुल लाव्या, जेथी बौद्ध धर्मनो राजा चमत्कार पाम्यो ने जैन धर्म अंगीकार कर्यो. एवी रीते शासननी शोन्ना करे ते विद्याप्रन्नाविक. सातमो अंजनसिद्ध प्रन्नाविक जेम कालीकाचार्य म-

हाराजे अंजन योगथी आखो इंटोनो पजावो चुरण नाखी सुवर्णनो बनावी दीधो, अने गर्धन्नील्ल राजाने जीती पोतानी बेन सरस्वतीने छोमावी. एहवां शासननां काम करी शासन शोन्नावे. आठमो नवां काव्य वगेरे रचवामां कुशल ते कविनामे प्रन्नाविक; जेम सिद्धसेन दिवाकर माहाराजे वीक्रमराजा आगल नवां काव्य रचीने चार दीशाए चार काव्य कह्यां ते एकेक काव्य केहतां एकेक दिशिनुं राज आव्युं, एम चार दीशानुं राज आव्युं पण एतो निस्पृही पुरुष छे ते राज्य लीधुं नहि, पण एवी कुशलताथी शासननी प्रन्नावना थाय, घणा जीवो धर्म पामे अने पोतानुं आत्म तत्त्व साधे तेथी नपकार थाय. एवी रीते आठे प्रकारे शासननी प्रन्नावना निस्पृहीपणे करे, कोइ प्रकारे कंइपण वांछा राखी करे नहि, ते प्रन्नाविक गुण कहीये. ए आठ प्रकारे दर्शननो आचार पामे, ते लान्नांतराय टुटवाथी थाय छे, अने जेने दर्शननो लान्नांतराय होय तेने ए आचारथी विपरीत वर्तना होय. देवगुरु धर्मनी निंदा करे, धर्ममां कुतर्क करी शंका करे खोटा मत सारा लागे, लोकोने खोटा धर्ममयी बुद्धि करे, जिनराजनी न्नक्ति करी तेनो अहंकार करे जे हुं विधि युक्त न्नक्ति करुं छुं. हुं जिन न्नक्तिमां धन वापरुं छुं तेवुं जगतमां कोइ वापरतुं नथी, हुं नत्साह सहित करुंछुं तेवुं कोइ करतुं नथी एवा अनेक प्रकारना अहंकार करे ते अनाचार जाणवो. तेवा अनाचार सेववाथी दर्शननुं लान्नांतराय कर्म नपार्जे.

चारित्राचार आठ प्रकारे छे. इर्यासमिति ते चालवुं, वेसवुं, नठवुं, सुवुं, पासु फेरववुं ए सर्वे काम यतना पूर्वक करवां. प्रथम रजोहरण वा मुहपति वमे करी पुंजवुं वा दृष्टिथी जोवुं. ने पछी चालवादिकनी वर्तना करवी. एम करवाथी कोइ पण जीवने दुःख थाय नहि. केमके परजीवने दुःख नहि करवाथी स्व-

दया ते पोताना आत्मानी दया थाय. केमके परजीवने दुःख दे-
वाथी कर्मबंध थाय, तेथी पोतानो आत्मा मलीन थाय, आवी
भावना सदा बनी रही छे तेथी कोइ जीवने दुःख थाय एवी
वर्तना करता नथी, तेथी सेहेजे परजीवनी दया थाय छे भाषा
समिति ते प्रथम तो मुखे हाथ अथवा वस्त्र मुहपति राखीने बोले
छे जेथी मुखना श्वासथी जीव हणाय नही कारण उघाडे मुखे
बोलतां केटलीएक वखत मछर, माख वगेरे जीव मुखमां आवी
जाय छे ते गलामां उतरी जवाथी वकारी वीगेरे पोताने कष्ट था-
य छे ने ते जीवनो विनाश थाय छे. ते सारु भगवतीजीमा गौ
तम स्वामी महारजना प्रश्ननो उत्तर भगवाने कह्यो छे के हाथ
राखी बोले छे तो ते निरवद्य भाषा छे, ने उघाडे मुखे बोले छे
ते सावद्य भाषा छे एम भगवतीजीमा छपेल पाना १३०१मे छे मा-
टे मुनि तो उघाडे मुखे नज बोले. वली गृहस्थने पण उघाडे
मुखे न बोलवुं जोइए हवे मुख ढाकीने बोलवुं, ते पण सत्य
बोलवु वली कोईनु छिड खुले, कोईनी निंदा थाय, एवुं वचन बो-
लवु नहि जे वचन बोलवाथी सामो जीव पाप प्रवृत्ति करे, जे
वचनमा मकार चकारनी भाषा बोलवाथी कोई जीवने दुःख
थाय, तेनु मन दुभाय एवु वचन न बोलवुं अर्थात् साधुना वा
श्रावकना धर्ममा बोलवानी भगवते मना करी होय एवुं वचन
बोलवुं नहि जे वचन बोलवाथी सामा जीवने वा कोई पण
जीवने तथा आत्माने लाभ न थाय ते वचन पण बोलवुं नहि;
ते भाषासमिति कहिये. वली पुद्गलीक जे जे पदार्थ छे ते सारु
आत्मामा उपयोग करे, जे आ देह प्रमुख जे जे पुद्गलीक पदा-
र्थ छे ते मारा नथी पण मात्र वहेवारथी केहेवा मात्र कहुं छुं;
एवा उपयोग सहित बोलवु ते भाषासमिति सदाकाल स्वदशा-
माज उपयोग छे. जे बोलवाथी आत्मा मलीन थाय ते वचन

बोले नहि. एषणा समिति ते निर्दोष एटले बेंतालीश दोष रहित आहार पाणी वस्त्र पात्रां वीगेरे जे कांइ जोइए ते एवां ले के जे लेवाथी कोईपण आपनार तथा तेना कुटुंब आदिकने कोईने पण दुःख न थाय वली कोईने दुःख थाय, हिंसा थाय, एहवा आहार ले नहि; कोई पण जीवनी हिंसा करवी नथी तेथी पोते करीने खाय नहि, कोई पासे करावे नहि; कोईए मुनिने सारु आहार कर्यो एम जाणवामां आवे, ते पण ले नही; तेना बेंतालीश दोष दशवैकालीक सिद्धांतमां घणे ठेकाणे कह्या छे. ते दोषनी मतलब एवी छे के आहार आपनारने तथा आहारना जीवने एमना निमित्ते कांई पण दुःख थाय एवा आहारने दोषित आहार कह्यो छे; तथा स्वाद करीने खावो नहि; तेम रांधेली वस्तु सारी होय तो राजी न थवुं, तेम नवली होय तो दीलगीर न थवुं, तेमज रांधनारे सारी रांधी होय तेनां वखाण करवां नहि, तेम नवली रांधी होय तेने वखोडवी नहि; दानना आपनार तथा नहि आपनार उपर राग द्वेष करे नहि, बधा उपर समवृत्ति राखे एवी रीतना दोषो विस्तारे बताव्या छे, ते टालीने आहार पाणी वस्त्र पात्र लेवां, ते एषणा समिति. आदानभंडनिक्षेपणासमिति, ते पात्र, पाट, पाटला वीगेरे जे कांइ चीज ले ते प्रथम दृष्टीथी जुए, पछी तेने पूंजे, पछी ले, वली मुके, ते पण जमीन निर्जीव जोइ पुंजीने तीहां मुके. पारिठावणिया समिति ते मल, छल्लो, मात्रु, लींट, थुंक, शरीरनो मेल जे जग्याए नांखे ते जग्याए कोई पण जीव होय, तेम पछी पणतेमां जीव उत्पन्न थाय तो पण कोईथी विनाश न थाय, एवी जगोए परठवे. गंदकी वाली जग्याए वा गंदकी थाय एवी जग्याए परठवे नहि, तेम कोई पण माणसने दुःख थाय, दुगंछा थाय, तेवी जग्याए परठवे नहि, तेम माणस देखे एवी जगोए झाडे जवा बेसे नहि, ए

रीते पारिठावणिया समिति पाले, ए पांच समिति. हवे त्रण गुप्ति तेमां, मन गुप्ति ते मन कांई पण पापना काममां प्रवर्तावे नहि, वधारे शुद्ध पुरुषो तो पोताना आत्म तत्त्वमां मन प्रवर्तावे, तेवी शक्ति न जाणी होय तो जेथी पोतानो आत्मतत्त्व प्रगट थाय ने तेमांज रमण थाय तेवा शास्त्र वांचे, वंचावे, सांभले, संभलावे, अने तेमां मन परोवे, पण संसारी वावतमां मन प्रवर्तावे नहि ध्याननी शक्ति वाला ध्यान करे, ते ध्याननुं स्वरूप प्रश्नोत्तर रत्नमालामांथी जोई लेवुं अने ध्याननो लक्ष वधारे करवो, तेथी मन गुप्ति थाय छे. आर्त्त रौद्र ध्यानमां मनने प्रवर्ताववुं नहि जोईए तेथी मन गुप्तिवाला मुनि महाराजने कोई पण रीतनी शरीरादिक तथा धनादिकनी इच्छा नथी, तेम कुटुंबनी पण इच्छा नथी, तेथी कोई वस्तु मली वा न मली ते संबंधी राग द्वेष नहि तेथी मनथी आर्त्तरौद्र ध्यान सेहेजे थतुं नथी पोताना आत्माना सहेज स्वरूपमांज सदा मग्न रहे छे, कोई पण रीतनी परपरणतिमां मनने वर्तावता नथी सद्चिदानंद स्वरूपमां मनने प्रवर्तावे छे आत्मानुं स्वरुप अरूपी, अक्रोधी, अमानी, अमायी, अलोभी, अशरीरी, अखंड, अगोचर, अलख, अविनाशी, अकल, अगम, अतींद्रीय, अजर, अरागी, अद्वेषी, अपर, अमरी, अणाहारी अनोपम, एवा स्वरूपमां मग्न थई रह्यो छे, तेमां शरीरे रोग थाय, कोई उपद्रव करे, कोई कडुवा वचन कहे, कोई मारे, कूटे तो पण तेमां मनने प्रवर्तावता नथी ते मन गुप्ति कहीए. तेमज वचन गुप्ति पण पाले छे वधारे विशुद्धि करवा ध्यानादिक करे छे एटले कांइ पण बोलवुं परूतु नथी श्रीमत् श्री महावीर स्वामी भगवाने अभिग्रह धारण कर्यो हतो जे केवल ज्ञान प्राप्त थता सूधी कोई साथे वचन बोलवुज नहि, तेम बोलेज नहि, तेवी शक्ति नथी

तो कोई पण जीवने दुःख थाय एवां वचननी गुप्ति करे, एवां वचन बोले नहि, वली बोले ते पण एवुं बोले के सांभलनारने वचन गुप्ति थाय. पोताने वचनगुप्ति थाय एवां वचन शास्त्र आधारे बोले, केमके मौनपणुं धारण करे ते मुनि, माटे जेम परभावमां मौनपणुं थाय एवो उद्यम करे. लाभ सिवाय फोगट वाद विवादमां वचन प्रवर्तावे नहि, केवल वचनरहितपणुं अजोगी गुणस्थानमां अने सिद्धपणामां छे. संसारमां रहेला जीवने आवा अवसरमां प्रभुनो मार्ग मळ्यो, तेथी जेम बने तेम वचन योगनुं गोपववुं थाय एम करे, ते वचन गुप्ति. काय गुप्ति ते कायानी प्रवृत्तिने रोकवी. बीलकुल कायगुप्ति तो चउदमे गुणस्थाने थाय छे, ते गुणस्थान नथी पाम्या त्यां सुधी पापना काममां कायाने प्रवर्ताववी नहि. कायगुप्ति थाय एवा कारणोमां काया प्रवर्ताववी. जेटली जेटली कायानी प्रवृत्ति रोकाय एम रोके, ते कायगुप्ति कहीए. जेम बने तेम आत्म भावमां वर्ते ने कायानी चपलता छोडे. स्वस्वभाव सन्मुख थाय तेमां जेटलो चेतन स्वभाव प्रगटे एटली गुप्ति थाय. ए रीते पांच समिति अने त्रण गुप्ति मली आठ चारित्रना आचार व्यवहारथी मन, वचन, कायानी प्रवृत्ति प्रभुनी आज्ञाए करवी, जेथी आत्माना स्वभावनो आचार शुद्ध थाय. निश्चे चारित्राचार शुं छे ? आत्मा आत्म स्वभावमां स्थिर थाय, देहना स्वभावमां वर्ते नहि, कर्मनो नाश थाय, आत्मा जेटलो जेटलो शुद्ध थाय तेटलो तेटलो चारित्राचार प्रगटे, ए चारित्राचार सर्व प्रकारे प्रगटे त्यारे सर्व कषाय जे क्रोध, मान, माया, लोभ छे ते नाश थाय, अने यथाख्यात चारित्र प्रगटे. ए लाभ चारित्राचारनो अंतराय तुटे छे त्यारे प्राप्त थाय छे, अने जे जीवो चारित्रवंत पुरुषनी निंदा करे छे, अने बोले छे के खावापीवा न मळ्युं, वेपार करतां न आवड्यो, त्यारे साधु थईने बेठा; एवुं

बोलवाथी, अथवा कोई दिक्षा लेनार पोतानो सगो छे तेना मोहथी साधुनी निंदा करे छे, तेने दीक्षा लेवा देता नथी, वली बोले छे के साधुपणामा पण शुं फायदो छे, आवुं बोले छे, ज्ञावे छे, केटलाएक नामज्ञानी बनी बोले छे, के ए करवाथी काई लाज्ञ नथी, ज्ञानथी लाज्ञ छे एम कही विषय कषायनी प्रवृती छोकता नथी, छोमनारनी लघुता करे छे, एवुं करवाथी जीव चारित्रना लाज्ञनो अतराय कर्म बांधे, माटे चारित्राचार जेथी प्रगटे एवा कारण सेववा, के कोई दीक्षा लेतो होय तेमा बनती मदद आपवी, तेना कुटुंबना माणसने आजीवीकानुं छुख होय तो आपणी शक्ति होय ते प्रमाणे छुःख ज्ञागवुं के तेथी तेने दिक्षा लेवामा हरकत पमे नहि कोई पण रीते संजमनी मदद थाय एम करवुं. सजम लेवानी सदा ज्ञावना ज्ञाववी कोई संजमवंतनी निंदा करतो होय तो तेनी निंदा टालवानो उद्यम करवो, जेमके राजग्रही नगरीमा ज्ञीखारीए दीक्षा लीधी तेने सारु लोक निंदा करता हता, पछी अज्ञयकुमार मंत्रीश्वरे सवाक्रोम सोनैयानो बजारमां ढगलो कर्यो अने आखा शहेरमा ढंढेरो फेरव्यो के जे माणस पृथ्वीकाय ते माटी प्रमुख, अपकाय ते पाणी, तेउकाय ते अग्नी, वायुकाय, वनस्पतिकाय, त्रसकाय ते जे हालता चालता जीव, ए छ कायनी हिंसानो त्याग करे, तेने आ सवाक्रोम सोनैया आपु. पछी काइए पण सोनैया लीधा नहि. सर्व माणसो विचार करे जे संसारि सुख हिंसा कर्या विना बनतुं नथी, तो पइसाथी शुं करवुं? एम विचारी कोई पण सोनैया लेवाने आव्यु नहि; पछी अज्ञयकुमार मंत्रीश्वरे बजारमां लोकने आवी एकठा कर्या ने पुछ्यु जे आ सोनैया केम लेता नथी, त्यारे सर्वे कहे जे ए सोनैया लइने शुं करवुं ? संसारमा खावुं, पीवु, पहेरवुं, उढवुं, गामी घोमा दोमाववा ते सर्वे काम हिंसा विना थता नथी,

ने ए संसारी सुखनी इच्छा अमारी गइ नथी, एटले सोनैयाने शुं करीए? पछी अभयकुमारे कह्युं जे तमो सवाक्रोड सोनैया लइ हिंसानो त्याग करता नथी, तो आ भीखारीए तो वगर पैसे हिंसानो त्याग कर्यो तेनी तमे केम निंदा करो छो? एवुं समजाववाथी बधाए ते संजम लेनार भीखारीनां बहुमान करवा लाग्या. तेमज जे संजम ले तेनां बहुमान थाय एम करवुं. वली जे वखते थावच्चा कुमारे दिक्षा लीधी ते अवसरे कृष्ण वासुदेवे आखी द्वारिका नगरिमां उद्घोषणा करावी के जे कोई थावच्चाकुंवर साथे दिक्षा लेशे तेनां छोकरां मा बाप वगेरे जे कोई हशे तेनी हुं प्रतिपालना करीश, अने पछी तेमज कर्युं. आम करवाथी सेहेज संजम लेनारनां संजम लेवामां विघ्न होय छे ते दूर थाय छे, माटे आवी रीते संजमनां बहुमान करवाथी संजमनो लाभांतराय तूटे एवो उद्यम करवो. आ सर्वे अधिकार सर्व संजमनो कह्यो. तेमज देश चारित्र श्रावकना बार व्रत रूप, तेनो पण एज रीते आचार देशथी जाणवो. केमके व्रत देशथी छे, तेम आचार पण देशथी जाणवो, ते पण अंतराय कर्म होय त्यां सुधी देश विरति लेइ शकता नथी. सामायक पौषधमां तो मुनी जेवाज आठ आचार पालवा छे; ते पाली न शके अने ज्यारे अंतराय तुटे त्यारे पाली शके छे; जेमके सुव्रत शेठे पौषध लीधो हतो अने मकाननी पाछल आग लागी तो पण पौषधथी चलायमान थया नहि, अने ते मकानमांथी रात्रीए नीकल्या नहीं तो धर्म दृढता जोई देवताए सहाय करी, अने पोते जे मकानमां हता तेनी आगल पाछलनां मकान बली गयां, पण ए मकानने हरकत थइ नहि. माटे पौषध सामायकमां मुख्यपणे चारित्राचार पालवो, अने पालवानी भावना राखवी. जेम जेम चारित्राचार पालवानी उत्कंठा थाय छे, तेम तेम चारित्राचारना लाभनो अंतराय तुटे

छे. सदाकाल एज भावना भाववी के क्यारे आ संसाररूप बंदीखानामांथी छुटुं आ संसारमा अज्ञानपणे सुख मान्युं छे, पण विचार करता कांई पण सुख नथी. अग्निमां लोहनो गोलो जेवो तपी रह्यो छे तेवो आ संसारमा रात दिवस विकल्परूप ताप लागी रह्यो छे धननो विकल्प, वेपारनो विकल्प, कुटुंबनो विकल्प, खावा पीवानो, पहेरवानो, उठवानो, सुवानो, सर्व कुटुंबनो विकल्प, एवा अनेक प्रकारना विकल्परूप तापे तपी रह्यो छुं, ते हुं क्यारे छुटीश, एम भावीने बने छे तो संसारने छोडे छे, नथी बनतुं तो संसार छोडवानी भावना रात दिवस भावी रह्या छे; एवी भावना भाववाथी जीव हलको थाय छे वली कदापि चारित्र अंगीकार करी मनमा अहंकार धारण करे छे के माहारा जेवो चारित्रनो पालनार कोण छे ? त्यारे भाववुं जे अरे जीव श्रीमान् महावीर स्वामीए केवा उपसर्ग सहन कर्या छे ? बे पग वच्चे अग्नि सलगावी खीर राधी ए आदे संगम देवताए हजारो मणनुं माथे चक्र मुक्युं, जेथी घुटण सुधी भूमीमा पेसी गया तो पण समभाव छोड्यो नहि एवा तें कया उपसर्ग सहन कर्या ? जे तुं अहंकार करे छे अरे चेतन ते सूर्यनी आतापना लीधी ? वा चार महिना सुधी कुवाना टोडा उपर काउस्सग्ग ध्यानमा पूर्वना मुनिओ रहेता तेम ते कर्युं छे ? ढढण मुनिने छ मास सूधी आहार न मल्यो तो पण पोतानो अभिग्रह छोड्यो नहि एवुं तें शुं मोटुं संजम पाल्युं ? के तुं अहंकार करे छे एवा मुनिओना उत्कृष्ट कृत्य विचारी पोताना अहंकारनो नाश करे छे, अने आत्माने आत्म स्वभावमा स्थिर करे छे परभावमा अनादिनी स्थीरता थई रही छे, ते लशेमीने स्वपरणतिमा स्थिर थाय छे ते लाभ लाभांतरायना क्षय थवाथी थाय छे

तपाचार ते आत्मानो अणाहारी गुण छे आहार करवो ते

आत्मानो धर्म नथी, ते छतां आहारमां अनादि कालनो पुद्गलनी संगे आहारनी आकांक्षा थयां करे छे, ते दशा छोरुवाने सारु तप करे छे. आत्मानां छ लक्षण कह्यां छे. तेमां आत्मानुं तप पण लक्षण छे. ते तपनुं अंतराय कर्म बांध्युं छे, त्यां सुधी तपगुण प्रगट थतो नथी. तपनुं अंतराय जीव हमेश बांधी रह्यो छे. तपस्वी पुरुषोनी नींदा करे छे, तपमां कांइ गुण नथी, खावा न मले एटले तप करे, एवी रीते बोले, कुटुंबी माणस तपस्या करतां होय, तेने कंई शरीरे फेरफार थाय तो तपने दुषण दे, पण एम वीचारे नहि के पूर्वे अशाता वेदनीय कर्म बांध्युं छे तेथी रोग थयो. कंई पण रोग पूर्वना कर्मना उदय सिवाय थतो नथी, तो पूर्वे अज्ञानताए तपस्या करवाना भाव थया नहीं, अने तपस्या करी नहि, विषय कषायमां मग्न रह्यो, तेथी आ अशाता वेदनी कर्म बांध्युं, ते उदये आव्युं छे. तपस्यानो पण अंतराय करेलो तेथी अंतराय कर्मनो उदय थयो, तेथी तपस्या थती नथी, एवी वीचारणा न करे, वली तप करी अहंकार करे जे म्हारा जेवो तपस्वी कोण छे ? बीजाथी तपस्या न थती होय तेनी निंदा करे, पोते तप कर्यो छे तेनी म्होटाई करवा लोक आगल पोतानी प्रशंसा करावत्रा तप करेलो जणावे, पण एम न विचारे के में शुं तप कर्यो छे ? पूर्वे मुनिउ तप करता हता ते इंद्रियोना विषय मंद पाम्या करता हता. शरीरनां हाडकां खखडतां हतां, तेनुं दृष्टांत भगवतीजीमां आप्युं छे के पातरानुं भरेलुं गाडुं होय ते चाले त्यारे खखडे. तेम जे मुनि महाराजे तपस्या करी पोतानुं शरीर गाली नांख्युं तेवी रीते शरीर गाली नांखवाना भाव नथी; कारण के शरीर नरम पडे छे तो शरीर पुष्ट करवानो उद्यम सदा करी रह्यो छे. पूर्वेना पुरुषो देहने विदेह मानता हता एटले देहने पोतानो मानताज नहोता तो तेवो भा-

व थयो नथी, त्या सुधी तारो तप केहेवा मात्र छे. वली तपस्या करी खावानी कोई प्रकारनी इछा करता नहोता, ने तुं तो इछा करे छे. तारी इछाउं रोकाई नथी तो तुं तपनो शी बाबत अहंकार करे छे ? एवी ज्ञावना करे नहि, ने अहंकारमां मची रहे तेथी पण तपनुं अंतराय कर्म जीव बांधे छे. तेथी तप करवानो ज्ञाव थतो नथी. हवे जेने तपना लाज्ञनो लाज्ञांतराय टुट्यो छे ते पुरुषोने तपस्या करवानो ज्ञाव थाय छे, ते रूडी रीतना तपनो आचार पाले छे, बारे प्रकारे तप करवामां अग्लान ज्ञाव करे ग्लानज्ञाव ते आ तप केम थाय, महाराथी थई न शके, छती शक्तीए उत्साह न करे, वली तप करे तो मांदा जेवा ज्ञाव धारण करे, एहवी रीतनी ग्लानता धारण करे नहि, जे जे तपस्या करे ते ते उत्साहे करे, मन पण प्रसन्न रहे के आज मारो धन्य दिवस के आत्मानुं तप लक्षण प्रगट करवानो माहारो ज्ञाव थयो, वली ए उद्यममा प्रवर्तवानो वखत मळ्यो. हवे जेम मारा आत्मानो तपगुण प्रगट थाय एम हुं वर्तुं, एवी रीते करे वली अणाजीवी ते तपस्याए करी आजीवीकानी इछा नथी, एटले हुं तपस्या करुं तो मने बधा लोक मान आपशे, वा धन आपशे, वा पुद्गलीक सुख आ लोक तथा परलोकमां मलशे एवी आजीवीकानी इछा नथी. केवल आत्माने कर्मथी मुक्त करवाने सारुज उद्यम करे. वली कुशलदीठी एटले तीर्थंकर महाराजे तप करवानो कह्यो छे, अने पोते करी बताव्यो छे, ने कर्म खपावी मोक्षे गया छे, तेम हुं पण तप करी कर्म खपावुं. एवी ज्ञावनाए ते तप करे, ते तपनो आचार. एवी रीते तपाचार कह्यो जे शरीरने दुःख सुख थाय ते गणे नहि, तेथी शरीरनी संज्ञाल रहे नहि. त्यारे शरीर पडी जाय तो धर्म साधन शी रीते करी शके ? आवी शंका थाय तेनुं समाधान ए के

पूर्वे जेमणे तपनुं अंतराय कर्म बांध्युं छे तेमनुं शरीर नरम पडे छे, ने धर्म साधन थई शकतुं नथी, तो तेउ शक्ति माफक तपनो उद्यम करशे. वली शरीर नरम हशे तो सर्वथा आहार छोडी नहि दे, पण विषय छोडवा तेमां कांई शरीरना बलनी जरुर नथी, तेथी शरीरे जेम टकाव रही शके तेटलो आहार लेशे; पण बत्रीशे रसोईना स्वाद लेवाना भाव न राखे, मात्र जे वस्तु निरवद्य एटले पाप रहित मली तेज चीजथी निर्वाह करे. एक चीजथी शरीर नभे छे तो वधारे वस्तु शुं करवा ले, एवा वीचारथी आहार करे छे, तो पण तेने आहारनी इच्छा नथी. तपस्वी छे अने तप करे ने तपने दीवसे तथा बीजे दीवसे खावानी भावनाउ करे, तो एने ज्ञानीए तप गण्यो नथी, कारण जे इच्छाना रोधने ज्ञानी तप कहे छे, माटे हरेक प्रकारे इच्छा रोकाय एम करवुं, वा रोज तप करुं, तपनो अभ्यास करुं तो ते अभ्यासथी मारी इच्छा रोकाशे, एवा विचारथी तप करे तो ते पण कोई दीवस इच्छा रोकशे, माटे इच्छा रोकवानो उद्यम करवो ते सारो छे. जे जे रीते आत्मानो गुण प्रगट थाय एवो उद्यम करवो. जेम बने तेम इंद्रियोना विषयनी वांछा घटवी जोइए तोज साचुं ज्ञान कहेवाय; केम के जे आत्मानुं स्वरूप जाणे छे के, जाणवुं देखवुं ए आत्मानो धर्म छे. तो जे जे खावानुं मल्युं ते फक्त जाणी लेवुं छे तेमां विषय बुद्धि करवी नथी ए आत्मानुं काम छे, तेवा विचारथी ते आहार करे छे तो पण तपस्वीज छे, केमके आत्मभाव कायम रह्यो. तप कांई आहारना त्यागमां नथी. इच्छाना रोधमां छे. इच्छा रोधनां साधनोने पण तप कह्यो छे तेथी बार भेद कह्या छे, माटे जे भेदनो तप करवाथी पोतानी स्वदशा प्रगट थाय ते तप करवो. बारे प्रकारनुं तप उपयोग सहीत करे तो ज्ञानी माहाराजे निर्जरानुं कारण

कह्युं छे, एटले कर्म खपाववानुं कारण कह्युं छे, कारण के जीवने गाढ कर्मनां दलीआ बंधाया छे माटे सर्वथी वेदनी कर्मने पुद्गल वधारे भाग आपे छे, केमके वेदनीयनुं प्रगटपणुं छे. हवे जे जे तप करे तेमा अशाता वेदनी थया सिवाय रहेती नथी, ते अशाता तप गुणनो अंतराय तुट्यो होय तेटली समभावे भोगवे छे. समभाव रहेवानुं बीज कोणछे ? वीर्य छे वीर्य अंतराय तुटवाथी फोरायमान थाय छे, ते वीर्य जे जे आचारमा जीव प्रवर्ते ते ते आचारमा फोरायमान थाय छे ने जे जे वीर्यना फोरायमानथी तप थाय छे ते प्रसन्नताथी थाय छे, अहर्निश तेमा हरख थाय छे, अने ज्यारे कोइना आग्रहर्थ वा शरमथी थाय छे त्यारे प्रसन्नता न होय त्या वीर्य फोरायमान न थी थतुं, त्यारे अशाता अवसरे समभाव पण जीवनो रही शकते नथी, जे पुरुषोने स्वपरनुं ज्ञान थयुं छे तेमनो भाव तो पोतान आत्मदशामा रहेवानो बनी गयो छे, पण आत्मभावमा वरत शकतो नथी, केम के तप गुणना लाभनो लाभांतराय तुट्यो नथी ते जेटलो जेटलो तुटतो जाय छे तेटलो तेटलो उगे थतो जा छे, अने तेटली वर्त्तना करे छे वर्त्तना करता अशाता थाय छे त्यां बालजीव विचारे छे के में तप कर्यो तेथी मने अशाता वेदनी थई पण ज्ञानी पुरुष तो विचारे छे जे कर्म नाश करवा तप कर्यो छे, वेदनी कर्मना उदयथी वेदनी थई छे वेदनी कंई तप करवाथी थती नथी तप करवाथी भगवान् श्री महावीरस्वामी प्रमुखे वेदनी कर्म वीगेरे खपाव्याछे, तेम खपे छे, ने निकाचीत कर्म तपस्यानी वखते उदये आव्याछे, तो ते तपस्या समभावे आदरी छे, माटे समभावे ए कर्म पण भोगवाशे, तेथी कर्म निर्जरा विशेष थशे, तेम विचारी अशाता वेदनीथी बीहता नथी अशाता वेदनीनी उदीरणाज करी छे तो उदये आवे तेमा बीहे नहि, एवा भाव जेम जेम वृद्दि पामे

छे तेम तेम वीर्यांतराय तुटतो जाय छे. अने वीर्य फोरायमान थतुं जाय छे. वली वधारे विशुद्धिवंतने तो आवा विचार करवा पम्ताज नथी ते तो पोतानी आत्म दशा जाणवा देखवानी छे ते रूप वेदनीने जाण्या करे छे तेमां राग द्वेष करताज नथी. एवी समभाव दशा अप्रमादी मुनिने बने छे, ते तो पोतानी अप्रसाद दशामां रही आनंदमां वर्ते छे. हवे प्रमाद गुणस्थानवंत वीगेरे तो पोताने समभाव दशा केटलीएक थई छे, केटलीएक नथी थई, ते वधारवा सारु बारे प्रकारे तप करे छे. ते अनशन एटले अन् एटले रहित अने अशन एटले अनाज प्रमुख खावुं, ते अनशन तप कहीए. आहार करवो ते आत्मानो धर्म नथी, पण पुद्गलनो साथे संबंध थवाथी आहार जाणे आत्माज करे छे, एवी दशा अनादीनी बनी गई छे; पण ज्ञान थवाथी जाण्युं जे आहारना पुद्गल शरीरमां प्रणमे छे, आत्मा अरूपी छे तेमां कांई प्रणमता नथी, तेम छतां मदारे आहार करवो मानुं छुं, ते अज्ञान दशा छे, पण माहारी तथा प्रकारे जोईए एवी विशुद्धि थती नथी. एटले आहारनी इच्छा थाय छे तो पण जेटली जेटली रोकाय तेटली रोकुं के अभ्यासथी सर्वथा रोकाई जाय. एम भावीने नवकारशी एटले बे घमी दीवस चम्ता सुधी, पोरशी एटले प्रहोर दीवस चम्े त्यां सुधी, साढ पोरसि ते दोढ पहोर दिवस चम्े त्यां सुधी, पुरिमड्ढ ते बे पहोर दिवस चम्े त्यांसुधी अवड्ढ ते त्रण पहोर दिवस जाय तीहां सुधी, वा बे वार खावुं, वा एकासणुं ते दिवसमां एकज वार खावुं, वा आंबिल ते छए विगय रहीत एक वार खावुं, उपवास तो सर्वथा खावुंज नहि, ते जेटला उपवास बने एटला दिवस आहारनो त्याग करवो; तेमां कोई चारे आहारनो त्याग करे, कोई त्रण आहारनो त्याग करी पाणी मोकलुं राखे, एहवी रीते तप करवो, वा मर-

ण वखते सर्वथा आहारनो त्याग करी सर्व वस्तुनो अने शरी-
रनो त्याग करवो, ते अनशन तप जाणवो.

हवे उणोदरी तप ते उणुं खावु, एटले सर्वथा खावुं नही
एवो आत्मानो धर्म छे, पण अनादी जरुनी संघाते करी जीव
जरु क्रीयाने पोतानी मानी रह्यो छे तेम देहने पोतानुं माने छे,
ते जोर अज्ञानतानुं छे, ते अज्ञानताना जोरथी मने जूख लागी
छे, माहरे खावुं माहारे पीवु छे एम कहे छे, वली देहमा रह्यो छे
ते देह जरु पदार्थ छे ते जरु पदार्थनो धर्म शरुण, परुण, वि-
ध्वंसण छे, एटले विनाश धर्म छे. आहारनो पुद्गल मले तोज
टकी रहे. हवे आहारना पुद्गल बे प्रकारे मले छे, एक रोम आ-
हार ते रुवे रुवे आहारना पुद्गलनो शरीरमां समये समये आ-
हार करी रह्यो छे ते, तथा एक कवल आहार ते कोलीउ करी
मुखमा मुकीए ते; हवे रोम आहार तो पोताना उपयोग सहीत
तथा उपयोग रहीत पण लेवाय छे, ते तो जीहा सूधी शरीर
छे त्या सूधी लेवानो बंध जीवने थतो नथी, तो पण ते आहार
शी शी रीते लेवाय छे? जे पवन आवे छे ते ठंरुो आवे छे तो
ठंरुक लागे छे, गरम आवे छे तो गरमी लागे छे, वरसाद वखत
होय त्यारे सरदी लागे छे, आ बधुं गरमी प्रमुख श्याथी जाणे
छे? शरीरमा प्रणमे छे तेथी, तो तेज आहार छे पण ते
कई स्ववशपणुं नथी, तेथी तेनो त्याग ग्रहणमा उपयोग रहे
छे ने नथी रहेतो, एटले वीरती पण थनी नथी तो पण ज्ञानी
पुरुपो छे ते तेमा राग द्वेप नथी करता. फक्त आत्मानो जाणवानो
धर्म छे तेथी जाणे छे के आ गरमीना पुद्गल, आ शीतना पुद्ग-
ल लेवानो कर्म उदय छे तेम लेवाय छे, एम उपयोग सदाकाल
रहे छे, ते पुरुपने इछानो रोध थयो ते तप छे, पण एटलो गुण
प्राप्त थयो नथी तेथी ठरुी गरमीमां जाणवा रूप रही शकतो

नथी, तो पण कंईक ज्ञान थयुं छे, ने कंईक फरस ज्ञान थयुं छे; तेना प्रभावथी कंईक समभाव राखे छे; तो जेटलो राग द्वेष ओछो थयो ए पण उणोदरी तपनुं लक्षण छे, माटे जेम राग द्वेषनी परणती ओछी थाय एम उत्तम पुरुषे करवुं. हवे बीजो कवल आहार छे, ते सर्वथा जेहनी इच्छा उठे छे तेनो त्याग करे छे, ते अनशन तपमां गणाय छे. हवे सर्वथा आहार विना तो शरीर रहेतुं नथी त्यारे आहार आपवो जोइए, पण आहार लेवानो धर्म नथी तेथी इच्छा थती नथी पण शरीरने टकाववा आहार आपवो. ते उणुं ओछुं खाय तो पण शरीरनो टकाव, रहे रोगादीकनी उत्पत्ति न थाय तेथी आहार ओछो ले अने इच्छा नथी वा इच्छा छे तो ते ओछी थइ, एटलो आत्मा निरमल थयो ने इच्छाना रोधरूप उणोदरी तप सहेजे थयो. वली जेनी एटली विशुद्धि नथी थई ते पण हमेशना खोराक करतां पांच कोलीआ वा तेथी वधारे ओछा खावानो अभ्यास करे, तेथी पछी सेहेजे इच्छानो रोध थई जाय. वली बीजी रीते खावानी वस्तुओ छे, तेमांथी जेटली वस्तु ओछी ले तेटलो उणोदरी तप थाय. वली ओछी वस्तु ग्रहण क्यारे थाय. के कंइक खावाना विषय घट्या होय तो वा विषय घटवानो अभ्यास छे. केमके आहार लेवानो आत्मानो धर्म नथी, तो जेम बने तेम पोतानो आत्म धर्म प्रगट करवानो जीवने अभ्यास करवो जोईए. जेम जे जे कला शीखवी होय ते ते कला अभ्यास करवाथी शीखाय छे तेम. आत्म धर्मनी वर्तना अनादी काल थयां जाणतो नथी, तथा वर्ततो नथी. ते अभ्यास करवाथी वर्तना थाय तो ते अभ्यासमां जेम बने तेम अयोग्यनो त्याग करवो. आहार बहु जातना छे, तेमांथी जे आहार लेवाथी घणा जीवनी हिंसा थाय छे ते आहार शाकादिक तथा अभक्षादिकनो न करे ते बावीश अभक्ष्नां नाम मारा करे-

ला प्रश्नोत्तर चिंतामणीमा छे, तथा जोगशास्त्रादिक ग्रंथोमा छे तेमाथी जोई त्याग करवो, ते पण ऊणोदरी तप छे, तथा जे आहार रसवती नक्ष्य छे ते रसवतीमाथी थोमी चीजोथी निर्वाह थाय छे, तो पण निर्वाह करता वधारे चीजो जीव विषयने सारु वापरे छे तेथी आत्मा वधारे लेपाय छे. एम जेणे जाण्युं छे तो खाती वखत निर्वाह जेटली वस्तु ग्रहण करी बीजी वस्तु उपरथी इच्छा उतारवी ते पण ऊणोदरी तप छे; माटे जेम बने तेम निर्वाह उपर लक्ष आपवो केटलाएक विषय घटया नथी तेथी वधारे वपराय, तो ते वीपे पण जीव निंदा गर्हा सहित जो वापरे तो विषयना कर्म आकरा न बंधाय, तो ते कर्मना रस जेटला ऊंचा पम्या ते पण ऊणोदरी तपनुंज फल पामे वृत्ति संक्षेप तप ते, जे वृत्तिज वर्ती रही छे, तेनो संक्षेप करवो, एटले मरजादमा आववु; जेम के श्रावकने चौद नियम धारवा, मुनिने द्रव्य, क्षेत्र, काल, नाव आ चारे प्रकारमाथी हर कोई प्रकारनी आहारादिक वस्तु संबंधी धारणा करवी, रोटली अथवा हरकोई पदार्थ धारे के ए वस्तु मले तो लेवी, वा फलाणुं माणस आपे तो लेवुं वा आटला कलाके मले तो लेवु वा हाव नावे आपे तो लेवु, एवी रीतना अभिग्रह धारण करे एहवी धारणा करवानी मतलब शुं छे के एवी रीतनो जोग न बने ने तप बने तो सारुं पूर्ण चित्त तप करवानुं ग्रतु नथी, त्यारे आवा अभिग्रह धारण करी आहारादिकनी इच्छाने शांत करे पुद्गल नावमा वृत्ति ऊंची थई रही छे ते आवा अन्यास करीने वृत्तिने रोके, ए वृत्तिसंक्षेप तप कहीए

रस त्याग तप केहता चार महाविगय ते मध, माखण, मांस, मदीरा आ चार विगयनो श्रावक तथा मुनि महाराजने सदा त्याग होय, केमके ए वस्तुउ खाता त्रसकाय जीवनो नि-

नाश थाय छे, ते वातनो योगशास्त्रमां हेमचंद्र आचार्य महा-
राजे विस्तारे निषेध करेलो छे. एटलुंज नहि, पण हरिभद्र सूरि
महाराजे पंचाशक वगेरे ग्रंथोमां मांसादिकनो निषेध कर्यो छे.
मांसाहारी जीव छे तेने निर्दयपणुं तो अवश्य होय. जो दयाना
परिणाम होय तो जेमां घणा जीवनी हिंसा थाय एवी वस्तु
वापरवाना भाव थायज नहि. पन्नवणाजीमां जघन्य श्रा-
वक कह्या छे, ते ए चार महाविगयना त्यागीज कह्या छे,
वली उपाशक दशांगमां आणंदजीए मांसादीकनो त्याग कर्यो
छे. वली मांसना आहारथी मीजाज चीडायेलो थाय, एवुं हाल-
ना डाकटरो पण कहे छे, वली मदीरा थकी आत्मानी ज्ञानश-
क्ति अवराई जाय छे. डाह्यो होय ते गांडो थाय अने ते गांडा-
इथी धन धान्यादिकना वेपारमां पण नुकशान थाय, वली ज-
गतमां पण निंदानुं स्थानक थाय छे, वली परलोके नरकादिक
गति पामे, तेथी उत्तम पुरुषो, साधु, तथा ग्रहस्थ एनो त्याग करे
छे. वली हालना वखतमां इंग्रेजो तथा पारशीउ पण केटलाक
मांसाहारनो त्याग करे छे, केटलाक उडी टेव थाय तेम करे छे,
आम अनार्य लोक ज्यारे त्याग करे छे तो आर्य लोकने त्याग होय
तेमां शी नवाईनी वात छे, माटे महाविगयनो त्याग कह्यो छे.
बीजी छ विगय ते दुध, दही, तेल, गोल, पकवान तथा घी,
ए छ विगयमांथी जेटली विगय त्याग थाय एटली करे; कार-
ण के विगय खावाथी विकारनी वृद्धि थाय छे, तेथी काम दीप्त
थाय छे, माटे मुनि महाराजो विगयनो त्याग करे छे. पण हाल
कालमां विगय वापर्या विना शरीर टकी शके नही तेथी शरी-
र निभाव जेटली वापरी बाकीनी विगयनो त्याग करे. श्रावक छे
ते पण रोज एक एक विगयनो त्याग करे, कारण के मुनि महाराज
तो सर्व कामना त्यागी छे तेथी बने तो सर्वथा त्याग करे, पण

गृहस्थथी वनवु दुर्लज्ञ छे गृहस्थ एने तो जेटली मूर्छा काम उपरथी उतरे ते मुजब विगयनो त्याग करे ज्ञावथी जेटला पुद्गल जंग ग्रहवामा आवशे एटलो कर्म बंध नहि थाय, एम ज्ञावी मुनि तथा गृहस्थ विगयनो त्याग करे. पोतानो अणहारी गुण प्रगट करवारूप वीर्य फोरायमान थाय एज आत्मानो तप गुण प्रगट थाय, ते रसत्याग तप कहीये.

कायक्लेश तपः—ते जेटलुं जेटलुं समज्ञावे कायानुं कष्ट ज्ञोगववामां आवे छे ते कायक्लेश तप. मुनिमहाराज लोचादिक कष्ट सहन करे छे, विहारमा चालवाना कष्ट सहन करेछे, सूर्यनी आतापना ले छे,ते मुनि महाराज शुं ज्ञावी कष्ट सहन करे छे के पोताना आत्मानुं स्वरूप जाण्युछे,जम्नु स्वरूप जाण्युं छे तेथी जम्ड जे शरीर तेने पोतानुं जाणता नथी, पोताना तेवा ज्ञाव रहे छे के नहि, एम विचारवुं. जे वखत लोच करे ते वखत कष्ट पम्डे छे ते कष्ट पम्डता जे पुरुषोनु मन वगम्डतु नथी ने समज्ञावमां रहे छे तो एवा कष्ट स्वज्ञाविक रोगादीकना आवे त्यारे पण समज्ञावमा ते पुरुष रही शके छे, अने समज्ञावे रहेवाथी ते कर्म ज्ञोगवाय छे तेज वखते आत्मानी अशुद्ध परिणती टले छे,ते निर्जरामा गणाय छे, अने आत्मा शुद्ध थाय छे हवे जे माणसो जाणीबुजीने एवा कष्ट सहन करता नथी तेने रोग ज्ञोगवी वा बीजा कुटुंबनां वेपारना काम करी कष्ट ज्ञोगववा जोइशुं अनादि कालनो जीव संसारमा रोलाय छे तेमा मोहने वश अशाता वेदनी कर्म, अंतराय कर्म बांधेला छे ते ज्ञोगव्या विना छुटको नथी, माटे उत्तम पुरुषो जे प्रमाणे समज्ञावमा रही शके छे ते प्रमाणे कष्ट ज्ञोगवी पोतानां कर्म खपावे छे, ते कायक्लेश तप छे समज्ञाव सिवायनां कष्ट ज्ञोगवे छे ते निर्जरामा ज्ञानी गणता नथी, कारण जे एक कर्म ज्ञोगवी पाछां हजारो कर्म नवा उपार्जन करे छे, माटे ते दुःख

भोगवेलां काम लागता नथी. तेथी तेने सकाम निर्जरामां गणाता नथी. दरेक धर्ममां समजीने काम करवाथी लाभ वताव्यो छे, तेमज जे जे कष्ट भोगववुं ते समजीने भोगववुं तेथी आत्माने लाभज थशे. कष्ट भोगवतां आत्मानुं वीर्य जागे छे, तोज समभाव रही शके छे, नहिं तो समभाव रहेतो नथी. ते आत्म वीर्यना अंतराय टुटया विना वीर्य फोरायमान थतुं नथी. माटे समभावमां रही जे जे बनी शके ते रीते कायाने कष्ट भोगवी कर्म खपाववां ते कायक्लेश तप जाणवो.

संलीनता ते मुनि महाराज करी शके छे. जेम कुकडी शरीर संकोचीने सुवे छे तेम मुनि महाराजो सुवे छे. एवी रीते सुवाथी अंगोपांग वधाने जागृति आवे छे, अने निद्रामां लीन थवातुं नथी, ने आत्मज्ञान अवराई जतुं नथी. जेम सख्त निद्रा आवे तेम उपयोग लोपाई जाय छे तेथी जेम आकरी निद्रा न आवे तेम मुनि महाराज सुवे. वली जोग संलीनता पण तपमां कही छे, परंतु ते अभ्यंतर तप गणी शकाय. तेम वचन कायाना जोग जेम बने तेम आत्म स्वभावथी बहार वर्त्तता रोकीने नीज स्वभावमां थीर करवा, ते जोग संलीनता तप छे, ए घणो ज श्रेष्ट तप छे. ए रीते संलीनता तप कह्यो छे.

ए छ प्रकारे बाहाज तप कह्यो, तेनुं कारण जे ए तप करनारने जोईने आ तपस्वी छे एम ओलखी शके. बाकी वस्तुपणे तो कर्म खपाववाना भावथी ए बाहाज तप करे, ते पण आत्मा निर्मल करे. अने अभ्यंतर तपथी पण आत्मा निर्मल थाय. हवे ते अभ्यंतर तप ते शाथी ? तो के बाहारथी देखीने तपस्वी कोई नहि कहे, पण आत्मा निर्मल करे तेथी अभ्यंतर तप कह्यो. ते पण छ प्रकारे छे.

१. प्रथम विनय तप ते देवनो, गुरुनो, धर्मनो, ए त्रणनो

विनय करवो. देव ते अरिहंत, जेमणे ज्ञानावर्णी कर्म क्षय करी केवलज्ञान उपार्जन कर्युं छे जे ज्ञाने करी लोकालोकना न्नाव ते स्वर्ग, मृत्यु, पाताल ए त्रणमा जीव अजीव पदार्थ रह्या छे ते पदार्थनी वर्णना थई रही छे, समे समे अनंता परजायनो उतपात, व्यय, अने ध्रुव थई रह्यो छे, ने गया कालमा वर्त्तना थई, आवते काले थशे अने वर्तमानमां थाय छे, ते सर्व न्नाव एक समयमा जाणी रह्या छे तेनु नाम केवलज्ञान, एवुं ज्ञान जेने प्रगट थई रह्युं छे. दर्शनावर्णी कर्म क्षय करी अनत दर्शन गुण प्रगट थयो छे, तेथी ( सामान्य वोधरूप ) केवल दर्शन प्रगट थयुं छे. मोहनीय कर्म क्षय करी चारित्र गुण प्रगट थयो छे, ते आत्म स्वन्नावमा स्थीर थाय, ते चारित्र गुण जाणवो. अंतराय कर्म क्षय थवाथी अनत वीर्यादीक गुण प्रगट थयो छे एवा अरिहंत न्नगवानना विनय करवो केमके आत्मानुं स्वरूप अरूपी छे ते केवलज्ञान प्रगट थया विना प्रत्यक्ष थतुं नथी ते केवलज्ञानथी सर्व जीवना आत्मानुं स्वरूप प्रत्यक्ष देखाय छे तेथी ते स्वरूपनुं वर्णन प्रन्नुए कर्युं, वली आत्मा मलीन शाथी थाय छे ते स्वरूप वताव्युं, वली आत्मा निर्मल शाथी थाय छे ते वताव्युं. पुन्य पाप वाधवानां कारण वताव्या छे, तो तेथी आपणे आपणा आत्मानु स्वरूप जाणी शकीए छीए माटे प्रन्नु मोटा उपकारी छे तेथी तेमनो विनय जेम वने तेम करवो. शक्ती गोपववी नहि

सिद्ध महाराज जेमने आठे कर्म क्षय थवाथी आत्माना संपूर्ण गुण निष्पन्न थया छे, शरीरथी रहित थया छे, मोक्ष स्थानमां रह्या छे, जेमने फरी संसारमा आववुं नथी, केवल आत्माना गुणमाज लीन छे, नथी राग, नथी द्वेष, नथी क्रोध, नथी मान, नथी माया, नथी लोन्न, नथी विषय, अक्षय, अमर, अजर, अकल, अगोचर, अरूपी आदे अनंत गुण रह्या छे, ते सिद्ध

ज्ञगवाननुं रूप जोई आपणी सिद्ध दशा प्रगट करवानी बुद्धि जागवानो हेतु छे; वली गुणवंतना गुण गातां आपणो आत्मा पण गुणी थाय अने अनादीनी ज्ञुलथी परवस्तु पोतानी मानी वर्ते छे ते ज्ञाव पलटाववानुं साधन छे, माटे सिद्ध महाराजनो विनय पण जेटलो बनी शके एटलो करवो. ए बंनेनो विनय करवो ते देवनो विनय जाणवो. हवे आ क्षेत्रमां अरिहंत सिद्ध महाराज कांई पण विचरता नथी, तो तेमनी मूर्त्तिन्नो पण विनय करवो. कारण जे गुणवंत पुरुषोनी मूर्त्तिमां पण जे जे ज्ञगवाननी मूर्त्ति छे ते ते ज्ञगवानना गुणनो आरोप करवो छे, ने ते गुणनो विनय करवो छे, एटले ज्ञगवंतनोज विनय छे. हवे तेमां प्रथम शो विनय छे ? के ते पुरुषोए जे जे हुकम फरमाव्या छे ते ते हुकम अंगीकार करीने पोतानो आत्मा शुद्ध करवाना उद्यमी थवुं अने उद्यम करवाथी आत्मा शुद्ध थशे. जे जे अंशे प्रज्ञुजीना हुकम प्रमाणे समज्ञावमां रहीशुं ए मुख्य विनय छे. पछी तेना कारण रूप पांच प्रकारे विनय छे "ज्ञक्तिवाह्यज प्रणीपतीथी" एटले पंचांग प्रणाम करवा जे खमासमणुं देईने पांचे अंग एकठां करी नमस्कार ज्ञगवंतने वा ज्ञगवंतनी मूर्त्तिने करवा. वली अष्ट द्रव्यथी, सत्तर द्रव्यथी, एकवीश द्रव्यथी, वा १०० द्रव्यथी ज्ञगवंतने पूजवा ते पण ज्ञगवंतनो विनय छे. "रुदय प्रेम बहुमान" हृदयमां ज्ञगवंतना गुण ज्ञगवंतनो उपकार अत्यंत विचारी हरखथी रोमराय विकस्वर थई जाय. आणंदनो पार रहे नहि. एवो अंतरमां हरख थाय, अने प्रज्ञु उपर अतिशय प्रीति जागे. तेमज प्रज्ञुनो परूपेलो जे धर्म जे आगममां कह्यो छे ते आगम सांज्ञली अहो प्रज्ञुए शो मार्ग बताव्यो छे ते विचारीने हरख थाय. वली प्रज्ञुनां चरित्र सांज्ञली प्रज्ञुजीनी वर्तना जोई अहो आश्चर्यकारी ज्ञगवंतनुं वर्त्तवुं छे ते जोई हरख थाय अने प्रज्ञुना

भगवाननुं रूप जोई आपणी सिद्ध दशा प्रगट करवानी बुद्धि जागवानो हेतु छे; वली गुणवंतना गुण गातां आपणो आत्मा पण गुणी थाय अने अनादीनी भुलथी परवस्तु पोतानी मानी वर्ते छे ते भाव पलटाववानुं साधन छे; माटे सिद्ध महाराजनो विनय पण जेटलो बनी शके एटलो करवो. ए बंनेनो विनय करवो ते देवनो विनय जाणवो. हवे आ क्षेत्रमां अरिहंत सिद्ध महाराज कांई पण विचरता नथी, तो तेमनी मूर्त्तिनो पण विनय करवो. कारण जे गुणवंत पुरुषोनी मूर्त्तिमां पण जे जे भगवाननी मूर्त्ति छे ते ते भगवानना गुणनो आरोप करवो छे, ने ते गुणनो विनय करवो छे, एटले भगवंतनोज विनय छे. हवे तेमां प्रथम शो विनय छे ? के ते पुरुषोए जे जे हुकम फरमाव्या छे ते ते हुकम अंगीकार करीने पोतानो आत्मा शुद्ध करवाना उद्यमी थवुं अने उद्यम करवाथी आत्मा शुद्ध थशे. जे जे अंशे प्रभुजीना हुकम प्रमाणे समभावमां रहीशुं ए मुख्य विनय छे. पछी तेना कारण रूप पांच प्रकारे विनय छे "भक्तिबाह्याज प्रणीपतीथी" एटले पंचांग प्रणाम करवा जे खमासमणुं देईने पांचे अंग एकठां करी नमस्कार भगवंतने वा भगवंतनी मूर्त्तिने करवा. वली अष्ट द्रव्यथी, सत्तर द्रव्यथी, एकवीश द्रव्यथी, वा १०० द्रव्यथी भगवंतने पूजवा ते पण भगवंतनो विनय छे. "रुदय प्रेम बहुमान" हृदयमां भगवंतना गुण भगवंतनो उपकार अत्यंत विचारी हरखथी रोमराय विकस्वर थई जाय. आणंदनो पार रहे नहि. एवो अंतरमां हरख थाय, अने प्रभु उपर अतिशय प्रीति जागे. तेमज प्रभुनो परूपेलो जे धर्म जे आगममां कह्यो छे ते आगम सांभली अहो प्रभुए शो मार्ग बताव्यो छे ते विचारीने हरख थाय. वली प्रभुनां चरित्र सांभली प्रभुजीनी वर्तना जोई अहो आश्चर्यकारी भगवंतनुं वर्त्तवुं छे ते जोई हरख थाय अने प्रभुना

भगवाननुं रूप जोई आपणी सिद्ध दशा प्रगट करवानी बुद्धि जागवानो हेतु छे; वली गुणवंतना गुण गातां आपणो आत्मा पण गुणी थाय अने अनादीनी भुलथी परवस्तु पोतानी मानी वर्ते छे ते भाव पलटाववानुं साधन छे; माटे सिद्ध महाराजनो विनय पण जेटलो बनी शके एटलो करवो. ए बंनेनो विनय करवो ते देवनो विनय जाणवो. हवे आ क्षेत्रमां अरिहंत सिद्ध महाराज कांई पण विचरता नथी, तो तेमनी मूर्त्तिनो पण विनय करवो. कारण जे गुणवंत पुरुषोनी मूर्त्तिमां पण जे जे भगवाननी मूर्त्ति छे ते ते भगवानना गुणनो आरोप करवो छे, ने ते गुणनो विनय करवो छे, एटले भगवंतनोज विनय छे. हवे तेमां प्रथम शो विनय छे ? के ते पुरुषोए जे जे हुकम फरमाव्या छे ते ते हुकम अंगीकार करीने पोतानो आत्मा शुद्ध करवाना उद्यमी थवुं अने उद्यम करवाथी आत्मा शुद्ध थशे. जे जे अंशे प्रभुजीना हुकम प्रमाणे समभावमां रहीशुं ए मुख्य विनय छे. पछी तेना कारण रूप पांच प्रकारे विनय छे "भक्तिबाह्यज प्रणीपतीथी" एटले पंचांग प्रणाम करवा जे खमासमणुं देईने पांचे अंग एकठां करी नमस्कार भगवंतने वा भगवंतनी मूर्त्तिने करवा. वली अष्ट द्रव्यथी, सत्तर द्रव्यथी, एकवीश द्रव्यथी, वा १०८ द्रव्यथी भगवंतने पूजवा ते पण भगवंतनो विनय छे. "हृदय प्रेम बहुमान" हृदयमां भगवंतना गुण भगवंतनो उपकार अत्यंत विचारी हरखथी रोमराय विकस्वर थई जाय. आणंदनो पार रहे नहि. एवो अंतरमां हरख थाय, अने प्रभु उपर अतिशय प्रीति जागे. तेमज प्रभुनो परूपेलो जे धर्म जे आगममां कह्यो छे ते आगम सांभली अहो प्रभुए शो मार्ग बताव्यो छे ते विचारीने हरख थाय. वली प्रभुनां चरित्र सांभली प्रभुजीनी वर्तना जोई अहो आश्चर्यकारी भगवंतनुं वर्त्तवुं छे ते जोई हरख थाय अने प्रभुना

उपकार संभारी अंतरंगमां राग उपजे ते पण प्रभुनो विनय छे.

"गुणनी स्तुति".—ते प्रभुना गुणनी स्तुति करवी ते स्तोत्र, श्लोक, दुहा, छंद इत्यादि प्रभु आगल उभा रहीने केहेवा; वा चैत्यवंदन, नमुथ्थुणं, स्तवन, थोय विगेरे कहेवुं; वा प्रभुना चरित्र सांभल्या छे ते चरित्रमा जे गुण वर्णव कर्या छे ते गुण याद करी पोते स्तवी वा बीजा आगल कही प्रभुना रागी करवा ते पण गुण स्तुति छे अवगुणनु ढाकवुं—ते प्रभुमा तो कोई प्रकारे अवगुण नथी पण कल्पित कोई अवगुण कहेतुं होय तो तेने समजावीने अवगुण बोलता बंध करवा. प्रभुजीनी प्रतिमाजी छे ते प्रतिमानी पूजा न करता होय तो तेमने समजावी प्रभुनी पूजा करता करवा जोइए. प्रतिमाजीना अवर्णवाद बोलता होय तो तेने पण समजावी अवर्णवाद बोलता बंध करवा जोइए केमके प्रभु अने प्रभुनी स्थापना बे सरखी भगवते कही छे. श्री अनुयोगद्वार सूत्रमां तथा आवश्यक सूत्रमा पण स्थापना निक्षेपो कह्यो छे. हालमा सामान्य गृहस्थनी पण यादगीरी कायम राखवा सारु फोटोग्राफ ( छबी ) तो घणा लोक करावे छे, वली मोटा होद्देदारो वा राजानी वा शाहुकारनी मूर्तीउ ( बावला ) पण मरनारना मान खातर बेसारुवामा आवे छे तो एवा माणसनां बहुमान करे, अने देवनी मूर्तिना बहुमान करावंवानो विचार न राखे, तो पोताना देव उपर पोतानो राग नथी एम खुल्लु समजाय छे, ने न्यायनी बुद्धि जेने थई होय तेने सेहेजे समजाय के भगवंतनी मूर्त्ति जोईने भगवान याद आवे अने भगवान याद आव्या के तेमना चरित्र याद आवे, तेमनु अद्भुत चरित्र याद आवे तो प्रभु केवा गुणवत छे ते गुण सांभरे, गुण सभारता, प्रभुए मोक्ष मार्ग बताव्यो छे तेमा जीवने केम चालवुं, ते याद आवे, ते याद आवता आपणे भगवतना हुकमथी

विरुद्ध चालीए छीए ते याद आवे छे अने ते याद आववाथी आप-णी भूल सुधारवानी बुद्धि थाय, वली भगवाननो उपकार याद आवे तो भक्ति करवाना भाव थाय, कारण के उपकारीनी जेटली भक्ति नहि करीए एटली उणी छे; माटे भगवाननी यथाशक्ति भक्ति करवानो भाव जागे ए प्रभुनो विनय छे. जे जे अवर्णवाद बोलता होय ते बंध थाय ते लाभ समजावनारने छे, ने तेज प्रभुनो खरो विनय छे.

"आशातननी हाण" एटले भगवान विचरता होय ते वखते छद्मस्थ अवस्थाए एटले जीहां सुधी केवलज्ञान पाम्या नथी, तेनी अगाउना वखतमां केटलीएक प्रशंसा थती होय ते अज्ञानी मत्सरी जीव सहन करी शकता नथी, तेवा जीव अव-र्णवाद बोलता होय वा पीडा करता होय तो आपणी शक्ति फो-रवीने ते पीडा टालवी. मुखेथी बोलतो होय तेने पण समजा-वीने तेने दूर करवो, वा प्रभुने केटलाएक देवता पण परीक्षा जोवा पीडा करे छे तो ते देवताने पण पोतानी शक्तिथी दूर क-रवो. वा मिथ्यात्वी जीव प्रभुनां प्ररूपेलां ज्ञान संबंधी वगर दू-षणने दूषण कही निंदा करे तो ते पण प्रभुनी आशातना छे, तेने पण समजावीने थीर करवो. वली आपणामां शक्ति न होय तो बीजा कोई शक्तिवान होय तेने विनंती करी तेनी शक्ति फोरवी तेनी शक्तिथी आशातना दुर करवी. तेमज जिनबिंबनी एटले मूर्त्तिनी आशातना करतो होय ते टाले. हवे जिन भुवनने विषे चोरासी आशातना टाले तेनां नाम.

१ बलखो वा थुक नांखवुं. २ हींचोलो बांधीने हिंचका खावा. ३ कलेश करवो एटले लडाई करवी. ४ धनुर्विद्या शी-खवानो अभ्यास करवो एटले बाण साधतां ताकेली जग्योए जाय ते. ५ पाणी पीने कोगला करवा. ६ तंबोलादिक

पान सोपारी खावा वा खाईने जवुं. ७ तंबोल खाधेलुं होय अने तीहा थुकवुं ८ सामाने गालो देवी, जदवा तदवा बोलवुं वा श्राप देवा. ए मूत्र विष्टानु नाखवुं वा करवु. १० शरीर धोवुं एटले नहावु ११ नीमाला देरासरमा नाखवा १२ नख नाखवा १३ लोही नाखवुं १४ सुखडी प्रमुख खावुं १५ शरीरनी चामडीनुं नाखवुं १६ पीत्त वमन करवु, एटले उकवु १७ सामान्य वमन करवुं १८ दात नाखे वा समारे १ए थाक्या होय तो विसामो लेवो २० गाय प्रमुख ढोरनु बाधवु २१ दातनो मेल नाखे २२ श्राखनो मेल नाखे २३ नख उतारे वा उतरावे २४ गंडस्थलनो मेल उतारे वा नाखे २५ नाकनो मेल नाखे २६ माथुं समारे. २७ काननो मेल नाखे २८ शरीर समारे २ए मित्रने मले ३० नामुं लखे, वा कागल लखे, ( पोतानुं संसारी ) ३१ काई वेचवानुं करे. ३२ थापण मुके ३३ माठे श्रासने वेसे ३४ ढाणा थापे ३५ लुगडा सुकवे ३६ पापड सुकवे ३७ वडीउ करे वा सुकवे ३८ राजाना जयथी नाशीने देरासरमा संताई रहे ३ए धान्य सुकवे ४० देरासरमा संसारी सगा साजरवाथी रुदन करे ते श्राशातना, पण जगवानना गुणनुं बहुमान करता हरखनां श्रासु श्रावे ते अशातना नथी ४१ विकथा करे एटले राज कथा, देश कथा, स्त्री कथा, वा जोजननी कथा एवी वातो देरासरमां करवी ते श्राशातना ४२ शस्त्र घडे एटले बनावे ४३ जनावरो देरासरमां बांधवानुं करे ४४ तापणी करी तापे ४५ रसोई राधे. ४६ रुपीया सोनैया पारखे ४७ निसिहि कही संसारी काम देरासरमा करवा निषेध कर्यां छे, ते छता करीने निसिहिनो जग करे ते दोष व्रत जग जेवो समजवो ४८ देरासरमा छत्र पोताना उपर धरावे ४ए खासडा देरासरमा मुके ५० चामर धरावे ५१ मननी एकाग्रता न करे ५२ शरीरे तेल चोलावे ५३ स-

चित्त भोग तजे नहि. ५४ अयोग्य अचित पदार्थ तजे नहि. ५५ शस्त्र मुके. ५६ प्रभु दीठे हाथ न जोडे. ५७ एक साडी उतरासन नांख्या विना देरासरमां जाय. ५८ मुगट पाघडी उपर पहेरी देरासरमां जाय. ५९ पाघडीनो अविवेक करे. ६० फुल तोरादीक खोशीने देरासरमां जाय. ६१ होड करे एटले सरत बके. ६२ दडे रमे वा दडाथी रमे. ६३ गेडीनी रमत करे. ६४ देरासरमां जुहार करे वा सलाम करे. ६५ कोईने टुंकारा करे, वा हलका शब्द कहे. ६६ लांघणे बेसे. ६७ कुस्ते एटले बाथा-बाथी लडे. ६८ भांड चेष्टा करे. ६९ चोटला समारवानुं करे. ७० पलांठी आसने बेसे. ७१ पावडी पेहेरीने देरासरमां जाय. ७२ लांबा पग करीने बेसे. ७३ पीपुडी वगाडे. ७४ देरासरमां कादव करे. ७५ शरीरनीरज उडाडे. ७६ मैथुन सेवे वा ए संबंधी चेष्टा करे. ७७ जुगार (जुगटुं) खेले. ७८ पाणी पीए, भोजन करे. ७९ मल्ल युद्ध करे. ८० वैद्य कर्म करे एटले नाडी जुए, दवा आपे. ८१ वेपार हरकोई जातनो देरासरमां करे. ८२ सुवानी पथारी पाथरे. ८३ खावानी वस्तु देरासरमां मुके. ८४ देरासरमां नाहे (स्नान करे).

आ रीतनी चोराशी आशातना छे, ते कोईए पण करवी नहि, ने कोई करतो होय तो तेने रोकवो; ए सिवाय देरासरना पईसा खाई जवा, वा देरासरना पैसाथी नफो उपार्जन करवो, वा घरमां वापरवा, देरासरनी चीज लावीने वापरे, ते सर्वे आशातनामां समजवुं; ने देवद्रव्य भक्षणनुं दूषण लागे, माटे कोई पण चीज देरासरनी पोताना काममां वापरवी नहि. ए पांच प्रकारे देवनो विनय कह्यो; तेमज देवनो भाषेलो धर्म आगममां लख्यो छे, माटे आगमनो विनय करवो ते आगमनुं ज्ञान करवुं, आगम एटले शास्त्र तेने लखाववां, लखाववाना काममां पै-

सा खरचवा, जे आगम लेवु ते नमस्कार अथवा खमासण दईने लेवु, मुकवुं ते वखत पण नमस्कारादिक करवा, आगमनां पुस्तक होय त्या वडीनीत एटले झाडो, लघुनीत ते पेसाव, ते करवा नहि, पग नीचे वा माथा नीचे मुकवुं नहि, तेमज आहार पाणी पण पुस्तक होय त्या करवा नहि, तेम मैथुन तथा मैथुननी क्रीया पण करवी नहि, तेमज हास्यविनोद करवो नहि, ए प्रमाणे प्रजुना ज्ञाननो विनय करवो ते प्रजुनोज विनय छे. मुख्य विनय तो ए छे जे प्रजुनो हुकम छे के पोताना आत्मजावमा रहेवुं जे जे सुख दुःख थाय छे तेनां कर्म पूर्वे वा वर्त्तमानमा बाध्या छे, ते प्रमाणे सुख दु ख थाय छे, अने आत्मानो स्वजाव जाणवानो छे ते जाणी लेवो, पण मने सुख थयुं तेवो हरख करवो, मने दु.ख थाय छे एम मानी दिलगीर थवुं तेम करवुं न जोईए. एवा विचारमा रहेवाथी नवा कर्म नथी बंधातां, एम प्रजुजीए कह्युं छे एम विचारवुं एज प्रजुनो विनय छे, आत्मानुं हित थवानुं कारण छे ए आदे विनयनु स्वरूप प्रजुजीए शास्त्रमां घणी रीते बताव्युं छे विनय अध्ययन उत्तराध्ययनजीमा छे ते सांजली ते अनुसारे विनय करवो गुरु महाराजनो विनय करवो, ते गुरु महाराज कोने कहीये ? जे पुरुषे सर्वथा हिसानो त्याग कर्यो छे कोई पण जीवने हणवो नथी, तेम कोई जीवने दु ख देवु नथी, तेमज असत्य एटले जूठुं बोलवुं नथी, तेमज कोई पण प्रकारनी चोरी करवी नथी, तेमज कोई पण स्त्री साथे मैथुन सेववुं नथी, तेमज स्त्रीने अडकवुं पण नथी, तेमने पाचमुं व्रत जे धन धान्यादिक नव प्रकारनो परिग्रह तेमां कोडी मात्र पण जेने राखवी नथी, एवा पच महाव्रते करी युक्त मुनि महाराज जे प्रजुनी आज्ञा मस्तक उपर चडावीने विचरे छे, प्रजुजीनी आज्ञा वहार वर्तता नथी, पोताना आत्मगुणमा

आनंदितपणुं छे, विषय कषाय जेने सेववा नथी, एथी मुक्त थया छे, कांईक अंश रह्यो छे तेथी मुक्त थवाना कामी छे, शांत रसनाज उद्यमी छे, शत्रु अने मित्र तुल्य छे, एवा आचार्य, उपाध्याय अने साधुजी महाराज, पर जीवना उपकार करवा पृथ्वी उपर विचरे छे, ने धर्म उपदेश देईने जगतना जीवने अधर्मथी छोडावे छे. केटलाएक नथी छोडता, पण छोडवाने सन्मुख थाय छे; एवा उपकारना करनारा पुरुषो छे, तेज गुरु कहेतां मोहटा छे माटे तेमनो विनय करवो. गुरु पासे जवुं तो सचित पदार्थ लईने जवुं नहि, तेमज गुरु दीठे हाथ जोडी नमस्कार करवा. वली गुरुजीने बे खमासमण एटले पंचांग प्रणाम करी इच्छकार सुहराइ (सुहदेवसी) सुखतप शरीर निराबाध सुख संजम जात्रा निर्वहो छोजी स्वामी शाता छेजी भात पाणीनो लाभ देजोजी, पछी कहेवुं जे-इच्छाकारेण संदिसह भगवन् अब्भुठ्ठिओहं अब्भिंतरं देवसिअं खामेउं एम कही गुरुनी आज्ञा मागी गुरु आज्ञा आपे जे खामेह, पछी पंचाग प्रणाम पूर्वक अब्भुठ्ठिओहं अब्भिंतर खामवो एटले कहेवुं. प्रतिक्रमणनी चोपडीमां छे ते मुजब खामवुं. इच्छकार कही साता पूछी अब्भुठ्ठिओ खामवाथी कंइ गुरुनी आशातना थई होय, तेनी माफी मागी हवे जेटला बोल अब्भुठ्ठिओमां आवे छे, एटला बोल करवाथी गुरुनी आशातना थाय छे माटे एटला बोल वर्जवाथी गुरुनो विनय थाय छे, तेथी अब्भुठ्ठिओ खमावी विचार राखवो, जे रखेने एहवी भूल थाय. वली द्वादशावर्त्त वंदन गुरुने करवुं, ए पण गुरु महाराजनो विनय छे, ते वंदन पण प्रतिक्रमणनी अर्थवाली चोपडीमां अर्थ सहित छे, माटे ते अर्थ समजीने ते प्रमाणे वर्तवुं. वली अरिहंत भगवंतनो विनय पांच प्रकारे बताव्यो छे तेज रीते करवो; एवीज रीते गुरु पासे जईने वंदन करवुं, पछी त्यां गुरु कथा करता होय ने

त्यां सन्ना उभराई होय तो सन्नामा बेठेला श्रावक श्राविकाने प्रणाम करवा, तेमज सन्नामा बेठेला करता आवनार विशेष गुणवंत वा धर्मी होय वा धनवंत होय तो तेने बेठेला लोक पहेलो प्रणाम करे, ने सामान्य होय तो आवनार प्रथम करे, एनी मतलब एज छे के चतुर्विध संघनो विनय करवानो छे, ते प्रथम विशेषनो सामान्य वालो विनय करे, अने विशेष होय ते पछी करे, आ मर्यादा समजवी वली गुरु पासेथी जाय त्यारे पाछा गुरुने वंदन करीने जाय वली गुरु घेर पधारे तो तेमनी सन्मुख जवुं, गुरुने बेसवाने आसन आपवुं, तेमज गुरु दीठे नमस्कार करवा, गुरुने जे कंई खप होय ते हाजर करवुं, कीमती चीज होय वा अल्प मुलनी चीज होय तो ते पण गुरुने अर्पण करवी, रस्तामा गुरु मले तो पण नमस्कार करवा गुरुनी तेत्रीश आशातना छे ते वर्जवी ते नीचे मुजब

१ गुरु महाराजनी आगल बेसवुं, २ गुरुनी आगल उभा रहेवुं, ३ गुरुनी आगल चालवु ४ गुरु महाराजनी पाछल नजीकमां बेसवु ५ तथा उभा रहेवुं ६ तेमज चालवुं. ७ गुरु महाराजनी बे पासे नजीकमा बेसवुं ८ गुरुनी बराबरीमा चालवुं ९ तेमज उभा रहेवुं आ नव आशातनानीमतलब एवी छे के नजीकमा बेसता, उभा रहेतां, आपणी छींक बगासु अधोवानु सरवु वगेरेनो तथा श्वासनो गुरुने स्पर्श थाय, माटे जेम स्पर्श न थाय तथा थुक वगेरेना छांटा न उडे, तेम बेसवु जोईए आगल अने सरखाईमां बेसता गुरुनी मोटाई शी रीते सचवाय ? माटे बराबरीमां तथा आगल बेसवाथी पण आशातना थाय छे १० पोताथी विशेष पुरुषनी साथे थंडील जाय, ने तेमनी अगाउ आवे तो पण आशातना ११ बहारथी आवेला गुरु साथे शिष्य गुरुथी पहेला रस्ताना दोष आलोवे तो आशा-

तना. १२ रात्रीए गुरुमहाराज बोलावे जे कोण सुतो छे, कोण जागतो छे, ने पोते जागतां छतां हुं जागुं छुं एम न कहे तो आशातना. १३ उपाश्रयमां श्रावक आवे तेने गुरु वा पोताथी अधीक पुरुषे बोलाव्या पहेलां बोलावे तो गुरु होय तो गुरुनी, वा अधीक होय तो अधीकनी आशातना. १४ आहार लावीने पोताथी अधीक साधुजीने आहार बताव्या विना बीजा साधुने बतावे तो आशातना. १५ आहारादिकनी निमंत्रणा गुरुने न करतां बीजाने पहेली करे तो आशातना. १६ गुरु महाराजने पुछ्या विना बीजा साधुने आहारनी निमंत्रणा करे तो आशातना. १७ गुरु महाराजने पूछ्या विना बीजाने आहार आपे तो आशातना. १८ सरस अने स्वादीष्ट आहार पोते वापरे ने गुरुने न आपे तो आशातना. १९ गुरुनां वचन सांभळ्या छतां गुरुने जवाब न आपे तो आशातना. २० गुरु जेवा वडीले बोलाव्या छतां आकरा वचनथी जवाब आपे, कंई पण अवज्ञा थाय एवो जवाब दे ते आशातना. २१ गुरुए बोलाव्या छतां पोताने आसने बेशी रहे ने जवाब दे पण तरत पासे आवे नहि ते आशातना. २२ गुरुए पुछ्या छतां आसने बेठां कहे जे शुं आज्ञा आपोछो ते पण आशातना. २३ गुरुने वा वडीलने टुंकारे बोलावे, एटले तुं कोण हमने कहेनार, आदे शब्द बोले ते आशातना. २४ गुरु कहे तेवीज रीतनुं अविनय वचन बोली जवाब आपे ते आशातना. २५ गुरु महाराज, साधु साध्वी ग्लान एटले रोगी, तेनी सार संभाल करवा कहे त्यारे गुरुने कहे जे तमेज सार संभाल करो, एम करी गुरुनी अवज्ञा करे ते आशातना. २६ गुरु महाराज धर्म कथा कहे ते शुन्य चित्ते सांभले; कदापि सांभले तो सांभलीने गुरुनां बहु मान करवां जोईए, के अहो गुरुजी शास्त्रना परमार्थ आप शुं बतावो छो ! एवी रीते बहु मान न करे ते

आशातना. २७ गुरु महाराज वा रत्नाधिक धर्म उपदेश कहे, त्यारेकहे जे आ अर्थ तमे बराबर करता नथी, तमने अर्थ करता आवडतो नथी, एवु कहेवु ते आशातना २८ गुरु कथा करता होय ते कथानो भंग करी पोते बीजा सांभलनार आगल कथा कहे ने समजावे ते आशातना २९ गुरु कथा करता होय अने ते कथा करता गुरुने तथा सभाने कथाथी आनंद थई रह्यो छे, ने चित्त लीन थई गयु छे तेवु जाणया छता शिष्य गुरुने कहे जे महाराज गोचरीनो वखत थई गयो छे माटे कथा बंध करो पछी गोचरी मलशे नहि, एवी रीते कहेवाथी चढती धारा होय ते टुटी जाय, ने व्याख्याननो छेद थाय ते आशातना ३० गुरु महाराजे जे जे अर्थ कह्यो छे तेज अर्थ व्याख्यान उठया पछी शिष्य सभाने विस्तारी पोतानी बहादुरी जणाववा व्याख्यान करे ते आशातना ३१ गुरु महाराजना संथाराने वा गुरु महाराजना पगने पगे करी फरसीने पाछो गुरुने खमावे नही ते आशातना. ३२ गुरु महाराजना संथारा उपर वा आसन उपर उभो रहे, अथवा बेसवा सुई रहेते आशातना ३३ गुरु महाराजथी उंचा आसने बेसे ते आशातना तथा गुरुना बराबरीना आसने बेसे ते आशातना.

आ बावतनी गुरु महाराजनी तेत्रीश आशातना पोते करवी नहि, तेम कोई करतो होय तो तेनी पासे टलाववानो उद्यम करवो, आ आशातना पोतानामा अहंकार दशा हशे त्या सुधी थशे, अने अहंकार टली गयो हशे तो सहेजे आशातना टलशे, माटे मुख्यपणे हुं गुरुथी बहु ज्ञानी छु, एवो अहमेव होय ते टालवो, कारण जे वधारे ज्ञान पण वखते होय तो ते गुरु महाराजनी कृपाथी थयुं छे, तो जेमनी कृपा छे तेमनी मोटाई न आवे त्या सुधी ज्ञान भण्या होय पण फरछ ज्ञान थयु नथी,

फरश ज्ञान थयुं होय ते तो उपकारीनो उपकार भूले नहि, माटे कदापी उपकार भूली गयो होय तो याद करीने आत्मानी भूल सुधारवी, ने गुरु महाराजनी मोटाई चित्तमां लावीने विनय करवो ने आशातना टालवी, एज आत्माने हितकारी छे. वली गुरुने द्वादशावर्त वंदन करतां बत्रीश दोष लागे छे. छपेला प्रवचन सारोद्धारमां पाना ३९ मां छे ते उपरथी लखुं छुं, माटे ते दोष टालीने गुरु वंदन करवुं.

१ अणाढा दोष कहे छे. आदर विना गुरुने वंदन करवुं, जेमके पोताने वंदन करवानो हरख नथी, पण एक कुल मरजादथी करवानी रीती छे, ते करवुं पण वंदन करवाथी महानिर्जरा थशे, आवा महा पुरुषने वंदन करवानो मने वखत मळ्यो, एहवा भाव आवे नहि त्यां सुधी आदर थाय नहि, माटे महा हरख सहित अने आदर सहित वंदन करवुं के अणाढा दोष टली जाय. २ स्तब्ध दोष. तेमां द्रव्यथी स्तब्ध ते, गुरु महाराजने वंदन करवानो भाव छे, पण शुल आदिक रोगनी पीडामां चित्त गुम थई जवाथी प्रफुल्लित चित्त थाय नही. भाव स्तब्ध ते द्रव्य थकी क्रिया करे छे पण अंतरगनो उपयोग बीलकुल वंदनमां नथी, ते भाव स्तब्ध कहीए, माटे द्रव्यने भाव बे प्रकारे स्तब्धता टालवी. ३ प्रवीध दोष. ते जेम भाडुत प्राणीने कोई पण कामे लगाड्या छतां भाडा उपर लक्ष राखी काम करे अने जेम तेम काम करीने चाल्यो जाय तेम वंदन करतां व्यवस्था रहित वंदन पुरु कर्या विना चाल्यो जाय ते. ४ सपींड दोष. ते आचार्य, उपाध्याय अने साधु सर्वेने एकठा वांदे तेनुं नाम सपींड दोष. ५ टोलक दोष-ते जेम तीड पक्षी अहीं तहीं फर्या करे ने स्थीर न रहे, तेम वंदन करतां आघो पाछो फर्या करे, तेने पांचमो टोलक दोष कहीए. ६ अंकुश दोष ते जेम महावत हाथीने अंकु-

श वमे पोतानी मरजी प्रमाणे फेरवे छे तेम गुरुने फेरवे आचार्य
ऊना होय वा बेठा होय वा कोई कार्यमा होय, तेम छतां गुरुनुं
कपडु पकडी आसन ऊपर बेसाडीने वंदन करे ते. ७ कच्छपदोष
ते वंदन करता काचबानी पेरे आगल पाछल जोता वादे, एटले
केवल गुरु महाराजमा ऊपयोग नहि ते कच्छप दोष ८ मछ दोष
ते मछ जेम स्थीर न रहे तेम शरीरनी अस्थीरताए वंदन करे,
विचित्र प्रकारे शरीरने चलाचल करे ए मनप्रदुष्ट दोष ते पो-
ताने अर्थे अथवा बीजाने अर्थे गुरु द्वारे कार्य सिद्धि न थवाथी
तेना मनमा द्वेष छतां वादे ते १० वेदीका बंध दोष ते बे हाथ
घुटण ऊपर मुकीने वंदन करे वा बे हाथनी वचमां पोताना घुं-
टण राखी वादे, एक घुटण बे हाथनी वच्चे राखी वदन करे,
खोलामा हाथ राखीने वंदन करे बेहु हाथ खोलामां राखे, ए
पाच प्रकारे वेदीका दोष ११ भय दोष.—वादणुं देता भय राखे
जे नहीं वादु तो गुरु महाराजने द्वेष थशे, ने मने कहाडी मु-
कशे, एवा भयथी वादवा ते भय दोष १२ भजंत दोष ते बी-
जा साधुउ आचार्यने भजे छे ने हुं नही आवुं ते ठीक नहि, एवा
विचारथी भजवुं ते भंजत दोष १३ मित्र दोष·—गुरुने वादीश
तो गुरु साथे मित्रता थशे, एवुं धारीने वांदवा ते मित्र दोष १४
गारव दोषः—मने समाचारी जाणवाथी लोक पंडीत कहेशे, वली
वीनीत जाणशे, एवा हेतुए वंदन करवुं ते गारव दोष १५ का-
रण दोषः—ते गुरु महाराजने वंदन करीश तो गुरु महाराज पा-
सेथी कंबल वस्त्रादीक इछित मलशे १६ स्तैन्यनामा दोष ते गुरुने
छानोमानो वादे प्रगट न वादे कारण जे वधा देखता वादीश तो
हुं एमनाथी नानो कहेवाईश, गुरुनी मोटाई थशे एवु विचारी
वंदन करे ते स्तेन्य कहेता चोर दोष १७ प्रत्यनीक दोष ते आ-
हार पाणी गुरु करता होय ते वखते वंदन करे ते प्रत्यनीक दोष

१७ रुष्ट दोषः—ते कषाए धम धमतो वंदन करे वली गुरुने कषाय उपजावे ते रुष्ट दोष. १९ तर्जीत दोष ते गुरु तो कोप पण करता नथी, तथा प्रसाद पण करता नथी, काष्टनी पुतली जेवा छे, वा आंगलीए मस्तके करी तर्जना करवी ते तर्जीत दोष. २० शठ दोष ते गुरुने वंदन करीश तो गुरु तथा श्रावक महारो विश्वास करशे, तो मारुं इच्छित थाशे. २१ हीलना दोष ते गुरुने कहे जे हे आर्य! हे जेष्ट! हे वाचक! हुं तने प्रणाम करुं छुं, एवी रीते हीलना करतो वांदे ते हीलना दोष. २२ कुंचीत दोष ते वंदन करतां वचमां विकथा करे. २३ अंतरीत दोष ते साधु प्रमुखने अंतरे रह्यो वांदे, वा अंधाराने विषे रही वांदे, एटले कोई देखे नहि एम वंदना करे. २४ व्यंग दोष ते गुरुनुं सन्मुखपणुं मुकीने डावी अथवा जमणी बाजुपर वांदे ते. २५ कर दोषः—जेम राजानो कर आपवानो होय तेम मनमां विचारे के भगवाने कह्युं छे तेथी वांदवा पडशे; ए वेठ छे ते उतारवी, एवुं धारी वांदे ते कर दोष. २६ मोचन दोष ते संसारना करथी मुकाया पण अरिहंतना करथी मुकाया नथी, तेथी वंदन करवुं पडशे एम विचारी वांदे. २७ आश्लिष्ट अनाश्लिष्ट दोष ते वंदन करतां रजोहरणने हाथथी फरसे पण हाथ मांथाने फरसे नहि, मस्तके फरसे पण रजोहरणे फरसे नहि, रजोहरणे हाथ न लगाडे ने मस्तके पण न लगाडे ते दोष. २८ न्यून दोष ते वंदनना अक्षर ओछा बोले, वा बहु उतावलपथी वंदन करी ले, तेथी अवनमनादिक ओछां करे वा करे नहि; प्रमादे करी जेम तेम करे तेमां जे न्यून थाय ते न्यूननामा दोष. २९ चूलिका दोष ते वंदन कर्या पछी मोटा शब्दे करीने " मत्थएण वंदामि " कहे ते चूलिका दोष. ३० मूक दोष ते-मूगानी पेठे मुखेथी शब्द बोल्या विना वांदे ते. ३१ ढढ्ढर दोष ते मोटा स्वरवडे वांदणांनुं सूत्र उच्चार करे ते ढढ्ढर दोष. ३२ चूड-

लिका दोष ते-रजोहरण झालीने आमुं अवलुं फेरवतो वादे ते.

ए रीते ३२ दोष वंदनना टालीने गुरुने वंदन करवुं, ए विनय छे. गुरुनी आशातना करी विनय करवो ते योग्य नथी, माटे जेम बने तेम गुरुनी आशातना करवी नहि गुरुनी निंदा करवाथी, हीलना करवाथी, गुरु सलववाथी, गुरुने पीमा थाय एटले मन दुजाय एवुं करवाथी ज्ञानावरणी कर्म बांधे, एम पहेला कर्मग्रंथमा कह्यु छे, माटे जेम गुरुनी आशातना न थाय एम वर्तवुं, ने जेटली मन वचन कायाए करी नक्ति थाय तेटली करवी, के जेथी ज्ञानावरणी कर्मनी निर्जरा थाय.

धर्मनो विनय ते-ज्ञान, दर्शन, चारित्र रूप धर्म अंगीकार करवो ते. तेमा जेटलो जेटलो धर्म अंगीकार करवामा आवे तेटलो तेटलो विनय थाय. ज्ञान अंगीकार करवुं ते आत्मानो ज्ञान गुण छे ते गुण प्रगट करवो, वा प्रगट करवानां कारणो सेववां. ज्ञान एटले जाणवुं, माटे जे जे वर्तना थाय ते जाणी लेवी, पण तेमा राग द्वेष न करवो, एवी ज्ञान दशा वनाववाथी संपूर्ण केवलज्ञान प्रगट थाय छे हवे एवी दशा नथी थई त्या सुधी एवी दशा प्रगट थाय एवा गुरुनी पासे ज्ञान नणवु, सानलवुं, निर्णय करवो, शक्ति होय तो पोते वाचवुं, पोताने जेटलुं ज्ञान थयुं होय ते बीजाने नणाववुं, ए पण ज्ञाननो विनय छे वली पुस्तक लखाववा, ज्ञानवंत पुरुषनो ने ज्ञान जे पुस्तक तेनो विनय करवो, वंदन नमनादीक करवुं, तथा पुस्तकनी संनाल राखवी, ज्ञानवृद्धि थवाना काममा इव्य होय ते अनुसारे खरचवुं, शरीरनी शक्तिथी ज्ञानवृद्धि थाय एहवी मदेनत करवी, बीजाने पण ज्ञाननो विनय करवामां जोमवा, ए सर्वे ज्ञाननो विनय छे. तेमज दर्शननो विनय करवो ते ते सम्यक्त्व अंगीकार करवुं, शुद्ध श्रद्धा करवी, वीतरागना वचनमा शंका न करवी, ए-

वा श्रद्धावंत पुरुषनो साधु, साध्वी, श्रावक, श्रावीका तेमनो उचित विनय करवो के जेथी उत्तम पुरुषनी कृपा थाय ने कृपाथी आपणी श्रद्धामां कसर होय ते नीकली जाय, ने शुद्ध थाय. एनो विस्तार गुरु विनयमां लख्यो छे ते प्रमाणे करवुं.

चारित्रनो विनय ते—मुख्यपणे आत्मानो चारित्र गुण छे, जे आत्माने आत्म स्वभावमां स्थिर थवुं. जे विभावमां अनादि कालनो आत्मा स्थिर थयो छे त्यांथी पलटावीने पोताना गुणमां स्थिर थवुं. जेटलुं जेटलुं परभावनुं प्रवर्तन रोकाशे तेटलो तेटलो चारित्र गुण प्रगट थशे, एज चारित्रनो विनय छे. हवे एवा गुण प्रगट नथी थया ते प्रगट करवाने सारु पंच महाव्रतरूप चारित्र अंगिकार करवुं. ते न बनी शके तो श्रावके बार व्रतरुप देशविरति चारित्र अंगिकार करवुं, ए अंगिकार करवाथी अंतरंग चारित्र प्रगटशे. वली तेटली दशा लाववा सारु एवा सर्व चारित्रवंत तथा देश चारित्रवंतनो विनय करवो, तेनी संगत करवी के उत्तम पुरुषना संगथी उत्तमता आवे माटे चारित्रवंत पुरुषनो विनय शास्त्रमां विस्तारे कह्यो छे ते मुजब करवो, ते चारित्र विनय. तेमज तप धर्मनो विनय करवो एटले तप अंगिकार करवो तथा तपस्वीनो विनय करवो ते पण धर्मनो विनय छे.

ए रीते देव, गुरुने धर्मनो विनय करवो ते विनयनामा अभ्यंतर तप कह्यो.

वैयावच्च तप ते—गुणवंत पुरुष जे अरिहंत महाराज सिद्ध महाराज, आचार्य, उपाध्याय, तपस्वी, साधुजी, कुल, गण, संघ, नवदीक्षित, ग्लान (जे रोगी साधु) ए आदि पुरुषोनी वैयावच्च करवी. आहार, पाणी, वस्त्र, पात्र, रहेवाने मकान, संथारा विगेरे पाट पाटलादि धर्म उपगरण आदि वस्तु उत्तम पुरुषने हीतकारी जे जे जोईए ते ते आपवुं, वा बीजा पासे अपाववुं तथा पोते

जाते एवा उत्तम पुरुषनी पगचपी विगेरे करवी, तथा एवा उत्तम पुरुषनी स्थापना होय ते मुर्तिनी भक्ति, नमन, विलेपना दिकथी करवी, ते पण वैयावच्च छे आ उपर कहेला पुरुषो उपगारी छे. ते उपगारी पुरुषोए आत्माने कर्मथकी मुक्त थवानो उपाय बताव्यो छे, वली जेम जेम सेवा भक्ति करीशु तेम तेम आपणामा योग्यता आवशे, अने तेम तेम गुरु विशेष बतावशे, तेथी विशेष बोध थशे, तेमज गुण प्रगट थवामा सहायकारी थशे. आ उपगार करनार पुरुषनी जेटली वैयावच्च करी तेटलो आत्मा सफल थाय छे, केमके उपगारीनो उपगार भूलवो एज मिथ्यात्व छे; ने मिथ्यात्व गया विना आत्मानुं काम थवानुं नथी, माटे जेटली जेटली वैयावच्च करीशुं तेटलुं तेटलु मिथ्यात्व टलशे, ने समकित शुद्ध थशे सम्यक्त्व शुद्ध थयुं एटलो आत्मगुण प्रगट्यो, माटे वैयावच्चरूप लाभ थवानो अंतराय तुट्यो नथी त्यां सुधी वैयावच्च करवानुं मन थशे नहीं, अने एम करतां मन थशे तो पण अंतरायना जोगथी एवा पुरुषनो जोग बनशे नहीं, जोग बनशे तो आलस विगेरे वचमा विघ्न आवशे ने वैयावच्च बनशे नहि, पण उद्यम करता करता अंतराय तुटशे माटे बनती शक्तिये वैयावच्च करवामा वीर्य फोरववुं, एज कल्याणकारी छे

सज्झाय तप ते—सझाय ध्यान करवु ते पाच प्रकारे छे. वाचना ते गुरु महाराज शास्त्र वाचना आपे तेथी गुरुने वाचना आपवारुप वाचना तप थाय, शिष्यने ते वाचना लेवाथी वाचना तप थाय, पृच्छना ते पोते भणेला होय तेमां शंका पडे ते गुरुने पुछीने तेनो यथार्थ निर्णय करवो ते पृच्छना कहीए, पण कोई पुरुषने खष्ट करवा पुछवु नही, ने पुछे तो ते पृच्छना तप न कहीये. परावर्त्तना ते भणेलुं फरी संभारवुं के जेथी भूली न जवाय, तेम खोट पडे नही, माटे जे भण्या होय ते हमेश संभा-

रवुं, रोज संभारवानो वखत न मले तो आंतरे आंतरे पण संभारवुं, नवुं भणवुं थाय, ने जुनु भुली जवाय ते जाणी बुजीने ज्ञानने आवर्ण लागवानुं थाय, माटे जेम भणेलुं भुली न जवाय तेम करवुं जोईए. चोथी अनुप्रेक्षा ते भणेली वा सांभलेली वस्तुनो तत्त्व विचार करवो, अने वस्तुना परमार्थनो अनुभव गम्य निर्णय करवो, एमां वधारे अनुमान शक्ति होय तो थई शके छे, ने जेणे भगवंतनां वचननो अनुभव गम्य-निर्णय कर्यो छे, ते माणसने पछी शंका रहेती नथी, तेमज कुबुद्धिवाला तेनुं मन तत्त्वनिर्णयथी फेरवी शकता नथी, आ अनुप्रेक्षा सज्झाय ध्यान जेने सम्यक्त्व प्राप्त थयुं होय तेज पुरुष करी शके छे, ने एज करवानी जरुर छे. अनुप्रेक्षा ज्ञानवालाने आत्मा अरूपी छे तो पण ते साक्षात आत्मा देखतो होय एवो निर्धार थई जाय छे. हरेक वांचीने विचार करवो तेज अनुप्रेक्षा छे ने तेम कर्या विना वांचेला भणेलानुं फल बराबर मली शकतुं नथी, पण ज्यारे ज्ञानावर्णी कर्मनो क्षयोपसम थाय त्यारे बनी शके छे. घणाये भणेला जोईए छीए, क्रिया करता जोईए छीए, पण आ शुं कह्युं, मारे शुं करवा केहेवुं ते जाणता नथी. आ क्रिया शुं करवा करी ते जाणता नथी, तेनुं कारण के निर्णय करवानी बुद्धि जागी नथी, पण ते बुद्धि जगाववानी जरुर छे. दुनियामां कहेवत चाली छे के भण्या पण गण्या नही, माटे तेम थवुं न जोईए. हरेक बाबतनो निर्णय करवानी बुद्धि राखवी. एवी बुद्धि जागी छे तेथी हरेक वस्तु अनुभव गम्य करे छे, ते अनुप्रेक्षा कहीये. एवा अनुभववाला पुरुषो धर्म उपदेश करे छे, तेनुं नाम पांचमी धर्मकथा कहीये. धर्म कथा करवाथी परजीव संसारनी उपाधीथी मुकाय, विषय कषाय शान्त थाय, तत्त्वज्ञान थाय, पोतानुं आत्मतत्त्व प्रगट कर-

वानो कामी थाय, वा प्रगट करे, एहवो उपदेश देवो, वा वार्ता करवी, वा सान्नलवी तेनुं नाम धर्मकथा कहीये जे कथा तथा वार्ता करवाथी विषयनी वृद्धि थाय, तृष्णानी वृद्धि थाय, मोहनी वृद्धि थाय, हिंसा, जूठ, चोरी, प्रमुखनी वृद्धि थाय तेनुं नाम धर्म कथा न कहीये, पाप कथा कहीये आ पाचे प्रकारना सझाय ध्याननुं नाम तो ज्ञान छे, एनुं नाम तप केम कह्यु ? एम शंका थाय तेनो परमार्थ तो प्रथम अभ्यंतर तपनु वर्णन कर्युं छे, त्या दर्शाव कर्यो छे तेनो लक्ष देवाथी समजाशे वली तेहेज आ स्थले पण दरशाव करुं छुं. तप कोनुं नाम छे ? कर्मने तपावे तेने तप कहीये, तो वाचना प्रमुख करवाथी महा अज्ञानरूप जे कर्म ते कर्मनो नाश थई जाय छे, नाश करवानी सन्मुखता थाय छे, वली अज्ञानपणे कर्म खपता नथी ज्यारे ज्ञान दशा थाय त्यारेज कर्म खपे छे. बाह्य तप साथे पण ज्ञान होय तो कर्म खपे छे, तो ज्ञानमांज वर्त्ते तेमां कर्म खपे एमा कंई नवाई जेवुं नथी, माटे जेम बने तेम सझाय ध्यानमां काल काढाम्वो, ए थकीज सर्वे वस्तुनी प्राप्ति थशे

हवे पाचमो ध्यान नामा तप, ते ध्यान कोने कहीये. मन, वचन, कायानी एकाग्रता जेमां थाय तेहने ध्यान कहीये तेमां धन, कुटुंब, वेपारादिक पुद्गलीक पदार्थमा एकाग्रता थाय तेहने अशुन्न ध्यान कहीए, ते तजवु जोईए ते तो सदाकाल जीवने थई रह्यु छे, ते ध्यान छोमीने आत्म तत्त्वने विषे एकाग्रता करी तेमां लीनपणे वरतवुं ते ध्यान तपमा गवेप्युं छे. ते ध्यान घणा प्रकारनुं छे, तेमा मुख्य–धर्म ध्यान शुक्ल ध्यान कह्यां छे, ने जे ध्यान ध्यावबुं ते अभ्यंतर तप छे एनुं स्वरुप माहारा करेला प्रश्नोत्तररत्नचितामणि नामा ग्रंथमा विस्तारे छे त्याथी जोई लेवु. अहीं आं सामान्य प्रकारे कह्यु छे

प्रथम धर्म ध्यान तेना चार पाया छे. पहेलो पायो आज्ञा विचय ते, परमात्मानी आज्ञानुं वीचारवुं, जेवी जेवी आज्ञा छे तेम वर्त्तवानुं ज्ञाववुं.

बीजो पायो अपाय विचय ते—आत्मानुं जे स्वरुप छे ते स्वरुप नथी वर्ततुं तेनुं कारण जे मिथ्यात्वादीक ते त्याग करवामां एकाग्रता करवी.

त्रीजो विपाक विचय ते—कर्मनुं स्वरूप विचारवुं कर्मथी मुकाववानुं विचारवुं.

चोथो संस्थान विचय ते—चौद राज लोकनुं स्वरूप विचारवुं. आ रीते धर्म ध्यान तेमज शुक्ल ध्यानना चार पाया नीचे प्रमाणे.

(१) प्रथक्त्व वितर्क सप्रविचार. (२) एकत्व वितर्क अप्र विचार. (३) सूक्ष्म क्रिया प्रतिपाती. (४) उछिन्न क्रिया निवृत्ति. ए शुक्ल ध्यानना चार पाया मधेथी प्रथमना बे पाया केवल ज्ञान पामतां अगाउ प्रगट थाय छे, ने बीजा छेल्ला बे पाया केवल ज्ञान पाम्या पछी सिद्धि जवाना लगभग वखत प्राप्त थाय छे. पहेला पायामां. भेद ज्ञान थाय छे. बीजा पायामां अभेद ज्ञान थाय छे, त्रीजा पायामां बादर जोग रुंधाय छे अने चोथा पायामां सूक्ष्म जोग रुंधाय छे. एवी रीते वर्त्तना थाय छे.

आजना कालमां शुक्ल ध्यान तो थाय एम नथी, कारण के पूर्वनुं ज्ञान होय तेने थाय छे, पण हालमां धर्म ध्यान बनी शके छे. वली समाधि प्रमुख छे ते पण ध्यानने लगतां साधनो छे. ते समाधि छे ते हठ समाधि छे तेथी वाह्यनां घणां कारणो रोकाय छे; ने विषयथी विमुख थया वीना समाधि बनती नथी. ए कामनो अभ्यास करती वखतथी खाटा, खारा, तीखा विषय रूप स्वादनुं रोकाण करवुं जोईए छे, स्त्रीना विषयनो पण त्याग करवो जोईए छे तथा वाह्यनां गप्पां विगेरे नकामी वातो कर-

वानी तेनो पण त्याग करवो जोईए छे  ए आदी बधा कारणो रोकीने तथा श्वासोश्वास रोकीने एक परमात्म पदमा लीन थयो ने तेमाज उपयोग रहे छे माटे ए समाधि उत्तम छे  वली सहज समाधि थाय, ते तो बहु  उत्तम  छे  केमके सेहेजे बीजा जड भावमा उपयोग रहेतो  नथी, ने आत्मभाव स्थिर थई जाय छे, ए समाधी तो धर्म ध्यानना पेटामाज छे  वली केटलाएक अक्षरोनुं ध्यान करवानी रीत छे, ते पण योगशास्त्रमा हेमचन्द्राचार्य महाराजे बतावी छे, ते उपरथी प्रश्नोत्तर रत्न चिन्तामणिमा लखेली छे, तेथी अहीया विस्तार कर्यो  नथी, पण मुक्तिनुं  निकट ॱॱधन छे, माटे आत्मार्थीए ध्याननो लक्ष करवो  बहुज उत्तम ॱॱ जेम पाघडीने छेडे तोरो कसबनो शोभे छे,  तेम सर्व  धर्म साधनमा ध्यान छे ते तोरा रूप छे  माटे  ते  साधननो अभ्यास करवानी घणी जरुर छे, पण ध्यानने  अटकावनार  उपाधीनां कारणो छे, ते कारणो ज्या सुधी छे त्या  सुधी सेहेज  समाधी बनशे नहीं, केमके एकाते विचार करवामा ते कारणो याद आवशे एटले जे ध्यानमा स्थिर थवु हशे तेमा थवाशे नहीं, माटे ध्यान करवानी इच्छावालाए जेम  बने तेम  बाह्यना  कारणोनो त्याग करवो जोईए, ने घणा माणसनो परिचय पण त्याग करी एकातमा मुख्यत्वे करीने रहेवुं  जोईए  त्यारे ए ध्यान  बनवुं सुगम पडे छे, अने विशुध्धता थया पछी तो एकातनी पण जरुर पडती नथी  जे पुरुषनुं चित्त जड भावथी खशी जाय छे,  ने पोताना स्वभावमा स्थिर थई जाय छे, तेवा पुरुष तो सदाकाल जगतनो तमाशो जुवे छे  आत्मानो ज्ञान गुण छे ते  जाणवानो छे, पण ज्या सुधी मिथ्यात्व भाव गयो नथी त्या सुधी राग द्वेष सहित जुवे छे, ने जे जे जुवे छे तेमा राग अथवा  द्वेष बेमांथी एक थया विना रहेतो नथी, पण मिथ्यात्वनी वासनाज खशी

गई ठे, ने जड अने चेतन बे पदार्थनुं यथार्थ ज्ञान थयुं ठे, अने वस्तु धर्मनुं ज्ञान थयुं ठे, तेना प्रभावे जे पदार्थनो जे स्वभाव ठे ते जाणे ठे, एटले पठी रागद्वेष थतो नथी; ए दशा पाम्या ठे तेउने तो एकांत अने वस्ती बधुंए सरखुं ठे. तेमने कंई ध्यान करवाने जूदुं स्थानक जोईतुं नथी. ए ध्यान तपनुं स्वरूप कह्युं.

ठहो काउसगनामा तप. ते कायाने वोसरावीने एक स्थानमां रहेवुं ने जेटली वारनी स्थिरता होय तेटली वार प्रभुनुं स्मरण करवुं ते.

ए मुजब ठ प्रकारनो अभ्यंतर तप कह्यो. बन्ने मलीने बारे प्रकारे तप कह्यो ठे ते तपनो लाभांतराय मटवाथी तपना आचारनी प्राप्ति थाय ठे, ते तपनो अंतराय शाथी थाय ठे ? ज्यारे तप करतां कंई शरीर नरम पडे त्यारे माणसना मनमां एवुं आवे के तप कर्यो तेथी मने पीडा थई हवे तप नहीं करुं; आवो भाव आववाथी जीव तपनुं अंतराय कर्म बांधे ठे तो फरी तप करवाना भाव थता नथी, पण खरुं कारण तो अशातावेदनी कर्म पूर्वे बांध्युं ठे ते वेदनी कर्म उदय आवे ठे, त्यारे शरीरे पीडा थाय ठे. जेणे असातावेदनी कर्म बांध्युं नथी ते तो घणो तप करे ठे, पण तेने रोग अथवा पीडा थती नथी, माटे तप कर्यो ठे ने कदापी शरीरे वेदनी थई, तो ज्ञानी पुरुष तो विचारे ठे के में कोई जीवने तप करतां अंतराय कर्यो हशे के मने वेदनी कर्मनो उदय तपस्यामां आव्यो, तेथी तपस्यानी वृद्धि बनशे नहीं; हवे तो हुं वेदनी कर्म खपाववाने तत्पर थयो ठुं, माटे वेदनी कर्म समभावे भोगववुं के फरी नवुं कर्म न बंधाय, एम समभावमां रहीने तपस्यामांथी चित्तने खसेडता नथी, तेवा पुरुषने तपनो अंतराय तुटे ठे, ने तप्पाचारनो लाभ थाय ठे.

अने जे एम भावे ठे के तप करवाथी शरीरे पीडा थई ते

आकरां कर्म बांधे छे तेना दाखला तरीके ( छपेली अर्थ दीपिकाना पाना ७१ मामा रुक्मा आर्या[1])नी कथा छे ते नीचे मुजब.–

ज्ञद्र आचार्यना गछमा पांचसो साधुजी अने बारसो साध्वि छे. तेमना गछमा एक कांजीनुं पाणी, बीजुं ज्ञातनुं उसामण, त्रीजु त्रण उकालानुं पाणी, ए त्रण जातनां पाणी सिवाय बीजुं कोई जातनुं पाणी वापरता नथी, एम करतां कर्म जोगे रुक्मा साध्वीनुं शरीर गलत कोढे बगड्युं, ते वारे बीजी साध्वीउए कह्युं के उक्कर उक्कर ! एवुं सांज्ञलीने रज्जा साध्वीए कह्यु के–ए शु मने कहोछो ? ए प्रासुक पाणीए करीनेज मारुं शरीर बगड्युं छे एवा साध्वीना वचन सांज्ञलीने बीजां साध्वीजीउना मनमां आव्युं जे आपणने पण प्रासुक पाणीथी गलत कोढ थशे एवी बीक लागी, तेथी विचारवा लाग्या जे आपणे पण प्रासुक पाणी पीवुं नही; पण तेमा एक साध्वीजीना मनमा आव्युं जे हमणा अथवा पछी मारुं शरीर शडीने कटका थई जाय तो पण मारे तो उष्ण जलज पीवुं उष्ण जल पीवाथी शरीरनो विनाश थाय नही, परंतु पूर्वज्ञव कृत अशुज्ञ कर्मना उदयथीज शरीरनो विनाश थाय छे, वा रोग थाय छे. एम विचार करी खेद करवा लाग्या के धिक्कार होजो ए पापणीने के जे न बोलवा योग्य वचन ए साध्वी बोली जेथी पोते कर्मबंध कर्या ? ने बीजाने कर्मबंधनी कारणीक थई, एम ज्ञावता शुद्ध अध्यवसायनी गाथा चिंतवता घाती कर्म नाश करीने केवल ज्ञान पाम्या, ने केवल ज्ञानना प्रज्ञावे सर्व साध्वीउना संदेह टाल्या. पछी रुक्मा आर्याने संदेह पूछ्यो जे एने शा थकी रोग थयो ते वारे केवली साध्वीए कह्यु के ए बाईए करोलीया सहित स्निग्ध आहार कर्यो तेना प्रज्ञावे रक्त पीत्तनो रोग थयो. वली सचित्त

---

१ साध्वी

पाणी लइने श्रावकनी दीकरीनुं मुख धोयुं तेथी शासन देवीए ए रक्षा साध्वी उपर क्रोधायमान थईने शीखामण आपवाने आहारनी मांहे कोरू रोग थाय तेवुं चुरण नाख्युं तेथी कोरू रोग थयो; पण प्रासुक पाणीथी कोरू रोग थयो नथी. आवुं केवल ज्ञानी साध्वीजीनुं वचन सांभलीने रक्षा साध्वीए कह्युं के, हे भगवती ! मुजने आलोयण आपो के शुद्ध थाउं, तेवारे केवलज्ञानी साध्वीए कह्युं के तुं शुद्ध थाय एवुं कोई प्रायश्चित नथी, कारण के तें क्रुर वचन कह्यां तेथी निकाचित कर्मनो बंध थयो छे, ते कर्मे करीने कुष्ट, भगंदर, जलोदर, स्वास, अतीसार, कंठमाल आदी महा दुःखो अनंता भव सुधी तारे भोगववां पडशे. एवी रीते कहीने बीजां साध्वीजीने आलोयणा आपी, तेथी सर्वे साध्वीउ शुद्ध थयां. आ साध्वी घणा भव भ्रमण करशे, ते जेम पाणीनुं दूषण काढ्युं तेमज तपनुं दूषण समजवुं. दुःख सुख सर्व कर्म आधीन छे, ने तेमज कर्म आधीनता विचारवाथी एक साध्वी केवल ज्ञान पाम्यां. एक साध्वीए कर्म विचार न करतां पाणीनुं दूषण चिंतव्युं ने निकाचित अशुभ कर्म उपार्जन कर्युं. माटे आ कथा सारी पेठे लक्षमां राखवी.तप छे ते तो कर्म खपावनार छे, तेने अज्ञानपणे अवले रस्ते जोडवाथी अवलुं थाय छे, माटे तेम जीवे करवुं नहीं. शरीरना निर्बलपणाथी तप न थाय तो भाववुं जे मारुं तप अंतराय कर्म क्यारे तुटे के हुं तप करुं, एवी भावनाथी अंतराय कर्म तुटशे, अने तपाचारनो लाभ थशे ए रीते बार प्रकारे तपाचार कह्यो छे.

वीर्याचारनो अंतराय तुटवाथी वीर्याचारनो लाभ थाय; तेथी बीजा चारे आचारमां वीर्य फोरायमान थाय, तेथी जे जे धर्म करणी करे ते उत्साह सहित तथा हर्ष सहित करे, वेठरुप नही थाय, अने जेने वीर्यना लाभनो अंतराय होय, ते वीर्य श-

क्ति होय तो पण धर्म करणीमां वीर्य फोरवी न शके धर्म करणी करती वखत कहेशे जे महारामां शक्ति नथी ने ससारी काम करवुं होय तेमा तत्पर थाय जेम के तमासो जोवो होय तो वे कलाक ऊन्नो रही तमासो जुवे, ने प्रतिक्रमण ऊन्ना ऊन्ना करवुं कह्युं छे, तेम करवामा गलीयो वलद थई वेठां वेठा करे के मारी शक्ति नथी, ने शास्त्रमा तो वेठा वेठा पडीक्कमणु करनारने आंबिलनुं प्रायश्चित कह्युं छे, ते जाणता छता पडिक्कमणुं वेठा वेठा करे छे गुरु कहे तो पण प्रमाद छोडे नही गुरुने वदन करवुं, प्रभुने वदन करवुं, खमासमण देवाना जेम कह्या छे तेम न देवा, देवा तो तेमा सत्तर जग्याए पुंजवानु पोताने अंगे कह्युं छे तेम पुंजवुं नही, पौषध सामायकमा ध्यान करवु ते न करे, पडिक्कमणुं जणाववु होय तो कहेशे जे वधुं माराथी जणावी नही शकाय, एवी रीते प्रमाद करे वली ज्ञान अभ्यास करवो होय तो प्रमाद करे अने जणे नही, वाचे नही, वा कोई सम्नलावे तो सान्नले नही ए सर्वे वीर्याचारना लाभना अतरायनो उदय छे वली एवी रीते प्रमाद करवाथी अथवा वीजो धर्मनो उद्यम करतो होय तेने रोकवाथी पण अतराय कर्म नवु बंधाय छे, तेमज देरासर, धर्मशाला, स्वामीवत्सल, विद्याशालाना काम करवा होय तेमा प्रमाद करे, अने संसारी काममा ततपर थाय, ए पण अंतरायनाज फल छे, ने जेने अतराय तुट्यो छे ते तो जे जे काममां आत्मानुं कल्याण थाय, आत्मगुण प्रगटे, तेमा वीर्य फोरवे, अने अति प्रसन्नताये जेम देव गुरुनो हुकम होय तेम धर्म करणी यथार्थ करे, वीर्य शक्ति गोपवे नही, जे जे काम करवा छे तेमा मननी वलीष्टतानी जरुर छे तपस्या करवी ए दुकर काम छे, केमके तपस्यामां शरीर थोडु के घणुं नरम पड्या विना रहेतु नथी, पण तपस्या करवामां वीर्य शक्ति फोरायमान थाय छे तो तेथी मन वलीष्ट

रहे छे. तेथी कष्ट उपर लक्ष जतुं नथी. सुखे तप थाय छे, माटे मननी बलीष्टता होय तो जे जे तप करवो होय ते ते करी शकाय छे. मन जो निर्बल होय ने शरीर बलवान होय तो पण ते मासास तपस्या करी शकतो नथी; पण ए सर्व क्यारे थाय छे के वीर्याचारनो लाभांतराय तुट्यो होय तोज धर्म कार्यमां वीर्य फोरवी शकाय छे. कदापी वीर्य शक्ति होय पण ते संसारी कामनां फोरवे छे, केमके धर्मकार्यना लाभनो अंतराय तुट्या विना धर्म कार्यमां वीर्य फोरवातुं नथी. हवे ए लाभांतराय सद्गुरुनी संगतथी तुटे छे, माटे प्रथम तो उत्तम पुरुषोनी संगत करवामां वीर्य फोरायमान करवुं जोईए, ते प्रथम तो घुणाक्षर न्याये थशे. जेम के केटलेक ठेकाणे लाकडामां अक्षर कोतरेला जोवामां आवे छे, पण ते मनुष्यना कोतरेला नथी, पण स्वाभाविक घुणा नामना जीवो लाकडामां उपजे छे, ने तेने योगे अक्षर जेवो आकार पडे छे, तेम सहेजे एवा पुरुषोनो भवितव्यताने योगे संजोग बने छे, ने कंई पण कारणसर जतां आवतां प्रथम तो बाह्यनी प्रीति थाय छे, पछी तेमनी अमृत जेवी वाणी सांभलतां जो मिथ्यात्व मार्ग आपे छे, तो विशेष प्रीति उत्पन्न थाय छे, अने एवी प्रीतिथी शीथील अंतराय होय तो ते तुटी जाय छे; वली संसारमां वीर्य फोरवतो होय त्यांथी प्रावृतमान थई जाय छे, ने धर्ममां वीर्य फोरवाय छे, तेम तेम अभ्यासथी कर्म पण तुटे छे. एवी रीते वीर्याचारनी वृद्धि थाय छे. ते प्रमाणे वीर्याचारनुं स्वरूप कह्युं. आ पांच आचारमां जे जे आचारनो लाभांतराय तुट्यो होय, ते आचारना लाभनी प्राप्ति थाय छे. संपूर्ण आचारनी प्राप्ति ज्यारे क्षायक भावे सर्व प्रकारे अंतराय कर्म तुटे त्यारे प्राप्त थाय छे, ने केवल ज्ञान पामे छे. तेनी पहेलां क्षयोपशम भावे अनुक्रमे बार गुण-

स्थानननी प्राप्ति थाय छे, अने तेमा अनुक्रमे आचारनी वृद्धि पामे छे.

दान अने शील ए बेनुं स्वरूप कह्युं. हवे तप ते तपनु स्वरुप तपाचारमा विस्तारे कह्युं छे, एटले अहींया फरी दर्शाव करतो नथी

चोथो ज्ञाव ते ज्ञाव पांच प्रकारे छे

उपशम ज्ञाव, क्षयोपशम ज्ञाव, क्षायक ज्ञाव, परिणामिक ज्ञाव, ऊदयीक ज्ञाव, आ पाच ज्ञाव छे, तेना ५३ ज्ञेद छे ते मारा करेला प्रश्नोतररत्नचितामणिमा पाना १४० मामा कहेला छे, त्याथी जोई लेवु वली ए ज्ञावप्रकरणनामा ग्रंथ छे तेमा गुणस्थानमा फोरवेला छे तेमा जोवा इहा तो नाम मात्र कर्मग्रथना आधारथी तथा अनुयोगद्वार सूत्रमा पण एनो विस्तार छे ते सर्वे उपर लक्ष राखी लखु छुं

प्रथम उपशम ज्ञाव ते मिथ्यात्व तथा अनंतानुबंधी कषायना दलीया उदय आवेलां खपावे, उदय नथी आव्या ते कर्मना दलीया उदीरणा करी उदय लावीने खपावे उदीरणाथी पण उदय आवे नहीं, एवा कर्मने अध्यवसायनी विशुद्धिथी उदय नहीं आवे एवा करी मुके छे हवे प्रथमना त्रणे ज्ञावमां कर्मनां दळीया उदय आवेला खपाववा, उदीरणा करी उदय लावी खपाववा, विशुद्धिथी उदय नही आववा योग्य करवा, उपसमाववा ए सर्वे वावतोनुं थवुं कृत्रिम नथी, पण स्वज्ञाविक आत्मानी विशुद्धताथी सेहेजे वनी जाय छे खपवा जोग्य वीगेरे वावतो आत्मानी विशुद्धि थवाथी थई जाय छे परमात्माना बनावेला नव तत्वनी श्रद्धा थईने जम ज्ञाव उपरथी मोह जेम जेम उतरे छे, तेम तेम आत्म स्वरूपनुं ज्ञान थाय छे, ने ते ज्ञानने प्रज्ञावे आत्माना सुखनुं आस्वादन थाय छे, अने ते सुखनुं आस्वादन थवाथी धन कुटुंव स्त्री शरीर उपरथी मारापणानो

समत्वभाव हठी जाय छे. शत्रु मित्र उपर पण समदृष्टी थई जाय छे. विषयथी उदास वृत्ति थाय छे, एवी विशुद्धि थवाथी मिथ्यात्व अनंतानुबंधीनो उपसम थाय छे, एटले अंतरंग शुद्धि थई जाय छे. आत्म विचार सिवाय बीजी वस्तु उपर राग थतो नथी. आत्मामां रमवुं ते सिवाय बीजुं सुख मनने रुचतुं नथी. मन अति निर्मल थई जाय छे, ते उपशम भावना समकितनो काल अंतर मुहूर्त्तनो छे. उपशम भावनुं चारित्र पण थाय छे, ते आठमाथी ते अगीआरमा गुणस्थानमां थाय छे. तेनो पण काल अंतर मुहूर्त्तनो छे, पछी उपशम चारित्र रहेतुं नथी. एटलीवार वीतराग दशाने पामे छे. राग द्वेष रहित थाय छे. एवा जे स्वभाविक विशुद्ध भाव ते उपशम भाव एवा पण शुद्ध भाव भव चक्रमां पांचवार थाय छे. एवा भावनी प्राप्ति लाभांतराय कर्मना क्षयोपशमथी थाय छे.

बीजो क्षयोपशम भाव ते पण जे जे कर्म उदय आव्यां छे ते खपावे छे, ने उदय नही आवेलां पण उदय आववा जेवां होय तेने उदीरणा करी उदयमां लावीने खपावे छे. जे उदीरणाथी पण उदय आवी शके नही, एवां छे तेने उपशमावे छे. एनुं नाम क्षयोपशम भाव. ए क्षयोपशम भाव चार कर्म (ज्ञानावरणी कर्म, दर्शनावरणी कर्म, मोहनी कर्म अने अंतराय कर्म )नो क्षयोपशम थवाथी आत्मानी विशुद्धि थाय छे; जेम वादलथी सूर्य ढंकायो होय छे ने जेम जेम वादल खसे छे, तेम तेम प्रकाश थतो जाय छे; ए रीते ज्ञानावरणी कर्मनां आवरण जेम जेम खसतां जाय छे, तेम तेम ज्ञाननो प्रकाश विशेष उपयोग रूप थतो जाय छे, तेमज दर्शनावरणी कर्मना आवरण खसवाथी सामान्य उपयोगरूप दर्शन तेनो उपयोग निर्मल थाय छे. मोहनी कर्मनी बे प्रकृति छे. दर्शन मोहनी अने चारित्र

मोहनी. तेमां ज्यारे दर्शन मोहनीनो क्षयोपशम थाय त्यारे समकीत जे शुद्ध यथार्थ श्रद्धा थाय छे, अने तेने आवरण लागवाथी विपरीत श्रद्धा थाय छे, ते आवरण जेम जेम खसे छे तेम तेम शुद्ध श्रद्धा थाय छे. वस्तुनो निर्णय पण यथार्थ थाय छे. वली चारित्र मोहनीनो क्षयोपशम थवाथी इन्द्रीउ रोकाती जाय छे, कषायनी परिणति शांत थाय छे, विरति प्रमुखना भाव जागे छे, जे जे वस्तु त्याग करे छे तेना उपरथी इच्छा खशी जाय छे, अंशे अंशे आत्म भावमां स्थीरता थाय छे, यावत् पाचमा गुणस्थानथी ते दशमा गुणस्थान सुधी क्षयोपशम भावनुं चारित्र छे. ए रीते मोहनी कर्मनो क्षयोपशम थाय छे, त्यारे अंशे अंशे वीर्यादी शक्ति आत्मानी जागे छे तेना प्रभावे आत्मानुं वीर्य आत्मधर्म प्रगट करवाना काममां फोरायमान थाय छे, मलीन क्षयोपशमथी शंसारी काममा शक्ति फोरवाय छे, ए रीते ज्यारे कर्मनो क्षयोपसम भाव थाय छे, ते क्षयोपसम शुद्ध थवाथीज आत्मानी परणती जागे छे अने ते जागवाथी जे जे धर्म करणी थाय छे ते भाव सहित थाय छे पछी भावना भेद घणा छे संजमना असंख्याता स्थानक छे तेमाथी जेटलो जेटलो क्षयोपसम भाव थाय तेटलां संजमस्थानक प्रगट थाय छे ए रीते अल्प मात्र क्षयोपशम भावनुं स्वरूप लख्युं

क्षायक भाव ते तो कर्मनो बंध, कर्मनो उदय, कर्मनी सत्ता ए त्रणे प्रकारे कर्मनो नाश करे छे, ए क्षायक भावनुं प्रथम समकित ज्यारे प्राप्त थाय छे, त्यारे अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ, समकितमोहनी, मिश्रमोहनी, मिथ्यात्वमोहनी ए साते प्रकृतिनी सत्ता, उदे अने बंधमांथी नाश पामे छे, त्यारे क्षायक भावनुं समकीत प्रगट थाय छे ने ते आवेलुं जतुं नथी, पण तेवी वीशुद्धि तो उपशम भाव तथा क्षयोपशम भाव ए बन्ने भावथी विशुद्ध छे. त्या-

रबाद ज्यारे केवल ज्ञान पामवाना होय त्यारे ते पुरुष क्षपकश्रेणी एटले कर्म क्षपक करवानी पंक्ति, एक पठी बीजी प्रकृति खपावी अनुक्रमे चारे कर्मनो नाश करवो ते श्रेणी कोई चोथे, पांचमे, ठठे, सातमे, आठमे गुणस्थानकथी करे, ते बारमा गुणस्थानक सुधी क्षायक ज्ञावथी कर्म खपावता जाय ठे. क्षयोपशम ज्ञाव तो चलायमान थाय ठे ने पाठां कर्म बंधाय ठे. क्षायक ज्ञाव एटले जे कर्म खपाव्यां ते पाठां फरी बंधाय नहि. तेथी क्षायिक ज्ञावनी विशुद्धि ठे. माटे हरेक प्रकारे क्षायक ज्ञाव थाय तो कल्याण थाय. क्षायक ज्ञाव चार कर्मनो नाश करे ठे, त्यारे केवलज्ञान प्रगट थाय ठे. आठ कर्म नाश थाय ठे त्यारे कर्म रहित थईने सिद्धिने विषे बिराजमान थाय ठे. फरी संसारमां जेनुं आववुं थतुंज नथी, एवा शुद्ध पदने पामे ठे. ए त्रण प्रकारना ज्ञावमांथी जे कोई ज्ञाव प्रगट थाय ते ज्यारे ए ज्ञाव पामवानो लाज्ञांतराय तुट्यो होय त्यारे प्रगट थाय, अने जेने ए गुण प्रगट थवानो लाज्ञांतराय ठे त्यां सुधी ए ज्ञावमांनो ज्ञाव प्रगट थशे नहि. जो एमांनो कोई पण ज्ञाव आव्या विना जे जे धर्म करणी करशे ते द्रव्य क्रिया ठे अने ते द्रव्य क्रियाने प्रज्ञावे पुन्य बांधशे. संसारी सुख पामशे, पण मुक्तिरूप महेलमां रमवानुं तेनाथी नहि बने. ज्यारे क्षायक ज्ञाव आवशे त्यारेज मुक्तिरूप स्त्रीने आलींगन करशे. क्षयोपशम ज्ञाव क्षायिक ज्ञावना कारणरुप ठे तेथी पण कर्म नाश थशे ने उपसम ज्ञावथी पण कर्म क्षय थशे. ए बेमांथी एक पण ज्ञावनुं समकीत आववाथी मुक्ति तो निश्चे थशे ए ज्ञाव वालाने ठेवटे क्षायक ज्ञाव पण आववानो खरो, माटे ए ज्ञाव पण प्रगट थाय तो कल्याण थाय. ए त्रणे ज्ञावोमां समकीत पाम्या वीना पूर्व काले मेरु पर्वत जेटली होगा मुहपती धारण करी पण जीवने जे मुक्तिरूप कार्य करवुं हतुं ते थयुं नहि. वली ए

जाव विना शुज जावथी पण जीव नव ग्रैवेयक सुधी जाय छे ने पुद्गलीक सुख जोगवे छे. माटे पुद्गलीक सुख जोगववाना जाव आवे, पण मुक्ति सुख जोगववाना जाव आववा दुःकर छे. हवे मुक्ति सुख जोगववारूप जाव आव्यो के नहि तेनी नक्की परीक्षा तो नहि थई शके, पण आत्मीक जाव आववावालानां लक्षण शास्त्रमा वताव्या छे ते जोवाथी अनुमान थई शकशे.

आ त्रण जाव छे ते आत्माने निर्मल करनार छे हवे चोथो उदयिक जाव छे, ते कर्मना उदयथी प्राप्त थाय छे, तेना एकवीश जेद छे. ए जावथी अशुज कर्म वधाय छे. ने आत्मा मलीन थई मीथ्यात्व, अज्ञान, कषाय, लेश्या, अव्रत ए सर्व थाय छे ते जावनु इहा प्रयोजन नथी परिणामीक जाव छे, ते तो स्वजावीक छे, ते सुख के दुःख कंई करतो नथी. जावनी संपूर्ण प्राप्ति तेरमे गुणस्थाने आत्माने संपूर्ण लाजांतरायनो क्षय थयाथी थाय छे. ए प्राप्ति न थवाना कारण के, जीव पोताना अहंकारमां म्हाली आत्मीक गुण प्रगट करवानी इच्छा करतो नथी ने जे जीव आत्माना गुण प्राप्त करवाने सनमुख थया छे तेमने रोके छे, तेमनी निंदा हीलना करे छे एवा जीवो लाजांतराय कर्म बांधे छे. वली संसारमा धन वीगेरे कोई दातार कोईने आपतुं होय तेने आपवा न दे लेनारना दूषण छता अछता वतावीने तेने आपवामा अंतराय करे तेथी लाजांतराय कर्म उपार्जे जेम जीखारी मुठी जुवार सारु घेर घेर फरे छे, पण लाजांतरायथी मली शक्ती नथी, तेवीज रीते जे माणस एवा माणसने आपता अंतराय करे छे तेमने जीख मागता पण लाज मलशे नहि, माटे दरेक प्रकारे कोई पण जीव दुःखी होय तेने सुखी करवानी इच्छा करवी, ने जेटली शक्ति होय ते प्रमाणे तेने आपीने संतोष पमाम्वो. वली बीजा आपणा मेलापीने कहेवाथी तेनुं

दुःख नांगतु होय तो तेने कहीने तेनी पासे अपाववुं. वली सुपात्र पुरुष विषे दाननो उत्साह धरवो ने आपवुं, जेथी लान्न मलवो बहु सुलन्न थाय छे. एक राजा देखीए छीए ने एक रंक देखीए छीए ते फेर थवानुं कारण एटलुंज छे के तेणे पूर्व नवने विषे सुपात्रने देखीने दान दीधां छे तेथी मल्युं छे, ने जे जीव रंक फरे छे तेणे पाछले नव लान्नांतराय कर्म बांध्युं छे, तेथी लान्न मलतो नथी. केटलीएक वखत दातारना नाव, आपवाना थया छे, तो पण लेनारे लान्नांतराय कर्म बांध्युं छे, तेना प्रन्नावे लेवामां विघ्न आवे छे. ने लान्न मली शकतो नथी ए लान्नांतराय कर्मनुं फल छे; माटे जेम बने तेम लान्नांतराय तूटे एम करवुं, पण नवो बंधाय एम न करवुं.

३. हवे त्रीजा न्नोगांतरायनुं स्वरूप लखुं छुं.

न्नोगांतराय कर्म जीव अनादीनो बांधतो आव्यो छे तेना प्रन्नावे आत्माना स्वन्नावमां रहेवुं ते रूप न्नोग न्नोगवी शकतो नथी, ते न्नोगांतराय कर्म बारमे गुणस्थानना अंतेज क्षय थाय छे, त्यारे सदाकाल आत्मानाज न्नोगने न्नोगवे छे, तेना सर्वथा प्रकारे न्नोग अंतरायनो त्याग थई जाय छे. केमके विन्नाव वासना रहेती नथी. इहां कोईने शंका थशे जे केवलज्ञानी महाराज समोसरणमां बिराजमान थाय छे, देवकृत वीगेरे अतीशय प्राप्त थाय छे, आहार करे छे, सुंदर पवन वीगेरे आवे छे ए न्नोग छे के शुं छे? ते विषे जाणवुं जे तीर्थंकर महाराजे तीर्थंकर नाम कर्म बांध्युं छे ते पुन्यना प्रन्नावथी घणी वस्तुनी प्राप्ति थाय छे, पण तेमां न्नगवानने राग पण नथी ने द्वेष पण नथी. ज्ञानथी जाणे छे के सुन्नासुन्न कर्मनो उदय छे ते उदयना प्रन्नावथी थाय छे. ते मात्र कर्म न्नोगवी लेवा रूप छे, ए वस्तुमां अंशमात्र पण राग नथी. फक्त चार कर्म रह्यां छे ते न्नोगवीने निर्जराववा छे. माटे तिर्थं-

कर महाराजनो तथा केवलज्ञानी महाराजनो जे भोग छे ते भोग नहि जेवो छे अने छद्मस्थ जीवने जे जे पुद्गलना भोग करवा छे ते राग द्वेष सहित छे, तेमा तेमने कर्मबंधनु कारण रह्युं छे. तेथी आत्मीक भोग भोगवी शक्ता नथी आत्मीक भोग भोगववानो अंतराय कर्मनो उदय पण टाल्यो नथी, त्यांसुधी आत्मीक भोग भोगवी शक्ता नथी संसारी जीवने रात दीवस भोगनी इच्छाउ एटली वधी छे के जे जे पदार्थो जगतमां रूपी देखे छे वा सांभले छे तेनी इच्छा थाय छे पण ते पामवानुं अंतराय कर्म बाधेलुं छे एटले मली शक्ती नथी, अने जेने अंतराय कर्मनो क्षयोपसम थयो छे तेने ते मले छे, अने भोगवे छे. पण जो ते पर अतिराग धरे छे, ने अतिरागे भोगवे छे, तो तेथी पाछुं नवु भोगनु अंतराय कर्म बाधे छे, तेथी पाछा मलवामां हरकत आवशे केवी रीते? के भोगनी वस्तु हाजर छे पण कृपणता आववाथी ते वस्तु भोगवी नहि शके, अथवा तो शोक पमशे,तेने बदले भोगवी शके नहि, अथवा रोग थशे ने वैद ते वस्तु खावानी मना करशे ने भोगवी शकशे नहि, वा हरकोई प्रकारनुं कारण आवशे, जेथी इच्छा छे, वस्तुछे, पण भोगांतराय कर्मना उदयथी भोगवी शकशे नहि पण सम्यक् ज्ञानी पुरुषो छे ते पुरुषो तो एवा अंतराय आववाथी विचार करे छे के पूर्वे भोगांतराय कर्म बांध्युं छे ते उदय आव्यु छे, ते समभावे भोगवीश तो कर्म बंधाशे नहि एवी भावना प्रगट थइ छे तेना प्रभावे ते तो भोगांतराय कर्मनी निर्जरा करे छे, नवु बाधता नथी ने जेने एहवी दशा नथी जागी, ते जीवो बीचारा बीजाने भोग भोगवता जोई अनेक प्रकारना कर्म बाधे छे ए अज्ञानताना फल छे आ भवमां भोग मलता नथी, ने वली भोग भोगववाना विकल्प करी नवां कर्म बाधे छे तेने आवते भवे पण भोग मलशे नहि, एवा जी-

वनो मनुष्य जन्म पामेलो व्यर्थ जाय छे. वर्तमान भव अने आवतो भव बंने भव बगडे छे. विकल्प करवाथी, कोईनी अदेखाई करवाथी, कांई भोग तो मलतो नथी. ने फोकट मात्र कर्म बांधी दुर्गति जवानुं थाय छे, जो के रामचंद्रजी बलदेव, अने लक्ष्मण वासुदेव जेवाने पण भोगांतरायथी वनवास रहेवुं पड्युं, पांडव जेवाने पण वनवास रहेवुं पड्युं, ब्रह्मदत्त चक्रवर्त्तिने पण अंतराय हतो त्यांसुधी न्हासता फरवुं पड्युं;माटे कर्मबंध ते कोईने मुकतुं नथी. जे जे कर्म उदे आव्युं ते जीवने भोगव्या विना छुटको नथी. समभावे पण भोगववुं ने विकल्प करीने पण भोगववुं, तो समभावे भोगवाशे तो नवां कर्म नहि बंधाय. वली समभावना जोरथी शिथिल अंतराय कर्म हशे तो सेहेजे नष्ट थई जशे तो आ भवमां पण भोग मलशे, ने आवते भवे पण सेहेजे भोग मलशे. वली जेम जेम विशुद्धि थशे तेम तेम बाहिर जडना भोगनी इच्छा खससे. ने पोताना आत्म स्वभाविक भोगनी इच्छा थशे, ने तेना साधन पण करशे, ने संसार छोडी संजम लेशे तेमां पण तप संजम रुडी रीते पाली आत्मज्ञान मेलवी आत्माना ध्यानमां वर्त्ती धर्म शुकलध्यान पामशे, तेने पामीने सर्वथा अंतराय कर्म नाश करी केवलज्ञान पामशे. ते निज गुण भोगी थशे, त्यारे ज आत्मानुं कल्याण थशे. "उपभोगांतराय" ते जे जे वस्तु वारंवार भोगववामां आवे" ते उपभोग कहीए. घर, हाट, खाटला, पाटला, कोच, खुरशी, गादी, तकीआ, तलाई, पहेरवानां, ओढवानां कपडां सोना रुपाना आभूषण, हीरा, माणेक, मोती, स्त्री प्रमुख सर्वे वस्तुने पामवामां अंतराय कर्म बांध्युं होय, ते उदय आवे, त्यारे ए सर्व उपभोगना पदार्थ मली शके नहि. आ जीव अनादिना उपभोगांतराय बांध्या करे छे ने भोगव्या करे छे, ज्यारे जीव सुभ काम करे छे, सुद्ध अध्यवसाय थाय छे, त्यारे कांई अंतराय क-

र्मनो क्षयोपसम थाय छे, त्यारे तेटली वस्तु मले छे. धर्मनी वर्त्तना
अया शिवाय कर्म तुटतुं नथी वली ए अंतराय कर्म बंधाय छे शाथी?
तेनुं समजवुं के अधर्म प्रवर्तिथी, अधर्ममा पण मुख्य कोई जीव
उपभोगनी वस्तु कोईने आपतो होय, ते नही आपे एवी वातो
करवी, वा तेने समजाववो के नहि आप. वा आपनारनी हासी
मश्करी करवी, तेनी निंदा करवी, वा उपभोग करतो होय तेने
वीजु काई काम सोंपी ते काममा भंग करवो, एवा कारण क-
रवाथी, वा हिंसादीक काम करवाथी जे जे जीवना प्राण गया
तेने आ भव संबंधी उपभोगातराय थयो एवी रीतना काम क-
रवाथी उपभोगातराय कर्म जीव बाधे छे माटे प्रथम उपभो-
गातराय न बधाय एवी जीवने वर्त्तना करवी, अने पछी पूर्वेना
बाधेला क्षय थाय तेवो उद्यम करवो हवे ते उद्यम शो करवो
ते जणावुं छुं पूर्वे तीर्थकर महाराजे जे जे उद्यम पोते कर्यो छे
ते आगममा बताव्यो छे. जो बनी शके तो संजम लेवुं तेम बनी
न शके तो श्रावक धर्म अगीकार करवो, ते नहि बने तो सम्य-
क्त्व अगीकार करवु, ते नहिं बने तो मार्गानुसारीपणुं आरंभवुं,
जेटलो धर्म अगीकार करशे ते प्रमाणे तेना कर्म तुटशे उपभो-
ग वे प्रकारना छे १ पुद्गलीक अने २ आत्मिक ए बनेना अंतराय
छे, तेमा पुद्गलीक मलवा तो सेहेला छे पण आत्मीक मलवा
दुःकर छे ने तेना साधन पण मलवा दुःकर छे अने ज्यां सुधी
संसारी उपभोगनी लालसा छे त्या सुधी आत्मीक भोग म-
लवानो नथी माटे आत्मीक धर्म शु छे ते जाणीने ज्यारे
ससारी उपभोगनी इछा उठशे, त्यारे आत्मीक उपभोगनी
इछा थशे, अने प्रगट करवानुं मन थशे एनो उद्यम तप,
संजम आदिकनो एवो छे के इछा तो आत्मीक भोगनी
छे, पण ससारमा रह्या छो, त्या सुधी पुद्गलीक अने

आत्मीक बंने उपभोग मलशे, अने पुद्गलीक भोगनी इछाथी वे नहि मले, पुद्गलीकज मलशे, अने आत्मीक उपभोगनो अंतराय थशे, पोताना आत्मीक सुख छोडी जड सुखनी इछा करे एज विपरीत दशा छे; वली संसारीक उपभोग बांधीने जेम जेम आनंदीत थाय तेम तेम आत्मीक अने पुद्गलीक बंने उपभोगनो अंतराय थाय, माटे संसारी उपभोगमां आत्मार्थी जीवो आनंदीत थता नथी, ने ते भोगनी इछा पण करता नथी. पुद्गलीक सुखने तो ज्यारथी जीव समकित पामे छे त्यारथी सुखरूप मानता नथी. पूर्वनी पुण्यप्रकर्तीथी मळ्युं छे ते समभावे भोगवी ले छे, पण तेमां राग धरता नथी एवी रीते तीर्थंकर महाराज विगेरे वर्त्तीने आत्मार्थीने वर्त्तवानी आज्ञा फरमावी गया छे, ते प्रमाणे वर्त्तवुं के जेथी प्रथम उपभोगांतरायनो क्षयोपशम थाय, ने पछी वधारे विशुद्धिथी क्षय थाय ने केवलज्ञानादीक पोतानी आत्मीक रिद्धि प्रगट थाय, तेनाज उपभोग सदा अवस्थित थाय. उपभोगांतराय कर्म सत्ता बंध उदयथी क्षय थाय, त्यारे सहज स्वभावीक उपभोग थाय. जेनुं वर्णन करवा कोई शक्तिमान थाय नहीं. पांचमुं वीर्यांतराय कर्म तेना प्रभावथी जीवनी अनंती वीर्य शक्ति छे. ते अवराई गई छे तेथी जीव आत्म वीर्य, फोरवी शक्तो नथी. वीर्यांतरायना क्षयोपशमथी बाल वीर्य अने बालपंडीत वीर्य ए बे वीर्य प्रगटे छे. तेमां बाल वीर्य प्रगटे छे तेना प्रभावे संसारमां प्रवर्तवानी शक्ति आवे छे, संसारी काम करी शके छे. ए वीर्यनो क्षयोपशम पण विचित्र प्रकारे छे. जेमके कोई लडवामां वीर्य फोरवी शके छे, कोई वेपारमां वीर्य फोरवी शके छे, कोई विषयमां वीर्य फोरवी शके छे. कोई नाचमां फोरवी शके छे, कोई गावामां फोरवी शके छे, कोई लखवामां फोरवी शके छे, एवा अनेक प्रकारनी जुदी जुदी वीर्य शक्ति

प्रगटे छे तेमां जेने जे बाबतमां वधारे आवरण छे ते माणस ते बाबतमा वीर्य फोरवी शकतो नथी जे काम संबंधी आवरण टळ्यां छे, ते काममां शक्ति फोरवी शके छे. हवे तेमां पण केटलाएक जीवो मद करे छे के मारा जेवो कोण बलवान छे. दश माणसने हु एकलो मारी नाखु एवो मद करीने वीर्यांतराय कर्म पाछुं बांधे छे, ते जीवने फरी एटली पण वीर्य शक्ति नहि प्रगटे वळी जे जे कळामा जेनी शक्ति चाले छे ते ते बाबतनो मद अज्ञानी जीव करे छे, तेना प्रभावथी वीर्यांतराय कर्म बंधाय छे, अने एवी रीते अनादिकालथी जीव वीर्यांतराय कर्म बांध्याज करे छे ने ते कर्म भोगव्या करे छे, पण ज्यारे जीवनी भवस्थिति परिपाक थाय छे त्यारे मोक्ष पामवानो नजीक वखत आवे छे, त्यारे सारी नीतिमा वर्तवा सत्संग सद्गुरु प्रमुखनो जोग थाय छे ने धर्म साम्भलवानी जोगवाई मळे छे. ते साम्भलवामां जीव वीर्य फोरवे छे अने ते ज्ञान ग्रहण करे छे वीतरागना ज्ञान उपर प्रीति जागे छे अने धर्म सन्मुख थाय छे संसारमा वीर्य फोरववानी बुद्धि ओछी थाय छे त्यारे धर्ममा बुद्धि फोरवाय छे अने सम्यक् गुण तथा श्रावकपणाना गुण प्रगट करवा उजमाळ थाय छे त्यारे वीर्यनो क्षयोपशम थाय छे सम्यक्पणामा तथा श्रावकपणामा जे जे छांडवा जोग छे ते ते छांडे छे, आदरवा जोग जे आत्म धर्म ते आदरवामा वीर्य फोरायमान थाय छे. श्रावकना बार व्रत श्रावकनी अगीयार पडीमा अंगीकार करे छे, ते पाळवामा वीर्य फोरवे छे, तपस्या प्रमुखमा पण वीर्य फोरवे छे अने क्षयोपशमथी जेटलुं वीर्य प्रगट्यु छे तेने अनुसारे धर्ममा वीर्य फोरवे छे, पण संजम पाळवा जेवो वीर्यनो क्षयोपशम नथी थयो त्या सुधी संजम लेइ शकतो नथी, ने संजममां वीर्य फोरवी शकतो नथी; अने संसारमा रह्यो छे तेथी संसारमा वीर्य फोरवे छे माटे तेने

बाल पंमीत वीर्य कहीए. पंमीत वीर्य ज्यारे प्रगट थाय ढे त्यारे तो पुद्गलीक सर्वे वस्तु उपरथी मोह ऊतरी जाय ढे अने सर्वथा संसारथी नीकली एक आत्मगुण प्रगट करवामांज वीर्य फोरवे ढे अने निजस्वन्नावीक सुखमांज वर्तवानो कामी बनी सर्वथा प्रकारे वीर्यांतराय कर्मनो क्षय करी केवलज्ञान केवल दर्शन प्रगट करे ढे, तेमने वीर्यांतराय कर्म सत्ता, बंध, ऊदये, कोई रीते पण रहेतुं नथी. निज स्वन्नावमांज अनंत वीर्य गुण ढे ते प्रगट थाय ढे. न्नगवंते एवी रीते सर्वथा वीर्यांतराय कर्मनो क्षय करी आत्मीक गुण प्रगट कर्या अने मारो आत्मा तो वीर्यांतराय सहीतज रह्यो; माटे हे चेतन! जेम न्नगवंते वीर्यांतराय क्षय कर्युं तेमज क्षय करवाने तेऊए बताव्युं ढे माटे ते प्रमाणे हुं वर्तुं, एवी न्नावना लावीने आत्मगुण प्रगट करवानां कारणो (ज्ञान, दर्शन, चारित्र ने तप ) ऊत्साह सहित मेलववां. ऊत्साहे धर्मकरणी सफल थाय ढे अने वीर्यनां आवरण खपे ढे. वीर्य फोरायमान थाय ढे. जेम मुनि महाराज ऊत्साहे तप संजमादीक पाले ढे, तो तेना प्रन्नावे अठावीश लब्धी ऊत्पन्न थाय ढे, ते वीर्यांतरायना क्षयोपशमथी थाय ढे, एम योगशास्त्रमां हेमचंद्र आचार्य कहे ढे तेमज प्रवचन सारोद्धारना बालावबोधमां पाने ५३७ में अठावीश लब्धीऊ वीर्यना क्षयोपशमथी थायढे ते बतावी ढे तेम आ ग्रंथमां नीचे बतावुं ढुं.

प्रथम आमर्षौषधि लब्धीः लब्धी शब्दे शक्ति जाणवी. आ लब्धी जे मुनिने प्रगट थई ढे, तेना प्रन्नावे ते मुनि हाथनो फरस रोगीने करे के रोग नाश पामे, सर्वे रोगनी शांति थाय.

बीजी विप्रौषधीनामा लब्धी. तेना प्रन्नावे मुनिमहाराजनी विष्टाथी ने मूत्रथी पण रोगीना रोग शांत पामे ढे. आ तपना प्रन्नावनी शक्ति ढे.

त्रीजी खेलौषधिनामा लब्धी तेना प्रभावे मुनिनुं श्लेष्म ते थकी रोगीना रोग जाय

चोथी जलौषधिनामा लब्धी ते जे मुनिने उत्पन्न थई छे तेना प्रभावे दातनो, काननो, नासिकानो, नेत्रनो, जीभनो अने शरीरनो जे मेल ते मेल सुगंधीदार होय अने ते मेलथी रोगीना रोग जाय

पांचमी सर्वौषधीनामा लब्धी. जे लब्धीने प्रभावे लब्धीवंतना संग थएल नदीना पाणीथी सर्व रोग शात थाय. लब्धिवंतने फरसेलो पवन जेहने फरसे तेना पण रोग जाय. वली ए पवनथी विषे करी मुर्छित थएला प्राणीनुं विष जाय तथा विष संयुक्त अन्न होय ते पण निर्विष थाय. वली लब्धीवंतना वचन साभलवाथी वा तेनुं दरशन करवाथी पण रोग विष जाय ने नीरोगी थाय आवी प्रबल आत्मानी वीर्य शक्ति तपस्याथी थाय छे.

छठी सन्निभश्रोत लब्धी. ते लब्धीवालाने पाचे इंद्रीउना जुदा जुदा विषय छे ते छता लब्धीना प्रभावथी एक इंद्रिये करी पाचे इंद्रियोना विषय ग्रहण करे एटले जाणी शके जेमके आखो जोवानुं काम करे छे पण बीजी चार इद्रियोनुं काम करी शकती नथी, पण लब्धीवंतनी आखो पाचे इंद्रीउनुं काम करी शके छे. ते रीते बधी इंद्रियोए समजवुं वली चक्रवर्त्तिनी सेनाना कोलाहलना शब्द थई रह्या होय तेमा पण एकी वखत जे जे जातनो शब्द थतो होय ते सरवेने जुदा जुदा जाणी शके

सातमी अवधीज्ञान लब्धी तेना प्रभावथी इंद्रीयोना बल सिवाय रूपी पदार्थनु ज्ञान आत्माथी करी शके छे. नजरे जोवानी जरुर पडती नथी

आठमी ऋजुमती मन पर्यव लब्धी ते उपजवाथी अढी द्वी-

मां न्यून संज्ञी पंचेंद्रीना मनना चिंतवेला भावने सामान्य जाणे. पण घट चिंतवेलाना द्रव्य खेत्र, काल, भावथी विशेषे न जाणे.

नवमी विपुलमती मनःपर्यव ज्ञान लब्धी. ते लब्धीथी अढी द्वीपना संज्ञीना मनना चिंतवेला द्रव्य क्षेत्र काल भाव सरवे जाणे ने तद्भव मुक्ति पामे.

दशमी चारणनामा लब्धी. ते वीद्याचारण तथा जंघाचारण लब्धी; ए लब्धीने प्रभावे आकाश मार्गे जइ शके. तेमां विद्याचारण लब्धी विद्याना बलथी प्राप्त थाय छे ते लब्धीवंतने धीरे धीरे लब्धी वधे छे, तेथी पोताना स्थानथी प्रथम उतपाते मनुष्योत्तर पर्वते जाय छे, ने बीजे उतपाते आठमा नंदीश्वर द्वीपे जाय छे, अने त्यांथी पाछा आवतां एकज उतपाते पोताना स्थानके आवे छे; अने जंघाचारण लब्धी तपस्या तथा शुद्ध चारित्र पालवाथी उत्पन्न थाय छे. ए लब्धीवंतने प्रथम शक्ति वधे छे. पछी आवतां घटे छे. पहेले उतपाते तेरमा रुचकद्वीपे जाय छे. आवतां शक्ति घटे छे तेथी आवतां पहेले उतपाते नंदीश्वरद्वीपे जाय छे. तीहां वीसामो लइ बीजा उतपाते पोताना स्थानके जाय छे, आ लब्धीनो महिमा छे. वली ए लब्धिवाला मुनियो प्रतिमा वांदे छे ते बाबत भगवती सूत्रमां छे.

अगीयारमी आसीविष लब्धी. ते लब्धीना प्रभावे श्राप दे ते तेम थई शके.

बारमी केवलज्ञान लब्धी. जेथी सर्वे भाव जाणे.

तेरमी गणधर लब्धी. जेथी तीर्थंकर महाराज त्रीपदी कहे एटले द्वादशांगीनुं ज्ञान थई जाय अने भगवाननी पाटे तेज पटोधर थाय.

चउदमी पूर्वधर लब्धि. जेथी पूर्वधर पदवी पामे.

पंदरमी तीर्थंकर लब्धी. जेथी तीर्थंकर पदवी पामे.

सोलमी चक्रवर्त्तीनी लब्धी. जेथी छ खंडनो स्वामी थाय

सत्तरमी बलदेवनी लब्धी.

अढारमी वासुदेवनी लब्धी जेथी त्रण खंडनुं राज करे.

ओगणीशमी खीराश्रव लब्धी ते खीराश्रव लब्धीना प्रभावे वचन बोले ते दूध जेवुं लागे, तथा मध्वाश्रव लब्धी तेना प्रभावे ए पुरुषनुं वचन साकर जेवुं मीठुं लागे

वीशमी कोष्ट बुद्धि लब्धी तेना प्रभावे जे जे परोपदेशे सूत्र अर्थ धार्या छे तेनु विसरी जवुं थाय नहि, वगर संभार्ये पण याद रहे ए लब्धीनो प्रभाव छे.

एकवीशमी पदानुसारीणी लब्धी ए लब्धीना प्रभावथी आखा श्लोकनुं एक पद आगलुं वा पाछलुं जाणवामां आवे तो बीजा त्रणे पदनुं ज्ञान थाय जेम अभय कुमार प्रधान भगवानने वांदीने आवता हता ने विद्याधरआकाशे चडतो पडतो हतो, त्यारे अभयकुमारे पूछ्युं के केम आकाशे उडातुं नथी? त्यारे कह्युं जे विद्यानु एक पद जतु रह्युं छे पछी अभयकुमारे कह्युं जे विद्यानो पाठ बोलो ते पाठ बोल्यो एटले खुटतुं पद पोते पूर्ण करी आप्युं पोते प्रथम भणेला पण नहि हता, तो पण पोते पदानुसारीणी लब्धीना प्रभावथी पद पूर्ण कर्युं अने विद्याधर आकाश मार्गे चाल्यो गयो आ लब्धीनो प्रभाव जाणवो

बावीशमी बीजबुद्धि नामा लब्धी ते बुद्धिना प्रभावथी जेम बीज एक वावे छे ने घणा दाणा उत्पन्न थाय छे, तेमज ज्ञानावरणी कर्मना क्षयोपशमथी एक अर्थरूप बीजने सांभलवे घणा अर्थनु ज्ञान थाय जेम गणधर महाराजने भगवाने त्रीपदी कही एटले उतपात व्यय-ध्रुव ए त्रण पद सांभली आखी द्वादशागीनुं ज्ञान थयुं तेम ए लब्धीथी ज्ञान थाय. पदानुसारीणीमां एक पद जाणवाथी बीजा पदोनुं ज्ञान थाय अने बीज बुद्धिवा-

लाने एक पदार्थनुं ज्ञान थाय तो तेथी घणा पदार्थनुं ज्ञान थाय आ फेर छे.

तेवीशमी तेजोलेश्या लब्धी. तेना प्रज्ञावथी कोई जीव उपर खेद आवे ने तेजुलेश्या मुके तो सामा जीवने वालीने ज्ञस्म करे.

चोवीशमी आहारक लब्धी. तेना प्रज्ञावे आहारक शरीर मुंमा हाथ प्रमाणे करी श्रीसीमंधर स्वामी पासे वा वीचरता तीर्थंकर पासे पूछवा मोकले ने ते जवाव एटली शिघ्रताथी आपे के वाख्यान करता होय तेमां संशय पमे तो ते ज्ञगवान्ने पूछी आवे ने तेनी अंदर कहेवामां आवे ए आहारक लब्धीनो प्रज्ञाव छे.

पचीशमी शीतलेश्यानामा लब्धी. ए लब्धीना प्रज्ञावथी कोईये तेजोलेश्या मुकी छे तेना उपर शीतलेश्या मुकी शीतल करे. ने तेजोलेश्या हणाइ जाय.

छवीशमी वैक्रिय लब्धी. तेना प्रज्ञावे पोतानुं शरीर नानुं मोटुं जेवुं करवुं होय तेवुं करी शके. देवताने ज्ञव प्रत्ययी होय अने मुनिने तप चारित्रना प्रज्ञावथी थाय छे.

सत्तावीशमी अक्षीण माहानसी लब्धी. तेना प्रज्ञावे अल्प वस्तु होय, जेमां एक माणस जमी शके एटलो पदार्थ होय तेमां हजारो माणस जमी शके. जेम गौतम स्वामी महाराज एक पमघो खीरनो लाव्या तेमां पंदरसें तापसने जमाम्या ए लब्धीनो प्रज्ञाव.

अछावीशमी पुलाक लब्धी. तेना प्रज्ञावे कोई संघनुं कार्य होय तो चक्रवर्तीने पण चुरण करी नाखे.

आ मुख्यपणे अछावीश लब्धी कही छे. वली बीजी पण तपना प्रज्ञावथी लब्धीउ थाय छे. प्रकृष्ट ज्ञानावरणी वीर्यांतरायना क्षयोपशमे करी समस्त श्रुत समुह एक अंतर मुहूर्त्तमां अवगाहे तेने विषे जेनुं मन होय ते मनोवल लब्धी कहीये. तेमज

अंतरमुहूर्त्तमां सर्व श्रुतनो विचार करवानी जे शक्ति तेणे करी जे-सहित होय, वली पद वचन अलंकार सहित वचनने उंचे स्वरे नीरंतर बोलता थका पण तेनो घाटो रही जाय नहिं. ते वचन बल लब्धी, तेमज वीर्यांतरायना क्षयोपशमथी प्रगटपणे थयुं जे बल तेथी बाहुबल वरस दीवस सुधी काउस्सग्गे रह्या तो पण शरीर थाक्युं नहिं, तेम ए लब्धीवंत कायबल लब्धीना प्रभावथी थाके नहिं, ते कायबललब्धी. तेमज घणा कर्मोना क्षयोपशमथी प्रज्ञानो प्रकर्प होय जेथी चउद पूर्व भण्या विना पण कठण विचारोने विषे निपुण बुद्धि होय, अने तेने यथार्थ विचार थाय. ए आदे घणा प्रकारनी लब्धीओ योग शास्त्रमा हेमचंद्र आचार्य महाराजे दर्शावी छे हालमा इंग्लांड, अमेरिका तथा जरमनीमां घणा युरोपियनो योग शास्त्र वांचे छे ने हेमचंद्र आचार्यने सर्वज्ञनु बिरुद आपे छे ए पण ज्ञाननो क्षयोपशम छे वली हेमचंद्र आचार्य पण एक वखत कुमारपाल राजर्षिनी सभामा त्रण बाजठ मुकी तेना उपर वेशी देशना देता हता. राजानुं आववुं थयुं त्यारे बाजठ काढी नाखी अधर बेशीने धर्म देशना दीधी. आ पण योग साधननी शक्ति छे एवी अनेक प्रकारनी शक्तिओ वीर्यांतरायना क्षयोपशमथी थाय छे, ने ते शक्तिओ आत्माना हितना काममा वापरे. उपगार अर्थे वा शासन उन्नत्ति अर्थे फोरवे छे. पूर्ण वीर्यांतरायनो क्षय थाय छे, त्यारे पूर्ण वीर्य प्रगटे छे, तेने केवल ज्ञान प्रगटे छे. जेथी सर्व लोकना भाव एक समये जाणे छे. अतीत, अनागत अने वर्त्तमानना भाव पण जाणे छे आवी आत्मानी पूर्ण शक्ति जागे छे, माटे हरेक प्रकारे वीर्यांतरायनो क्षयोपशम वा क्षय थाय एवो उद्यम करवो. वीर्यनी रीत एवी छे के अभ्यास करता करतां वीर्य फोरायमान थाय छे, माटे वीर्य फोरववानो हमेश अभ्यास करवो. एक माणसने त्या

गाय विआइ. तेनुं वाछरडुं तेणे रोज एक वखत माल उपर लइने चडवा मांड्युं. एम रोज अभ्यास करवाथी बलद थयो तो ते पण उपाडीने चडवानी शक्ति थई तेम अभ्यास करवाथी शक्ति वधे छे. तप, संयम अने ज्ञाननो अभ्यास हमेश करवो, के वीर्यांतरायनो क्षयोपशम थशे, ने वीर्य वृद्धि पामशे अने जे जीव संसारमां वीर्य फोरवशे, ने धर्मना काममां प्रमाद करशे, तो वीर्यांतराय कर्म नवुं बांधशे ने आ भवमां वीर्य छे तेटलुं पण आवता भवमां मली शकशे नहि, अने अनादि कालनुं वीर्यांतराय बांधेलुं छे तेथीज आत्माना गुण प्रगट थता नथी, ते मोटो दोष छे. ए रीते पांचे प्रकारनां अंतराय कर्म भगवंते क्षय करी पोताना आत्मगुण प्रगट कर्या छे, ने आपणा जीवे तेवो उद्यम न कर्यो तेथी अनादिनो संसारमां रोलाय छे, अने जन्म मरणनां दुःख भोगवे छे ते दुःखथी मुकावा सारु भगवंतनी आज्ञा प्रमाणे वर्त्तवुं के जेथी आत्माना गुण प्रगट थाय. ए रीते पांच दूषण कह्यां.

छठु हास्यनामा दूषण तेथी रहित भगवान छे अने संसारी जीव ए दूषणे सहित छे. ए सेववाथी अनादिकालनो जीव संसारमां रोलाय छे, अने ज्यां सुधी हास्यथी मुकाशे नहि त्यां सुधी आत्मानुं काम थवानुं नथी. हास्य थकी संसारमां पण केटलां दुःख छे ते सघला माणस जाणे छे, तो पण जागृत करवा लखु छुं. केटली एक वखत हास्य करवाथी पोतानां माचां दुःखे छे. हास्यने रोकवा मागे छे तो रोकी शकातुं नथी. वली जेनुं हांसुं करीए ते वखते मुखे न बोले पण अंतरमां तेने केटलुं दुःख थाय छे! ते जो माणस पोते विचार करे के मारी हांसी करे छे, ते वखत मने अंतरंगमां केटलुं दुःख थाय छे? तेवी रीते सामा धणीने पण दुःख थाय माटे परने दुःख देवुं तेथी वधारे बुराइ शी

छे? वली ते माणस जोरावर होय तो लमाई भत्री थाय अने मारामारी वा गालागाली थाय तेथी नवुं वेर बंधाय आ दुःख प्रत्यक्ष छे. वली जेटली वार हास्यमा प्रवर्त्तिये एटली वार सात आठ कर्मनो बंध थाय, ते उदय आवे त्यारे तेनां दुःख भोगववां पमे छे जेमके कुमारपाल राजानी बेहेन तेमना भर्तारनी साथे सोकटा बाजी रमता हता तेमा सोकटी मारतां एटलुं बोलवुं थयुं के कुमारपालना मुमीआने मार, तेथी कुमारपालनी बेहेनने रीस चढी, ते रीसाइ कुमारपालने त्यां आवी, ने कुमारपालने हकीकत कही ते उपरथी कुमारपाल राजाने रीस चढी के महारा गुरुजीने आवु कह्युं, माटे जे जीभे बोल्यो छे ते जीभ कढावुं त्यारे छोरुं. एम विचारी युद्ध कर्यु ने बनेवीने हराव्या छेवट प्रधानोए समजाव्या त्यारे जीभ काढवी रहेवा देई जामानी पाछल जीभनो आकार काढवो ठराव्यो ए विना पण हास्यथी केटलुंएक नुकशान छे हास्य करवानी टेववाला लोकमां मश्करा कहेवाय छे वली आत्म स्वरूपनो विचार करतां ए आत्म गुणथी विपरीत प्रवृत्ति छे ए प्रवृत्तिमा वर्तवाथी आत्मा मलीन थाय छे वली आत्मा निर्मल करवाना कारण व्रतादीक तेमा अनर्थ दंम व्रतना दूषण आवे माटे जेम बने तेम आत्मा निर्मल करवावालाने हासीथी मुक्त रहेवुं, के जेथी आत्मा निर्मल थवानो उद्यम थाय सर्व हास्य मोहनीनो क्षय भगवाने कर्यो छे ते दशाने पामीए एवो उद्यम करवो

६ रतिनामा दूषण, ते दरेक पुद्गलीक पदार्थने विषे जेने अनुकुल मले तेमा राजी थवुं, प्रतिकुल मले तेमां दीलगीर थवुं ए अनादिनो जीवने जम्मनी सगतथी अभ्यास छे, तेथी जीव तेवी रीते वर्ते छे, अने कर्मबंध करे छे, अने तेज कर्मबंधथी अनादिनो जीव जन्म मरणना दुःख भोगवे छे. जे जे पदार्थने

जीव अनुकुल माने छे तेज अज्ञानता छे, कारण जे जे जड प-
दार्थ छे ते विनाशी छे, आत्मा अविनाशी छे, ते आत्मा अने जड,
बंने भीन्न पदार्थ थया तो भीन्न पदार्थने पोताना मानवा
एज मूढता छे. वली जे वस्तु जोई रति करे छे, ते वस्तु सदा-
काल रहेवी नथी. केटलाएक खावाना पदार्थ छे ते खावामां रति
करे छे, पण तेज पदार्थथी पुद्गलने उपाधी थाय छे, ने रोग थाय
छे, ने कर्मबंध थाय ते तो जूदो. एवीज रीते आभूषण पहेरीने
खुशी थाय छे, पण शरीरने भार लागे छे तेनो विचार नथी क-
रता, ए अज्ञानतानां फल छे. कुटुंबना संजोगथी राजी थाय छे,
पण एज माणसनी इछा प्रमाणे नहि वर्ताय तो शत्रुपणुं करशे
तो एवा अनित्य स्नेहथी राजी थवुं ते मूढता छे, तेमज धन छे
ते जोई राजी थाय छे, पण ए धन केटला काल थीर रहेशे तेनो
लक्ष करशे तो रति नहि थाय, केमके धन आपणुं केटली वखत
गयुं ने आव्युं. वली कदापी कोई माणसनुं हाल गएलुं न होय
तो बीजा केटलाएकनुं गएलुं जोवामां आवे छे, ते जोईए छीए.
माटे एना स्वभाव उपर लक्ष देवो जोईए. अथिर पदार्थ उपर
राजी थशे ने ते ज्यारे नष्ट थई जशे त्यारे दीलगीर थवुंज पडशे;
ने जे माणस धनना स्वभाव उपर लक्ष देशे ते राजी नहीं थाय,
अने तेथी ज्यारे जशे त्यारे तेने दीलगीर थवुं नहीं पडशे. धनने
आपणे मुकीने जईशुं, वा धन आपणने मुकीने जशे आ धननो
स्वभाव छे, माटे जे ज्ञानी पुरुषो छे ते धननो त्याग करी संजम
ले छे. संजम लइने धन कुटुंबादीक पदार्थनो त्याग करे छे; वली
शरीरमां रहे छे पण शरीरने मारुं जाणता नथी. तेथी शरीरना
सुख दुःखमां रति अरति नथी करता, तेमज वस्त्रादीक धर्म उपगर-
ण पुस्तकादीमां पण रति अरति न धरतां, एक पोताना आत्म
तत्त्वमां रमी, रति मोहनीनो नाश करी पोताना आत्माना गुण

प्रगट करे छे, अने अनुक्रमे सिद्ध सुखने जोगवे छे, तेमज आत्मार्थीए रति मोहनीनो नाश करवो एज कल्याणकारी छे.

७ अरति मोहनी, ते पण रति प्रमाणे छे, माटे आ जगोए जूदो विस्तार नथी लखतो. जेम रति सारु तेमज अरति सारु पण एमज विचार करी कोई रीते पण अरति न करवी जे जे अरतिना कारण मले छे ते ते जड पदार्थ छे, अने पूर्व जवे विषय कषाय तथा अरतिमा वर्तवाथीज कर्म बांधेला छे, तेथी अरतिनां कारण उत्पन्न थया छे. हवे ज्ञानी पुरुषोए तो कर्मनुं स्वरूप जाण्यु छे, तेथी जाणे छे जे पूर्व जवे अशुज कर्म बांध्यां छे, तेथी अरतिना कारण मल्या छे, पाछो विकल्प करीश तो एथी पण आकरां कर्म बंधाशे, ने अरति उत्पन्न थशे जेम कोईनुं देवु होय ने ते नहि आपीए तो ते फरियाद करे तो वधारे दुःख जोगववुं पडे माटे जे अशाता वगेरे दुःखना कारण उत्पन्न थया छे ते समजावे जोगववा, एवो विचार करी समजावमां रहे छे, ने तेथी वधारे विशुद्धि थाय छे, ने अरति मोहनीनो नाश करी पोताना आत्मस्वजाविक गुण प्रगट करे छे, तेज जगवान् थाय छे, अने तेवीज रीते थयेला छे, अने जेवी रीते जगवान् वर्त्या तेवीज रीते जे आत्मार्थी पुरुष वर्त्तशे ते जगवान् थशे अने अरति नाश थशे

८ जयनामा दोष. ए जय सात प्रकारे छे. आलोक जय, परलोक जय, आदान जय, अकस्मात् जय, आजीविका जय, मरण जय, अपकीर्ति जय, ए सात जयथीज जयजित संसारी जीव सदा रहे छे, अने परमात्माए तो पोते पोताना आत्मानुं स्वरूप जाण्यु छे के आत्मा अरूपी छे. आत्मानो विनाश थवानो नथी, तेथी कोई प्रकारनो जय राख्यो नहि, तेथीज पोतानुं आत्मपद पाम्या छे. हवे संसारी जीव सात प्रकारनो जय धा-

रण करी रह्या छे. आलोक भय एटले जे जीव जे गतिमां होय तेज गतिना बीजा जीवोथी भय ते आ लोक भय, जेमके पोते मनुष्य छे तो बीजा सरवे मनुष्य आ लोक गणवा.

बीजा मनुष्य मने मारशे, वा मारी नांखशे, वा फेर देशे, शस्त्र मारशे, वा मंत्रथी मारशे, वा मने रोग उत्पन्न करशे, एवी रीतना भय धारण करवा ते मनुष्यने आ लोक भय जाणवो. ए भय जीव अज्ञानपणे करे छे. जो ज्ञान थयुं होय तो समजाय के आत्मा अविनाशी छे. विनाश थशे तो पुद्गलनो थशे, ते पुद्गल मारुं नथी, तो मारे शी बाबतनो भय करवो? बीजी रीते पुद्गलनी स्थिति तथा विनाश पण कर्मना उदय प्रमाणे बनवानुं छे, माटे भय शी बाबत करवो. वली संसारमां पण जे माणस भयभीत थाय छे तेनाथी उद्यम बनी शकतो नथी, ने भयनां कारण हठावी शकतो नथी, पण जेनुं वीर्य फोरायमान थयुं छे ते वीर्यना बलथी हींमत राखी पोतानो आत्म धर्म साधी शके छे. माटे उद्यम करी जेम बने तेम भय संज्ञा हठाववी, केमके उद्यमथी हठी शके छे. आठ दृष्टीमां बीजी दृष्टी प्रगटे छे त्यारे चार संज्ञानो विष्कंभ थाय छे, एटले थंभी जाय छे; एम योगदृष्टि समुच्चयमां हरिभद्रसुरि महाराज कहे छे, माटे भयनी शांति थाय तेम करवुं. अनुक्रमे जेम जेम विशुद्धि थशे तेम तेम सर्व प्रकारे भय रहित थशे, एटले दूषण टलशे.

२ परलोक भय. ते तिर्यंचनो देवतानो भय. ते संबंधीनी चिंता फीकरमां रहे. रखे सर्प, वींछी, वाघ, तथा व्यंतरादि देव, पीडा करे, ए भयनुं स्वरूप उपर प्रमाणे आत्मार्थी पुरुष भावीने भय रहित थई, निज निर्भय गुण उत्पन्न करे छे.

३ आदान भय. ते पोताना घरमां जे जे पदार्थ, धन, आभूषण, वस्त्रादीक वस्तु छे, ते वस्तु रखे कोई लई जशे, चोर

श्रावी चोरी जशे, वा विनाश पामशे, वा कोईने व्याजे आपीश ते पाछा रुपीश्रा आपशे के नहि, वा वेपारमा खोट जशे, एवी रीतना नयनी चिंता करवी ते श्रादान नय एवो नय करवो तेनुं चिंतवन करवुं, तेने ज्ञानी पुरुषो आर्त्त ध्यान, तथा रोद्र ध्यान कहे छे, अने ए ध्यानथी जीव नरक, तिर्यंचनी गति बांधे छे, माटे ज्ञानी पुरुष होय ते तो विचार करे के, ए वस्तु मारी नथी. कर्मना संजोगथी अज्ञान दशा थई छे, ते अज्ञान दशाए करी ए वस्तु उपर ममत्व नाव थयो छे. ते ममत्व नावथी नय थया करे छे, ए मारे करवा जोग नथी. एवी नावना नावी, नय संज्ञा उतारे छे, के ए धनादीक वस्तुनो स्वनाव अथीर छे, ज्यां सुधी पुन्य बलवानछे त्या सुधी जवानुं नथी, अने ज्यारे पापनो उदय थयो त्यारे राखी मुकेलुं धन रहेवानुं नथी, माटे जीव शा सारु ममत्व नाव करे छे, एवी रीते नावी, नय संज्ञाथी निर्नय थाय छे विशेष ज्ञान थाय छे, त्यारे संसारनो त्याग करे छे, सजम ले छे तेथी एवी वस्तु त्याग करवी, एटले नय रहेवानो नथी अने पोतानी पासे धर्म उपगरण तथा पुस्तक होय छे, तेनो पण नय राखता नथी पोताना श्रात्माने नावे छे, ने पोताना श्रात्माने नाववाथी सर्वथा नय सज्ञानो नाश करे छे, अने श्रात्माना गुण संपूर्ण प्रगट करे छे

४ अकस्मात् नय ते वाह्य कारण विना, अकस्मात् मनमा नयभ्रात थाय, मर लागे, ए कर्मना उदयना प्रनावथी छे एवा नय पण कर्मनी बोदोलताथी थाय छे. जेने श्रात्म गुण प्रगट थया छे तेमने एवा नय लागता नथी.

५ श्राजीवीका नय समवायागजीमा कह्यो छे, अने ठाणागजीमां वेदना नय कह्यो छे माटे ते नयनुं स्वरूप लखु छु पोतानी पेट पुरणी पुरी श्रथवा संबधी जीव नय करी रह्यो छे, पण

दुनियामां गरीब अने धनवान कोई पण अन्न खाधा विना रहेता नथी. आजीवीका पुरी थवी छे ते तो पूर्वना कर्मने अनुसरतुं बनवानुं छे, पण ते कर्मनुं ज्ञान नथी तेथी फीकर करे छे. दरेक काम उद्यमथी बने छे माटे उद्यम करवो पण भय धारण करवो ते मूढता छे, अने ए मूढताए करी काम करवानुं करी शकतो नथी, अने नवा नवा विकल्प करी कर्मबंध करे छे. वली धनवान पुरुष छे तेमने आजीविकानी कांई कसर नथी, तो पण आगला काल संबंधी विचित्र प्रकारनी चिंता कर्या करे छे. वरसाद तणायो तो शुं खाइशुं? वरसाद न आव्यो तो शुं खाइशुं? रसोईयो जतो रह्यो तो शुं खाइशुं? कोई चीज मोंघी थई तो शुं खाइशुं? एवा विचित्र प्रकारना आजीवीका संबंधी भय धारण करी कर्म बांधे छे. धनवान माणसने नवली वखतमां ने सारी वखतमां धने करी सर्व चीज बनी जाय छे, ते छतां पण अज्ञानताने लीधे भयभीत रहे छे, ने ज्ञानवंत पुरुषोने तो थोडुं ज्ञान थयुं छे पण स्वपर ज्ञान थयुं छे. ते ज्ञानने प्रभावे प्रथम तो कर्मनी खातरी छे, तेथी तेमने भय रहेतो नथी. बीजी रीते अशुभ कर्मनो उदय थयो, अने आजीविकामां हरकत पडे छे, तो विचारे छे के पूर्वे कर्म बांध्यां छे तेनां फल छे. विकल्प करवाथी शुं फायदो छे? एम विचारी भय राखता नथी, अने बनतो उद्यम करे छे, अने अतिशे विशुद्ध छे ते तो जरा पण भय राखता नथी. पोतानो आत्म भावना विचारे छे. जेम ऋषभदेव स्वामीने वर्ष दिवस सूधी आहार मल्यो नहि, पण तेनो विकल्प नथी, तेने करी वरसी तप थयो, अने अंते भय मोहनी क्षय करी निर्भय गुण प्रगट कर्यो, तेम आत्मार्थी पुरुषे करवुं, के भय मोहनी नाश थाय. हवे वेदनी भय ते रोग आवेथी दुःख सहन न थाय एटले अनादिनो भय छे ते प्रगट थाय, जे रोग वधे नहि, रोग

न होय तो रोग आववानो भय, एवा भय बदल तपस्या प्रमुख करे नहि तपस्या करवाथी नवुं वेदनी कर्म उदय आववानुं ते क्षय थाय छे अने ते बदल अवला विचार करे ते मूढतानुं लक्षण छे, अने आत्मार्थी जीवो तो वेदनाथी बीता नथी. वेदना थाय तो विचारे छे, के पूर्वे जे जे वेदनी कर्म बाध्या छे ते आवा बोधना (ज्ञानना) वखतमा उदय आवशे तो समभावे भोगवीश, अने घणा काल दुःख भोगववानु ते थोडा कालमा भोगवई जशे नवो कर्म बंध थशे नहि वली विशेष विशुद्धिवंत तो जाणे छे के वेदना थाय छे ते शरीरने थाय छे, मारा आत्माने थती नथी, एवीज रीते महावीर स्वामी भगवानने सखत उपसर्ग संगम देवे तथा व्यंतरीए कर्या पण जराए भय धारण कर्यो नहि, ने वेदनानुं दुःख धारण कर्युं नहि, तो पोताना आत्मानो केवल ज्ञान गुण प्रगट कर्यो, तेमज जेने पोताना आत्मानुं कल्याण करवुं छे तेणे पण महावीर स्वामी भगवाननो मार्ग धारण करवो, के पछी कोई तरेहनो भय रहेशे नहि, ने निर्भय दशा प्रगट थशे.

६ मरण भय ते प्रसिद्ध छे. अनादि कालनी मरण थवानी संज्ञा चाली आवे छे, तेने प्रभावे देवता पण आवता भवनो, छ मास अगाउ बंध करे त्यारथी झूरे तेमज मनुष्यनी समजणनी उमर थाय त्यारथी मरण भयनी विचारणा थया करे छे. हवे जे ज्ञानी पुरुषो छे ते अंश मात्र पण मरणनो भय करता नथी, कारण के आत्मा मरतो नथी मरे छे ते पुद्गल छे तो जेटली आउखानी स्थीति छे त्या सुधी आ शरीरमां रहेवुं छे, तो भय शा माटे करवो कदापी संज्ञाथी चित्तमां आवे तो विचारे जे आउखानी चंचलता छे. तो धर्म साधन करवामा प्रमाद न करवो, कारण जे धर्म साधन मोक्षनुं करवुं छे तेतो मनुष्यनी गतिमा थई शके छे. बीजी गतिमा एवुं साधन थवानुं

नथी, माटे जेम बने तेम अप्रमादपणे धर्म करवामां तत्पर रहेवुं. आवते काले करवानो विचार करीश, पण आवते काले शुं थशे ते खबर नथी, माटे जेम उत्तराध्ययनजीमां कह्युं छे के हे गोयम! समय मात्र प्रमाद म कर, ते उपदेश धारण करी जेम आत्मानी निर्मलता थाय तेम उद्यम करवो, ने तप संजम साधतां शरीर नरम पडे छे वा देवतादिकना उपसर्ग थाय छे तो पण मरणनो भय करता नथी, आत्माने भावता विचरे छे. परिसहनी फोजथी बीता नथी. पोतपोताना ध्यानमां तत्पर रहे छे. तेवीज रीते आत्मार्थीए रहेवुं. भगवंत ए भय क्षय करी सिद्धि सुखने पाम्या छे, तेम तेमनी आज्ञा छे. तेवीज रीते वर्त्तिशुं तो मरणनो भय नाश थशे.

७. सातमो अपकीर्ति भय. ए शक्ति उपरांत कीर्त्तिनी इच्छा करे, काम अपकीर्त्तिनां करे छे, कीर्ति ते क्रियाथी थाय. जो लुच्चाई, दोंगाई, चोरी, जूठु बोलवुं, परदारा गमन, पारकी निंदा, परने दुःख देवुं, पारकुं खाई जवुं, वेपारमां अन्यायथी बोलवुं, वांकु बोलवुं, आ कृत्यो जे नहि करे, अने दुःखीने सुखी करवो, पारकुं काम करवामां तत्पर रहेवुं, धनने अनुसरतुं दान देवुं, वली केटलाएक तो दान एवी रीते करे छे के पोते खाय नहि, बीजाने आपवा तत्पर थाय, एवी वर्तना करे तो सहेजे कीर्ति थाय. पण छतुं धन होय ने भीखारी बूम पाडीने मरे तो जराए दान न आपे, अने अपकीर्तिनो भय करे. अपकीर्तिनो भय राखी माठी आचरणा न आचरे तो उत्तम छे. अज्ञानताए अपकीर्ति थाय एवुंज कारण सेवे, पण ज्ञानी पुरुषो तो पोताना आत्माना दानादीक गुण छे, ते प्रगट करवामां उद्यमवंत थया छे. केटलाक गुण प्रगट थया छे, तेमां पण कीर्तिनी इच्छा नथी, अने अपकीर्तिनो भय नथी. तेमज जेम उत्तम पुरुषे कोई जीवने दुःख थाय एवी वर्त्तना करी

नथी, तेवीज रीते कोई जीवने डुःख थाय एवी वर्त्तना करवी नहि के सहेजे अकीर्त्तिनो नय टली जशे आ रीते साते नयने जाणीने जेम महात्मा पुरुषोए निर्भय दशा प्रगट करी तेम करवुं आत्म गुण प्रगट कर्यो के ते गुण जवानो नय राखवो पमतोज नहि, ते नित्य गुण छे. अनित्य गुणनो मोह छे त्यां सुधी जीवने नय रहेशे वास्ते त्याग करवो, एटले सहेजे नय टली जशे.

१० शोकनामा दूषण. ते संसारी जीवने रात दिवस लागी रहुं छे. कुटुंबमाथी मान्दु थाय वा कोई मरी जाय तो माणस शोक एटलो करे छे के, केटलाएक माणस अती शोके मरी जाय छे, वा मादा पमे छे, शरीर सुकाइ जाय छे, केटलीएक स्त्रीउ गतीमाथी लोही काढे छे, केटलीएकनी गतीमा दरद थाय छे, आवी उपाधि शरीरने थाय छे, तेना उपर लक्ष न देता ते काम कर्या जाय छे, आवा फल पामवानुं कारण अज्ञानता छे वली बजारनी अंदर महोटा चकला उपर पण एवी तरेहथी कूटवाथी बीजा जीवने पण ए डुःख जोई दीलगीरी थाय छे. हालना राजकर्त्ताउने ते वात पसंद नथी तेमज राजद्वारीना अधिकारीउने पण ते वात पसंद नथी, तेम उतां आ काम करे छे. वली केटलीएकना मनमा तो एवुं पण रहे छे के, आपणे कूटशुं नहि तो लोकमा शोना नहीं रहे, एटले कूटीने पण लोकमा शोना लेवी छे आ केटली बधी मुर्खता? विद्वानोने पण बहु दीलगीरि आवे छे आ नुकशान तो आ लोक संबंधी छे, वली परनवने विषे ए पापने लीधेज नरक, तिर्यंचनी गतिने पामे छे, तो आवा काम करवाथी आलोक तथा परलोकमा बे ठेकाणे डुःख नोगववानां थाय छे वली ज्ञानवंत पुरुषो तो एटलो विचार करे छे के, जे चीजनो संजोग तेनो वियोग छे ज कांतो आपणे कुटुंबने मुकीने जइए, अथवा कुटुंब आपणने मुकीने जाय. आ बेमाथी एक रीते

विजोग थवानो छे. जे जे वस्तुनो जे जे स्वभाव छे, ते जाणीने जराए शोक करता नथी. वली धन जाय छे, गुमास्तो जाय छे, वस्त्र जाय छे, घर जाय छे, एवी इछित वस्तुना जवाथी शोक करे छे, तेमां विचारवालुं के इछित वस्तु पूर्वना पुन्यथी थीर रहे छे, पुन्य पुरुं थयुं के विजोग थाय छे. पछी गत वस्तुनो शोक करवाथी कांई फायदो नथी. केटलाएक माणसने अपमान थवाथी शोक थाय छे, पण अपमान तो नहि करवा योग काम करवाथी वा नहि बोलवा योग बोलवाथी थाय छे, वा पुन्यनी खामीथी अपमान थाय छे, माटे ते काम तजे तो अपमान थाय नही, शोक करवाथी फायदो नथी, ते छतां शोक करे छे, एवी रीते जे जे बाबतनो शोक करे छे ते ते बाबतथी पाप कर्म बंधाय छे, शोक थकी शरीर नरम थाय छे, बुद्धिनी पण हानि थाय छे, शोकनां कारण हठवानो पण उद्यम थतो नथी, तेथी वधारे शोक उत्पन्न थाय छे. आ प्रमाणे प्रत्यक्ष फलने पण अज्ञानपणे जीव विचारता नथी, अने जे ज्ञानी पुरुष छे तेमने शोकनां कारण उत्पन्न थाय छे, तो तेमां भावे छे के मारा आत्मा शिवाय बीजो मारो पदार्थ नथी. जे पुद्गलीक वस्तु छे तेतो संजोग विजोग संजुक्त छे, एटले मारे शी बाबतनो शोक करवो. जे जे बने छे ते पूर्वे कर्म बांध्यां छे, तेने अनुसरतुं बने छे. माटे जे जे कर्म उदय आव्यां ते ते समभावे भोगववां, एटले ते कर्मनी निर्जरा थाय अने आत्मा निर्मल थाय, एवी दशा बनी जाय तो जीवने शोक थाय ज नहि. भगवान तो आत्मगुण सिवाय बीजी परभाव दशा जे जे जगभावनी वर्त्ते तेमां रागद्वेष करे ज नहि, तेमणे शोक मोहनी कर्मनो नाश करी पोताना आत्माना गुण प्रगट कर्या. वली जेने आत्माना गुण प्रगट करवा होय तेणे तेमज वर्त्तवुं के आत्माना गुण प्रगट थाय.

११ डुगंछा ते कांई खुशवोवाली चीज जोईने प्रसन्न थाय ने खराब खुशवो जोई दीलगीर थाय, वली जे जे पदार्थ पसंद नहीं आवे ते पदार्थ डुगछनीक लागे छे ए प्रवृत्ति जीवने अनादिनी बनी छे, पण ज्ञानवंत पुरुषे तो वस्तुनो स्वज्ञाव जे जे रह्यो छे ते ते जाण्यो छे, एटले कोई पण वस्तुनी डुगछा करता नथी जे जे कारण मले छे ते पूर्वना कर्मना उदय प्रमाणे मले छे, तेथी समज्ञावमा रही तेना विकल्प करता नथी, तेमना मनथी तो जे जे जम पदार्थ आत्माने घात करता छे, तेना उपर सहेजे डुगंछा थाय छे अने अज्ञानी जीव जेने जे पसंद पमे तेमा राजी थाय छे, खुशी थाय छे, पण विषयादिकना फल विचारता नथी, के नरकमा एना केवा डुःख ज्ञोगववा पमशे? तेवी ज रीते जन्म मरणना केवा डुःख ज्ञोगववा पमशे? प्रत्यक्ष ढेढनी जातीने जुवो के तमे जेनी डुगछा करो बो, तेवी वस्तु लई माथे मुकीने ज्या फेकवानी जगा होय त्या फेंकवी, आ काम शाथी करवुं पमे छे के पाछले ज्ञवे जे काम नहीं करवा योग, ते काम कर्या तेना फल छे तो आपणने पण विषय नहि सेववा ज्ञगवंते कह्यु छे ने जो ज्ञोगवशे, तेने एवा डुःख ज्ञोगववां पमशे, तो ए विषयादि डुगंछनीक जाणी त्याग करवाने आत्माना गुणमां वर्त्तवुं ज्ञगवंते एवी रीते वर्त्ति डुगछा मोहनीनो नाश करी पोताना सहज स्वज्ञावीक गुण प्रगट कर्या, तेम आपणा पण प्रगट थाय

१२ कामदोष ए दोष सर्व माही सरदार छे कामने वश पमीने जीव महा पुरुष थवाय एवी तक पामीने पाछा पमी जाय छे संसारी जीव अनादि कालना कामने वश पमया छे, तेनी संज्ञा चाली आवी छे, बालक अवस्थामां पण कामनी चेष्टा करे छे ससार ज्रमणनुं कारण काम छे कामने वास्ते मातानो, पितानो, ज्ञाइनो, छोकरानो, मित्रनो नातीनो

सर्वेनो संबंध जीव तोमे छे. धननो पण ए विषयादिक कामने वश पमवाथी नाश थाय छे, शरीर पण निर्बल थाय छे, आयुष्यनी पण हानी थाय छे, आटला दुःखनो जीवने प्रत्यक्ष अनुभव थाय छे पण जीव अनादि कालनो कामने आधीन रहेवाथी कामांध थयो छे, ते अंधपणे करी कोई पण नुकशान के दुःख जोतो नथी. केटलाएक राजाउ कामने लीधे राज भ्रष्ट थाय छे, ते नजरे जोवामां आवे छे, पण जीवने भान थतुं नथी. केवी आश्चर्यनी वात छे! के कर्म केवा प्रकारे नचावे छे, कामांधपणे केटलाएक पोतानी छोकरी, पोतानी बहेन, पोतानी मा, तेनो पण विचार राखता नथी, तो बीजी स्त्रीनो तो शुं विचार राखे. केटलीएक माता कामने वश पमी पोताना पुत्रनो नाश करे छे, पोताना धणीनो नाश करे छे. आवी कामनी दशा पीमे छे, ने तेथी आ लोकनां दुःख आवी रीते अनेक प्रकारे भोगवे छे अने परलोकनां दुःख सांभलवां होय तो सुगमांग सूत्रथी जोई लेवुं. भवभावना ग्रंथथी जुउ नरकने विषे परमाधामी लोढानी धगधगती पुतलीए बकामे छे, नरकमां पग मुकवानी जगो छे ते एवी छे के जेवी रीते तरवारनी धार उपर पग मुकवो तेवी रीते छे, उष्ण वेदना एवी छे के हजारो मण बलता काष्टनी चेहेमां सूवे ते करतां पण वेदना वधारे थाय छे सीत वेदना एवी छे जे टाढनो जोमो नथी, गमे एटली अग्नीए करी शरीर शेके तो पण टाढ नीकलती नथी. जन्मनी जगा एवी छे के राइ राइ जेवा कमका करीने उपजवानी जगोमांथी बाहार काढे. वैक्रिय शरीरनो स्वभाव एवो छे के, बधा ककमा एकठा थया के पारो जेम मली जाय छे तेम शरीर उभुं थाय, एटले पाछा परमाधामी अनेक प्रकारनी वेदना करे छे. आवां दुःख टुंकां आउखां मनुष्यनां तेमां अल्प काल सुख मानीने, मोटा सागरोपमना आउ-

त्यां सुधी दुख भोगववानां छे, एवुं केटलाएक जीवो जाणे छे पण कामावपणे दु:खनो लक्ष न आवतां ए काममा अंध थई रहे छे जे पुरुष अथवा स्त्रीने ते भव स्थिती परिपक्व थई छे, ते पुरुष ससारनो त्याग करी पोताना आत्म स्वरूपमा आणंदपणे रहे छे. केटलाएक बाह्यथी स्त्रीनो त्याग करे छे पण अंतरंगमाथी चित्त खसतुं नथी, तो पाछा संसारमा आवे छे केटलाएक संसारमा आवता नथी पण चित्त वगमेलुं रहे छे, केटलाएकने राग रहे छे, ने ज्यारे स्त्रीनुं मुख जोवे त्यारे शांत चित्त रहे छे, एवी अनेक प्रकारनी कामनी विटंबना छे पण दृढ अनुराग आत्मतत्त्वमां जेनो थई गयो छे, एवा सुदर्शन शेठ जेने अभयाराणीए शरीरे विचित्र प्रकारे फरस कर्यो. अवाच्य प्रदेशने बहु विटंबना करी तो पण काम दीप्त न थयो. राजाए जेने शूलीए भोंकवा मोकल्या तो शीलना प्रभावथी शूली मटी सिंहासन थयुं, आ महिमा काम जीतवानो छे. चक्रवर्त्ती राजा जेने एक लाख बाणुं हजार स्त्री छे तेना भोगना करनार पण ज्यारे ज्ञान दशा जागे, त्यारे स्त्रीना सामुं पण जोता नथी, एवी रीते काम जीते छे तेमज भगवाने सर्वथा कामने जीत्यो, तेथी कामनामा दूषण नष्ट थयुं. ने भगवान् थया छे, तेम जेमने आत्माना गुण प्रगट करवा होय, तेमणे कामनी इछाथी मुक्त थवानो अभ्यास करवो अभ्यासथी सर्व चीज बने छे, काम रोकवो ए जड धर्म छे, आत्म धर्म नथी. आत्माना स्वभावथी बहार वर्त्तवु नही, एवा भाव आववाथी सहेजे काम जीताई जाय छे कामने जेणे जीत्यो तेणे दुनीयामा सर्व जीत्यु पछी सर्व जीतवु सुलभ थाय छे. जे जे पुरुषोए काम जीत्यो छे, तेना चरित्र वाचवानो उद्यम करवो शीलोपदेशमाला वाचवाथी काम जीतवाना लाभ समजाशे नीकट मुक्तिनो उपाय काम जीतवो एज छे.

१३ अज्ञाननामा दोष. ए अज्ञान दोष पण अनादीनो छे तेथी करी आत्मा शुं चीज छे, शरीर शुं चीज छे, सुख दुःख शाथी आवे छे तेनुं ज्ञान यथार्थ थतुं नथी. शरीरना दुःखे दुःखीज थाय छे, कुटुंबना दुःखे दुःखीज थाय छे, सुगुरुने कुगुरु माने, कुगुरुने सुगुरु माने, कुदेवने सुदेव, ने सुदेवने कुदेव, सुधर्मने कुधर्म, ने कुधर्मने सुधर्म माने छे. शातानां कारणने अशातानां कारण माने छे, अशातानां कारणने शातानां माने छे. जे जे प्रवृत्ति जडनी करे छे अने पोतानी माने छे, धर्म प्रवृत्ति करे तो अधर्म थाय एवी करे छे. धन कुटुंब मले छे, ते पर वस्तु छे. ते छतां ते पोतानी मानी आनंद थाय छे, ज्ञानवंतने ज्ञानवंत जाणतो नथी, तत्त्वज्ञान थाय एवो उद्यम करतो नथी, अज्ञानना जोरथी पांच इंद्रिना त्रेविश विषय तेमां लुब्ध वर्त्ते छे. ज्ञानी पुरुषे बतावेल खट द्रव्य पदार्थ तथा तेना गुणपर्याय, तेनुं ज्ञान करतो नथी. नव तत्त्व तेनुं ज्ञान थतुं नथी, अष्ट कर्मनुं पण स्वरूप जाणतो नथी, केटलाएक धर्मवाला कर्म माने छे पण कर्म शुं पदार्थ छे, ते जाणता नथी. कर्म केम आवी बंधाय छे, कर्म केम उदय आवे छे, कर्म केम निर्जरी आत्मा निर्मल थाय छे, ते अज्ञाने करी जाणी शकतो नथी. आ माहात्म्य अज्ञाननुं छे. केटलाएक खोटां कर्मनां जोर प्रत्यक्ष छे, तो पण अज्ञानना जोरथी ते लक्षमां आवतां नथी. कोई पण जीवने मारी नांखे छे तो सरकार फांसी दे छे, ते प्रत्यक्ष जुए छे तो पण केटलाएक माणस फांसीए जवानी बीक राखता नथी अने एवां कृत्य करे छे. मृषा बोलवाथी खोटी प्रतिज्ञानुं काम चाले छे, चोरी करवाथी केदमां जाय छे, आवा प्रत्यक्ष दाखला बधा माणसना समजवामां छे. जार कर्मथी पण केदमां जाय छे पण अज्ञानपणे ते बाबतनो लक्ष थतो नथी, ने एवां खोटां काम कर्यां जाय छे. अज्ञानताए राज विरुद्ध आचरण पण

करे छे, ए अज्ञान खसेडवाना भाव थाय तो ज्ञान अभ्यास करवो. शास्त्र भणवाथी, सांभलवाथी, खट द्रव्यनुं ज्ञान थाय छे ते खट द्रव्य कहीए छीए.

१ धर्मास्तिकाय. ते अजीव द्रव्य, अरुपी, अचेतन, अक्रिय, चलन साह्य गुण ते जीव तथा पुद्गल चाले तेने सहाय करवानो धर्म छे. इहा शंका थशे के चाले तेने सहाय शुं करवी छे, ते विषे समजवुं के माछलुं पाणीमा तरे छे. हवे तरवानी शक्ति तो पोतानी छे पण पाणीनी सहाय जोईए छीए, पाणी विना तरी शकतुं नथी. तेम जीव तथा पुद्गल चाले तेने धर्मास्तिकायनी सहाय जोईए.

२ अधर्मास्तिकाय.एनो स्वभाव धर्मास्तिकायथी विपरीत छे, स्थिर रहेवाने सहाय करे छे. मनुष्य पाणी होय छे ने तरता आवडतुं होय तो तरे छे पण ते थाकी जाय, तो कोई टेकरी अथवा डुंगारानी सहाय मली आवे छे, तो स्थिर रही शके छे, पण जो एवी सहाय न मले तो स्थिर रही शकतो नथी. वली तडकेथी आवता जो थाकथा होय तो, झाड अथवा विसामानुं स्थानक मले छे तो बेसे छे. तेमज अधर्मास्तिकायनी सहायथी जीव पुद्गल थीर थाय छे, ए द्रव्यना पण चार गुण छे. अमूर्ति एटले रूप नहि, अचेतन एटले जीवरहित, अक्रिय एटले विभावीक काई पण क्रीया करवी नहि, अने स्थीर सहाय गुण ते उपर प्रमाणे स्थिर पदार्थने सहाय करे छे

३ आकाशास्तिकाय. ते लोक जेमां छ द्रव्य पदार्थ रह्या छे तेने लोक कहीए. अलोक जेमा आकाश सिवाय पदार्थ नथी. एवा लोकालोकमा व्यापीने आकाश द्रव्य रह्युं छे, तेना पण चार गुण छे अरुपी एटले रूप नथी, अचेतन ते जीव रहित, अक्रिय ते कोई जातनी क्रीया करवी नथी अने अवगाहना गुण

ते जीव पुद्गल पदार्थने रहेवाने जगो आपे छे. कारण आखा लोकमां जीव पुद्गल भरेला छे, तेमां जगो नथी ते आकाश जगो करी आपे छे. ईहां शंका थशे के जगो नथी, ते केवी रीते करी आपे छे, ते विषे जाणवुं जे भींतमां जरा पण जगो नथी होती पण खीलो मारीए तो दाखल थई शके छे, तेम आकाशा स्तिकाय जगो करी आपे छे.

४ कालद्रव्य तेमां प्रथम वर्त्तना काल सूर्यनी चाल उपरथी गणाय छे, जेमके सूर्य अस्त थाय छे अने उदय थाय छे, तेना उपरथी गणत्री थाय छे, ते गणत्री संबंधी काल छे. तेनुं माप सात श्वासोश्वासे एक स्तोक थाय, सात स्तोके एक लव थाय छे, सत्योतेर लवे एक मुहूर्त्त बे घडीरूप थाय छे, एवा ३० मुहूर्त्ते दिवस थाय छे, त्रीश दिवसे एक मास थाय छे, एवा बार मासे एक वर्ष थाय छे एवां पांच वर्षे युग थाय अने वीश युगे एकसो वरस थाय. दश सोए एक हजार थाय, एवा सो हजारे लाख थाय. एवा ८४ लाख वर्षे एक पूर्वांग थाय. एवा ८४ लाख पूर्वांगे एक पूर्व थाय. एक पूर्वना आंक ७०५६०००००००००० एवां चोराशी लाख पूर्वे करी एक त्रुटितांग थाय अने ८४ लाख त्रुटितांगे एक त्रुटित थाय. चोराशी लाख त्रुटिते एक अडडांग थाय. चोराशी लाख अडडांगे करी एक अडड थाय अने चोराशी लाख अडडे एक अववांग थाय. चोराशी लाख अववांगे एक अवव थाय. चोराशी लाख अववे करी एक हुहुकांग थाय. चोराशी लाख हुहुकांगे एक हुहुक थाय, चोराशी लाख हुहुके एक उत्पलांग थाय. चोराशी लाख उत्पलांगे करी एक उत्पल थाय, चोराशी लाख उत्पले करी एक पद्मांग थाय. चोराशी लाख पद्मांगे एक पद्म थाय, चोराशी लाख पद्मे करी एक नलीनांग थाय. चोराशी लाख नलीनांगे करी एक नलीन थाय. चोराशी लाख

नलीने करी एक नीपुरांग थाय चोराशी लाख नीपुरांगे एक अर्थ नेपुर थाय, अने चोराशी लाख अर्थ नेपुरे करी एक अयुताग थाय अने चोराशी लाख अयुतागे करी एक अयुत थाय चोराशी लाख अयुते करी एक प्रयुतांग थाय अने चोराशी लाख प्रयुतागे एक प्रयुत थाय चोराशी लाख प्रयुते एक चुलीकांग थाय. चोराशी लाख चुलीकागे एक चुलीका थाय चोराशी लाख चुलीकाए करी एक शीर्ष प्रहेलिकाग थाय तेने चोराशी लाख गुणा करीए त्यारे शीर्ष प्रहेलीका थाय ए गुणाकारनो आंक १९४ अक्षरनो थाय. ते नीचे प्रमाणे ७५८२६३२५३०७३०१०२४११५७९७३५६९९७५६९६४० ६२१८९६६८४८०८०१८३२९६००००००००००००००००००००००००
०००००००००००००००००००००००००००००००००००००००००००
००००००००००००००००००००००००००००००००००००००००००००००
००००००००००००००००००००००००००० आ प्रमाणे अनुयोगद्वार सूत्रनी टीकामा छपेली चोपडीना पाना ७४५ मामा छे ते उपरथी लख्युं छे १९४ अक्षरनी संख्या छे एथी अधिक संख्या गणवी मुश्केल पडवाथी वधारे आंक दर्शाव्या नथी पण बीजी रीते संख्या मनमा समजी शकाय मोढे बोली शकाय नहि. वली वत्तु उठुं समजाय ते सारु बताव्युं छे के एक कुवो चार गाऊ ऊंडो, चार गाउ पहोलो, चार गाउ लांबो एवो एक कुवो तेमां जुगलीआना सात दीवसना बालकना नीमाला ते नीमाला एकना असख्याता कडका करवा, अने तेवा कडकाए करी आ कुवो भरवो ते एवो सज्जड भरवो के ते नीमाला उपरथी चक्रवर्तीनी स्वारी जाय तो पण कुवाना नीमाला दबाय नही, पाणी अंदर प्रवेश न करी शके, एवो सज्जड कुवो भरवो, तेमांथी सो सो वर्षे एक एक नीमालो काढवो एवी रीते सो सो वरसे नीमाला काटवाथी कुवो खाली थाय त्यारे एक पल्योपम थाय एवा दश

कोमाकोमी पल्योपमे एक सागरोपम थाय. एवां सागरोपमनां नरक तथा देवतानां आउखां छे. बीजी पण गणत्रीउ काम लागे छे. आ कालनुं स्वरूप, जगत्‌ना जीवना आउखा वगेरेनी गणत्रीमां आवे छे, ए चंद्र सूर्यना आधारथी काल केहेवो छे तेने काल द्रव्यमां स्वाभावीक गणता नथी. हवे काल द्रव्य कोने कहे छे के छए द्रव्यना अगुरु लघु पर्यायनी वर्तना थाय छे, ते वर्तना एकथी बीजी थवी तेनुं नाम समय छे. तेज कालद्रव्य उपचरित छे. पदार्थ रूप नथी. कारण जे द्रव्यनी वर्तना अपेक्षित छे तेथी पदार्थ रूप नथी. कालनो गुण नवी वस्तुने जुनी करवानो छे. काले जे वस्तु बनी ते आजे जुनी कहेवाशे, आजे करी ते नवी कहेवाशे, ए काल अपेक्षित कहेवाय छे. काल छे ते अरूपी. अचेतन अक्रिय नवा पुराण गुण छे ए रीते कालद्रव्यनुं स्वरूप जाणवुं.

५ मो द्रव्य पुद्‌गलास्तिकाय. तेना चार गुण. मूर्त एटले देखाय छे. अचेतन एटले जीवपणुं नथी, सक्रिय एटले मलवा वीखरवा रूप क्रिया करे छे वली जीवनी साथे रहीने क्रिया करे छे माटे सक्रिय छे. तथा मलन विखरण गुण छे. जे पुद्‌गल परमाणु ने पुद्‌गल द्रव्य कह्यो छो ते परमाणु केवो सूक्ष्म छे ? बाल्यो बले नहि, छेद्यो छेदाय नहि, दृष्टिने अगोचर छे. एवा बे परमाणु मली खंध थाय छे, तेने द्वीप्रदेशी खंध कहे छे. एम त्रण चार आदे परमाणु मली खंध थाय छे, ते खंध दृष्टीगोचर आवता नथी. अनंता परमाणु मलीने जे खंध थाय छे ते दृष्टीने गोचर आवे छे ते व्यवहार परमाणु कहेवाय छे, निश्चय नये तो खंध कहीये. व्यवहारथी परमाणु कहेवानुं कारण ए छे के ए पण बाल्या बले नही शस्त्रथी छेदाय नही अने एक परमाणुमां एक वर्ण, एक गंध, एक रस अने बे फरस रह्या छे. वर्तना प्रमाणे अने सत्ता प्रमाणे तो पांच वर्ण, बे गंध, पांच रस, आठ फरस रह्या छे तेथी परमाणुना

पर्यायनुं पलटनपणुं थाय छे ते पलटनपणे सत्तामांथी वर्त्तनारूप कालानो पीलो थाय पीलानो लाल प्रमुख थाय, एम फेरफार थाय छे. आ अधिकार अनुयोगद्वार सूत्रमां छपेली प्रतमा पाने २७० मे छे त्यांथी जोवो एवो परमाणुनो स्वभाव छे. तेथी एक छुटा परमाणुने निश्चय परमाणुं कह्यु छे अने बीजाने व्यवहार परमाणु कहेवाय छे निश्चय नये तो खंध कहीए. व्यवहारथी परमाणु कहेवानुं कारण एटलुं छे के दृष्टिने अगोचर छे ए पण वाल्या वले नहीं, शस्त्रथी छेदाय नहीं ए व्यवहारीक परमाणु अनंताए श्लक्ष्ण श्लक्ष्णिका ते आठे करीने श्लक्ष्ण श्लक्ष्णिका कहीए तेथी आठ गुणानु नाम भर्द्धरेणु तेवी आठ भर्द्धरेणुए एक त्रसरेणु थाय, जे सूर्यना प्रकाशथी छापराना छेरीयामांथी देखाय छे ते, एवी आठ त्रसरेणुए एक रथरेणु थाय, रथ चाल्ये जे आकाशे रज भरे ते, आठ रथरेणुए एक देवकुरुना युगलीआ मनुष्यनो वालाग्र थाय, एवा आठ वालाग्रे एक हरिवर्षना मनुष्यनो वालाग्र थाय, आठ ए वालाग्रे हेमवतना मनुष्यनो वालाग्र थाय, एवा आठ वालाग्रे महाविदेहना मनुष्यनो वालाग्र थाय, एवा आठ वालाग्रे भरतक्षेत्रना मनुष्यनो वालाग्र थाय, एवा आठ वालाग्रे एक लीख थाय, आठ लीखे एक जू थाय, आठ जूए एक जवमध्य थाय आठ जव मध्ये एक आगुल थाय, छ आंगुले एक पाद थाय, बार आगुले वेंत थाय, चोवीश आगुले एक हाथ थाय, एवा चार हाथे एक धनुष्य थाय, एवा बेहजार धनुष्ये एक गाउ थाय, एवा चार गाउए एक जोजन थाय, एना त्रण प्रकारना मान छे, ते अनुयोगद्वार सूत्रमां पाने ३९५ मे जोड लेवुं आ मापनी वचमांना खंधो तथा एथी मोहोटा खधो अनेक प्रकारना थाय छे, विचित्र संस्थान विचित्र मापना थाय छे. परमाणु घणा अने अवगाहना नानी, परमाणु एथी ओछा ने अवगाहना मोटी. केटलाएक खंधे

दृष्टिए देखाय, हाथमां पकडाय नही, केटलाएकना फरस जणाय पण नजरे देखाय नही, केटलाएक गंधथी जणाय पण नजरे गंध देखाय नही. एम विचित्र स्वभावना पुद्गलना खंध थाय छे, तेमना मलवाथी पुद्गलना खंधना विचित्र स्वभाव थाय छे, तेम स्वभावथी विचित्र रीतना पदार्थ बने छे, पाछा वीखरी पण जाय छे, ते जोवामां आवे छे, ने काम पण विचित्र प्रकारे करे छे. जेटला पदार्थ देखाय छे ते पुद्गल छे. आपणे जीव कहीए छीए, पण जीवने देखता नथी. जीवनां ग्रहण करेलां शरीर देखाय छे, ते सारु समाधि तंत्रमां जशविजयजी महाराज कहे छे केः—' देखेसो चेतन नहि, चेतन नांहि देखाय; रोष तोष कीनशुं करे, आपो आप बुजाय. माटे कहेवानी मतलब एटली छे के चेतन देखातो नथी, देखो छो ते चेतन नथी पण जरु छे, एटले पुद्गल छे, पुद्गलनां लक्षण नव तत्त्वमां दश कह्यां छे. वर्ण, गंध, रस, फरस, शब्द, अंधारु, उद्योत, ताप, प्रभा, छाया, आ दश लक्षणमांथी कोइ पण लक्षण देखाय तेनुं नाम पुद्गल जाणवुं. बीजां पांच द्रव्य छे ते देखातां नथी. आवुं पुद्गल पदार्थनुं ज्ञान होय तो विचारे छे के माहरो आत्मा अरूपी, आ रूपी पदार्थ, तेने जे मारुं कहुं छुं एज अज्ञानपणुं छे, अने ते अज्ञानपणुं गयुं नथी, त्यां सुधी पुद्गलीक पदार्थनी इच्छा मटती नथी, अने जरु पदार्थनी इच्छा छे, त्यां सुधी जीव कर्मथी मुक्त थतो नथी. आ पुद्गल पदार्थनुं ज्ञान घणुं विस्तारे भगवतीजी, अनुयोगद्वार विगेरे सूत्रमां छे ते सांभलशो तो विस्तारे समजण पडशे. कर्म जे बंधाय छे ते पण पुद्गल पदार्थ छे. पवन देखातो नथी, पण फरस थाय छे, ते पवनना पुद्गलनो थाय छे. एवी रीते केटलाएक सूक्ष्म पदार्थ दृष्टीए नथी देखाता; जेमके अंधारुं अजवालुं ए वस्तु पकडीए तो पकडाती नथी. पण रूप देखाय छे माटे पु-

दूगल पदार्थ समजवो वादर पदार्थना जाणयाथी सूक्ष्म पदार्थ-
नो अनुमाने निर्णय करवो

६ जीव द्रव्य ते अरूपी एटले जीवनुं रूप नथी, सचेतन
एटले चेतन शक्ति छे, चेतन एटले चेतवुं ते जाणवु जाणवानी
शक्ति जीव विना बीजा कोई पदार्थमा नथी अक्रिय एटले क्रि-
या कोई पण करवानो चेतननो धर्म नथी जे क्रिया थाय छे ते
अनादिकालना जीवनो कर्मनो संजोग छे, ते कर्मना संजोगथी
पोताना आत्मानुं स्वरूप भूली गयो छे, जेम मदिरा पाननो
पीनारो मदिरा पीईने मस्त थाय छे, एटले शुं करवा योग्य छे,
शु नहि करवा योग्य छे, ए ज्ञान रहेतु नथी, ने पोतानी जाति
स्वभाव नीति छोडीने वर्त्ते छे, तेम आत्मा पोतानो स्वभाव
छोडी विभाव वर्त्तनानी क्रिया करे छे स्वभाविक वर्त्तनानुं ना-
म क्रिया नथी विभावमां वर्त्ते तेने क्रिया कहेवी छे, माटे स्वभा-
विक धर्म अक्रिय छे, पण अज्ञान दशाने योगे जीवनो स्वभा-
वज भुली गयो छे. शरीर छे ते हुं छु एम जाणे छे शरीरना
दुःखे दुःखीत थाय छे, शरीरना सुखे सुख माने छे, धन पुत्र
परिवार जोईने आणंदित थाय छे, ए बधो पदार्थ आत्माथी
भिन्न छे, पण अज्ञानपणे जाणी शकतो नथी आत्माना छ ल-
क्षण कह्या छे, ते आत्मा जाणी शकतो नथी ते छ लक्षण कहु छु
अनंत ज्ञान एटले जगतमा अनंता जीव छे, अनंता पुद्गल प-
दार्थ छे, एक एक पदार्थमा अनंता गुण पर्याय रह्या छे, तेनी
त्रिकाल वर्त्तना थाय छे ते सर्व एक समये जाणी शके, एटली
शक्ति आत्मानी छे, पण जड़ संगे करी अवराई गई छे. तेथी
जीव जाणी शकतो नथी पोताना शरीरनी अंदर सर्व व्यापी
ने आत्मा रह्यो तेने पण प्रत्यक्षपणे जाणी शकतो नथी, तथा
शरीरना अंदरना भागमा शा शा पदार्थ रह्या छे, ते पण

जाणी शकतो नथी. ते ज्ञान अवराई गयुं छे तेना फल छे. ज्यारे जीवनो भाग्य उदय थाय छे त्यारे सर्वज्ञना वचननी प्रतीति थाय छे, अने आवर्ण खपाववानो उद्यम करे छे, तो कर्म खपी जाय छे, त्यारे ते सर्व प्रत्यक्ष जणाय छे. ए ज्ञान गुण सर्वथातो ज्ञानावरणी कर्म क्षय थाय छे त्यारे प्रगटे छे, अने थोडां थोडां कर्मनो क्षयोपशम एटले केटलांएक क्षय पाम्यां छे, केटलांएक उपसमाव्यां छे, एटले सत्तामां हाल उदय न आवे एवां कर्यां छे, तेने उपसम कहीये, एवी रीते क्षयोपसम थवाथी मतिज्ञान, श्रुत ज्ञान, अवधी ज्ञान, मनःपर्यव ज्ञान ए चार ज्ञान थाय छे, पछी विशेष विशुद्धिथी सर्व प्रकारे कर्मनो क्षय थवाथी केवल ज्ञान थाय छे. हवे एवुं ज्ञान प्रगट नथी थयुं तेथी अज्ञानपणुं रह्युं छे, एवीज रीते आत्मानो दर्शन गुण छे, दर्शन अने ज्ञानमां भेद शुं छे ? ज्ञाननो विशेष उपयोग, दर्शननो सामान्य उपयोग, ए रीते दर्शन लक्षण, एनां पण आवरणने लीधे दर्शन गुण प्रगट थतो नथी; जेमके चक्षुनो विषय १ लाख जोजननो छे. तो एटला दुरथी देखी शकता नथी. ते आवरणनुं जोर छे. ए प्रमाणे पांचे इंद्रीयोनी शक्ति शास्त्रमां छे, तेम चालती नथी ते आवरणनो प्रभाव छे. वली केवल दर्शनथी सामान्य बोध सर्व पदार्थनो थाय छे ते केवल दर्शनने आवरण लागवाथी दर्शन गुणनुं लक्षण वर्ततुं नथी, ते लक्षण आवरणनो सर्वथा क्षय थवाथी प्रगटशे. हवे चारित्र लक्षण ते आत्मा आत्माना स्वभावमां स्थीर रहे ते. हवे ते स्थीरता अवराईने विभावमां स्थीरता थई छे, ने मोहनी कर्मनो नाश थशे त्यारे आत्मस्वभावमां स्थीरता थशे. तेनां कारणरुप पांच चारित्र छे ने जेटलो जेटलो कषाय क्षय थशे तेटलो तेटलो चारित्र गुण प्रगट थशे. संपूर्ण क्षये संपूर्ण चारित्र लक्षण प्रगट थशे. तप लक्षण ते अवरावाथी तपस्या थती नथी,

ने विचित्र इच्छाउ वर्त्ते छे अने अंतराय कर्म क्षय थवाथी सर्वथा पुद्गल पदार्थनी इच्छाउ नाश थशे, तेनी अगाउ अंशे अंशे इच्छाउ रोकाशे, एटलुं एटलुं तप लक्षण प्रगट थशे, पाचमुं वीर्यनामा लक्षण ते आत्मानी अनंती वीर्य शक्ति छे, पण ते अवराई गई छे जेटलो जेटलो वीर्यातरायनो क्षयोपशम थाय छे तेटली तेटली आत्मानी वीर्य शक्ति शरीरमा रहीने चाले छे. जेमके श्रीमत् महावीर स्वामी भगवाने एक दीवसनी उमरमा टचली आगलीए मेरु कंपाव्यो एटली शक्ति शाथी जागी छे ? तो के कोई पण जीवोने दुःख दीधा नथी, ने पोताने कोई दुःख दे छे तो सहन करे छे, ने तेनी पण दया चींतवे छे के मने दुःख दईने आ जीव कर्म वाधे छे, एवी तेनी दया चींतवी तेने प्रतिबोध करे छे; जेमके चंडकोशी सर्पे डश दीधो तो तेने प्रतिवोध दई अनशन करावी देवलोके वैमानीक देव बनाव्यो आवी रीते दयाना प्रणामथी शक्तिउ प्रगट थई छे. आपणी शक्ति हणाई गई छे, ते दयाना प्रणाम नष्ट थई हिंसानी प्रवृत्ति करवाथी वीर्य वल नष्ट थई गयुं छे, ते पाछा दया भावमा वर्तीए तो वीर्य शक्ति जागे; ते दया वे प्रकारे करवी जोईए. एक द्रव्य दया ते एकेंडी जीवथी ते पंचेंडि जीव सुधी कोई पण जीवने हणवो नहि, तेम कोई पण प्रकारनुं दुःख देवुं नहि, ते द्रव्य दया छे. वीजी भाव दया एवा जीवने दुःख देवानी वर्त्तना करवी, ते आत्मानो धर्म नथी. आत्माने आत्माना स्वभावमा रहेवुं, ते न रहेवाथी आत्माना भाव प्राणनी हानि थाय छे आत्माना भाव प्राण ज्ञान, दर्शन, चारित्र, वीर्य ए चार कह्या छे, ते जेटली विभाव दशानी वर्त्तना थशे, तेटली हणाशे जेटली जेटली विभाव दशा त्याग थशे, तेटली भाव दया थशे, ते एवी भाव दया जेटली प्रगट थशे तेटली तेटली वीर्य शक्ति जागशे. अने संपूर्ण वीर्य गुण

सर्व प्रकारे कर्म नाश थशे त्यारे प्रगट थशे तेज वीर्य लक्षण.

६ छट्ठुं उपयोग लक्षणः—उपयोग शुं छे ते जाणवानी शक्ति छे पण जाणवामां चित्त घालवुं ते रूप उपयोग करता नथी त्यां सुधी जाणी शकता नथी, ते रूप उपयोग ज्ञान दर्शनना भेदे करी बार प्रकारे छे ते कर्मग्रंथथी जाणवा.

आ छए लक्षण जीव द्रव्यनां छे, ते जीव जाणतो नथी त्यां सुधी जीवने पोतानी पारकी चीजनी खबर पडती नथी, ते सर्व अज्ञाननतानां फल छे. जीव छे ते सदा अविनाशी छे, ते पोतानुं स्वरूप न जाणवाथी सदाकाल मरवानो भय राखे छे, एवा अनंत गुण आत्माना छे ते केवलज्ञानी महाराज सिवाय बीजा जीव जाणी शकता नथी. जीवना भेद १४ तथा ५६३ बताव्या छे, ते कर्म संयोगे करी शरीर, इंद्रीयो वगेरेना फेरफारना छे. बाकी कर्म रहित सत्ताए बधा सरखा छे. भेद नथी तो पण भेद जाणवा, ते अधीक उंडा व्यवहारमां छे ते समजवा लखुं छुं.

१ एकेंद्रि सुक्ष्म ते चर्म चक्षुए देखाता नथी २ एकेंद्रि बादर ते चक्षुए करी देखी शकाय. ३ बेइंद्रि बे इंद्रिवाला. ४ तेइंद्रि ते त्रण इंद्रिवाला. ५ चोरेंद्री एटले चार इंद्रिवाला. ६ असन्नि पंचेंद्रि ते मन रहित. ७ सन्नि पंचेंद्रिय ते मन सहित.

ए सात जातना पर्याप्ता एटले पर्याप्ती पूर्ण करेली, अपर्याप्ता ते पोतानी पर्याप्ती पूरी करी नथी; एटले सात पर्याप्ता अने सात अपर्याप्ता मली १४ भेद जीवना थाय छे. हवे विस्तारे एना ५६३ भेद कहे छे.

१९८ देवताना थाय ते नीचे मुजब.

१० भुवन पति. १५ परमाधामीना देवता. १६ व्यतंर जातिना देव. १० तिर्यग जृंभकना देव. १० ज्योतसीनी जातिना देवता. १२ देवलोक वैमानीकनी जातिना देव. ३ किल्विषियानी

जातिना देव. ढेढ जेवा. ए लोकांतिक जातिना देव एकावतारी. ए ग्रैवेक जातिना देव. ५ अनुत्तर विमानना देवता ए कुल एएए जातना देवता, ते पर्याप्ताने अपर्याप्ता मली १एए अया ए देवोने कवल आहार नथी. पोतानी इच्छा प्रमाणे आहारनो स्वाद आवे छे. केटलाएक उंग पुन्यवाला होय तेमने इच्छा परमाणे न पण बनी शके. देवतानी जातिने वैक्रिय शरीर छे. तेथी रोगादी उपजता नथी. मनुष्यना आनखाने उपक्रम लागे छे, तेवुं देवताने उपक्रम न लागे. पूरे आउखे मरे. एक बीजानी ऋद्धिमा घणो फेरफार रहे छे. वेपार रोजगार करवानी जरुर पमती नथी. ए सामान्य-पणे देवतानी जाति कही

३०३ मनुष्य गणावे छे, ते त्रण जातिना थाय छे.

१५ कर्मभूमिना मनुष्य. कर्मभूमि कोने कहे छे ? ज्या अ-सि कहेता हथीआर, तरवार, भाला, छरी, कोश, कुहामा, ए वस्तुनु नाम असि कहीये, ते ज्या वपराय छे. मसी कहेतां नामु, चोपमा लखवामा आवे छे. कृषि कहेता ज्या कर्षण ( खे-तीवामी ) करवानु थाय छे, ए त्रणजातिना कर्म जे क्षेत्रमा करवानु थाय छे, तेने कर्मभूमिना मनुष्य कहीए ते क्षेत्रना नाम.

३ जंबुद्वीपमां मनुष्य १ भरतक्षेत्र. १ ऐरवृतक्षेत्र. १ महाविदेहक्षेत्र.

६ धातकीखंम द्वीपमां मनुष्य. २ भरतक्षेत्र. २ ऐरवृतक्षेत्र. २ महाविदेहक्षेत्र.

६ पुष्करावर्त द्वीपने विषे मनुष्य. २ भरतक्षेत्र. २ ऐर-वृत क्षेत्र. २ महाविदेह क्षेत्र

ए १५ क्षेत्रमा वसनारा मनुष्य पंदर जातिना, एमा भ-रतक्षेत्र तथा ऐरवृतक्षेत्रना मनुष्यनी रीति सरखी छे, कालस्थि-ति पण सरखी छे, छए आरानी हकीकत सरखी छे. पाच म-

हाविदेहक्षेत्रमां सदा तीर्थंकर महाराज विचरता लाभे छे, उ-
त्कृष्टमां उत्कृष्ट एक महाविदेहमां चार तीर्थंकर महाराज होवा
जोईए, एम जंबुद्वीप पन्नत्तिमां अधिकार छे. कोई ग्रंथमां वे पण
कहे छे, एम प्रवचन सारोद्धारमां कहेलुं छे. तत्त्व केवलीगम्य. वली
उत्कृष्ट कालमां एक महाविदेहमां वत्रीश विजय छे, ते सर्वे वि-
जयमां एक एक तीर्थंकर महाराज होय तेथी एक महाविदेहमां
वत्रीश तीर्थंकर विचरता लाभे; वली केवलज्ञानी सदा काल ला-
भे, मोक्षमार्ग सदाकाल वर्त्ते; जेम भरत, ऐरवृतमां मोक्षमार्ग
त्रण आरामां वर्ते छे, ने वीजा आरामां वंध थई जाय छे, तेम
त्यां नथी. आउखा विषे पण भरत ऐरवृत्तमां उंचुं वत्तुं छे, तेम
त्यां नथी. सदा क्रोड पूर्वनुं आउखुं छे. शरीरमान पांचसें धनु-
ष्यनुं छे, आ फेरफार छे, वीजो पण फेरफार शास्त्रथी जोवो.

३० त्रीश अकर्मभूमि तथा छपन्न अंतर द्वीपना मनुष्य
जुगलीआं छे ते मनुष्यने वेपार, रोजगार, रांधवुं, खेतीकाम, को-
ई पण जातनां हुजार वनाववां, वस्त्र पहेरवां, ए कांई पण कर-
वानुं नथी; टुंकामां असि, मशी अने कृषि ए त्रण कर्मभूमिना
मनुष्यने छे तेम एमने नथी. फक्त कल्पवृक्ष फल आपे ते खावां
छे. कल्पवृक्षथी घर बनी गयां छे, तेमां रहे छे. जेनी जेटली म-
रजादा छे ते प्रमाणे आहारनी इच्छा थाय ते वखते कल्पवृक्ष
एनी मरजी प्रमाणे आपे, आयुष्य शरीर पण मोटां छे, ते दरेक
क्षेत्र अपेक्षित छे, ते आगल आवशे. तेम वली त्यांथी मरीने देवता
थाय, बीजी गतिमां जाय नहि. केमके सरल स्वभावी छे, आ-
करा राग द्वेष नथी.

१० हैमवंत अने ऐरण्यवृत जुगलीआनां क्षेत्र. २ जंबुद्वीप-
मां तेमज ४ धातकीखंडमां ४ पुष्कलार्द्धमां.

ए दश क्षेत्रमां जुगलीआं मनुष्य थाय छे तेमनुं शरीरमान

एक गाउनुं, एक पल्योपमनुं आउखु एकातरे आमला प्रमाणे आहार करे, आयुष्यना छेडाउपर एक जोडलानो स्त्री गर्भ धरे तेनो जन्म थया पछी ७९ दिवस सुधी तेनी प्रतिपालना माता पिता करे. पछी माता पिता मरीने देवता थाय आ स्थिति छे

१० हरिवर्ष अने रम्यक ए वे क्षेत्र नीचेना द्वीपमा छे २ क्षेत्र जंबुद्वीपमां. तेमज ४ पुष्कलार्धमा, ४ धातकी खंडमा

ए दश क्षेत्रनां जुगलीआनुं देहमान वे गाउनुं, आउखुं वे पल्योपमनुं, वे दीवसने आतरे आहार वोर प्रमाणे करे, चोशठ दीवस छोकरानी प्रतिपालना करे

१० देवकुरु. उत्तरकुरुना जुगलीआना क्षेत्र २ जबुद्वीपमा ए वे क्षेत्र. तेमज ४ पुष्कलार्धमा ४ धातकी खंडमां

१० ए दशे क्षेत्रना जुगलीआनुं देहमान त्रण गाउनु, आउखुं त्रण पल्योपमनुं, त्रण दीवसने आतरे तुवेर प्रमाणेआहार कल्पवृक्षना फलनो करे, ४९ दीवस छोकरांना जुगलनी प्रतिपालना करीने काल करे.

३० ए त्रीश क्षेत्रना मनुष्यने अकर्मभूमिना मनुष्य कहीये

५६ छप्पन अतरद्वीपना मनुष्य ते अतरद्वीप जबुद्विपनी जगतीना कोटनी नजीक हेमवंत तथा शीखरी . पर्वत छे बने पर्वतमाथी दाढाउ नीकली छे ते कोटना उपर थईने समुद्रमा गई छे ने चार चार दाढाउ नीकले छे ने प्रेकेक दाढा उपर सात सात द्वीप छे, ए प्रमाणे ५६ अंतरद्वीप थया अतरद्वीप केम कह्या? लवण समुद्र उपर अधर रह्या तेथी अंतरद्वीप कहीए अने ए द्वीप उपर वसनार जुगलीआ मनुष्यने अतरद्वीपना मनुष्य कहीए.

ए मनुष्यनु शरीर आठमें धनुष्यनु होय, आयुष्य पल्योपमना असख्यातमा भागनु होय, तेने पण कल्पवृक्षथी आहार होय.

ए कुल १०१ क्षेत्रना मनुष्य ते पर्याता तथा अपर्याता ए वे भेदे

गर्भजना गणतां २०२ भेद थया, तेमां १०१ भेद समूर्छिम मनुष्यना. समूर्छिम मनुष्य कोने कहीए ? मनुष्यना मलमूत्र, लींट, वमन, थुंक, लोही, मांस, वीर्य, चामडी विगेरे माणसना अंगना पदार्थमां उत्पन्न थाय, आयुष्य अंतर्मूहुर्तनुं. अपर्याप्ति अवस्थाएज मरण पामे. ए मनुष्यो पर्याप्ति पुरी करेज नहि. शरीर पण अंगुलना असंख्यातमा भागनुं होय, एटले देखवामां आवे नहि, ए सात आठ प्राण बांधतो मरण पामे. ए कुल भेद ३०३ मनुष्यना जाणवा.

हवे तिर्यंचना ४८ भेद ते नीचे मुजब.

एकेंद्री ते जेमने एक फरस इंद्रि छे तेना भेद.

४ पृथ्वीकाय ते माटी, पाषाण, रत्न, सोनुं, धातुड. मोतीने पण अनुयोगद्वारनी टीकामां पृथ्वीकाय अने अचित कह्यां छे. ए बाबतमां माणसनां मनने शंका थाय के छीपना शरीरमां पृथ्वीकाय केम थाय. ते विषे जाणवुं जे मनुष्यना शरीरमां पथरी थाय छे, तो ते पृथ्वीकाय छे तेम ए पण जाणवुं. ए पृथ्वीकायना पथरा प्रमुख मोटा मोटा देखाय छे, तो पण ए असंख्याता जीवनो पींड छे. एक आमला जेटली माटी वा पथर लीधो होय तेमां असंख्याता जीव छे. एक जीवनुं शरीर अंगुलना असंख्यातमा भागनुं छे ते बधानो पींडभूत छे. ए जीवनां शरीर कल्पनाथी कबुतर जेवडां करीए तो एक लाख जोजननो जंबुद्वीप छे तेमां माय नहीं. एवी पृथ्वीकायना शरीरनी सूक्ष्मता छे. ए पृथ्वीकायनुं उतकृष्ट आयुष्य बावीश हजार वर्षनुं छे, ते बादर पृथ्वीकायनुं छे. ते देखवामां आवे छे तेनुं स्वरूप कह्युं. हवे पृथ्वीकायना एथी पण सूक्ष्म जीव छे ते चर्मचक्षुने अगोचर छे. केवलज्ञानी महाराजे पोताना ज्ञानमां जोइने कह्या छे, ते चउद राजलोकमां बधे छे. तेनुं आयुष्य

जघन्य अने उतकृष्ट अंतरमुहूर्तनुं छे ए पृथ्वीकायना वे भेदने पण पर्याप्ता जेणे चार पर्याप्ति पुरी करी छे ते, तथा अपर्याप्ता जेणे चारे पर्याप्ति पूरी करी नथी, वा अपर्याप्ति अवस्थाएज मरे छे, ते अपर्याप्ता सूक्ष्म तथा वादर पृथ्वीकाय एटले चार भेद थया

अपकायना च्यार भेद ते पाणीना जीव, तेमा कुवानु, तलाव, समुद्र, वरसाद, धुमर प्रमुखनुं पाणी. ए पाणीना जीवनुं शरीर पण अगुलना असख्यातमा भागनुं ए पाणीनो पींड देखाय छे, तेना एक वींदुमा पण असंख्याता जीव छे ए जीवनुं आयुष्य जघन्य अंतर मुहूर्तनुं, उत्कृष्टथी त्रण हजार वर्षनुं छे ए वादर अपकाय, तथा सूक्ष्म अपकाय ते देखवामा आवता नथी एटले वे भेद थया ते पर्याप्ता तथा अपर्याप्ता वे मेलवता अपकायना चार भेद थया

तेउकायना चार भेद ते सूक्ष्म तेउकाय तथा वादर तेउकाय. ए वे पर्याप्ता तथा अपर्याप्ता एनु शरीर अंगुलना असंख्यातमा भागनुं आउखुं उत्कृष्ट त्रण दिवसनु. एमा पण सूक्ष्म तेउकाय अगोचर छे

वाउकायना च्यार भेद ते सूक्ष्म वाउकाय तथा वादर वाउकाय ए वे पर्याप्ता तथा अपर्याप्ता एम चार भेद वाउकायनुं शरीर अंगुलना असख्यातमा भागनु, आयुष्य वादर वाउकायनुं उत्कृष्ट त्रण हजार वरसनुं अने सूक्ष्म वाउकायनुं अंतमुहूर्तनु

वनस्पतिकायना छ भेद-तेमा प्रत्येक वनस्पति ते एक शरीरे एक जीव होय ते, जेम के एक फलनी माहे जेटला वीज छे तेटला जीव छे फलनी छालनो एक जीव, फलना गर्भनो एक जीव, वृक्षनी शाखानो एक जीव, मूलनो एक जीव, थडमां एक जीव, पत्रमा एक जीव, एवी रीते जूदा जूदा जीव होय कोई कहेशे जे आखा झाडमां एक जीव तो फलना, वी-

जना जूदा जूदा जीव केम ? ते विषे समजवुं के, स्त्रीना आखा शरीमां एक जीव छे, पण तेना शरीरमां गर्भ जेटला रहे छे ते गर्भना जीव जूदा जूदा होय छे. तेम बीजना जीव जूदा जूदा होय. एवां जे फलादिक तेने प्रत्येक वनस्पति कहीये. मोटां झाम वम, पीपला, नालीएरी विगेरे तथा घउं प्रमुख अनाजनां झाम तथा शाक, फल, चोळा प्रमुखना वेलादिक ए सर्वे प्रत्येक वनस्पति जाणवी. ते बे प्रकारे पर्याप्ता अने अपर्याप्ता. वनस्पतिकायना जीवने च्यार पर्याप्ति कही छे, ते पुरी करी नथी त्यां सुधी अपर्याप्तो, पूरी करे त्यारे पर्याप्तो. अपर्याप्ति अवस्थाये पण केटलाएक मरण करे छे. पर्याप्ति प्रत्येक वनस्पतिना झाम, वेला मोटामां मोटा एक हजार जोजन अधीकना थाय छे, ए वेलाउ निरावाध जगामां लांबा जाय छे ते जाणवुं. अने अपर्याप्तानुं शरीरनुं मान अंगुलना असंख्यातमा भागनुं कह्युं छे. उत्कृष्ट आयुष्य दश हजार वरसनुं कह्युं छे. जघन्य अंतर्मुहूर्तनुं कह्युं छे, अने अपर्याप्तानुं जघन्य उत्कृष्ट अंतमुहूर्तनुं छे. एक पर्याप्तानी निश्राये असंख्याता अपर्याप्ता रह्या छे. ए अधिकार पन्नवणाजीमां विस्तारे कह्यो छे. लीली वनस्पतिमां ए अपर्याप्ता संभवे छे, हवे साधारण वनस्पतिकाय ते एक शरीरमां अनंता जीव रह्या छे, तेने अनंत काय कहीये, अने निगोद पण कहीये. ते निगोद बे प्रकारे छे. एक बादर निगोद ते वनस्पति दृष्टिए देखवामां आवे छे. आदू, मूला, गाजर, सूरण, रतालु, आदे कंदनी जातो जे कंद काप्या छतां पण पाछा उगे ते तथा झाळोमां उगता अंकुरा जे जे पत्र फल प्रत्येकने योग्य नथी थयां, जेनी नस बीज परव देखाय नही, भाग्या छतां सरखुं भागे, कापेला जेवुं देखाय, भागेली जगोये पाणीना मोतीआ बाजे, एवी वनस्पतिने अनंतकाय कहीये, ने साधारण वनस्पति तेनेज बादर निगोद कहीये. ते जीव पण बे

प्रकारे, पर्याप्ता तथा अपर्याप्ता एमनुं शरीर अंगुलना असंख्यातमा भागनु छे, आयुष्य अंतर्मुहूर्तनुं हवे सूक्ष्म निगोद ते चउदराज लोकमा सर्व ठेकाणे भरेली छे, सूक्ष्म निगोद विनानी कोइ जगो खाली नथी एनी सूक्ष्मता एवी छे के अंगुलना असंख्यातमा भागमा निगोदना असंख्याता गोला छे, तेमाना एक गोलामा असंख्याती निगोद छे, ते एक निगोदमा अनंता जीव छे, ते जीवोनुं आयुष्य एक श्वास लइने मुकीए तेटलामा सत्तर भव साडा सत्तर भव करे थाय, एटले एटली वार मरवुं उपजवुं थाय, ए जीव पण पर्याप्ता अने अपर्याप्ता बे प्रकारे छे. ए बे भेद प्रत्येकना, बे भेद बादर निगोदना, बे भेद सूक्ष्म निगोदना—ए त्रणना मली वनस्पतिना जीवना छ भेद थया

२ बेइंद्री जीव ते शंख, कोडा, गंडोला, अलसीयां, मेहेर, कर्मीया, शर्मीया, आदे जेने शरीर ते फरस इंद्रि तथा मुख ते रस इंद्रि ए बे इंद्रि छे ते बे इंद्रि जीव जाणवा ए पण पर्याप्ता अने अपर्याप्ता बे भेदे छे ए जीवनुं शरीर मोटामा मोटुं बार जोजननु होय, एवा शरीरवाला जीव विशेषे करीने चोथा आरामा थाय छे, ते कालमा मनुष्यनुं शरीर पण मोटु होय छे, केटलाएक जीवने भगवंतना वचननी प्रतीत नथी होती तेने व्यामोह थाय छे के आटलुं मोटु शरीर केम होय.पण बुद्धिमानने तथा भगवंतना वचननी श्रद्धावालाने शंका थती नथी. कारण जे हालमा एक पेपरमा वाचवामां आवेलु हतुं के एक गीलोडीना हाडका सत्त गजना हता, ने देखीती तो हालमा चार तसुनी देखाय छे हाडका आटला मोटा देखाय छे कोई काले एवी मोटी पण थती नीश्चे थाय छे तेम हालमा देश फरथी पण मोटा नानानो फेर देखाय छे काठेजी बलदीया जेवा मोटा थाय छे तेवा मोटा बलदीया आ देशमां थता नथी. घोडा वि-

लायती एटला मोटा आवे छे के तेवा मोटा गुजरातमा थता नथी. माणसो पण पंजाबमां ऊंचां मजबूत थाय छे तेवां गुजरातमां थतां नथी. एनुं कारण एटलुं छे के हवा पाणीना फेरफारथी थाय छे. तेम कालना फेरफारथी फेरफार थाय एम जाणी बुद्धिवानने शंका थती नथी. ए बेइंद्रि जीवनुं आयुष्य बार वरसनुं उत्कृष्ट थाय छे.

२ तेइंद्रि जीवना बे भेद छे ते पर्याप्ता अने अपर्याप्ता. ते जीव—मांकण, कीडा मंकोडा वीगरे जाणवा ए जीवनुं शरीर मोटामां मोटुं त्रण गाउ सुधीनुं थाय छे, तथा आयुष्य उत्कृष्ट उगणपचास दीवसनुं कह्युं छे. ए पर्याप्तानुं जाणवुं, अने अपर्याप्तानुं तो अंतर मुहूर्तनुं होय.

२ चौरिंद्रि जीव पण बे प्रकारे पर्याप्ता अने अपर्याप्ता ए जीवने पांच पर्याप्ति छे ते पूरी करे त्यारे पर्याप्ता अने तेमांथी अधुरी पर्याप्ति होय ते अपर्याप्ता. माखी, मछर, वींछु, प्रमुख जीव जाणवा. ए जीवने फरस इंद्रि, रस इंद्रि, घ्राण इंद्रि, चक्षु इंद्रि ए चार इंद्रि होय. आयुष्य उत्कृष्ट छ मासनुं होय, शरीर उत्कृष्ट एक जोजननुं होय.

२० पंचेंद्रि तिर्यंचना वीश भेद ते नीचे प्रमाणे जाणवा.

१ जलचर ते पाणीमां चाले ते मछ,ते माछलां,सुसुमार वीगरे.

२ थलचर ते जमीन उपर चाले ते गाय, भेंस, बलद, हाथी, घोडा वीगरे.

३ खेचर ते आकाशे उडे ते पंखीउनी जाति.

४ उरपरिसर्प ते पेटे चाले तेमां सर्प प्रमुख जाणवा.

५ भुजपरिसर्प ते भुजाए चाले ते नोलीया खीसकोली प्रमुख.

ए पांच प्रकारना तिर्यंच ते गर्भथी उत्पन्न थाय ते, गर्भज

ए स्त्री पुरुषना संजोगथी उत्पन्न थाय छे, ए जीवनां शरीरनां मान तथा आयुष्य, क्षेत्र,काल, जीव अपेक्षाये जूदा जूदा छे,ते पन्नवणाजी जिवाभिगमथी वा जीव विचारथी जाणवा ए जीव कर्म भू-मिमा तथा अकर्म भूमिमा उत्पन्न थाय छे बीजो भेद सम्मूर्छिम तिर्यंच ते स्त्रीना संजोग विना उत्पन्न थाय छे जेम के देडको मरी गयो होय ने तेनुं कलेवर होय ते कलेवरमा वरसादनो छा-टो पडे के-पाछा तेमा देडका उत्पन्न थाय, वीछुनुं कलेवर होय तेमा वीछु उत्पन्न थाय छे, छाणमां पण वीछु उत्पन्न थाय छे, तेम केटलीक वस्तुना प्रयोगमा जीवो उत्पन्न थाय छे, ते जीवने सम्मूर्छिम कहीये ए पण पाच प्रकारे थाय छे एटले गर्भज अने सम्मूर्छिम मलीने दश भेद थया,ते गर्भजने छ पर्याप्ति छे,सम्मूर्छिमने पाच पर्याप्ति छे ते प्रमाणे पर्याप्ति करे तेने पर्याप्ता कहीये पर्याप्ति पुरी नथी करी त्या सुधी अपर्याप्ता कहीये ए प्रकारे वे भेदे गणता वीश भेद थाय, ते वीश प्रकारना तिर्यंच पंचेंद्रि जाणवा एकेंद्रिथी तिर्यंच पंचेंद्रि सुधीना भेद एकठा करतां अ-डतालीश भेद सर्व तिर्यचना थाय.

हवे नरकना जीव चउद प्रकारे नरकना नामना भेदथी थाय छे. रत्न प्रभा नरकना नारकी१ शर्करा प्रभा नरकना नारकी २ वालुका प्रभा नरकना नारकी ३ पंक प्रभा नरकना नारकी ४ धुम प्रभा नरकना नारकी ५ तमः प्रभा नरकना नारकी ६ तमतमा प्रभा नरकना नारकी ७.

ए साते नरकमां जीव उपजे ते नारकी कहीये पेहली न-रकना करता वीजी नरकमा दुख वधारे, आयुष्य वधारे, शरीर मोटुं एम अनुक्रमे सातमी नरक पर्यत एक एकथी वधारे दुख, आयुष्य शरीर पण वधारे छे ए नरकमा दुख एवा छे जे दुखनो जोडो मनुष्य लोकमा नथी. केटलीएक नरकमा परमाधामीनी

करेली वेदना छे. केटलीएक नरकमां स्वभाविक क्षेत्र प्रभावे वेदना छे. जे जे आकरां पाप करे तेनां फल नरकमां भोगववानां छे. आयुष्य वधारेमां वधारे तेत्रीस सागरोपमनुं छे, तेमां असंख्याता काल जाय, तेटला काल सुधी दुःख भोगववानुं छे अने मनुष्यमां विषयनुं अल्प काल सुख मानेलुं माणवुं. वस्तुपणे तो विषयमां सुख नथी, पण अज्ञानपणे सुख मानी विषय भोगवे छे अने तेनां फल जीव नरकमां भोगवे छे. ए नरकना जीवने दश प्राण छे, छ पर्याप्ति छे, ते बांधी न रह्यो होय त्यां सुधी अपर्याप्तो कहेवाय ने पूर्ण बांधे एटले पर्याप्तो. ते पर्याप्ता अने अपर्याप्ता एम बे भेद गणातां चउद भेद थाय, एटले चउद प्रकारना नारकी.

ए एकेंद्रिथी पंचेंद्रि सुधीना सर्वे भेद भेगा करीये त्यारे चारे गतिना कुल ५६३ भेद थाय ते नीचे प्रमाणे.

| | |
|---|---|
| १९८ भेद देवताना | ३०३ मनुष्यना भेद. |
| ४८ तिर्यंचना भेद | १४ नारकीना भेद. |

एम बधा मली सामान्यथी जीवना ५६३ भेद थाय छे विस्तारथी तो जीवना भेद तथा जीवनां स्वरूपनुं वर्णन करतां आयुष्य पण पहोंचे नही एटलुं वर्णन शास्त्रमां करेलुं छे, माटे विस्तार रुची जीवोए शास्त्र अभ्यास करी जाणी लेवा, पण ज्यां सुधी अज्ञाननुं जोर छे त्यां सुधी जीवने वीतराग भाषित शास्त्र जोवानुं तथा सांभलवानुं मन थशे नही, एम करतां जबराइथी वा शरमथी सांभलशे तो श्रद्धा करशे नहीं तेनुं कारण एटलुंज छे के पूर्व भवनी विपरीत श्रद्धानी संज्ञा चाली आवे छे, तेना जोरथी साची वस्तु रुचे नही. उन्मार्गनी रुची थाय. विपरीत वस्तु उपर कल्पित न्याय जोडी तेनी श्रद्धा करे. बीजा जीवने पण कुयुक्ति करी समजावी उन्मार्गमां पाडे अने तेवीज रीते अनेक जूदा जूदा धर्मो थइ गया छे, अने जे माणस जे ध-

मेने माने छे, ते धर्ममा शुं कह्यु छे ते पण जाणता नथी. पोते जेने देव माने छे ते देव शा कारणथी मानुं छुं, ते देवमा देवना लक्षण छे के नथी ते जोता नथी केटलाएक ब्राह्मणोए क्रीश्चियन धर्म अंगीकार करी वेद धर्म छोडी दीधेलो, तेज वेद धर्ममा शी भूल छे ते जाणता नथी तेम वेदमा कह्याथी विपरीत चालीए छीएं ते पण जाणता नथी एक क्रीश्चियनने पूछएलुं तो संतोषकारक भूल पण बतावी शक्यो नही, तेनुं कारण एटलुंज छे के स्त्री अने धनना लोभे धर्म अंगीकार करे छे, तेने काई पछी धर्म जाणवानी जरुर पडती नथी, अने अज्ञानना जोरथी सत्य खोलवानुं चित्त थतु नथी. केटलाएक ब्राह्मणो जैननी निंदा करे छे ते एटला सुधी के वेश्याना घरमा पेसवुं पण जैन मदिरमां न जवुं, आ केटलु भूल भरेलुं छे ते नीचेनी हकीकतथी सहेज समजाशे महाभारत शास्त्रमा नीचे प्रमाणे श्लोक छे.

युगेयुगे महापुण्यं, दृश्यते द्वारिकापुरि।
अवितीर्णो हरि र्यत्र, प्रभासे शशि भूषणः ॥१॥
रैवताद्रौ जिनो नेमि र्युगादिर्विमलाचले।
ऋषीणामाश्रमा देवः मुक्ति मार्गस्य कारणम् ॥२॥

आ मुजब महाभारतमा श्लोक छे--ए श्लोकमा जैननुं तीर्थ जे रैवतगिरि हालमां गिरनारजी कहेवाय छे, तथा त्या नेमिनाथजी महाराज बावीसमा तीर्थंकर तेनोज महिमा जैनीयो माने छे, तेज तीर्थनुं तथा नेमिजिननुं बहुमान पूर्ण कर्युं छे वली विमलाचल जे हालमा शत्रुंजय कहेवाय छे. त्या युगादिजिन एटले ऋषभदेवजीने युगादिज जैनशास्त्रमा कह्या छे, तेम भारतमा पण कह्या छे ए बे तीर्थने मोक्षनुं कारण आ श्लोकमा बता-

व्युं छे, तो भारतना माननारने ए जैनना तीर्थने अने देवने मोक्ष कारणभूत सेववा जोईए के निंदा करवी जोईए? भारत तो हमेश वंचाय छे, ते छतां आ वात ध्यानमां न रहेतां अवलो रस्तो पकड्यो छे ते अज्ञाननी राजधानीनुं फल छे. पण जेने कांईक अज्ञान पातलुं पड्युं होय तेना कान खोलवा सारु आ बावत जणावी छे. हजु बीजा पण स्थानमां छे ते नीचे लखीए छीए.

॥ ऋग्वेदनो मंत्र ॥

ॐ त्रैलोक्य प्रतिष्ठितान् चतुर्विंशति तीर्थंकरान् ऋषभाद्यान्वर्धमानांतान्सिद्धान् शरणं प्रपद्ये ॥

॥ यजुर्वेदनो मंत्र ॥

ॐ नमोर्हतो ऋषभाय ॐऋषभपवित्रं पुरहुतमध्वरं यज्ञेषु नग्नं परममाह संस्तुतावारं शत्रुंजयं तं सुरिन्द्रमाहुतिरिति स्वाहा ॥

॥ यजुर्वेदनो बीजो मंत्र ॥

ॐत्रातारमिन्द्र ऋषभंवदंतिअमृतारमिन्द्र हवेसुगतं सुपार्श्वे मिन्द्रहवे सक्रमजितंतद्वर्द्ध मानपुरहुतमिंद्र माहुतिरिति स्वाहा ॥

॥ त्रीजो मंत्र ॥

ॐनग्नं सुधीरंदिग्वाससं ब्रह्मगर्भसनातनं उपैमिवीरं पुरुषमर्हंतमादित्यवर्णं तमसः पुरस्तात् स्वाहा ॥

पुनः ऋग्वेद. मं. १ अ. १४ सू. १०

स्वस्ति नस्तार्क्ष्यो अरिष्ट नेमिः ॥

आ रीतना वेदोमा मंत्र छे; ते दयानंद छलकपट दर्पण नामनी चोपडीमा में वाच्या पाने ११९ ते उपरथी वेदना जाणकार शास्त्रीने वताव्या, अने पूछ्युं के आ मंत्रो तमारा वेदमा छे ? त्यारे ते शास्त्रीये सत्य दशा धरीने कह्यु जे अमो नित्य वेदनुं अध्ययन करीये छीए, तेमा आवे छे आ शास्त्रीना केहेवाथी खात्री थई के वेदमानाज छे, तेथी आ चोपडीमां दाखल कर्या, जे हठ विनाना होय तेने समजाय के जैनना देवने पण वेदवालाए मान्य कर्या छे तो तेमनी निंदा केम करुं–वली जैनधर्म नवीन छे एवुं जेना मनमा होय तेने समजाय के जैनना ऋषभदेवजीथी ते चोवीशमा महावीर स्वामी पर्यंत चोवीस तीर्थंकरना वहुमान नमस्कार कर्या छे, तो ए जैनधर्मना देव थया पछी वेद थया के केम ? जो वेद अनादि होत तो ए देवनुं स्मरण थात नही माटे जैनधर्म अनादि छे ए निश्चे वेदथीज थाय छे पण आ वात जेने मिथ्यात्व पातलुं पड्युं हशे तेने समजाशे पण जे हठ कदाग्रही छे, अज्ञाननु जोर पूर्ण छे तेवा माणसने विचार करवानी वुद्धिज जागती नथी अने खरुं समजातुं नथी करता आव्या ते करवुं एटलुंज समजी राख्यु छे, अने ज्यारे अज्ञान खसशे त्यारे खरुं खोटु खोलवानी बुद्धि जागशे, अने खरुं अंगीकार करशे जे जे माणस पोताना देव माने छे, अने ते देवोए धर्म वताव्यो छे, ते प्रमाणे ते देवो धर्ममां वर्त्या छे के नही, ते सारु देवोना शास्त्रमा चरित्र छे ते जोवा जोईए, अने ते चरित्रमा जेम आपणने चालवा कहे छे तेम ते पुरुष चालेला नथी अने सर्वज्ञपणुं माने छे ते चरित्रथी सिद्ध थाय छे के नही, अने ते सिद्ध न थाय तो पछी तेमने देव शा सारु मानवा एवो विचार अज्ञान खसशे त्यारे थशे. त्यासुधी थशे नही. वली गुरुपणुं धरावे छे, अने लोकने धर्म उपदेश देछे के अहिंसा धर्म सर्वमा मुख्य छे एम समजावे छे पण पोते हि-

सानो त्याग करता नथी. असत्य बोलवुं नहीं ए छये दर्शनवालाने मान्य छे, तेम छतां गुरु थइने असत्य बोलतां डरे नहीं, चोरी करवी नही, कोईने ठगवुं नही, ए जगत निंदनीक छे. सर्व धर्ममां निषेध छे. ते छतां गुरु नाम धरावे अने चोरी ठगाइ कपटनां काम करे. पर स्त्रीनो त्याग सर्व धर्ममां ने जगतमां निंदनीक छे, तेम छतां गुरु थइ सेवकनी स्त्री, बेन, मा, छोकरीनी साथे मैथुन सेवतां डरे नहि. साधुने धन राखवुं नहि जोईए ए आर्य धर्मनी मर्जादा छे तेम छतां सेवक पासेथी धन ले. वली कपट लुच्चाइ करी धन मेलवे. सेवको उपर जुलम करीने धन ले. आवी वर्तणुकना करनारने गुरु माने, हजारो रुपीआ आपे आ अज्ञानदशानी प्रबलता छे. आवाने गुरु मानवानो विचार जेने नथी, ते बीजा सत्य असत्य धर्मने ते शुं तपासे ? अज्ञानपणे एवा अज्ञानी गुरुथी ठगाय छे एटलेथी बस नथी. आवते भव खरा धर्मनी निंदा करवाथी जे कर्म बंधाय छे तेथी भवोभव जीव दुर्गतिनां दुख भोगवशे, अने जे पुरुष आत्मार्थी थयो छे, एटलुं अज्ञान खस्युं छे तेना प्रभावथी न्यायनी बुद्धि जागे छे तेथी सत्य असत्य मार्गनी परीक्षा करी खोटो मार्ग त्याग करी सत्य मार्ग अंगीकार करे छे. जेम गौतमस्वामी महाराज श्रीमन्-महावीर स्वामी भगवाननी महत्त्वता सांभली घणाज रोशमां तथा अहंकारमां व्याप्त थया हता, अने भगवान साथे वाद करवा समोसरणमां आव्या हता, पण भगवंते वेदनाज अर्थ समजावी खरो मार्ग गौतमस्वामी महाराजने समजाव्यो. ते न्यायनी बुद्धिथी विचारी सत्य जाणी ग्रहण कर्यो अने पोताना असत्य धर्मनो त्याग कर्यो, अने भगवान सर्वज्ञ छे एवुं दृढ करी पोते भगवानना शिष्य थया. भगवंते वास क्षेप कर्यो. एटलामां भगवानना प्रभावथी आवर्ण खपवाथी द्वाद-

शागीना जाण थया अनुक्रमे शुक्ल ध्यान धरी घातीकर्म खपावी केवलज्ञान पाम्या अने मोक्षे पोहोच्या, तेम आत्मार्थी जे जे पुरुषोए अज्ञान खपावी ज्ञान पामीने अज्ञान खपाववानो मार्ग दर्शाव्यो छे, ते मार्ग अंगीकार करीने वर्त्तवु के सहेजे अज्ञान खपी जशे जे पुरुषने विषे अज्ञाननो अंश पण रह्यो नथी तेज सर्वज्ञपणाने पामे छे अने भगवान् पण तेज कहेवाय छे

१४ मिथ्यात्वनामा दोष ते मिथ्यात्व कोने कहीये खरी वस्तुने खोटी माने, खोटी वस्तुने खरी माने, सत्यने असत्य माने, असत्यने सत्य माने, धर्मने अधर्म माने, अधर्मने धर्म माने, देवने अदेव माने, अदेवने देव माने, चेतनने अचेतन माने, अचेतनने चेतन माने, जे जे पदार्थ छे तेना जे जे धर्म रह्या छे तेथी विपरीत धर्म तेना माने, न्यायने अन्याय माने, अन्यायने न्याय माने; आवी विपरीत बुद्धि थाय ते मिथ्यात्वनी राजधानी छे इहा कोइने प्रश्न थशे के अज्ञाननामा दूषण कह्युं तेमा अने मिथ्यात्वमा शो फेर छे ते विषे जाणवुं जे अज्ञाने करी जड बुद्धी थाय छे अने मिथ्यात्वे करी विपरीत बुद्धी थाय छे. आ फेर छे मिथ्यात्व जेने छे तेने अज्ञान पण छे अने जेने अज्ञान छे तेने मिथ्यात्व पण छे ए बे साथेज रहे छे एटले एकाकार लागशे पण बे शब्दना अर्थ जुदा छे तेम भाव पण जुदा छे ए मिथ्यात्वनी बुद्धिवालाने बहु प्रकारे छे ते समजवा सारु सिद्धांतकारे पचवीस भेद कह्या छे अने ते पचवीस प्रकारे श्रावकना बार व्रत अंगीकार करे छे त्यारे सम्यक्त्व अंगीकार करे छे त्यारे पचीस प्रकारे त्याग करे छे ते स्वरूप किंचित इहा लखु छु

१ अभिग्रह मिथ्यात्व ते कुगुरु कुदेव कुधर्मनो खोटो हठ पकडेलो छे ते मिथ्यात्वना जोरथी गर्दभ पुंछनी परे मुके नही एटले कोईक पिताए पुत्रने समजाव्यो के जे पकडवु ते मुकवु

नहीं ते वातनुं विशेष स्वरूप समज्या विना ते वात चित्तमां नि-
श्चित आपी राखी पछी कोईक वखत बजारमां जाय छे त्यां ग-
धेडुं दोडतुं आव्युं तेने रोकवाने पुंछडुं पकड्युं, त्यारे तेणे ला-
तो मारवा मांडी ते लातो खाया करे पण पुंछडु मुके नही.
ते जोई लोकोने दया आववाथी तेने समजाव्यो जे ए पुंछडुं
मुकी दे नीकर मरी जइश त्यारे एकज जवाब आप्यो जे म्हारा
बापे शिखामण आपी छे के-जे पकड्युं ते मुकवुं नहीं, माटे हुं
पकडेलुं छोडीश नहीं; एम कही मुक्युं नही अने लातो खाईने
दुखी थयो. तेम आ मिथ्यात्वना जोरथी सुगुरु साचो मार्ग बतावे,
घणी रीते समजावे, तो पण सुगुरुनुं वचन माने नहीं अने कहे
जे बापदादा करता आव्या तेम करवुं, घरडा शुं गांडा हता? एम
हठ पकडीने खरी वात समजे नहीं अने प्रत्यक्ष कुगुरु पोतानी
स्त्री वा मा बेन साथे खोटी रीते वर्तता होय तो पण बापदा-
दानो हठ पकडी कुगुरुने मुके नही ते अभिग्रहीक मिथ्यात्व.

२ बीजु अनभिग्रही मिथ्यात्व ते साचा देव अने खोटा
देव कुगुरुने सुगुरुने सत्य धर्मने असत्य धर्मने बधाने सरखा
माने. सुदेवने पण नमस्कार करे अने कुदेवने पण नमस्कार करे.
खराखोटानो भेद नथी. मुखे पण बोले के सर्व देवने नमस्कार
करवा पण तेनो परमार्थ नथी जाणतो के देवने तो नमस्कार क-
रवा योग्य छे पण देवपणुं नथी ने तेमां देवपणुं केम मानवुं
तेवो विचार नथी तेथी गुणी निर्गुणी सर्वेने सरखा माने छे, तेमां
भाग्य उदयथी सुगुरु मले तो कल्याण, पण ते मली न शके. जो
मले तो एवी बुद्धि रहे नहीं ने एवी बुद्धि रही छे तेथी जणाय
छे के कुगुरु मल्या छे. अने तेनी संगतथी तत्त्वने अतत्त्व माने
तेथी शुद्ध आत्मधर्म, अने आत्मधर्म प्रगट करवानां कारणो मली
शके नही. अने भवनो निस्तार थाय नहीं. माटे आत्मार्थी स-

त्य असत्यनी परीक्षा करी शुद्द देवगुरु धर्म अंगीकार करवो के अनभिग्रहीक मिथ्यात्व टली जाय.

३ अभिनिवेशिक मिथ्यात्व ते सत्य देवगुरुने जाणे पण मिथ्यात्वना जोरथी तेने आदरे नहीं कोई समजावे तेने कहे जे वापदादा मानता आव्या ते केम मुकाय. जो मुकीये तो नाक जाय बाकी अमे जाणीये छीए जे सारा तो नथी एवो जवाव आपे अने ममत्वे करी खोटी प्ररूपणा करे, खोटी खेच करे, उनमार्ग वर्त्तावे, आत्माने कर्मबंधनो भय नथी वीतरागनो मार्ग साचो जाणे तो पण ते रीते पोताना अहंकारने लीधे प्ररूपे नही, पोते वर्त्ते नही ने साचा उपर द्वेष धारण करे. एवा इत्यादी, पार्श्वनाथजी महाराजनी परपरामा थएला साधु, ते गोशाला जेवा रहेला तेमने श्रीमत् महावीर स्वामी महाराजना श्रावके जइने कह्युं जे आपे श्री पार्श्वनाथजी महाराजनो पण उपदेश सांभळ्यो छे अने गोशालानो उपदेश सांभळ्यो छे, तेमा सत्य शुं छे? त्यारे जवाव दीधो जे महावीर स्वामी महाराज जेम पार्श्वनाथजी महाराज उपदेश देता हता तेमज दे छे, पण हमारे ममत्त्व बंधायो छे माटे वीरनो मरोम उतारीशुं हमो दुर्गति जता वीता नथी एवो जवाव अभिनिवेशिक मिथ्यात्वना जोरथी दीधो, तेम आज पण साधु जाणया छता आवा आग्रहथी उत्सूत्र वोलता मरता नथी वीजा जीवोने उनूमार्गनो उपदेश देइने तेमने पण उन्मार्गने विषे जोडे वीतरागना सत्य मार्गनी निंदा करे. आवी दशा छे ते ए मिथ्यात्वना जोरनी छे एवी दशा छे त्या सुधी पोताना सहज स्वभावने ओलखशे नहि, विभाव स्वभावने छांडशे नही. तेम शुद्द तत्त्वनी श्रद्धा पण करशे नही, माटे ए मिथ्यात्वनो परिहार करवो.

४ संशय मिथ्यात्व ते वीतरागना वचनमां संशय पडे. जेम

केशास्त्रमां रीखवदेवजी महाराजना वखतमां शरीर पांचसें धनुष्यनां हतां, आयुष्य क्रोम पुर्वनुं हतुं, एवुं शास्त्रमां सांभलीने शंका करे जे आटलुं मोटुं शरीर, आयुष्य होय नही, एम मानी प्रभुना वचन सर्दहे नहीं, पण विचार करे नहीं के आवी गया कालनी वावतो तथा अरूपी पदार्थनी श्रद्धा आप्त पुरुष जे सर्वज्ञ तेमना वचननी प्रतीत करवाथी थाय छे, माटे आप्त पुरुषनी खातरी प्रथम करवी. ते खातरी करवानुं साधन हालमां एटलुं छे के जे जे लोक जे जे देवने माने छे ते ते देवने ते सर्वज्ञ माने छे, तो ते देव सर्वज्ञ छे के नहीं ते मध्यस्थ बुद्धिथी तपासवा सर्वे देवोनां चरित्रो जोवां; तेमां सर्वज्ञतानी खामी जणाय छे के नहीं. जेम के महादेवजीए पार्वतीना बनावेला पुत्रने पुत्र न जाणतां जार पुरुष जाण्यो. वली तेनुं माथुं क्यां गयुं ते ज्ञानमां जणायुं नहीं तेथी हाथीनुं माथुं लावीने पेला पुत्रने चोम्युं. एवा दाखला जोवाथी सर्वज्ञ छे के नथी ते खात्री थशे. तेमज श्रीमत् महावीर स्वामी भगवान् केवलज्ञान पामी सर्वज्ञ थया त्यार बाद सर्वज्ञतानी खलना कोइ पण ठेकाणे थती नथी, तो जे पुरुषमां सर्वज्ञतानी खामी नथी जणाती तेवा पुरुषना वचनमां संशय करवो नहीं जोइए. युक्ति करवानी शक्ति होय तो ते युक्तिये तपास करवी. हालमां पण हवा फेरफारथी मजबूत माणस देखाय छे, तेम ते कालनी हवा एवी अनुकुल तेथी एवा बनी शके. एवा विचारो करवाथी अमने तो कोइ पण संशय वीतरागना वचनमां थतो नथी ने बीजाना चरित्रो जोयां तेमां सर्वज्ञतानी खामी जणाय छे. हालमां चरित्र चंद्रिका नामनी चोपमी छपाइ छे तेमां घणा देवोनां चरित्र छे ते में वांची छे. तेम परीक्षकोये मध्यस्थ बुद्धिए वांचवी. ते चोपमीमां महावीर स्वामीनुं पण चरित्र छे ते बराबर लख्युं नथी, तो पण तेमां स-

र्वज्ञतानी खामी पमती नथी हवे जैनना द्विजवचनचपेटा हे-
मचड्राचार्यनु करेलुं तथा धर्मपरीक्षानो रास जोशो तो केटला-
एक देवोना चरित्र जणाशे अने तेमनी सर्वज्ञतानी खामी जणाशे
माटे जे पुरुषमा खामी नथी ते पुरुषना वचन प्रमाण जेने ए मि-
थ्यात्व खश्यु हशे ते करशे जेने परमात्माना वचनमा कोइ पण
वावत माटे संशय तेने संशय मिथ्यात्व जाणवुं.

५ अनाज्ञोगीक मिथ्यात्व ए मिथ्यात्ववालाने धर्म कर्मनी
खवर नथी, तेनी खोजना नथी, मुढतामाज रहे ठे, धर्म सनूमुख
दृष्टीज नथी, जेम के एकेडी प्रमुख जीवो अव्यक्तपणामाज
काल गुमावे ठे तेने अनाज्ञोगीक मिथ्यात्व कहीये

हवे दश प्रकारे मिथ्यात्व ठाणाग सूत्रमा कह्या ठे तेने अ-
नुसरीने लखु ठु

१ धर्मने अधर्म माने ए मिथ्यात्व हवे धर्म वे ते वे प्रकारे
ठे एक निश्चय धर्म ते आत्म स्वज्ञावमा रहेवुं ते अने तेथी
विपरीत जे जम धर्म ठे, तेमा प्रवर्तवुं अने तेने धर्म मानवो ते
अधर्म पुद्गल प्रवृत्ति वे प्रकारे ठे एक पुद्गल प्रवृत्ति आत्म धर्म
प्रगट थवाना कारणरूप ठे, ते पण आदरवा योग्य ठे, तेने व्य-
वहार धर्म कह्यो ठे ए वे धर्मने जे जे रूपे ठे ते रूपे मानवा ते
धर्म अने तेथी विपरीत मानवु ते मिथ्यात्व व्यवहार धर्म, जे
जे गुणस्थाने गुणस्थान मर्यादा प्रमाणे न आदरे अने धर्म माने
ए पण मिथ्यात्व ठे हृदयमा निश्चय धर्म धारण करवो ते न करे
अने व्यवहार वर्त्तनानेज निश्चयरूप माने तो ते पण मिथ्यात्व ठे
जे जे अंशे आत्मा निर्मल थाय, कषायादिकथी मुकाय, तेने नि-
श्चय धर्म कहीए, ते प्रगट थाय एवा कारण अंगीकार करवा का-
रणने कारणरूप मानी वर्तता ए मिथ्यात्व टली जशे

२ अधर्मने धर्म माने एटले अनादिकालनो जीव अधर्मने

सेवी रह्यो छे. वली अधर्मीना कुलमां जन्म पाम्यो छे तेथी ते-
नी वार्ता सांभली ते रीतनी श्रद्धा करे अने हिंसा करीने धर्म
माने; जेमके केटलाएक लोक वींछी, सर्प, वाघ, सिंह एवा हिंस-
क जीवने मारवा ते धर्म छे एम माने वली बकरीइदमां बकरा
मारवा ते धर्म छे आवी रीते अज्ञानपणे जीव हिंसा करीने धर्म
माने ते अधर्मने धर्म मान्यो कहीए वली लोकमां आर्य लोक
कहेवाय, दयालु कहेवाय ते छतां केटलाएक बकरा घोडा विगेरे
यज्ञ करीने तेमां होमे अने तेने धर्म माने; कोइ पण जीवने दुःख
थाय तो तेनुं फल एज छे के ते पापथी आपणे दुःख भोगववुं
पडे एवुं सर्व धर्मवाला माने छे. तेम छतां आवा प्राणीने दुःख
देवामां पाप मानता नथी एज अधर्मने धर्म मान्यो कहीए, माटे
जे जे माणस कोइ पण जीवने दुःख देवुं, जूठुं बोलवुं, चोरी
करवी, स्त्री गमन करवुं, धननी तृष्णा ए वस्तुमांथी कोइ
पण वस्तु करीने धर्म माने, ते अधर्मने धर्म मान्यो समजवो.
अहीआं कोइ प्रश्न करशे जे तमारा जैनीउ गाडी घोडा उपर
बेसनारा, सारा आभूषण घरेणाना पहेरनार, खाटला उपर सारी
तलाइउ नाखी सुनारा, रोज सारा मिष्टान्न भोजनना करनारा
तेवा सुखीआ माणसने संसार छोडावी दिक्षा आपी उघाडे पगे
चलावोछो, उघाडे माथे फरवो छो, भोंय उपर सुवाडोछो, घर घर
फरीने भिक्षा मंगावोछो. जेवो आहार मले तेवो खवरावो छो अने
सुंदर विगयो खावाना बंध करावोछो तो ए शुं ? तेने दुःख देइ
धर्म मान्यो न कहीये, ए विषे समजवुं के अमारा जैनी मुनि
महाराजो कोइने पण जबराइथी एवी रीते करता नथी, ने
जबराइथी एमांनुं कंइ पण कोइने करावे ने धर्म माने
तो तमो कहोछो तेम थाय. पण अमारा मुनियो तो संसारमां
शुं शुं दुख छे, वली संसारमां दुखने सुख मानवाथी शुं फल थाय

छे मोक्ष साधन शी रीते थाय छे तेनो धर्म उपदेश दे छे ते धर्म उपदेश आत्मार्थी सांभली जक्ष जे शरीर तेमा रही जे जे अज्ञानपणानी प्रवृत्ति अनिष्ट लागे छे अने आवते भव विषय कषायना कडवा फल जाणवामां आवे छे ते जाणीने संसारनो त्याग करी एवी प्रवृत्ति पोतानी प्रसन्नताये करे छे ने तेम करवाथी संसारमां जे जे धन कमावाना दुख, राधवाना दुख, वस्तु लाववाना दुख, आभूपणनो भार उचकवाना दुख, विषय भोगवी शरीर खराब करवानां दुख, केमके विषय भोगवती वखत शरीरने केटली मेहेनत पडे छे, वली विषय भोगवी रह्या पछी पण शरीरनी स्थिति केवी थाय छे! एवा दुखो टली जाय छे करोड पतिने पण धन संबंधी केटली फीकरो करवी पडे छे कुटुंब होय तो कुटुंबना झगडाना केटला दुख ? तेने अज्ञानपणे दुख मानता नथी पण जो बुद्धिथी विचार करे तो संसारमा सवारथी उठे त्यारथी ते रात्रे सुवे त्या सुधी केटला दुख भोगववा पडेछे. तेमानुं एक पण दुख साधुपणामा नथी सदाकाल आणंदमा जाय छे नवु नवुं ज्ञान थाय छे तेथी बुद्धिवानो सदा प्रसन्नतामा रहे छे माटे जैनीओ कोइने दुख देइने धर्म मानता नथी तेम जे जे आत्मार्थी होय तेने उपर कहेला पाचे, अधर्ममाथी कोइ पण अधर्म प्रवृत्ति करीने धर्म मानवो नही ने जे माने ते अधर्मने धर्म मान्यो कहीये

३ मार्ग जे मोक्ष मार्ग जे मार्ग साधी वीतरागपणाने पाम्या छे, आत्माना ज्ञान दर्शन चारित्र रूप गुण प्रगट कर्या छे, केवल ज्ञाने करी जगतना भाव एक समयमा जाणी रह्या छे, तेवा पुरुषे देखाडेलो मोक्ष मार्ग एटले मोक्षना साधन ते साधनने उन्मार्ग माने अने तेनुं आराधन न करे, आराधन करनारनी निंदा करे ते मार्गने उन्मार्ग मानवारूप मिथ्यात्व जाणवु

४ हिंसा करवानी बुद्धि आपे, जुठुं बोले, लोकने ठगता बीहे नही, स्त्री गमन करे, पैसानो ममत्व लोभ मटयो नथी, एवा गुरुनी सेवा करी धर्म माने; एवा खोटा मार्गे चालेला देवनो बतावेलो धर्म माने; जगतना पदार्थनुं ज्ञान जेने नथी, ते छतां पदार्थनुं स्वरूप विपरीत बतावे अने कहे जे आ मोक्ष मार्ग छे. पांच यम तो जगत प्रसिद्ध छे. ते यम पालवा सारा कहे ने पाले नही; अणगल पाणी वापरे, तेमां त्रस थावर जीवनी हिंसा थाय अने नदीमां नहावामां पुन्य माने, जुओ के महाभारतमां गरणुं बेवडुं करी पाणी गालवानुं कह्युं छे, तो नदीनुं पाणी शी रीते गालशे ? नही गलाय तो हिंसा थशे ने पाछा कहे छे जे नदीमां नहावानुं महा पुन्य छे. यज्ञ करी जीव हिंसा करवानो उपदेश आपे, तेने मोक्ष मार्ग कहे; वली जैनी भाइओ पण जे धर्म करणी छोकरानी इच्छाए पैसानी इच्छाए परलोकमां राजा थाउं देवता थाउं एवा सुखना अर्थे करे अने तेने मोक्ष मार्ग माने, ए पण उन्मार्गने मार्ग मानवारूप मिथ्यात्व छे. वली मानने सारु, जशने सारु, लोकने सारु देखाडवाने सारु, आत्महितनी बुद्धि विना वीतराग मार्गनी अश्रद्धानपणे जे धर्म करणी करे ते उन्मार्गने मार्ग मानवारूपज छे. वली जे मार्ग वीतरागे शास्त्रमां निषेध कर्यो छे तेवी धर्मनी प्रवृत्ति करी मार्ग माने, अविधिमां प्रवर्त्ति बीजाने प्रवर्तावे ते उन्मार्गने मार्ग मानवारूप मिथ्यात्व जाणवुं.

५ जीवने अजीव माने ते मिथ्यात्वः—जेमके केटलाएक नास्तिक मति तो जीवज मानता नथी. पांच भूत मली आ शरीर बने छे ते जीव छे, ते सिवाय जीव जुदो नथी. पांच भूत वीखरी जाय एटले कंइ नथी. परजीव पण नथी ए जीवने अजीव माननार सर्वथा प्रकारे जाणवा. केटलाएक पंचेंद्रि तिर्यंचने

जीव माने पण पाच थावरने जीव मानता नथी. ए पण जीवने अजीव मानवानुं मिथ्यात्व जाणवुं जैनीजपाच थावरने तो जीव माने छे, पण केटलीएक शास्त्रना बोधनी खामिथी सचित वस्तुने अचित्त मानवी थाय छे, जेमके गुलाबजल केटला वखतनुं तेने केटलाएक सचितना त्यागी अचित मानीने वापरे छे. शास्त्रमा सौथी वधारे काल चुनाना पाणीनो छे चुनाना पाणी करता गुलाबमा कइ वधारे गरमी नथी के तेथी वधारे काल रहेवाथी सचित न थाय एवो विचार करवाथी सचित थाय एम लागे छे, तेम छता अचित मानवु तेमज जे जे जिव पदार्थने अचित मानवाथि जीवने अजीव मानवारूप मिथ्यात्व लागे, माटे सर्वज्ञ महाराजे जेने जीव कह्या छे तेने जीव कहेवाथी ए मिथ्यात्व टले छे.

६ अजीवने जीव मानवो ते मिथ्यात्व ते वधा शरीर छे ते अजीव छे, ते हुंज छु करीने ममत्व भाव करवो, वली अणसमजथी शास्त्रमा जे वस्तु अचित कही होय तेने सचित करी मानवु थाय, तो पण मिथ्यात्व लागे.

७ साधुने असाधु मानवा ते मिथ्यात्व. जे मुनि महाराज पंचमहाव्रत पाले छे, प्रभुनी आज्ञा प्रमाणे वर्त्ते छे, मोक्ष मार्गमा उजमाल थइने वर्त्ते छे, जेने स्त्रीनी धननी ममता नथी, सावद्य वचन मात्र बोलता नथी, एवा साधु मुनिराजने असाधु माने पोते ससार धन, स्त्रीना अभिलाषी एवा गुरुनो सग कर्यो छे, तेणे बुद्धि अवली करी नाखी छे तेथी खरा साधुने असाधु माने ए मिथ्यात्व खरा खोटानी परीक्षा ज्ञान थयेथी थाय छे ते विना जे जे वाडामा जे पडया छे ते बीजा वाडाना साधुने खोटा माने छे, ने दरेक वाडामा बंधारण पण एवा थइ गया छे, एटले एम मानी जे उत्तम पुरुषनी निंदा करे छे, पण एटलो विचार करे जे पाच यम तो वधा दर्शनवाला माने छे तेम यथार्थ प्रा-

णातिपात, मृषावाद, अदत्तादान, मैथुन, परिग्रह ए पांच वस्तुना संपूर्ण त्यागवाला कया साधु छे. एवुं जो तपासे तो जलदी समजवामां आवी जाय अने उत्तम पुरुषनी निंदा करवामां नही आवे.

७ असाधुने साधु मानवा ते मिथ्यात्व. असाधु जे साधु नाम धरावे छे. पण धननो अने स्त्रीनो त्याग कर्यो नथी जीव हिंसादिक आरंभने तो छोड्यो नथी, वेपार रोजगार करे छे, मंत्र जंत्र करी आजीविका करे छे, लोकने विपरीत समजावीने पैसा ले छे, एवाने साधु मानवा ते तथा केटलाएक लोकने छगवा सारु बाह्यथी धननो त्याग देखाडे छे, पण चित्तमां पैसानी इच्छा ते पण असाधु कहीए, केटलाएक साधुपणुं पाले छे, पण वीतरागना वचननी श्रद्धा नथी, केटलाएक परलोकना संसारिक सुखनी इच्छाए साधुपणुं पाले छे. पण मोक्षने अर्थे उद्यम नथी करता, वली केटलाएक पंचांगी जे शास्त्र ते मानता नथी, जिन प्रतिमा भगवंते मानवी कही छे, गृहस्थने पूजवी कही छे, ते छतां गृहस्थने उपदेश करे के जिन प्रतिमा पूजवी नही, पूजवाथी पाप थाय छे, एवी प्ररूपणाना करनार पण असाधुज कहीए; एमने साधु माने ते असाधुने साधु मानवारूप मिथ्यात्व जाणवुं. बीजी रीते पोतानी विभाव परिणति मटी नथी, विभावमां ( विषय कषायमां ) मग्न रहे अने पोताना मनथी हुं रुडुं करुं छुं, एम माने पोतानी प्रशंसा करे ते पोताने विषे असाधुपणुं छे, ते छतां पोतामां रुडापणुं साधुपणुं मानवुं ते असाधुने साधु मानवारूप मिथ्यात्व छे.

ए सिद्ध भगवान जे अष्टकर्म जे ज्ञानावर्णी कर्म क्षय करी अनंत ज्ञानरूप जे केवल ज्ञान प्रगट कर्युं छे. दर्शनावर्णी कर्म क्षय करी सामान्य उपयोगरूप केवल दर्शन प्रगट कर्युं छे, मो-

दनी कर्म क्षय करी चारित्र गुण जे पोताना आत्मस्वन्नावमाज स्थिर रहेवुं ते रूप चारित्र गुण तथा क्षायक समकित प्रगट कर्युं ठे, अंतराय कर्म क्षय करी अनंत वीर्यादिक गुण प्रगट कर्या ठे, नाम कर्म क्षय करी अरूपी गुण प्रगट कर्यो ठे, गोत्र कर्म क्षय करी अगुरु लघु गुण प्रगट कर्यो ठे, वेदनी कर्म क्षय करी अव्या बाध सुख प्रगट कर्युं ठे, आयुष्य कर्म क्षय करी अक्षय स्थितिने पाम्या ठे, एवी रीतें आठे कर्म क्षय करी आठ गुण प्रगट कर्या ठे एवा सिद्ध महाराजने सिद्ध न माने, न्नगवान न माने अने एवा पुरुषनी निंदा करे, एवा देवने देव मानता होय तो तेने बंधु चत्तुं समजावी एवा देव उपरथी आस्था उठावे ए मिथ्यात्व सेववाथी आत्माना शुद्ध गुण प्रगट पण कोइ दिवस नहीं थाय, कारण के एवा गुणनी इच्छा होय तो एवाज पुरुषना गुणग्राम करत, पण ते करतो नथी अने निंदा करे ठे तेज मिथ्यात्व जाणवु

१० असिद्ध जेमने आठे कर्म रह्या ठे, जे नवा पण कर्म बाध्याज करे ठे, विषय कषायमा आसक्त ठे ते तेमना चरित्रथी सिद्ध थाय ठे, तेम ठता तेवा देवने सिद्ध मानवा, न्नगवान मानवा, तेमनी आज्ञाए वर्तवु, तेज संसार वृद्धिनुं कारण ठे, आत्माना गुणनुं घात करनार ठे, माटे मिथ्यात्व त्यजवानो उद्यम एटलोज करे के आपणने धर्म करणी करवा बतावे ठे ते करणी देवे करीने देवपणु पाम्या ठे के आपणने विषय कषाय त्याग करवा कहे ठे, अने पोते विषय कषायमा वर्त्ते ठे, त्यारे तो एक ठगाइ जेवुं काम बन्युं एम बुद्धिवानने सहेलाइथी समजाइ जशे, अने जेमनामा गुण प्रगट थया ठे ते पण समजाशे, माटे आठ कर्म क्षय कर्या होय तेमनेज सिद्ध, वा न्नगवान वा देव वा ईश्वर मानवा. एवुं करवाथी ए मिथ्यात्व टलशे, ए दश मिथ्यात्व

१ तेमज बीजी रीते ठ मिथ्यात्व ठे तेमां प्रथम लोकीक

देवगत मिथ्यात्व ते उपर दशमां असिद्धने सिद्ध मानवानुं मिथ्यात्व लख्युं छे तेवा देवने देव मानवा वा संसार अर्थे मानता मानवी ते लौकिक देवगत मिथ्यात्व.

२ बीजुं लौकिक गुरुगत मिथ्यात्व ते गुरु नाम धरावी पंच अव्रत रात दीवस सेवी रह्या छे; एवा सन्यासी, फकीर, पादरी विगेरेने गुरु मानवा ते.

३ त्रीजुं लौकिक धर्मगत मिथ्यात्वः—जे पर्वने विषे धर्मनो परमार्थ रह्यो नथी, मात्र केटलाएक पाखंडीउए उन्नां करेलां पर्व जे होली, बलेव, नागपांचम, रांधनछठ, सीलसातेम आदि एवा पर्वने धर्म पर्व मानवां तथा जे हिंसामय, विषय कषायमय प्रवृत्तिने धर्म प्रवृत्ति मानवी, पुद्गल न्नावनी प्रवृत्तिने धर्म प्रवृत्ति मानवी ते लौकिक धर्मगत मिथ्यात्व.

४ लोकोत्तर देवगत मिथ्यात्वः—देव जे तीर्थंकर महाराज तेमने मुक्तिने अर्थे मानवा ए तो योग्य छे. मुक्ति अर्थे मानवाथी सर्व कार्यनी सिद्धि थाय छे, ते छोडीने संसार अर्थे मानवा, मारे दीकरो आवशे तो सो रुपीया चडावीश एवी मानता मानवाथी ते लोकोत्तर मिथ्यात्व लागे छे; कारण के न्नगवंतनी यथार्थ श्रद्धा होय तो सहेजे थशे; थशे तो चडावीश एम मानेज नही. ते तो एमज जाणे छे के जेटली बने एटली न्नगवंतनी न्नक्ति करवी; न्नक्ति सर्व कार्यनी सिद्धिने आपनारी छे. न्नगवंतनी न्नक्ति कर्या छतां कदापि कार्य न थाय तो जाणे छे के जे बने छे ते पूर्व कर्मना उदयथी बने छे अने निकाचित उदय कोइ टालवा समर्थ नथी. न्नगवान महावीर स्वामीने पण कर्म उदय आव्यां ते न्नोगववां पड्यां एम विचारी श्रद्धा भ्रष्ट थाय नहीं अने जेनी मजबुत श्रद्धा नथी ते माणस आवी मानता करे छे, अने पूर्वना निकाचित कर्मना जोरथी कार्य न थयुं तो पछी तेनो सर्व बावत-

मा अज्ञानपणे श्रद्धा ठगी जाय छे अने धर्म भ्रष्ट थाय छे, माटे एवी मानता करवी नही. अने करे तो लोकोत्तर मिथ्यात्व लागे वली जे पुरुषने मिथ्यात्व नष्ट थयु छे तेमने तो भगवते मोक्ष मार्ग बताव्यो छे ते अंगीकार कर्यो छे, तेथी एक मोक्ष सिवाय पुद्गलीक सुखनी इछाज नथी फक्त आत्म तत्त्वनीज सनूमुख थया छे जे जे कर्म उदय थाय ते खुशीथी भोगवे छे के मारे उदय आवेलां कर्म समभावे भोगवाय तो नवां कर्मनो बंध थाय नहीं एवी भावना बनी छे, तेथी स्वप्नामा एवी माननानी इच्छा नथी, फक्त सहेज सुखना कामी छे, ते लोकोत्तर मिथ्यात्व सेवताज नथी

५ लोकोत्तर गुरुगत मिथ्यात्व ते जैनना गुरु महाराज मोक्ष मार्गना दातार तेमने मोक्ष अर्थे मानवा योग्य छे, ते गोर्मीने संसारना स्वार्थे मानवा ते लोकोत्तर गुरुगत मिथ्यात्व, अने जैनना साधुनो वेष पहेरे छे पण प्रभुनी आज्ञाथी वहार वर्त्ते छे, उत्सूत्रप्ररूपणा करे छे, उन्मार्ग वर्तावे छे, एवा वेषधारी धोला कपडावाला वा पीला कपडावाला साधु नामधारीने गुरु मानवा ते लोकोत्तर गुरुगत मिथ्यात्व छे

६ लोकोत्तर धर्मगत मिथ्यात्व वा पर्वगत मिथ्यात्व ते जैनना पर्वो ससार अर्थे करवा, जेमके फल पाचम करीए तो छोकरा थाय, आशापुरीना आबिल करीए तो आशा पुरण थाय; एवी इछाए जे जे पर्व आराधन करवां ते पर्वगत मिथ्यात्व, अने जो तपस्या कर्म क्षय करवा ते करे, तो ते निर्जरारूप फलने आपनार छे, ते कंइ दोषित नथी ससारनी आशाए करवु ते पर्वगत मिथ्यात्व छे धर्म साधन करी आ लोक पर लोकनी इच्छा करवी, ते सर्व कर्म आववानुं कारण छे, केमके एक माणसे देवलोकनी वा राजा थवानी इछाए ससारनो त्याग कर्यो, हवे ए त्याग

इच्छा सहित छे. एने देवता वा मनुष्यना सुखनी तथा भोगनी इच्छा छे, तो एवी इच्छाए तप करीए तो संसारनी वृद्धिज थाय, माटे एवी इच्छानो त्याग करवो, ने आत्मगुण प्रगट करवानी इच्छाए धर्म करणी करवी, के सेहेजे ए मिथ्यात्व टली जशे.

ए छए मिथ्यात्व थयां.

हवे त्रीजी रीते चार मिथ्यात्व छे ते कहीये छीये.

१ प्रवर्तना मिथ्यात्व ते मिथ्यात्वनी मांहे प्रवर्तवुं जेमके कोइ मिथ्यात्व सेवे छे. तेनी साहाज्यमां वा मिथ्यात्वीना वरघोडामां जवुं, वा पधरामणीमां जवुं, वा कुटुंबी अन्य देवनी सेवा करता होय तेनी साथे वर्तवुं वा मिथ्यात्वीनां पर्व करवां ए प्रवर्तना मिथ्यात्व.

२ प्ररूपणा मिथ्यात्व ते जिनेश्वर महाराजे आगममां पंचांगीमां वा पूर्वाचार्यना ग्रंथमां जे जे रीते धर्म प्ररूप्यो छे तेथी विपरीत पोतानी मतिथी प्ररूपणा करवी, जेमके दिगंवर मार्गना चलावनार जैनी छे, ते छतां वीतरागना आगमो जे वर्ते छे ते मानता नथी, अने कल्पित् सास्त्र रची जुदोज मार्ग वर्तावे छे. केटलाएक ग्रंथनी रचनामां निःकारण श्वेतांवरमत दोषित कर्यो छे. जेमके संजमथी भ्रष्ट वर्तनारने वांदवा पूजवा श्वेतांवरी पण निषेध करे छे, ते छतां एवा साधु श्वेतांवरी मतना छे तेथी ए मत खोटो छे. आ लखवुं केवुं भल भरेलुं छे. पण उत्सूत्रनो भय नहीं ते बोलावे छे. दिगंवर मत चलावनारे साधुने वस्त्र नहीं राखवां वताव्यां तेथी शुं थयुं के वस्त्र रहीत साधु थवा वंध थइ गया, अने साधुनो मार्गज वंध थइ गयो, नाम मात्र कोइक थाय छे तो ते पण उपरथी वस्त्र नठी राखे छे, एटले मार्ग प्ररूपेलो रह्योज नहीं. प्रभुने एक अंगे पूजे छे. आभूषण भगवंतने पहेरावता नथी ने कहे छे जे प्रभुए आभूषणनो त्याग कर्यो छे, तेथी चडाववां नहीं, तो प्रभुए स्नाननो पण त्याग कर्यो छे, तो प्रभुनी मूर्तिने पखाल

केम करो छो ? जो पखाल करतां, एक अगे पूजा करता, तमारा अभिप्रायमा हरकत आवती नथी, तो विचारो के ए पण निषेध करेलुं तमे करो छो, तेमज सर्वे अगे पूजा करो, आभूषण चमावो, तो शुं हरकत थाय ? पण वगर विचारथीज ए वात वर्तावी छे श्वेताम्बर रीत सर वर्ते छे, जेम मेरु शिखर उपर भगवतनो जन्माभिषेक इंद्र महाराजे कर्यो ते वखते आभूषण भगवंतने पेहेराव्या हता ते भाव लावी ए सर्वे कर्तव्य करवुं छे भगवतनी मूर्त्ति आरोपित छे, तेमने जे जे अवस्था आरोपी भक्ति करीए ते थाय, आ विचार न करता अष्ट द्रव्ये भक्ति करनारनो निंदा करे छे, तेज विपरीत प्ररूपणा छे वली स्त्रीने मुक्ति नथी मानता ने गोमट सार दिगंवरनो करेलो छे ने ते तेओए मानेलो छे, ए नामाकित ग्रथ छे तेमा एक समये दश स्त्री मोक्ष जाय एम कहेलुं छे, ते छतां ते बाबतपर लक्ष न राखता स्त्रीने मुक्ति नहीं एम विपरीत प्ररूपणा करे छे दिगंवर मतनी चरचा विशेप प्रकारे अध्यात्ममतपरीक्षामा उपाध्याय महाराजजी श्री जसविजयजी महाराजे दर्शावी छे एटले इहा विशेप लखतो नथी, एमज ढुंढीया तेरापंथी विगेरे आगमथी जेटली विपरीत प्ररूपणा करे छे ते प्ररूपणा मिथ्यात्व जाणवुं ए प्ररूपणा मिथ्यात्व, ज्ञान थया विना टलवानुं नथी, माटे वितरागना वचननी श्रद्धा सहित ज्ञाननो अभ्यास करवो के प्ररूपणा मिथ्यात्व टले बोध विना जेम करता आव्या तेम करवु, एम करवाथी मिथ्यात्व टली शके नहीं माटे ज्ञान, नि पक्ष पातथी करवुं

३ प्रणाम मिथ्यात्व ते मिथ्यात्व मोहनीनो ज्या सुधी उदय छे, त्या सुधी प्रणाम मिथ्यात्व टलशे नहीं व्यवहारथी प्रभु पूजा प्रमुख करशे, अंतरंगमाथी मिथ्यात्वनो क्षयोपशम अथवा उपशम थयो नथी त्या सुधी प्रणाम मिथ्यात्व टलशे नहीं. ए

ज्यारे उपशम समकित वा क्षयोपशम समकित पामशे त्यारे प्रणाम मिथ्यात्व टलशे, माटे ज्ञानमां तथा ज्ञानी पुरुषनी उपासनामां तत्पर रहेवुं, ने ज्ञानीनां वचन प्रमाणे चालवानी अति उत्कंठा राखवी, देवगुरुनुं अतीशे आराधन करवुं, तेथी ए मिथ्यात्व दूर थशे. हवे ए मिथ्यात्व दूर थयुं छे के नहीं तेनी परीक्षा समकितना लक्षण समकितनी सज्झायमां जशविजयजी महाराजे कह्यां छे ते प्रमाणे पोतानामां छे के नहीं ते मेलवी जोवाथी जणाशे,अने अनुमानथी धारी शकाशे;निश्चय तो अतिशय ज्ञानीनां वचनथी थाय, ते तो आ कालमां विरह छे एटले उपाय नथी; तेम अतिशय ज्ञानीने पुछ्या विना निरधार न थाय तेनो दाखलो जे इशान इंद्र महाराजे पण भगवान्ने प्रश्न पुछ्या के हुं भवी छुं के अभवी छुं? समकिती छुं के मिथ्यात्वी छुं? आवा त्रण ज्ञानना धणीथी मुकरर थयुं नही तेथी पुछवुं थयुं, तो आपणे शुं मुकरर करी शकीए. तो पण शास्त्राधारे उद्यम करवो, मार्गानुसारीना गुण हरिभद्रसूरि महाराजे धर्म बिंदुमां बताव्या छे तेनी साथे मिलान करवुं अने मिलान करतां लक्षण न मले तो मिथ्यात्व गयुं नथी एम समजवुं.

४ प्रदेश मिथ्यात्व ते मिथ्यात्वनां दलीयां आत्म प्रदेश साथे क्षीर नीरनी पेरे एकमेक थइने रह्यां छे ते ज्यारे क्षायक समकित थाय छे त्यारे टले छे. मिथ्यात्व बंध उदय ने सत्ता त्रणे प्रकारे टली जाय छे त्यारे क्षायक समकित थाय छे, माटे ते समकित प्रगट करवानो भाव राखवो के प्रदेश मिथ्यात्व टली जाय.

आ बधां मलीने पचीश प्रकारना मिथ्यात्व शास्त्रोमां दरशाव्यां छे. एमां केटलाएक भेद एक बीजाने मलता छे, तेनुं कारण एटलुंज समजवुं के साची वस्तुने खोटी कहेवी ए मि-

थ्यात्व छे तो सारी बुद्धिवालाने तो एक शब्द बस छे पण विषम कालमां मारा जेवा मंद बुद्धिना वर्णीजने रूपांतरे नेद दरशावेला जोवामां आवे तो मन सुधरे, माटे जुदा जुदा नेद छे, ते समजीने दरेक प्रकारे विनाव दशाथी मुक्त थवाना कामी थवुं. केटलाएक जैनी नाम धरावे छे, पोषध पडिक्कमणा करे छे, जिन नक्ति करे छे, गुरुनी सेवा करे छे, परदेशथी धर्म बोध गामना लोकने करवाने साधुजीने तेडी लावे छे, पण गुरुजी स्याद्वाद् मार्ग दर्शावे छे तेथी कोइक नव्य जीव प्रतिबोध पामे छे अने दिक्षा लेवाने तत्पर थाय छे, त्यारे तेना माता पिता अने लागता वलगता गुरुनी निंदा करवा तत्पर थाय छे, लडवा तैयार थाय छे अने गालो देवानी फीकरज नही, आटली हदे पहोंचे छे जरा पण पापनी बीक राखता नथी आ वात केवी अन्यायनी छे के जेमने उपदेश देवा लाग्यो, ते तो दरेक प्रकारे संसारथी उदास थाय एवोज उपदेश आपे, तेथी कोइक उत्तम जीव दिक्षा लेवा तैयार थया, तो तेमा साधुजी महाराजे शी कसुर करी के तेमनी निंदा करवा लडवा जीव तैयार थाय छे साधुजी कदापि कंइ फेरफार युक्तिए करीने बोले, तो श्रावको कहेशे जे साधु थइने जूठुं बोल्या, अने विचित्र प्रकारे निंदा करे छे, ए सर्वे जोर मिथ्यात्वनुं छे माटे ए वर्तना नहीं करवी वली शास्त्रनी श्रद्धा छे एम बधा माणस कहे छे, पण पोताने फावती वात नहीं आवी तो शास्त्रपर पण लक्ष देता नथी, एकोना फल छे, के अंतरंगमाथी मिथ्यात्व गयुं नथी तेना फल छे, जो मिथ्यात्व गयुं होत तो आ दशा थात नही, साधुजी दिक्षा लेवा नीकले तेनी केटलीएक हकीकतनो धर्म बिंदुमा हरिनद्रसूरि महाराजे दरशाव कर्यो छे, ते ग्रंथ टीका तथा बालाबोध सहित छपायो छे, तेमा दिक्षा लेनारने मातापितानी रजा लेवानो अ-

माणस मुवेली अवस्थाने पामे छे. निद्रासक्तवाला आगल बोले चाले शरीरे कंइ करे तो पण तेने खबर पमती नथी, त्यारे उपयोग अवराइ गयो ए प्रत्यक्ष नुकशान थयुं, माटे हरेक प्रकारे जाग्रत दशा थाय एम इच्छवुं. भगवान श्री महावीर स्वामी महाराज जेमने वार वरसमां वे घमी निद्रा आवी छे. वाकी वधो काल अप्रमाद दशामांज गयो छे. आत्मतत्वना विचारमां गयो. तेमणे पोते स्वभाविक आत्मगुण प्रगट कर्या. माटे जेम भगवंते दर्शनावर्णी कर्म खपाव्युं तेम खपाववानो उद्यम करवो के जेथी आपणुं पण दर्शनावर्णी कर्म क्षय थाय अने केवलज्ञान केवलदर्शन प्रगट थाय. वली आ संसारमां पण बहु उंघवानी टेववालाने दलद्री कहे छे. पोतानुं काम करवा पण शक्तिवान थतो नथी. अभ्यासु माणसने निद्रा वधारे होय तो अभ्यास करी शकतो नथी; वली गुरु महाराज पासे वाख्यान सांभलवा जाय तो त्यां पण बेठो बेठो उंघे एटले वाख्याननी धारणा करी शकतो नथी. वली एहवा प्रमादीना घरमांथी चोर चोरी पण सुगमताथी करे छे ते आ लोकनुं नुकशान थाय छे, अने परलोकना नुकशानमां दर्शनावर्णी कर्म उपार्जन थाय छे. एम भगवंते जाणी नीद्रानी इच्छानो नाश करी केवल दर्शन प्रगट कर्युं छे जेमां सर्वे दर्शनगुण रह्या छे तेम आपणे पण भगवंतनी आज्ञा प्रमाणेज दर्शनावर्णी कर्म खपाववानो उद्यम करवो ने निद्रानो नाश करवो.

१६. अव्रतनामा दोष. ए दोष आत्मामां रह्यो छे तेना प्रभावे अनेक प्रकारनी इच्छा थाय छे. हिंसाथी जुठुं, बोलवाथी, चोरी करवाथी, मैथुननी वांछाथी, परिग्रहनी ममताथी, ए पांच अव्रतथी चित खसतुं नथी. ए पांच अव्रत एहवां छे. एक अव्रत सेववाथी बीजां अव्रत सहेजेज वर्ती जाय छे. वली ए अव्रत से-

ववाना निमित्तनुत पाचे इंडीना तेवीश विषय तथा मननी च-
पलता ज्या सुधी पाचे इंडी अने ठठु मन मोकलुं ठे, तेनी काम-
ना वनी रही ठे, त्या सुधी ठकायनी हिसा रोकाती नथी हवे
ए विषय ठे ते आ लोक अने परलोक वनेमा डुखना आपनार ठे
जेमके आपणने कोइ सोय शरीरने अम्कामे ठे तेथी केटली पीमा
थाय ठे वली दाक्तर कंइ गुमगु वीगेरे थयुं होय ने कापवाने
नसतर मुके ठे ने कापे ठे तो आखमाथी आसु जरे ठे, वली बुम
पण एटली पमे ठे के तेथी बीजाने धास्ती लागे सर्वेने अनुजव
एनो ठे तेथी लखवानी जरुर नथी तो जेम आपणने डुख थाय ठे,
पीमा थाय ठे, तेमज वीजा जीवने कापीए तो तेहने केम डुःख
न थाय? अवश्य डुख थायज ते डुखथी तेनु मन पण डुजाय तो
ते सरकारमा फरीयाद करे तो आपणने शिक्षा पण थाय व-
खते फरीयाद न करे ने जबरो होय तो मार मारे तो प्रत्यक्ष
डुख जोगववुं पमे ठे कोइ माणसने ते वखत तेने साहाजका-
री न होय तो पठी पण साहाजकारी मलेथी डुख दे ठे तो ए प्र-
माणे वीजा जीवने डुख देवाथी डुख आ लोकमा जोगववु पमे
ठे तेमज जे जीवनी हालमा शक्ती न होय तो आवते जव ते
जीवने शक्ती मलेथी डुख देशे वा नर्कादीकमा परमाधामी वी-
गेरे डुख देशे माटे एकेंडीथी ते पचेंडी सुधीना जीवोमा कोइ
पण जीवने डुख देवु नही एवी बुद्धि प्राप्त थशे तो हिसा कर-
वानी बुद्धि थशेज नही जुठुं बोलवाथी पण वीजा जीवने डुख
थशे तेमज चोरी करवाथी पण ते जीवने डुखनो पार रहेतो
नथी, कारण के गरीब वा करोमपति कोइने पण धननी इच्छा
शात थइ नथी अने ते धन लइ जाय तो केम डुख न थाय? अ-
र्थात थायज. जेम कुमारपाल राजा एक उंदर मोहरो काढी
तेनी साथे गेल करतो हतो ते जोयो, ते उपरथी मनमा आव्युं

जे आ तिर्यंचने धन उपर प्रेम समजथी छे के वगर समजथी छे तेनो तमाशो जोवा सारु उंदरनी सोना मोहर उचकी लीधी एटले थोडीवार तरफडीयां मारी उंदर कालधर्मने पाम्यो. पछी कुमारपाल बहु दलगीर थया ने तेहना पायछित्तमां पोते उंदरीयो प्रासाद बांध्यो. ए उपरथी जुओ के तिर्यंचने पण धननी केटली तृष्णा छे तो मनुष्यने तो धनथीज बधो कारभार चाले छे. तेनुं धन कोइ चोरी जाय तो ते धनवालाने दुख थवाने बाकी रहेतुं नथी. दुनीयामां शरीरनी पीडा करतां मननी पीडा वधारे थाय छे. केटलीएक वखत धन जाय छे के माणस मरी जाय छे तो तेनाथी माणसनुं शरीर सुकाइ जाय छे तो ए शरीर सुकाय छे ते मननी पीडाथी सुकाय छे, वास्ते तेथी पण सामा प्राणीने दुख थाय छे. मैथुन पारकी स्त्री साथे करवाथी तेहना धणीने तथा तेना मातापिताने केटलुं दुख थाय छे ते प्रसिद्ध छे. कोइ वखत जार पुरुषनो जीव जाय छे. केटलीएक वखत ते स्त्रीनो जान जाय छे. केटलाक वखत स्त्रीना धणीनो जीव जाय छे. कदापि जीव न जाय तो रात दीवस एहनी पीडा साले छे. वली स्वस्त्रीनी साथे भोग करवाथी योनिमां समुर्छिम जीव असंख्याता हणाय छे तो ते जीवने दुख थाय छे. वली पोतानुं शरीर पण नरम पडे छे, पोताना शरीरे दुख थाय छे, एमज परिग्रहनी इछा होय त्यां सुधी हरेक प्रकारे धन मेलववुं तेमां लुच्चाइ ठगाइ करतां बीहता नथी. जुठुं बोलतां बीहता नथी कोइनो प्राण लेतां बीहता नथी. पोते पण विचित्र प्रकारे दुखी थाय छे. ए परिग्रहनी मुर्छानां फल छे ए पांचे अव्रत एहवां छे के एक सेवतां बीजुं सेवाइ जाय तेथी भगवंते पांचे अव्रतनो त्याग कर्यो छे, अने एज उपदेश भगवाननो छे के हरेक प्रकारे अव्रतनो त्याग करवो जोइए. जो विशेष विशुद्धि थाय ने सर्व

प्रकारे अव्रतनो त्याग थाय तो ते करवो ने सर्व प्रकारे त्याग न थाय तो देशथी त्याग करी श्रावकना बार व्रत धारण करवा एवी रीते श्रावक धर्म वा साधु धर्म बाहजथी अंगीकार करी अंतरंग शुद्ध नथी थयुं तो अव्रत टलतुं नथी माटे अंतरंगमाथी कषायनी परिणति त्याग थवी जोइए बाहारथी प्रवृत्ति न करे पण अंतरमां इच्छाउ थयां करे तो पछी कर्मबंध थतो रोकातो नथी पुदगल न्नावथी अनादिनी इच्छाउ, हिंसानी, जुठनी, चोरीनी, मैथुननी, धननी ए पांचे पदार्थनी इच्छा छुटे त्यारे आत्मानु काम थाय छे जुओ तंडुलीउ मछ छे, ते मछनी पांपणमा थाय छे ते जे मछनी पांपणमां थाय छे ते मछनुं मुख मोहटु छे तेथी केटलाएक मछ तेहना मुखमा पेसे छे ने नीकले छे ते पेलो तंडुलीउ मछ जुवे छे ते जोइने विचारे छे जे माहरुं एहवुं मुख होय तो एक जीवने पाछो जवा न देउ एवो विचार करवाथी त्याथी मरीने सातमी नरके जाय छे एणे खाधु पीधुं कंइ नथी पण शक्त इच्छाथी दुष्ट ध्यान थाय छे तेना प्रन्नावथी नरके जाय छे एमज दुनीयामा चीजो छे ते वधी कंइ मलती नथी पण इच्छाउ खावानी थयां करे छे केटलाक वखत पैसानी खामीथी मली शकती नथी वा पैसा छे पण कृपणताथी पैसा खरचवा नथी तेथी मली शकती नथी केटलीएक वखत शरीरने प्रतिकूल ते वस्तु होवाथी खाइ शकाती नथी पण अव्रतना उदयथी इच्छाउ थया करे छे ते प्रन्नाव अज्ञानतानो छे पोतानी शी वस्तु छे, पोताने पोताना आत्म न्नावमा केम वर्तवुं तेनुं ज्ञान नथी तेथी इच्छाउ थया करे छे दुनियामा हजारो स्त्री छे ते कइ मोंपर थुंकवानी नथी पण जे जे स्त्री नजरे पडे के चित्त दोडे वा काने सान्नले के फलाणी स्त्री बहु रुपाली छे के मन दोडे, आ वात अज्ञानना जोरनी छे तेना जोरथी इच्छाउ बन्या करे छे, पण ते

न थवुं जोइए. वली धन जो समुलगुं न होय तो हजार रुपीया मले तो सारुं पण ज्यारे हजार मल्या त्यारे लाखनी इच्छा थाय छे. लाख मल्या त्यारे करोमनी इच्छा थाय छे. करोम मले त्यारे अबजनी इच्छा थाय छे तेथी वधारे मले छे तो राजनी इच्छा थाय छे. राज मले तो वासुदेवना राजनी इच्छा थाय छे. वासुदेवपणुं मल्युं तो चक्रीपणानी इच्छा थाय छे. चक्री थाय तो इंद्र थवानी इच्छा थाय छे हवे आवी इच्छाउ करे छे तेथी मलतुं कंइ नथी, पण तृष्णा जीवने शमती नथी ए अव्रतनी राजधानी छे. वली केटलाएकने दश वीस हजार मले छे के वेपार वंध करे छे के आ मलेला रखे जता रहे एवा विचारथी वधारे धन पेंदा करवानो उद्यम नथी करतो तेथी तेनी तृष्णा रोकाइ छे एम समजवुं नहीं माटे हरेक प्रकारे इच्छा रोकवी जोइए. कदापि संसार त्याग कर्यो अने चेलानी, पुस्तकनी, माननी इच्छा न गइ वा इंडीयो वश न थइ तो पण अव्रत टलतुं नथी. कदापि आ लोकना विषय रोक्या पण परलोकनी इच्छा करे. जे हुं मरीने राजा थाउं, धनवान थाउं, देवता थाउं, देवतानी इंद्राणीना सुख भोगवुं. आवी इच्छा छे ते पण अव्रत छे उपाध्यायजी महाराजे मंकुक चुरण न्याय कह्यो छे. एटले मरी गएला देमकाना चुरणमां वरसाद पमे तो घणां देमकां थइ जाय. तेम आ भवना विषय छोमया, ने परभवना घणा विषयनी इच्छा करी एटले अव्रत कंइ टल्युं नही. शुभ क्रिया छे ते कारणरूप छे ते कारणरूप धर्म जाणी करवी पण तेहने आत्मधर्म न जाणघो. आत्मधर्म तो जेटली जेटली इच्छाउ थती वंध थशे ते कार्त्रिम नहीं, स्वाभावीक धन, स्त्री, पुत्र, शरीर कोइनी पण इच्छा वर्ते नहीं अने पोताना स्वभावमांज आनंदित थाय अने स्वभावमां स्थिर रहेवुं. जे जे पुद्गलने थाय ते जाणवा देखवाना स्वभाव छे ते स्वभावमां रहेवुं. तेमां राग द्वेष करवो

नहीं एज आत्मानुं काम छे ए दशामा रहे एटले अव्रत सहेजे टली जाय अव्रत सर्वथा कषायनो नाश थवाथी सर्वथा टली जाय छे अंशे अंशे देश विरति गुणस्थान पामे छे त्याथी टलवुं शरु थाय छे भगवतने सर्वथा अव्रत टल्युं छे तेथी भगवान थया छे.

१७ राग नामा दुषण ए रागना घरना माया अने लोभ छे ए राग परिणति अनादि कालनी छे, धन उपर राग, कुटुंव उपर राग, स्त्री पुत्रपर राग, स्वजन उपर राग, घर हाट वाग वगीचा उपर राग, राग मलेली वस्तु उपर थाय छे, अने नहीं मलेली वस्तुपर पण राग थाय छे दीठेल वस्तु उपर, अण दीठेली वस्तु उपर राग थाय छे साभलेली वस्तु उपर, वाचेली वस्तु उपर राग थाय छे एम अनेक प्रकारे राग दशा छे, अने राग दशाने प्रभावेज पापी जीवनो सजोग मले छे ने एवा खराव माणसनो सग मलवाथी पाछो द्वेष जागे छे पर वस्तु उपर राग थवानाज कारणथी जीव अनादिनो रोलाय छे अनेक प्रकारे जन्म मरण करवा पडे छे पर स्त्री उपर राग होय ते पोते मरे तो पण तेनी इछा छुटे नहीं एवा अधर्मी जीवने मनुष्य जन्म तो आवे नहीं पण तेना शरीरमा कीडो वा करमीयो शरमीयो थाय एवा भवने पामे ए रागनो प्रभाव छे जे जे कर्मवध थाय छे ते राग द्वेषथीज थाय छे ने जीव ससारमा रोलाय छे द्वेष पण रागथी थाय छे पोतानी वस्तु मानी छे ते वस्तु कोइ लइ जाय तो आ वस्तु उपर राग छे तेथी लइ जनार उपर द्वेष थाय छे द्वेष करनारने कोइ कहेनार मले के तमो समजु थइने कषाय करो छो पण रागनी वावतमा मुनि महाराजजी सीवार कोइ समजावनार नथी आ जड पदार्थ उपर राग करवाथी आत्माना गुणनो राग थतो नथी तेम तेना कारण जे ज्ञान दर्शन चारित्र तेना उपर पण राग थतो नथी रागना वशे जीव लज्जाने मुकीने

ने निर्लज्ज कर्म करे छे. उंची जातना माणसने धन पण होय कुटुंब होय, स्त्री रूपाली होय ते छतां ढेढनी जातनी स्त्री उपर राग थयो होय तो आ धन कुटुंब छोडी तेनी साथे संबंध करे छे. आ रागनी विटंबना छे. जे वस्तु खावाथी शरीरने उपाधि थाय छे. धर्म भ्रष्ट थाय छे, तो पण रागना बंधनथी ते वस्तु खाय छे ने एवी वस्तु खावाथी केटलीएक वखत माणस मरी जाय छे, ते जुवे छे तो पण एवां काम करे छे. धनना रागे करीने लोभ थाय छे ते गमे एटला पैसा मले छे पण संतोष पामतो नथी, अने असंतोषे लांबा वेपार करवाथी असल पैसा होय ते पण जता रहे छे तो पण लोभ छोडता नथी; अने केटलाएकने देवा- लां काढवां पडे छे. केटलाएक खोटी दानतथी पैसा होय तो पण लोकना पैसा आपता नथी. ते लोक एम नथी विचारता के आ म करवाथी जन्म पर्यंत दुनियांमां गेर इजत थशे, अने छोक- राने पण कहेशे जे तारा बापे देवालुं काढ्युं छे. आवी बावतो बने छे तो पण धनना रागे एवी खोटी दानत करे छे. वली पासे पैसा राखी केद पण जवुं कबुल करे छे. आ दुख राग दे छे. धन- ना रागे सामा जीवना ने पोताना भाइना, बापना, मांताना, प्राण पण ले छे तो बीजाना प्राण ले एमां तो कहेवुंज शुं. आ विटं- बना रागनी छे. चोरी करतां, ठगाइ करतां पण रागे करी जीव बीहतो नथी, विश्वास घात करतां पण बीहतो नथी. कदापि गृहस्थपणुं छोडीने दीक्षा ले छे पण जड पदार्थ उपरथी राग गयो नथी तेथी पाछा साधुना वेषमां गृहस्थनी प्रवृत्ति करे छे. गृहस्थ- नी पेठे धन मेलवे छे. छोकराना रागनी पेठे चेलानो राग जागे छे. पुस्तकनो राग जागे छे, अने एवी वर्तना करी संजमथकी भ्रष्ट थाय छे. आत्म भावमां वर्तता नथी. शास्त्रनो बोध पण न- थाय छे. ज्ञाननो बोध तो जेम ज्ञानमां जाण्युं तेम वर्तना

करे त्यारे ज्ञाननुं फल थाय जेम कोइ माणसे जाण्युं जे आ झेर छे, पण ते खाधा विना रहेतो नथी तो ते अवश्य मरे, तेम ज्ञान जणी राग वध तो छुटे नहीं, एटले कर्म बंधाया विना रहेतां नथी, अने जेने निराग दशा प्रगटी छे तेना प्रभावे कोइ कंइ लेइ जाय छे, कोइ मारे छे, कूटे छे, पीमे छे, निंदा करे छे, कोइनो वियोग थाय छे, तो पण पोताने खेद थतो नथी, मरवानी पण फिकर थती नथी, पोते पोतानुं आत्म स्वरूप जाण्युं छे, तेथी जाणे छे के मारो आत्मा मरवानो नथी, मरे छे ते जम छे, आत्मा अविनाशी छे. शरीरने पीमे छे ते पण पूर्वे जमनी सगते बीजा जीवने पीमा करी छे, तेथी पीमे छे, तो ते कर्म जेवुं, जेवुं जम संगते बाध्युं छे तेवु तेवुं भोगववुं छे कोइ लइ जाय छे ते वस्तु मारी नथी, पण जमनी सगते मारी मानी छे, अने मारी मानी पारकी वस्तुउ लीधी छे तो मारी लइ जाय छे पूर्वे जेणे कोइनी वस्तु लीधी नथी, तेनी वस्तु रस्तामा पमी होय तो पण कोइ लेइ जतुं नथी आवा ज्ञानना प्रभावे जरा पण खेद धारण करता नथी, पोताना आणंदमा वर्ते छे ज्ञानी पुरुष तो समवृत्तिए करीने जे जे सुख छुख प्राप्त थाय छे, तेमा रागद्वेष करता ज नथी आत्मानो जाणवानो स्वभाव छे ते रूप जे जे बने छे ते जाणी ले छे कर्मनु स्वरूप जाण्युं छे, तेथी कर्मना उदय प्रमाणे बनी रह्यु छे, एम जाणी कोइ पण अनुकुल चीज उपर राग दशा धारण करता नथी, तेमज भगवाने राग द्वेष क्षय करीने आत्माना पोताना गुण प्रगट कर्या छे, तेमने पगले तेमनी आज्ञा प्रमाणे चाले तो पोताना आत्माना गुण प्रगट करी परम पदने पामे

१७ द्वेषनामा दूषण—ए द्वेषनी प्रकृति जगतमा पण निंदा योग्य छे द्वेषना बे पुत्र छे, क्रोध अने मान. क्रोध करवाथी प्रश्न

माने दुःख करुंछुं एम माने छे, पण पोताने प्रत्यक्ष दुःख थाय छे. पोतानुं शरीर फेरफार थइ जाय छे, शरीर लाल लाल थइ जाय छे, छातीमां गन्नराट थाय छे, लोही शरीरमांथी उछली जाय छे, तेथी लोही सुकाइ जाय छे अने निर्बल थइ जाय छे. आ बनाव क्रोधथी बने छे. क्रोधी माणस नोकरी रहेवा जाय तो कोइ नोकरी राखे नहीं, कोइने त्यां व्याजे नाणुं लेवा जाय तो ते पण खुशी थइने आपे नहीं, वली दुकान मांमी होय तो शांत माणसने त्यां जेटलां घराक आवे, एटलां घराक क्रोधीने त्यां आवे नहीं, कन्या जोइती होय तो खुशीथी मले नहीं, वली क्रोधी माणस पोताने हाथे पोतानुं माथुं फोमे छे, कूवादिकमां पमे छे, वा झेर खाय छे, फांसो खाय छे, पोताने हाथे पोतानी घात करे छे, जगतमां अपजश पामे छे. क्रोधी माणस कदापि संसार छोमी साधु थाय छे तो कषाये करी तेमां पण शोन्ना पामता नथी, तेम आत्मानुं कल्याण थतुं नथी पण संसारवृद्धि थाय छे; जेमके चंमकोशिया सर्पे पाछला न्नवमां साधुपणामां क्रोध कर्यो, तो मरीने पाछा क्रोधी थवानो वखत आव्यो, पाछे त्यां पण क्रोधथी मरण थयुं ने सर्प थवानो वखत आव्यो, तेमज जे जे माणस क्रोध करे तेने आ लोकमां दुःख थाय अने परलोकमां नरकगतिमां जवुं थाय छे; माटे हरेक प्रकारे क्रोध छोमवानो उद्यम करवो. अग्निशर्मा तापस मास मासखमणनां पारणां करतो हतो, तो पण दुर्गतिए जवानो वखत आव्यो. एनी विस्तारे हकीकत समरादित्यकेवलीना रासमां जुउ. केटला न्नव सुधी द्वेष रह्यो छे, अने केवां केवां दुर्गतिनां फल मल्यां छे. क्रोधथी प्रत्यक्षमां मार खाय छे, वखते प्राण पण जाय छे, माटे जेम बने तेम क्रोधने जीतीने समतामां रहेवाथी आ लोकमां पण सुख थाय छे. क्रोधीने संसारमां सुख नहीं तेम परलोकमां पण सुख नथी. न-

रकादिकनी आकरी वेदनाउ जोगववी पमशे वली मान करवाथी पोते एम समजे ठे के मारी मोटाइ थाय ठे, पण ते न थता लघुताने पामे ठे मद करवाथी मोटा मोटा राजाउ पण डुखमा पमया ठे, तो वीजाउनुं तो कहेवुंज शुं? माटे जेम वने तेम अहकारने तजवो. अहंकार क्रोधनु वीज ठे अहंकार नाश पामे तो क्रोध आवेज नहीं जगतमां जेटली चीज ठे तेमां जम ठे ते देखाय ठे, तो पोते चेतन ठे तो जम चीज प्रिय अप्रिय करवाथी अप्रिय चीज उपर द्वेष थाय ठे पण जे परवस्तु एटले पोतानी वस्तु ठे नहीं, तेना उपर द्वेष करवाथी फक्त कर्मवंध सिवाय वीजो लाज नथी, माटे जे जे वस्तुना जे जे धर्म ठे ते जाणी लेवा; जे जे अवसरे जे जे वस्तु ग्रहण करवानो उदय थयो ते वस्तु ग्रहण करवी, तेमां द्वेष करी ग्रहण करवाथी कर्मवध सिवाय वीजो काइ फायदो नथी आत्मा मलीन थाय ठे मुनिमहाराजाउए तथा तीर्थंकर महाराजे द्वेषनो त्याग कर्यो ने केवलज्ञान पाम्या, माटे वीजा पण आत्मार्थी जीवे तेमनी रीत प्रमाणे द्वेषनो त्याग करवो खावानी, पीवानी, पेहेरवानी, उढवानी, पाथरवानी, सुवानी, चालवानी कंइ पण वस्तु प्रतिकुल मले तेमा द्वेष धारण करवो नहीं कोइ धन लेइ जाय, कोइ मारी जाय तो पण कर्मनो विचार करवो के पूर्वना पुन्यनी खामी पमे ठे त्यारे वने ठे, माटे रागथी जीव उपर द्वेष करवो ते नकामो ठे, एम विचारी समजाव दशा धारण करवी द्वेषनो अश पण जागे नहीं, एम प्रवृत्ति करवी, ने सत्ता, वंध, अने उदय ए त्रणे प्रकारे नाश करवो के केवलज्ञान, ने केवलदर्शन गुण प्रगट थाय

आ मुजव अढार दूपण जगवते दुय कर्या ठे, तेथी आत्माना सपूर्ण गुण उत्पन्न थया ठे, तेणे करीने त्रण जगतना जम एक समयमा जाणी शके एटली शक्ति प्राप्त थइ ठे. एक प्रश्न

द्रव्यने विषे समय समय अनंता पर्याय परावर्त्तमान थइ रह्या छे, ते एक एक द्रव्यमां पूर्वकाल एटले जे कालनो छेडो नथी तथा आवता कालमां पर्याय थवाना ते सर्वे एकी वखते जाणी शके एवुं ज्ञान जेमने प्राप्त थयुं छे, आत्मानी अनंत वीर्यशक्ति प्राप्त थइ छे; एवा आत्माना समस्त गुण प्रगट थया छे, तेना प्रन्नावेज देवताउ फटिक रत्नमय समवसरणनी रचना करे छे, त्रण गढ रचे छे, तेमां त्रीजा गढमां देवता सिंहासन थापे छे, ते सिंहासन उपर बेसीने न्नगवान देशना आपे छे, ते देशना केवी छे ? के जेमां पोतानो कंइ प्रकारनो लान्न रह्यो नथी, कोइ प्रकारे धन के स्त्रीनी स्वप्नामां पण इच्छा नथी. जेने धनादिकनी तथा माननी इच्छा रही छे ते धर्म उपदेश आपे तेमां स्वार्थ राखीने आपे छे, अने स्वार्थ ज्यां आव्यो त्यां खरा धर्मना स्वरूपनो दर्शाव थतो नथी, तेम सांन्नलनारनुं ध्यान पण उपदेशकना स्वार्थ उपर जवाथी तेमनो उपदेश सांन्नलनारने लान्नकारी थतो नथी, कारणके हमेश जे धर्म उपदेश देनार जेवो उपदेश दे ते रीते ते पोते वर्त्तता नथी, त्यारे सांन्नलनार विचारे के गुरुजीथी वा न्नगवानथी पण ए रीते चलातुं नथी, तो आपण शी रीते चालीए, एम विचारीने पोते जे स्थितिमां छे तेमांज कायम रहे छे, पण आत्माना गुण प्रगट करवाने उत्सुक थता नथी; अने जेने अढार दूषण गयां छे, तेमने तो वीतराग दशा प्रगटी छे, कोइ पण वस्तु उपर रागद्वेष रह्यो नथी, केवल जगतना जीवने तारवा सारु पृथ्वी उपर विचरी धर्म उपदेश दे छे, तेथी सांन्नलनारनुं पण कल्याण थाय छे. सांन्नलवा बार पर्षदा बेसे छे. ए अधिकार श्राद्धशतक नामना प्रश्नोत्तरमांथी लखुंछुं.

केवलज्ञानी महाराज पूर्व द्वारेथी प्रवेश करे, जिनने त्रण प्रदक्षिणा करीने "नमोतीछथस्स" कहीने पूर्व अने दक्षिण वच्चे

वेसे, तेमना पछी मनः पर्यवज्ञानी, अवधिज्ञानी, चौदपूर्वधर, दशपूर्वधर, नवपूर्वधर, अने लब्धिवंत मुनि पूर्व द्वारे पेसे. ज्ञगवंतने त्रण प्रदक्षिणा देइ नमस्कार करी नमोतीर्थाय, नमोगणधरेन्न्यो, नमो केवलिन्य. एवी रीते नमस्कार करी केवलज्ञानीनी पाछल वेसे पछी वीजा सर्व साधुजी पूर्वने द्वारे प्रवेश करीने त्रण प्रदक्षिणा देइ नमस्कार करी "नमस्तीर्थाय," नमोगणभृद्भ्यो, नमः केवलिन्न्यो, नमोऽअतिशयज्ञानिन्न्यो एवी रीते नमस्कार करीने पूर्वे वेठेलानी पाछल ते साधुजी वेसे पछी वैमानिकदेवी पूर्वद्वारे प्रवेश करीने ज्ञगवंतने त्रण प्रदक्षिणा देइ नमस्कार करी, नमस्तीर्थाय, नम' सर्वसाधुन्न्य एवी रीते नमस्कार करीने साधुजीनी पाछल वेसे पछी साधवीजी पूर्वद्वारे प्रवेश करीने ज्ञगवंतने त्रण प्रदक्षिणा देइने नमस्कार करीने वैमानिक देवीनी पाछल रहे ज्ञवनपतिनी, व्यतरनी, ज्योत्सीनी देवीज दक्षिण द्वारे प्रवेश करे ज्ञगवंतने वैमानिकनी देवीनी पेठे प्रदक्षिणादि करीने दक्षिण पश्चिमनी वचमा रहे ते अनुक्रमे रहे त्यारवाद ज्ञवनपति, ज्योत्सी, वाणव्यंतरना सुर पश्चिमद्वारे प्रवेश करी ज्ञगवंतने प्रदक्षिणादिक दइ नमस्कार करीने पश्चिम अने उत्तर वच्चे यथाक्रमे वेसे वैमानिकदेव तथा मनुष्य अने मनुष्यनी स्त्री ए त्रण उत्तरद्वारे प्रवेश करे, ज्ञगवानने प्रदक्षिणादि देइ नमस्कार करीने पूर्वने उत्तर वच्चे यथाक्रमे वेसे आ मुजव वार पर्षदा समवसरणमा साज्ञलवा वेसे छे त्या ज्ञगवानना अतिशयना प्रज्ञावथी त्रण पासे ज्ञगवानतुं प्रतिविंव समवसरणमा देवता करेछे, तेथी चारे पासे वेठेला ज्ञगवतनेज जुए छे ने चारे मुखे देशना दे छे, एम वधाना समज्यामा आवे छे. देशनानी एवी खुवी छे के जेना जेना मनमा जे जे शंका पडे छे, ते ते ज्ञगवान जाणी लेइ ज्ञानथी उत्तर आपे छे, कोइने प्रश्न

पूछवो पड़तो नथी. आवी जेनी शक्ति छे. कोइना मननो संदेह दूर करवो मुश्केल नथी, एवी भगवंतनी वाणी सांभलीने निकट भवी जीवतो तेज वखत प्रतिबोध पामी संजम ले छे, अने तेवी विशुद्धि न होय ते श्रावक धर्म वा सम्यक्त्व अंगिकार करे छे, ने आत्मानुं कल्याण करे छे. ए बे प्रकारना धर्मनुं वर्णन विस्तारे प्रश्नोत्तररत्नचिंतामणिमां छे, एटले अहींआं लखतो नथी, पण सार ए छे के हरेक प्रकारे संसारना मोहनी, स्त्री पुत्रादिकनी, अने धनादिकनी राग दशा अनादिनी छे, ते राग दशा उतारवी, अने आत्म दशानी सनमुख जेम जेम विकल्प खसे ए उद्यम करवो, अने विकल्पनां कारण छोडवां. ज्यां सुधी संसारमां मग्न छे त्यां सुधी आत्मानी दशा जागवानी नथी, ते साबुज संसार छोडी साधु थवानी जरुर छे. साधुजी थाय छे त्यारे वेपारादिकनां कारण छुटी जाय छे, स्त्री प्रमुखनां कारण खशी जाय छे, एटले आत्मज्ञान केम करवुं तेनां शास्त्र जोवानो निवृत्तिए वखत मले छे. शास्त्र केटलांएक तो एवां छे के वांचवाथीज मोह खशी जाय छे, ने आत्मभाव प्रगट थाय छे. आत्मभाव प्रगट थाय एवां घणां शास्त्र छे, तेना अभ्यासमां मग्न थाय, पछी अनुभव ज्ञान प्रगट थाय छे. त्यारे तो शास्त्रनी पण जरुर नथी. पोताना प्रबलज्ञानें ध्यानादिकथी कर्म खपावे छे, अने केवलज्ञान तथा केवलदर्शन प्रगट करे छे. एटली विशुद्धि नथी होती तो मरीने देवता थाय छे. त्यां देवतानां सुख भोगवी पाछा मनुष्य थइ धर्म आराधन करी मुक्तिने पामे छे. माटे एवा अढार दूषण रहित देवने देव मानवा, तेमनी भक्ति करवी, तेमनी आज्ञाए वर्त्तवुं. जे मोक्ष पाम्या छे तेमनो बतावेलो मार्ग अंगिकार करीए तो मोक्ष पामीए. त्यारे कोइने प्रश्न थशे के जैन धर्मनाज देव अढार दूषण रहित छे? शुं बीजा देव एवा नथी? तेने समजा-

वुं के अमे कांइ एम केहता नथी. ए विषे जैन धर्म सिवायना होय तेमणे पोतानी मेले पोताना देवना चरित्र लखेलां होय ते जोइ लेवा, ने ते चरित्र जोता जो अढार दूषणमानुं कोइ पण दूषण न होय तो तेमने खुशीनी साथे देव मानवा, अने तेवा देवने अमे पण नमस्कार रात दिवस करीए छीए. वाचनारने देवनुं चरित्र जोता जो अढार दूषणमाना दूषण देवमा देखाय छे तो दूषण वालाने देव कोण मानशे. जेने ए दूषण तजवा नहीं होय—ते मानशे ने जो तजवा हशे तो विचार करशे जे, जेणे पोताना आत्माने तार्यो नथी तो आपणो पण केम तारशे? एम विचार करीने सहेजे सत्य देवनीज आज्ञा धारण करशे.

प्रश्न—मोटा मोटा पन्डितो थइ गया ने मोटा मोटा शास्त्र रच्या तेमणे शु देवनुं ओलखाण नहीं कर्युं होय? न्यायना शास्त्र, व्याकरण शास्त्र, जैनीओने पण ब्राह्मण पासे भणवा पडे छे, माटे एवा विद्वाने काइ जोवुं बाकी राख्युं हशे? ते विषे जाणवुं जे ए वात पोतपोतानुं मन जाणे एवी छे केटलाएक अन्य दर्शनना विद्वानो साथे वात थइ छे, ते विद्वानो पोताना धर्मनी पुष्टी करे छे, पण खानगीमा तेथी बोलवु उलटुं थाय छे, जेमके आचार्य महाराज श्री आत्मारामजी महाराज प्रथम ढुंढक मतमा हता ते वखतमाज ढुंढीआ पासे भणवा गएला, ते ढुढके शीखामण आपी जे प्रतिमाजीनी निंदा तमो करो छो माटे नहीं भणावु, केमके आगममा जोता प्रतिमाजी पूजवानुं व्याजबी जणाय छे, अने ते स्थलो बतावी प्रतिमाजीनी श्रद्धा करावी त्यारे आत्मारामजी महाराजे कह्युं जे तमे केम खोटा मार्गमा पडी रह्या छो? त्यारे कह्यु जे हवे नीकलवानी लज्जा आवे छे आवी रीत छे माटे बीजानो जोवानो विचार करवो फोगट छे. पोते पोतानी मेले शास्त्र जोइ निःपक्षपातथी तपास करवी के खरुं शु छे?

तो सेहेजे समजाइ जशे. जैनीउ व्याकरण न्याय जणे छे ए तो कक्को शीखवा जेवुं छे, एमां कांइ मार्गनुं ज्ञान करवानुं नथी. मार्गनुं ज्ञान कोइ ब्राह्मण पासे लेवा जता नथी. मार्गनुं ज्ञान तो मार्ग पामेलो माणस बतावी शके छे, तो मुनि महाराजाउतो एक संसार त्याग करवानुं काम करी चुक्या छे. व्याकरण जणावनार तो संसारमां पमेला छे, ते शुं बतावी शके? माटे ए सर्व विचार पारका छोमी पोतानुं काम करवुं होय तेणे पोताना आत्मानो उद्धार करवा पोते शास्त्र अभ्यास करी देवगुरुनी तजवीज करवी. अनादिनी टेव तो एवी छे केजे वामामां पम्या तेज कर्या करवुं, पण ते रीत छोमी पोतानी बुद्धिथी सूक्ष्म विचार करी जे जे देवनाम धरावी आपणने जे धर्म करवा कहे छे ते धर्ममां ते वर्त्या छे? तेम स्वभावमां रही विभावथी मुक्त रहेवा कहे छे तेम रह्या छे? आ जोवानुं मुख्य काम छे, अने आपणे पण मनुष्य जन्म पामी एज करवानुं छे, माटे अंशे अंशे जमनी प्रवृत्ति उछी थाय, आत्म स्वभावमां स्थिरता थाय ए उद्यम करवो.ए उद्यमथीज वर्त्तमाने वा कालांतरे आत्मगुण अनुक्रमे संपूर्ण उत्पन्न थशे, माटे जेम बने तेम आत्मतत्त्वनी शुद्धि छए दर्शनमांथी जे दर्शनमां विशेष मले ते दर्शन ग्रहण करी ते दर्शननी श्रद्धा राखी स्वगुण खोजवाना कामी थवुं.

प्रश्न—तमारा जैन दर्शनमां व्यवहार क्रियामां वर्त्ते छे, पण कोइ आत्म खोजना करवी, आत्म गुणमां वर्त्तवुं, तेवा तो देखता नथी.

उत्तर—सर्व जीव कंइ आत्माला खोजी होता नथी, तेम आत्मगुणमां वर्त्तनारा पण होता नथी, कारण जे आ दुषम कालमां ज्ञानीउए ज्ञानमां प्रथमथीज जोयुं छे के हालमां कोइ मोक्ष आ क्षेत्रमांथी जशे नहीं. एटले मोक्षे जाय एवा ध्यानादिकना

करनार क्याथी होय ? पण आ कालने योग्य साधन करी शके एवा उत्तम जीवो तो वर्त्तता नीकली शके ध्यानादिक करीने समभाव दशा लाववी छे, विषय कषायथी मुक्त थवुं छे, कोइ मारी जाय कोइ पूजा करी जाय ते बने उपर तुल्य दशा करवी जोइए, ते करवाना उद्यमी तो नीकलशे, पण केटलाएक धर्मवाला ध्यान करवानु नाम देइ गाजानी चलमो फुंके छे, भांग पीए छे, तेथी ज्ञान नष्ट थइ जाय, अने कषायादिक वधे छे, एवा उद्यम करीने कहे जे अमे ध्यान करीए छीए ते केम मनाय ? अन्य दर्शन मा पण केटलाएक वेदीया ढोर कहेवाय छे ते कोने कहे छे ? के जे वेदांतनी वातो करे, तेनी कथा करे, अने विषय कषायमा वर्त्ते त्यारे कहे जे ए जडनुं काम जड करे छे तेमा अमारे शुं ? जे खावानु मन थयु ते खावु, भोगनी इच्छा थइ ते भोग करवा, कंइ पण जड कर्त्तव्य रोकवुं नहीं आवो धर्म पाली पोतानी इच्छा प्रमाणे विषय कषायमा वर्त्ते अने कहे जे अमे ध्यानी छीए, तेने दुनियामा वेदीया ढोर कह्या छे पातंजली योगशास्त्रमां अष्टाग जोग साधवा कह्या छे तेमा प्रथम जोग यम छे, ते पाच वस्तुना त्यागथी कह्या छे जीवहिसा, जूठ, चोरी, मैथुन, परिग्रह ए पाच वस्तुनो त्याग थाय त्यारे यमनामा जोग प्रगटे त्यारवाद बीजो जोग नियमनामा कह्यो छे, तेमा शौच, संतोष, तप सज्झाय ध्यान, अने ईश्वरध्यान आ पाच वस्तु करवानी कही, तो ए जेम जैनमा व्यवहार कह्यो छे, तेमज योगशास्त्रमा कह्यो वली त्रीजा जोगमा आसननो जोग करवो छे, स्थीर आसन करवुं, ए त्रण जोग थया पछी चोथो प्राणायाम जोग थाय, तेमां रेचक, पुरक, कुंभक करवु कह्युं छे आ हठ समाधियोग छे त्यारवाद पाचमो जोग प्रत्याहार छे, तेमा पाचे इंद्रिना विषयनो संवर थाय छे, संसारथी तथा जड भावथी विमुख थाय छे, तत्त्वबोध

थाय छे, सूक्ष्मज्ञान थाय छे. छठो ध्याननामा जोग, सातमो धारणानामा जोग, आठमो समाधि जोग ए त्रण जोग केवल सहज समाधिनी प्राप्तिनां साधन छे ते थाय. हवे विचारो के अष्टांग जोगना साधनवालाए पण प्रथमना जोगमां व्यवहार शुद्धि बतावी, ते व्यवहार शुद्धि करे नहीं, ने कहे जे ध्यान करीए छीएं, ते ज्ञानवंत केम मान्य करशे ? अनुक्रमे चढवानो जैनशासनमां पण गुणस्थाननो क्रम बताव्यो छे, ते मुजब तेमां पण योग्यता प्रमाणे ध्यानादिक छे, अने क्रम रहित गुणस्थानमां पण चढनारो पडे छे, ते संयम श्रेणीनी सज्झायमां कह्युं छे. ने वली बृहत्कल्पनी शाख आपी छे, माटे अनुक्रमे जेम कह्युं छे तेवी रीते ध्यानादिकनी रीत कही छे. अष्टांग जोगनी व्याख्या पण योग दृष्टी समुच्चयमां हरिभद्राचार्य महाराजे विस्तारे कही छे तेमां विशेष फेरफार समजातो नथी, अने जैनीउ जाणता नथी, खोजना करता नथी, ए कहेवुं जैन धर्मना शास्त्रना अजाणपणाने लीधे छे जैनमां क्रमे गुणस्थान चढवानुं कह्युं छे, तेमां योग्य थाय छे, त्यारे ध्यान करे छे. योग्यता ना आवे त्यां सुधी भावनाउ भावे, ए भावनाध्याननुं स्वरूप ध्यानशतक, योगशास्त्र, ध्यानमाला, षोडशकजी वगेरे ग्रंथो जोशो तो सारीपेठे समजाशे. में पण अंशमात्र प्रश्नोत्तररत्नचिंतामणिमां दर्शाव्युं छे. तेथी अहीं लखतो नथी माटे त्यांथी जोवुं. तमारुं प्रश्न एटलुं स्वीकारीए छीएं के मार्गमां दर्शाव्या प्रमाणे माराथी वर्त्तातुं नथी ते प्रमाद दशा छे. बाकी जे महापुरुष थया छे ने थवाना छे ते पुरुष तो आत्मतत्त्वनी खोजनामांज वखत गाले छे. निज स्वरूप विचारे छे, पोताना गुण पर्याय विचारे छे, पोतानुं स्वरूप विचारतां पोतानी विपरीत दशा देखाय छे, ते टालवाने व्यवहारमां वर्त्ते छे. व्यवहारमां वर्त्ततां जेटलो जेटलो आत्मा कर्मथी मुक्त थाय

छे, अने निर्मल थाय छे, तेने ज धर्म माने छे, तेमांज आनंदित थाय छे पोताना आत्मानी परीक्षा करवा कष्ट पण सहन करी जुए छे, कारण के केटलाएक वातो करवारूप जड पदार्थ मारो नहीं एम कहे छे, पण ज्ञानी तो कष्ट सहन करती वखत परीक्षा करे छे के जे शरीरने कष्ट पडे छे, त्यारे ते कष्ट मने थयु जनाय छे के नहीं ? जो दुखमा चित्त लेपाय छे त्यारे तो कहेवारूप थयुं, ने जो शरीरने कष्ट थाय छे तेमा समजाव रहे छे त्यारे साचुं ज्ञान थयु स्वीकारे छे, एवी स्वजाविक दशाज स्वस्वरूप परस्वरूप ज्ञान थवाथी थइ छे, तेना प्रजावे जे जे दुख थाय छे तेमा जराए खेद पामता नथी. पोते पोताना आनंदमा रहे छे कर्म फलनी पतीज छे तेमा वधारे पतीज थती जाय छे के पूर्वे पाप कर्यां छे, तेनु आ फल जोगवुं छुं, हवे पण पाप करीश तो तेना फल जोगववा पडशे आ विचारो ठशी गया छे, तेथी कर्म खपाववाना उद्यम जे जे प्रजुए बताव्या छे, तेमा व्यवहारमा वर्त्ते छे, निश्चय स्वरूप हृदयमा जावे छे तेनी विचारणा करे छे. वधारे विशुद्धिवंत ध्यानादिमा लीन थाय छे एवा उद्यमी पुरुष मोक्ष पामशे ए निरधार छे, पण जेणे उद्यम छोड्यो तेने तो कंइ पण बनवानुंज नथी

प्रश्न–धर्मनो उद्यम तो बधा धर्मवाला पोतपोताना विचार प्रमाणे करे छे, तो जैन धर्मनुं विशेष शुं ?

उत्तर–जैन धर्मना मार्गमा निश्चयने व्यवहार बे प्रकारनो मार्ग छे, तेणे करीने वस्तुधर्मनो यथाथ निर्णय थाय छे, अने यथार्थ प्रवृत्ति पण करी शके छे जैन थइने पण केटलाएक एकलो निश्चय ग्रहण करे छे, केटलाएक एकलो व्यवहार ग्रहण करे छे अने निश्चय उपर दृष्टि नथी ए बेमा यथार्थ जैनीपणुं नथी ए सारु जशविजयजी महाराज कही गया छे के "स्यादवाद

पूर्ण जो जाणे ॥ नयगरभीत जस वाचा ॥ गुणपर्याय द्रव्य जो बुझे ॥ सोइ जैन हे साचा ॥ " आवी रीते कह्युं छे, ते मुजब वर्त्ते तेने जैन कहीए; तो जेम जैन नाम धरावी एक पक्ष ग्रहण करे तेने जैनमां गणया नहीं. तेनुं कारण के ते यथार्थ आत्म साधन करी शके नहीं, तेम अन्य दर्शनीमां पण एकांत पक्ष ग्रहण करे तेने वस्तु धर्मनुं यथार्थ ज्ञान नहीं थइ शके, अने वस्तु धर्मना बोध विना आत्मधर्मने आत्मधर्मना रूपे जाणे नहीं, जड ध-र्मने जड धर्मना रूपे जाणे नहीं. जेवुं आत्मानुं लक्षण छे, तेवुं लक्षण जाणे नहीं. परमात्मानुं जेवुं लक्षण छे तेवुं जाणे नहीं. ते कदापि परमात्मानुं ध्यान करे तो पण सफल शी रीते थाय? केटलाएक कहे छे जे ईश्वर सिवाय कोइ पदार्थ छे नहीं. जड पदार्थ छे एवुं जे कहीए छीए ते भ्रांति छे. हवे प्रत्यक्ष पदार्थने भ्रांति कहे छे ते माणस तेने अनुसरतुं ध्यान करे तो आत्मकार्य शी रीते थाय? माटे जे जे वस्तु जेवे रूपे रही छे ते रूपनुं ज्ञान करी ध्यान करे तो कल्याण थाय; बाकी जे जे जीवने पो-ताना आत्मानुं कल्याण करवानीज बुद्धि छे, ने ते बुद्धिथी जे उद्यम करे छे ते परंपराए हितकारी छे, कारण जे आत्म धर्म पामवाना सन्मुख थया छे, तेने सदगुरुनो जोग बने तो ज्ञान थतां वार लागे नहीं; माटे सन्मुख भाव करवो ए सारो छे, तेथी परंपराए कल्याण थशे अने एक पक्षनी बुद्धि मुकी नि-श्चय दृष्टि हृदयमां स्थापी निश्चय प्रगट थाय, एवां कारणो से-ववां तेथी कल्याण थशे; अने परंपराए इच्छित सुख थशे, तेमां मुख्य शास्त्रज्ञान करवानो वधारे उद्यम राखवो ते ज्ञानने अनुसरता परभावथी मुकावानां साधन करवां एटले सर्वे श्रेय थशे.

प्रश्न–जैनमां वस्तु केटली कही छे?

उत्तर–जड अने चेतन बे पदार्थ छे, एनी व्याख्या प्रथम

घणी करी छे, एटले अहींआ लखतो नथी हवे एटलुज लखवानुं छे के जड जे शरीर, घर, हवेली, कपडा, आभूषण विगेरे प्रगट पदार्थ छे, तेन अद्वैतवादी कहे छे के भ्राति छे पदार्थ नथी, अविद्याना प्रभावथी मानो छो आ जे कहेलुं छे ए बाबतना ग्रंथ पण घणाज लखाया छे अने न्याय पण जोडाया छे पण मारा विचारमा सर्वज्ञ पुरुषे शुं बताव्युं छे ? आ पदार्थ जड छे, तेथी ए पदार्थ मारा नहीं, ए पदार्थमा मारापणुं मानु छुं ते भ्राति छे, अविद्या छे, आत्मानो चेतन स्वभाव छे, माटे पर स्वभावने मारो कहेवो ते भ्रांति छे, ने ए भ्रातिए अनंतोकाल थयो संसारमा रोलायो, माटे ससारमा जेने रझलवुं न होय तेणे ए पदार्थ उपरथी मारापणानो ममत्व छोडवो, आ रीते परमात्मानुं कहेवुं छे, तेनुं रूपातर थइ गयुं छे, वली जैनमत स्याद्वाद छे तेने अजाणपणे एम जाणे छे के हा ने ना ए केम बने ? पण जे जे पदार्थ रह्या छे तेमा बे बे धर्म रह्या छे तो ते न मानता कार्यनी सिद्धि शी रीते थाय ? तेनो दाखलो के, स्त्री छे तेने छोकरा थाय छे हवे एक पक्ष लइने कहीए जे छोकरा स्त्रीने थायज तो शुं दूषण आवे छे के जे स्त्री वंझा छे तेने थता नथी, हवे वंझाने थायज नहीं एम मानीए तो तेमा पण दोष आवे छे, केमके वझाने औषध खावाथी वझा दोष टले छे ने छोकरा थाय छे हवे एम कहीए जे औषधथी वंझा दोष टलेज छे, तो ते पण खोटु थाय छे, कारणके केटलीएक बाइओने वझादोष ओसडथी नथी पण मटतो, तो ए पण एकात कहीशु त्या दूषण आवशे शरीरनी नीरोगता सारी सभालथी रहे छे, एम जो एकातथी कहीशु तो माहाराणी साहेबने मादगी भोगववी पडी अने देहनो त्याग करवानो वखत आव्यो, तेमणे काइ संभाल राखवामा कचाश राखी नथी, पण प्रबळत्त कर्म जोर करे त्या माणसनु कइ चाली

शकतुं नथी. हवे अहीं एवो सवाल थशे के शरीरनी संभाल राखवानी जरुर नथी, कर्मथी थाय छे ते थशे, ए पण एक पक्ष नथी, संभालथी पण बचाव थाय छे जेमके जाणी बूझीने झेर खाइए तो पछी शी रीते जीवीए? मरकी प्रमुखनी हवा चालती होय त्यांथी खशी जवुं जोइए. तेम करवाथी बचाव थाय छे, ते पण एकांत नहीं. हवे दाक्तरने पण नाशी जवुं जोइए, आ सवाल आवशे. केमके बीजा नासे त्यारे दाक्तर केम न नासे? त्यारे अमो कहीए छीए के नासवानो एकांत नहीं. दाक्तर मरकी न लागे एवा बंदोबस्तथी रहीने लोकनी संभाल करे, दाक्तर नासे नहीं, बीजा माणस बीजे स्थले जाय. एज प्रमाणे नाणुं पेदा करवुं, ते मेहेनत करवाथी नाणुं पेदा थाय एम कहे छे तेने कहीए छीए जे मेहेनत करवाथी नाणुं पेदा थाय छे ने नथी पण थतुं. बुद्धिवान बुद्धिथी नाणुं पेदा करे छे ते पण एकांत कहेवाशे नहीं. बुद्धिवान देवालां काढे छे, अने वगर बुद्धिवान धन साचवी राखे छे, ते पण एकांत नहीं रहे. बुद्धिनी खामीथी घणुं नुकशान थाय छे. खावुं ए सारुं छे पण एकांत कहेवाशे नहीं. केमके शरीरमां खाधेलुं पच्युं नथी ने खाय तो अजीर्णादिक रोग थाय, माटे तेणे खावुं नहीं, तेमां पण एकांत नथी. सेहेज पदार्थ संतोषने सारु, निभाव सारु, खाधेली पचवा सारु खावुं. घी पदार्थ उत्तम छे, खावा जोग छे पण निरोगीने, रोगीने नहीं. रोगीने पण न खावो ए एकांत नथी, दवाना अनुपानमां रोगना उपर वा शरीरनी स्थीति उपर विचार करी वैद या दाक्तर खावा कहे ते खावुं. दान देवुं उत्तम छे पण एकांत नहीं. पोताने माथे देवुं होय ते आपे नहीं अने दान तेवी रीते देवुं नहीं ते पण एकांत नहीं. पोताने खावाने बे रोट-
ी छे, तेमांथी अरधो वा एक रोटलो आपे छे ने बाकी
ंथी निर्वाह करे छे. तो ते उत्तम छे. दान न आपत तो

पोते खात ते पोते खाधु नही ने आप्यु, तो महा फलदायी छे. कोइने दुःख न देवुं ए शब्द एकात छे तो पण ते एकात नहीं. कोइ उत्तम पुरुपने रोग थयो छे. ते रोग टालवा दुःख दे तो ते लाभकारी छे. जेमके गुमडुं थयु होय ने नस्तर मूके छे तेथी दुःख थाय छे पण शाता करवा सारु दुख देवु छे, तो ते दुःख देवुं निषेध नथी छोकराने भणवा सारु महेताजी विगेरे दुःख दे, ते दुख देवु निषेध नथी, ते पण एकात नही ने मारवाथी हाथ पग भागे, कोइ घा पडे, लोही नीकले, कोइ भारे इजा थाय एवो मार विगेरे मारवो जोइए नही. वली कोइ कोमल अगनो होय एवाने वीलकुल मारवो न जोइए, वली कोइ शिष्य अयोग्य होय तो मारवो न जोइए. एम सर्वे विद्या भणवी ए साधारण नियम छे पण ते एकात नही जेमा मत्राादिक विद्या छे, ते काम करवानी शक्ति न होय, तेणे ए भणवु नही एम तप करवो ए लाभकारी छे, तो पण ते एकात नही, जेनी शक्ति होय ते तो सुखे तप करे, पण जेने शक्तिनी खामी छे, तेथी प्रणाम बगडे तेवुं छे तेणे तप करवो नही, वली ते पण एकात नही छेल्लो मरण समय छे ते वखते शरीरनी शक्ति न होय तो पण चारे आहारनो त्याग करे, ते पण एकात नहीं जेने भाव सारा न रहे अने प्रणाम बगडी जाय तो तेणे त्याग करवो नहीं धर्म उपदेश देवो ए सारी वात छे, पण ते एकात नही जेणे यथा प्रकारे शास्त्रनुं ज्ञान मेलव्युं छे ते उपदेश दे, पण ते ज्ञान जेणे न मेलव्युं होय ने ते उपदेश दे तो प्रभु आज्ञाथी विरुद्ध देवाइ जाय, माटे ज्ञान रहित होय तेणे उपदेश देवो नही ज्ञानवत छे ते पण साभलनार उपदेशने लायक न होय तो उपदेश देवो नही, ते पण एकात नही हालमा लायक नथी पण उपदेश देवाथी लायक थाय एवु होय तो देवो अयोग्यने जवाब न देवाथी शास-

ननी लघुता थती होय, तो ते लघुता न थाय ते सारु उपदेश देवो. आ स्याद्वादनी रीत छे. अपेक्षा अपेक्षानां वचन जुदां जुदां छे, हवे एवी अपेक्षाउ न समजे ने एकज रीतनी वात करे ते ज्ञानी के अज्ञानी ? सरकारना कायदामां पण अपवाद बताव्या छे, तेम जैन शासनमां उत्सर्ग अपवाद मार्ग बताव्यो छे. बगर अपेक्षाए हा तेनी ना एवो जैन मार्ग नथी, तेवी रीते जैन मार्ग जाण्या विना कोइ ठेकाणे शास्त्रमां उत्सर्ग मार्गनी वात होय, कोइ ठेकाणे अपवाद अपेक्षाये होय, ते विचार जाण्या विना कहे छे जे जैनमां एक ठेकाणे कंइ छे ने एक ठेकाणे कंइ छे. आ कहेनार केवल मुर्खता वापरी कहे छे. जो जैन शासननुं माहापण मळ्युं होत तो कदापि कहे नहीं. जैनमां जे साते नय सप्त भंगी आदि बतावी छे, ते आवी रीते अपेक्षाज्ञान थवाने सारु छे, ते नयादिकनुं यथार्थ ज्ञान थाय तो सर्व ठेकाणे जे जे नयनुं वचन होय ते ते नयनुं ते ते ठेकाणे थापे तो कोइ वातनो संशय रहे नहीं, पण ते ज्ञान विना जैन शासननी स्याद्वाद वात संबंधी विपरीत भाखे वा बोले ए पोताना वामानो हठ छे. जे जे पदार्थो रह्या छे तेनो निर्णय स्याद्वाद ज्ञानथी थाय छे. दुनियामां कोइ पण वस्तुनो स्वभाव स्याद्वाद विना नथी. जेम के जीव छे ते अविनाशी छे, ए सत्य छे, कोइ दिवस जीवनो विनाश थतो पण नथी. एज पक्षपर एकांत रहीए तो जे जे संसारमां रोळाता जीवो छे ते एक शरीर मुकी बीजी जातिमां बीजुं शरीर धारण करे छे, तो प्रथम हाथी हतो त्यारे पोताना आत्मप्रदेश हाथीना आखा शरीरमां फेलाइने रह्या हता, ते हाथी पण मरण पाम्यो ने माखी थइ तो जे हाथीमां फेलावो हतो तेनो संकोच करी माखी जेटलामां समाया; एवी रीते आत्मप्रदेश थया तो हाथी वाली अवगाहनानो नाश थयो, तथा हाथीनी पण बोलवुं, चालवुं, खावुं,

पीवु वगेरे जे जे प्रवर्त्तना हती ते वंध थइ गइ माखपणानी थइ, तो हाथीपणुं नाश थयुं ते अपेक्षाए जीवमा नाश धर्म पण रह्यो जे नाश धर्म न माने ते विपरीत के केम? परमाणु पदार्थ अविनाशी छे पण एक वीजामां मलवु वुटा पडवुं ए धर्म रह्यो छे, ते विनाशी धर्म तेमज माटीना अनेक घाट वने छे ते विनाश थाय छे, माटी अविनाशी पणे छे, तो एवा पण वे धर्म रह्या छे तेवा वे वे धर्म रह्या छे आत्मामा स्वभाव धर्म अने विभाव धर्म व, वे अपेक्षाये रह्या छे स्वभाव धर्म कृत्रिम नथी स्वभाव धर्म जडमा रहेवानो, जडनी साथे वर्त्तवानो नथी. मुख नथी तेथी वोलवानुं नथी, चालवानुं नथी फक्त जाणवुं, देखवुं, स्वभावमा स्थीर रहेवुं ए स्वभाव आत्मानो छे हवे एकात मानीए तो जड प्रवृत्ति करे छे ते कोण करे? वेदाती लोक एम कहे छे, के मायाथी—अविद्याथी थाय छे तो ते रीते पण परसंजोगे वर्त्तवुं तो थयुं, तो जीवमा स्वभाव न होय तो वर्ते शी रीते. हवे वर्त्तवानो स्वभाव मानीए तो एथी रहित थाय नहीं एम काइ पण एक स्वभाव मानवाथी वस्तु निर्णय थशे नहीं जैनशास्त्रकारो स्वभाविक धर्ममा काइ पण जड प्रवृत्ति नहीं एम कहेछे ते सत्य छ, तेम न होय तो ससारथी मुकाइने शुद्ध कोइ थाय नहीं, माटे शुद्ध निश्चय नयना पक्षथी निज स्वभावमा रहेवुं एज धर्म छे अशुद्ध निश्चयना पक्षथी जडनी संगते कर्म वाधेला छे, ते कर्मना सजोगथी जडनी प्रवृति थायछे जड जेम वर्त्ते छे, तेम आत्मा वर्त्ते छे हवे ते प्रवृति छोडवाने सारु व्यवहारमा धर्म साधन करवु छे अने जे जे कर्म वांधेला छे ते खपे एवो उद्यम करवो. कर्म खपाववानो उद्यम यथार्थ कर्या विना आत्मा निर्मल थवानो नथी ने कर्म खपवाना नथी. एवा वस्तुद्दमा स्वभावि धर्म विभाविक धर्मोनु ज्ञान विना ध्यान करे ता विपरीत

ध्यान थशे, माटे पदार्थोना धर्मनो दर्शाव जैन शास्त्रने विषे बहु विस्तारे छे, ते जाणी पछी दया दानादिक करे तो सफळ थाय, अने मोक्ष साधन पण तेनेज कहीए. स्वभाव धर्मने स्वभाव पणे श्रद्धा करी, विभाव धर्ममां वर्त्तना छे ते वर्त्तना दूर करवामां, प्रथम विभाव वर्त्तना करवी पडशे, जेमके ग्रहस्थ पणानी प्रवृत्ति विभाविक छोडी साधु धर्मनी प्रवृत्ति करवी, हवे निश्चय नयनी अपेक्षाए ए पण विभाव छे, पण ए विभाव केवो छे? के स्वभावने आवर्ण लागेलाने खसेडनार छे—वीतराग आज्ञाए साधु पणुं आवे छे, ततो विभावना अंश खपवाथीज आवे छे, ते जेम जेम संजममां तत्पर थाय अने संजम स्थानमां चडे, तेम तेम विभाव दशा खसती जाय, अने आत्मशुद्धि थाय. अनुक्रमे गुणस्थान चडे ते सर्वथा विभावथी मुक्त थाय, अने स्वभाव धर्म प्रगट थाय, तेथी अनंत ज्ञान शक्ति प्रगट थाय, तेथी एक समयमां त्रण लोकना भाव जाणवामां आवे, अनंत दर्शन प्रगट थाय, तेथी सामान्य उपयोग रूप बोध थाय, अनंत चारित्र गुण प्रगट थाय तेथी स्वभावमां स्थिर रहे, अव्याबाध सुख वेदनी कर्मना क्षयथी प्रगट थाय, नाम कर्मना क्षयथी अरूपी गुण प्रगट थाय, गोत्र कर्मना क्षयथी अगुरुलघु गुण प्रगट थाय, अंतराय कर्मना क्षयथी अनंत वीर्य प्रगट थाय, आयु कर्मना क्षयथी अक्षय स्थिति प्रगट थाय आवी रीते अनंत आत्माना गुण प्रगट थाय, अने लोकाग्रे सिद्धिने विषे बिराजमान थाय.

प्रश्न—सिद्ध स्थान क्यां छे अने त्यां शुं करवा रहेवुं

उत्तर—सिद्ध स्थान चौद राजलोकनी उंचाइ छे तेना छेडाना भागमां अलोकने अडीने रह्या छे. अलोक एटले त्यां धर्मास्तिकाय, अधर्मास्तिकाय, जीवास्तिकाय, पुद्गलास्तिकाय, काळ ए पांच पदार्थ नथी तेथी अलोक कहीए, ते अलोक नीचे रह्या छे,

कारण जे धर्मास्तिकाय अलोकमा नथी तेनी सहाय विना च-
लातु नथी माटे त्या रह्या छे, त्या केहेवा रूपे रह्या छे देह नथी
तेथी वर्ण नथी, गध नथी, फर्म नथी, रस नथी अरूपी पणे रह्या
छे, ते सदाकाल अवस्थित पणे रह्या छे, कोइ पण दिवस फरी
चलायमान पणुं नथी अचलस्वभावी (ससारी सुख अथिर छे,
तेवुं अथिर सुख नथी) स्थिर सुख छे जन्म मरण करवानां दुःख
टली गया छे संसारमा विकल्पनुंज दुःख छे, ज्यारे विकल्प न
होय त्यारे ससारमा सुख थाय छे तेमा सिद्धमहाराज सदा वि-
कल्प रहित छे कोइ पण वखत कोइ पण कारणनो विकल्प
नथी तेथी सदाकाल सुखमयी रहेछे संसारमां इच्छाओ प्रवर्त्ते छे, ते
इच्छाओ पुरी न थाय तेनु दुःख छे, पण सिद्धमहाराजने ससारी कोइ
पण चीजनी इच्छा नथी एटले दुख नथी तेथी सदा सुखमयी छे
जे जे पदार्थो जोवामा जाणवामा आवे छे, ते संबंधी रागी जी-
वने राग थाय छे, पछी ते मलतु नथी तेनुं दुःख थाय छे, अने सिद्ध
महाराज वीतराग दशाने पाम्या छे तेथी तेमना जाणवा देखवा-
मां चौद राज्यलोकना पदार्थ समये समये आवेछे पण वीतराग
दशाने लीधे जे पोताना आत्माना स्वभावथी जणाय छे तेमा
काइ पण चित्त नथी, विकल्प नथी, पण स्वभावाणंदमा वर्त्ते छे.
जेटला जेटला ससारमा दुख छे, तेमानु एक पण दुख सिद्ध म-
हाराजने नथी. वली समारना जे जे सुख छे ते दुःखमयी छे
अनित्य छे, मात्र सुख माने छे, एटलुं छे ज्ञानदृष्टिए विचारीए
तो सुख नथी, कारण जे जगतना जीव स्त्रीना भोगे करी आ-
णद माने छे पण तेज वखत शरीरने केटली पीडा थाय छे, तेना
उपर लक्ष नथी ते दुःख न मानतां सुख माने छे—विषयथी
आयुष्यनी हानी—पइसानी खराबी—ए सर्वे वात कोरे मुकी सु-
ख माने छे, तेमज तमाशा खेल जोवा जाय छे त्या उजागरा

करे छे, कन्ना कन्ना पग दुखे छे, ते दुख मानताज नथी; आभुषण पहेरी खुशी थाय छे, तेनो न्नार उठाववो पडे छे अने शरीरे पीडे छे, तेहना उपर लक्षज नथी; तेमज खावाना विषय सेववाथी केटलीएक एहवी चीज छे के जे खावाथी रोगनी उत्पत्ति थाय छे पण तेहना उपर लक्षज नथी, केटलाएक पदार्थ शरीरने अडचण करे एहवा नथी ते पण प्रमाणथी खाय तो, पण ते प्रमाण उपर लक्ष नही ने अतिशय खायतो अजीर्ण थाय ने मरे वा मांदो पडे तेनो पण विचार विषय आगल रहेतो नथी; प्रमाणथी खाय तो तेमां पण केटलां दुख न्नोगववां पडे छे, जेमके जीवने दुधपाक खावानुं मन थाय छे, अने ते दुधपाक खाइने खुशी थाय छे; पण ए दुधपाक रांधतांज केटलो शरीरमां पसीनो नीकल्यो त्यारे तइयार थयो, ते कोइ विचार करता नथी; एवी रीतनां संसारी सुख दुखगर्न्नित छे. स्त्रीयोने विषयने सारु पुरुषनुं दासपणुं करवुं पडे छे; जो विषयनी इच्छा न होय तो पाणिग्रहण करवानी जरुर न पडे, पण विषयनी इच्छाथी पाणिग्रहण करे छे. पछी पुरुष मारे, कुटे, गालो दे, घरनुं आखो दिवस काम करावे, आटलुं दुःख न्नोगवे त्यारे विषयनां पेहेरवानां सुख मले. माटे वस्तुपणे संसारी सुख, सुख मानवारूप पण दुःखमयी छे, अने सिद्ध महाराजने एमांनुं एक पण दुःख नथी; केवल सुखज छे; अने सादि अनंत न्नांगे छे. एटले सिद्धमां गया त्यारथी आदि छे पण ए सुखनो अंत आववानो नथी. एनुं स्वरूप अकल छे. कोइथी कल्युं जाय एवुं नथी, तेम ए सुख मुखे कह्युं जाय तेवुं नथी. शास्त्रमां एक दृष्टांत आप्युं छे के एक राज पुरुष वक्र शिक्षित अश्व उपर बेठो अने पछी तेनी जेम जेम लगाम खेंचे छे तेम तेम दोडतो जाय छे, जंगलमां उज्जड न्नूमिमां लइ गयो, माणसो वधा पाछल रह्या अने राजा एकलो वनमां गयो. राजाने न्नय

लागवाथी लगाम मुकी दीधी. एटले अश्व ऊभो रह्यो. पछी अश्व उपरथी उतर्यो राजाने पाणीनी तरस बहु लागी छे, पण पासे काइ नथी एटलामा एक भील आव्यो, तेनी पासे राजाए पाणी माग्युं, तेणे दया लावीने पातरामा पाणी लावी आप्यु, ते पाणी पीने राजा संतोष पाम्यो. पछी ते भीले फल प्रमुख लावी आप्या ते राजाए खाधा, तेथी राजा बहु खुशी थयो पछी पाछलथी प्रधान विगेरे आवी पहोंच्या तेमने राजाए कह्यु जे आ भीले प्राण राख्या पछी राजा भीलने पोताना घेर तेडी गया त्या खाजा, घेवर वगेरे अनेक पदार्थ खवराव्या, ते खाइने भील पण अतिशे राजी थयो एम केटलाएक दिवस रहीने राजानी रजा लेइने भील पोताने घेर गयो त्यारे स्त्रीए पूछ्युं जे नगरमा केवु सुख हतु? तो बहु सुख हतुं एम कहे, पण शु सुख हतु ते कही शके नहीं तेम सिद्ध महाराजनुं सुख कही शकाय नहीं, कारण के सिद्ध महाराजना सुखना जोमानुं सुख आ संसारमा नथी; माटे खरी रीते जे ए दशा प्राप्त करे, ते ए सुखने जाणे केटलाएक लखवामा आव्या छे, ते दृष्टांत रूप छे तेथी बुद्धिवान केटलुक समजी शके छे आवु सिद्ध महाराजनु सुख अढार दूषणनो त्याग करवाथी थायछे माटे दरेक दूषण भगवंते त्याग कर्या तेनु स्वरूप ते ते दूषण नाम मात्र बताव्यु छे विस्तारे शास्त्रमा छे त्याथी जोइने जेम भगवंते त्याग करवानो उद्यम द्रव्य भावथी कह्यो छे तेम करवो के आत्मानुं कल्याण थाय अने सिद्ध महाराज वच्चे भेद छे ते भागीने सिद्ध महाराजना सरखा गुण वालो आत्मा थाय मनुष्य जन्म पाम्यानु एज सार छे

प्रश्न —आत्माना गुण आत्माने आपवा तेने दान कहु तथा आत्माना गुणनी प्राप्तिने लाभ विगेरे लख्यु ते शा आधारथी?

उत्तर—देवचंदजी कृत चोवीसीमा सुपार्श्व स्वामीना स्त-

वनमां दर्शाव्या छे. वली आनंदघनजी महाराजनी चोवीसीमा पण एवो दर्शाव छे तेना आधारथी लख्युं छे.

प्रश्न--हालमां महा पुरुषोना करेला ग्रंथोना तथा सूत्र सिद्धांतनां भाषांतर थाय छे ते योग्य छे के नहीं ?

उत्तर--हालमां भाषांतर थाय छे ते भाषांतर कोइ मुनि महाराज तो करता नथी. पूर्वेना करेला बालाव बोध मुनि महाराजो तथा आचार्यादिकना करेला छे, तेना उपर पण टीकाउ जेटलो विद्वानो भरोसो करता नथी. टीका जोइ मलतुं टीका साथे होय ते मान्य थाय छे. अने हालमां तो एवा पुरुषो कोइ ग्रंथनुं भाषांतर करता जणाता नथी. फक्त पोतानी आजीविकाने अर्थे गृहस्थो (जैनी) अथवा ब्राह्मणो करे छे. जे माणस पोतानी आजीविकाने अर्थे करे छे तेमणे जिनशासननी रीत पेहेलीज लोपी छे. कारण जे आ लोकने अर्थे प्रभुनी पूजा करे तेने लोकोत्तर मिथ्यात्व कह्युं छे, तो ज्ञानने अर्थे करी वा पुस्तक वेची पैसा पेदा करवा ते आ लोकनो लाभ छे तो प्रथमज लोकोत्तर मिथ्यात्व थयुं, ते मिथ्यात्व लागे छे, एम शास्त्रथी जाणे छे पण पोताने मिथ्यात्व लागे छे एम मानता नथी, आवी दशावाला जैनीउ तथा ब्राह्मणो मिथ्यात्वी छे एवा जीवोने यथार्थ सिद्धांतनो बोध केवी रीते थाय ? अने यथार्थ बोध विना अर्थनो अनर्थ थाय. माटे ए काम आत्मार्थीए करवुं योग्य नथी. तेम छतां आजीविका निमित्ते काम करे छे तेने शुद्ध क्षयोपशम थतो नथी. वली विशेषावश्यकमां तो एम कह्युं के सामायक अध्ययन गुरु पासे भणवुं. पण " न नु पुस्तक चौर्यात् " पोतानी मेले पुस्तकमांथी भणवुं नहीं. तो आतो सिद्धांतना अर्थ करवा छे. वली पयन्नादिक विना बीजां आगम (अंग उपांगादिक) श्रावकने साधुजी भणावे तो प्रायश्चित निशिथजीमां कह्युं छे. तो भणवानी

तो नाज होय अने आतो पोतानी मेलेज अर्थ करे, तेमा गुरु महाराजना आशय ते आवेज नहीं तेथी बरोबर अर्थ थाय नहीं; माटे आत्मानी बीक राखी एवां काम करवाने समता राखवी अने जे जीव, नय न राखे ने ए काममा वर्त्ते तेना करेला बालावबोध उपर आत्मार्थी नरोसो राखवाना नथी, अने जेने मार्गनु ज्ञान नथी, मार्गना ज्ञानवंतनी अनुजाइए चालवु नथी ते पोतानी मरजी प्रमाणे वर्त्तशे तेमा काइ इलाज नथी

प्रश्न--तमारा करेला प्रश्नोत्तर चिंतामणिमा जिनपूजामा अल्प हिंसा लखी छे, अने बीजा शास्त्रमां तो अल्प हिंसा पण नथी केहेता तेनु कारण शुं?

उत्तर--पूर्व पुरुषो अनुबंध हिंसा नथी कहेता ते केहेवुं व्याजबी छे. पूजामा अनुबंध तो कुशलानुबंधी छे. एटले मोक्षमां जोडे एवो अनुबंध छे, माटे अनुबंध हिंसा नथी, स्वरूप हिंसा छे, ते केहेवा मात्र छे फल नथी, तेम अमारुं कहेवुं शब्द नेद छे, आशय एकज छे. अमे अल्प जे प्रते मुक्ति सुखनी प्राप्ति थाय, एटले मोक्ष सुखने आपनारी जिन पूजा छे अल्प हिंसानुं फल थाय नहीं. अल्प शब्द अनाव वाची पण छे, तेवोज समजवो एवी रीते केहेवाथी पूर्व पुरुषोना कहेवा प्रमाणेज छे पूर्व पुरुषथी विरुद्ध श्रद्धा अमारी नथी. *कोइ ठेकाणे हमारी नूल थाय* पण महंत पुरुषनी नूल थायज नहीं एज अमारी पण श्रद्धा छे हमारी चोपडीमा ज्या ज्या पूर्व पुरुषथी विरुद्ध जोवामां आवे तेनी श्रद्धा करवी नहीं. ते ते ठेकाणे पूर्व पुरुषनीज श्रद्धा करवी ते अमने पण जणाववुं के अमो अमारी नूल सुधारीए

प्रश्न--प्रश्नोत्तर रत्न चिंतामणिमां पाने १८७ मे क्षायक सम्यक्त्व शुद्ध अशुद्ध नेद सारु तत्वार्थनी शाख आपी छे ते तत्वार्थमा छे ?

उत्तर--तत्त्वार्थमां तो सादि सपर्यवसान, सादि अपर्यवसान ए रीते बे भेद करेला छे ते पेहेला भेदना स्वामी श्रेणीकादिक छद्मस्थ कह्या छे. ने केवलज्ञानीनुं क्षायक सम्यक्त्व सादि अपर्यवसान, ए रीते बे भेद करेला छे. एज भेद नवपद प्रकरणनी टीकामां शुद्ध अशुद्ध कह्या छे ते बे शास्त्र एकठी लखी छे. शुद्ध अशुद्ध भेदना अक्षर नव पद प्रकरण टीकामां पाने ४०मे तथा समयसुंदरजी कृत प्रश्नने विषे छे, त्यांथी जोइ लेवुं.

प्रश्न--दिगंबर मत पहेलो के श्वेताम्बर मत पेहेलो ?

उत्तर--दिगंबर मत विषे शास्त्रमां घणे ठेकाणे कह्युं छे. भगवंतना निर्वाण पछी छसेंने सत्तर वर्षे शिवभूति आचार्ये दिगंबर मत काढयो छे. ते वात दिगंबरी नथी मानता कारण जे तेमणे नवां शास्त्र रच्यां छे. अगियार अंग तथा बार उपांगादिक प्रगट छे, पण कहे छे के विछेद गयां छे अने पोताना मत काढनारना करेला ग्रंथो छे तेज आधारे चालेछे. एटले एमने शास्त्रथी समजावीए ते माने नहीं पण न्यायथी समजाववा जोइए. ते आत्मार्थी तो सेहेजे समजी जाय तेवुं छे. जो न्यायनी बुद्धि जागी होय तो हालमां संप्रति राजाना भरावेला हजारो जिन बिंब छे. ते संप्रति राजा भगवानना निर्वाण पछी आशरे ३०० वरसे थया छे ते प्रतिमाजीने लिंगनो आकार नथी. वली कच्छ देशमां महावीर स्वामीजीनी प्रतिमाजी भद्रेसरमां छे. त्यां त्रांबाना लेख छे ते प्रतिमाजीने २५०० वरस थयां छे, वली महुवामां जीवत स्वामीनी प्रतिमा छे, ते महावीर स्वामी विद्यमान अवसरमां भरावेला छे ए आदि दिगंबर मत नीकलता पहेलांनी जिन प्रतिमा घणे ठेकाणे छे, ते प्रतिमाजीने लिंगनो आकार नथी. तेम त्यार पछीना पण श्वेतांबर देरासर घणां छे ने घणां जिन बिंब छे, ते सर्वे लिंगना आकार विनानां छे. अने दिगंबरना देरासरमां लिंग

वालां जिनबिंब छे तो विचारो के वीर जगवानथी चालतो धर्म दिगंबरनो होत तो जुनो प्रतिमाजी लिंगवाली होत, अथवा श्वेतांबर मत नवो होत तो पण जुना प्रतिमाजी लिंगवाला होत पण ते जणातां नथी. माटे श्वेतांबर मत जगवानना वखतथी चाल्यो आवे छे दिगंबर प्रश्न करे छे के अमारा जिनबिंब जुना छे ते विषे जाणवुं जे ते जुना छे एवो पुरावो नथी अने श्वेतांबरना जुना प्रतिमाजीनो पुरावो छे, जडेसरना लेख छे, संप्रति राजा क्यारे थया ते पण लेख छे, माटे पुरावो बलवान छे. आबुजी, तारंगाजी, समेतशिखरजी तथा गीरनारजी, सिद्धाचलजी ए मोटा तीर्थ उपर चैत्यो जुना कोना छे ? कबजो कोनो छे ? असलथीज श्वेतांबरीनो कबजो छे फक्त श्वेतांबरी श्रावकोए कोइ कोइ ठेकाणे मेहेरबानी दाखल देरासर बांधवा दीधेला जणाय छे, कारण के मुख्य जगोपर तो श्वेतांबरीनाज देरासर छे, अने दिगंबरीना हमणा थोडा वखतमां थया छे ए जोता श्वेतांबरी धर्म श्रीमत् महावीरस्वामीथी चालतो आव्यो तेज छे हालमा कोइ कोइ देशमा श्वेतांबरीनी वस्ती उछी छे, दिगंबरीनी वस्ती वधारे छे तेवी जगोए मालकीनो पग पेसारो करे छे तेमा श्वेतांबरीए दया लावी देरासरमा आववा दीधा तथा दिगंबरी प्रतिमाजी केटलेक ठेकाणे पधरावचा दीधा ते दया करी तेने बदले अपकार करी मालकीनी तकरारो केटलेक ठेकाणे करे छे पण उपकार विचारता नथी ए दिगंबरीनी ज्ञान दशानी खामीना फल छे पण देरासरो तथा कबजा उपरथी श्वेतांबरी मुलथीज छे ते खातरी थाय छे दिगंबर मतनो वाद तो अध्यात्म मत परीक्षामा बहु छे, एटले लखवानी जरुर नथी पण केटलो

एक न्याय विचारमां आवे छे ते लावी लखुं छुं. दिगंबरीए व-
स्त्ररहित मुनिमार्ग प्रकाश्यो अने श्वेतांबरीनो सिद्धांत स्थविर
कल्पी साधु ते वस्त्र सहित होय. आ विधि चालतो आव्यो ते
चाले छे, तेथी श्वेतांबरीना हजारो साधुजी त्यागी वैरागी आ-
त्मार्थी जोवामां आवे छे, ने दिगंबरीना साधुनो लोप थयो. वली
जुज कोइ होय छे तो ते पण वस्त्र ओढे छे, तो नाम दिगंबर ध-
रावी पाछा वस्त्र पेहेरवानी जरुर पडी तो वस्त्र पहेरवां, ने दिगं-
बरी नाम धारण करवुं, ए केवी बालक जेवी वात छे. अहींआं
कोइ दिगंबरी प्रश्न करशे के सिकंदर बादशाहनी तवारीखमां छे
के जैनना नग्न साधु गाम बहार हता, तो असल वस्त्र नहीं एम
साबित थाय छे, एम कहे तेने समजाववुं के श्वेतांबर साधु वधी
वखत कपडां राखे छे, एम समजवुं नहीं. एकांतमां ध्यानादिक
करे त्यारे वस्त्ररहित होय, केमके श्वेतांबरी एकासणानुं पच्च-
क्खाण करे छे, तेमां चोलपटा आगारेण एवो आगार छे, ते
आगारनो अर्थ एवो छे के एकासणुं करवा मुनिमहाराज बेठा छे
ने एवामां गृहस्थ आवे तो उठीने चोलपटो पहेरी ले, तो एकास-
णुं भागे नहीं, आ आगार गृहस्थने नथी. आ जोतां गृहस्थनी
रुबरुमां वस्त्र सहित होय एम समजाय छे; माटे सिकंदर बाद-
शाहे दीठेला श्वेतांबर साधु जंगलमां काउस्सग्ग ध्यानमां वस्त्र
रहित जोया होय, तेथी ते कांइ दिगंबरी साधु थया नहीं, माटे
मार्ग वस्त्र सहितनो श्वेतांबर चालवाथीज, साधु साध्वीनो
मार्ग कायम रह्यो. वली दिगंबर मतना काढनारने पण साध्वी
वस्त्र रहित रहे ते सारु लाग्युं नहीं तेथी साध्वी थवानो मारग
नष्ट थइ गयो; अने श्वेतांबर मतमां हजारो साध्वीजी थइ गयां छे,

थाय छे ने थशे अने तेथी आत्मानुं कल्याण करशे, अने दिगंवरी स्त्रीउनुं तो आत्म कल्याण नष्ट थइ गयुं आ दिगंवरी वाइउने फायदो कर्यो के केवल धर्मसाधन करवामाज अंतराय कर्यो व-ली दिगंवरीउए स्त्रीने मुक्ति उगावी पण पोताना गोमतलार ग्रं-थमाज स्त्रीलिंगे मुक्ति जवा कहे छे, ते ग्रंथनुं अपमान करेछे अने स्त्रीउनुं मोक्ष साधन रोके छे, तो जेटलो जेटलो नवो मार्ग प्ररूप्यो छे, तेमा फायदानु नाम नथी तेमणे श्वेतांवरी साधुजीनी के-टलीएक निंदा पोताना ग्रंथमा करी छे, तेवो मार्ग श्वेतांवरी सा-धुनो छे नहीं ने तेम साधु चालता पण नथी कोइक संजम थ-की भ्रष्ट थइ वर्त्ते तेने काइ श्वेतांवरी साधु मानता नथी, ते छता श्वेतांवरी साधुजीनी निंदा करे छे, तेथी पोतानो आत्मा वगमे छे साधुजीने काइ हरकत थवानी नथी पोताना साधुनी महत्वत्ता करे छे पण पंच महाव्रतने दूषण लागे एवो ज व्य-वहार वाध्यो छे मुनिने सावद्य प्रवृत्ति कंइ पण करवी करावची नथी तेम छता दिगंवरी साधु आहार लेवा आवे तो वे जणने पमदो झाली उन्ना रहेवु जोइए, आहार पण एमने खपतो करी मु-कवो जोइए, एक माणस थाली वगामनार जोइए आ रीत वधी असंयमी संयमी सारु करे, तो असंयमी निर्वद्य काम शी रीते करशे ? सावद्यज करशे अने ते सावद्य मुनिने लागशे तो पंच महाव्रत केवी रीते पालशे ते विचार दिगंवरीने करवानो छे श्वेतांवरी साधु असंयमी पासे कंइ पण करावे नहीं, पोता-ने सारु करेलु पण वापरता नथी गृहस्थे पोताने सारु कर्युं होय तेमाथी जुज ले छे फरीथी गृहस्थने पोताने सारु पण करवुं न पमे एटले कोइ पण रीतनुं श्वेतांवरी मुनिने सावद्य

लागतुं नथी दिगंबरी साधु सारु तो कर्युं होय तेज काम लागे छे एटले सावद्य लागे छे तो संजम क्यां रह्युं. आ थवानुं कारण एटलुंज छे जे भगवंतनां प्ररूपेलां आगम विद्यमान छतां ते मानवां नहीं, ने पोतानी मरजीनां कल्पेलां शास्त्र मानवां ते कल्पनामां सर्वज्ञ जेवुं ज्ञान क्यांथी थाय? ए चोख्खुं समजाय छे. वली दिगंबरी गृहस्थो प्रभुनी पूजा एक अंगे करे छे, ने कहे छे जे श्वेतांबरी भगवानने आभूषण चडावे छे ते योग्य नथी; पण विचार करता नथी के पोते काचा पाणीथी पखाल करे छे ते पण गृहस्थावस्थानो आरोप करे छे, वली एक अंगे केशर वगेरे चडावे छे ते पण साधुपणानो आरोप नथी. पण जे वखते इंद्र महाराजे भगवंतने राज्याभिषेक कर्यो ते वखते युगलीआए एक अंगुठे पखाल वीगेरे कर्युं, तेवो हेतु धारता होय तो ए पण राज अवस्थानो छे. वा मेरु शिखर उपर इंद्रे अभिषेक कर्यो ते अवस्था लेता होय तो ए बंने अवस्थाए सर्वे अंग केशर, चंदन, वस्त्र, आभूषण छे, तो एक अंगे पूजवानी कइ अवस्था छे ते विचारशो तो भूल जणाशे. जो केवली अवस्था कहेशो तो ते वखत तो टाढुं पाणी चढवानुं छेज नहीं, माटे ते अवस्था थपाशे नहीं. अने ते नहीं थापो त्यारे तो जन्म अवस्था अथवा राज अवस्थाविना बीजी अवस्था थपाशे नहीं. अने ते थापो त्यारे तो सर्व अंग पूजो, आभूषण घरेणां पहेरावो. वली दिगंबरना तेरा पंथीउए तो आवो तर्क आववाथी एक अंग पूजवुं मूकी दीधुं, मात्र पखालज करे छे. तो ते पण पखाल वखते कइ अवस्था विचारशो, वली नैवेद्य प्रभु आगल मुकशो त्यारे कइ अवस्था विचारशो? तेमनाथी पण बीजी अ-

वस्था थपावानी नथी पण पोतानी भूल आत्मार्थी समजशे आ भूल थवानुं कारण आगम नहीं मानवा तेज छे, बीजी नथी भगवान आहार करता नथी एम माने छे अने नैवेद्य धरे छे, ते तेमने विचार करवानो छे अमारे तो आहार करे छे एम मानवु छे एटले श्वेतांबरीने बधुं सीधु छे दिगंबरीकृत समयसार नाटकमा तो कहे छे जे ज्ञानी पुरुषनो भोग छे ते निर्जरानो हेतु छे तो भगवान क्या ज्ञानी छे ? के कर्म बंधनो हेतु थशे एम विचार करे तो आहार करवाथी भगवानने दोष लागे छे ते कहेवु खोटु छे एम समजाशे आ वातोनो वधारे विस्तार अध्यात्म मत परीक्षामा छे, तेथी अहीं वधारे लखतो नथी. त्याथी जोइ लेवु आत्मार्थी जीवने श्वेतांबर दिगंबर मतनी परीक्षामा एटलुज जोवानु छे के आत्मानो जे स्वभाव छे ते प्रगट थवानुं साधन कया मार्गमा छे ते जोवु जे जे आत्मा निर्मल थवाना कारणो बने मार्गमा बताव्या छे, तेमाथी निकट कया मार्गमा छे ते जोवुं जोइए

केटलाएक अध्यात्मी ग्रंथो दिगंबर मार्गमा छे, ते ग्रंथो वाचीने घणा जीवो ससारमा पडी जाय छे, तेनु कारण एटलुंज छे जे जेम जशविजयजी उपाध्यायजीए अध्यात्मना शास्त्र रच्या छे, तेमा एक ढाल निश्चयनी, तेनी साथे एक ढाल व्यवहारनी छे, तेथी ते वाचवाथी कोइ मार्गथी उपराठा थता नथी अने तेम दिगंबरना ग्रंथोमा नथी तेथी दिगंबरना ग्रंथ वाची निश्चे पामता नथी अने व्यवहार पालता नथी तेथी जीवो बे मार्गथी भ्रष्ट थाय छे, एनुं कारण एटलुज छे के आगम नहीं मानवाथी आगममा तो आ कालमा वधारे चार नयनीज व्याख्या

करवा कहेलुं छे, तेनुं कारण जे व्यवहार मार्गमां पुष्ट नथी थया ते जीवो निश्चय एकांत वांचवाथी संसारमां लीन थइ जाय छे. अने जे व्यवहार मार्गमां मजबूत थएला होय, तेने निश्चय मार्गनुं ज्ञान थवाथी व्यवहार मार्ग पालता होय, तेनो अहंकार नष्ट थइ जाय छे, के जेम प्रभुजीए आत्मतत्त्वमां रमवुं कह्युं छे तेम रमातुं नथी; माटे निज स्वभावमां रमीश ते दिवस पूर्ण धर्म कर्यो गणाशे. माटे ते बाबतनी मारामां खामी छे. ते खामी मटाडवा साधन करवुं. ते साधनमां तत्वज्ञाननां शास्त्र तथा तत्त्वज्ञानना जाणकार पुरुषनी संगत करुं, आम विचारी निश्चय धर्म पामवाना उद्यमी थाय. एटले गुणनी वृद्धि थाय, पण जे एम विचारे जे ज्ञान विना क्रिया कायक्लेश छे, माटे क्रिया करवीज नहीं एम विचारीने क्रिया उपरथी विमुख थाय छे. ते शुं करे छे ? तप न करे त्यारे खाइने पुद्गलनी पुष्टता करे, विषय कषायनी वृद्धि करे, प्रतिक्रमणनी क्रिया न करे, नवराशना वखतमां उंघे वा छोकरा रमाडे, वा गप्पां मारे, आवो नकामो वखत जाय, अने एवां गप्पां मारवानी टेव पडवाथी वांचवानो अभ्यास पण छुटी जाय छे, पछी संसारमां मग्न थाय छे. एवा थएला जोवामां आवे छे माटे पूर्व पुरुषोए "ज्ञानक्रियाभ्यां मोक्षः" आ पाठ मुकेला छे. माटे आत्मार्थीए अध्यात्मज्ञाननो अभ्यास करी संसारी विषय कषायनी क्रियाथी मुकावुं जोइए. अने जे कुशलानुबंधी अनुष्टान छे ते आदरवुं जोइए. अने जे जे गुणस्थानमां जे जे क्रिया मुकवानी छे ते मूकवी. अने जे जे क्रिया ग्रहण करवानी छे ते ग्रहण करवी तोज गुणस्थान चडवानो वखत मले, अने आत्म विशुद्धि थाय. तेवी तेवी प्रवृत्ति थवाथी अध्यात्म ज्ञान

खरुं थयुं गणाय नाम अध्यात्म, ठवण अध्यात्म अने ज्व्य अध्यात्म तोआनंदघनजी महाराज गरूदा कहे ठे, तेम ते अध्यात्म कार्य थशे नहीं, नाव अध्यात्मज आत्मानुं कार्य करनार ठे, ते अध्यात्म दिगंवरी श्वेतावरीनु जूडुं नथी, पण सामान्य रीते ठीक ठे, पण वस्तु धर्मना ज्ञानमा फेर न होय फेर होय तेने जिनागममा नाव अध्यात्म कहेता नथी प्रजुए कहेला वस्तु धर्मनी यथार्थ श्रद्धा करी ध्यानादिक करे ठे, तो सफल थाय ठे पण ते विपरीतपणे श्रद्धा करी ध्यान करे ते सफल थतु नथी अरूपी पदार्थनु ज्ञान तथा रूपीपदार्थना वस्तु धर्मनुं ज्ञान सर्वज्ञता आव्या विना यथार्थ थतु नथी, माटे तेनी श्रद्धा आगम अनुसारे करे तोज वने; अने ते आगम प्रमाण न करे तो यथार्थ श्रद्धा क्याथी थाय? अने ते न थाय त्या सुधी नाव अध्यात्म आवे नहीं, ने आत्म कार्य थाय नहीं ते आगमनी श्रद्धा श्वेतावर धर्ममा ठे, माटे एज कल्याण करनारु ठे.

प्रश्न--तमे एम कहोगे जे आगमनी श्रद्धाएज नाव अध्यात्म आवे तो जैन आगममा पंदर भेदे सिद्ध थया छे ते केम मनाशे

उत्तर—पंदर नेदे सिद्ध कह्या ठे ते प्रमाण ठे ने तेमा केटलाएक नेद तो आगम माननारना ठे फक्त अन्यलिंगे सिद्ध कह्या ठे ते आगम माननार न होय पण ते जे पद माननो होय, तेमा आगमथी विरुद्ध वात होय ते वात उपर सेहेजे तेनी अश्रद्धा थाय ठे. जेम कोइ माणसने वगर उद्यमे पग गरकी जाय ठे ने निधान मले ठे, तेम ते जीवोने सिद्धात प्रमाणे श्रद्धा पोताना क्षयोपशमना वलथी जागे ठे, तेथी जे जे तेना

आगममा जैन आगमथी विपरीत छे, ते विपरीत आवी जाय, अने जैन आगम जोया विना जैन आगममां कह्या प्रमाणे श्रद्धा थाय, तेने भाव अध्यात्म प्रगट थाय छे, तेम दिगंबरने पण थाय तेमां कांइ नवाइ जेवुं नथी. वीतरागनो धर्म कांइ केवल लिंग- मां नथी पण यथार्थ नवे तत्वनुं तथा षट् द्रव्यनुं ज्ञान जेने थाय तेने भाव अध्यात्म प्रगट थाय. माटे वस्तु धर्म यथार्थ खोजवा- नो उद्यम करवो तेथी कार्य थशे.

प्रश्न--जैनमां रडवा कूटवानी रीती छे ते योग्य छे ?

